# વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથ

## ( સટીક )




જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# વિજ્ઞાન
# સક્તમણિ દીપ ગ્રંથ
## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથ

## (સટીક)


જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**સંકલન-અનુવાદ**
શ્રી બીપીન આર. શાહ
૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ
website: www.kaivalgyan.org



પ્રકાશક
ભજનાનંદ પબ્લિકેશન
વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ
૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,
અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition: March 2016**
**Price: Rs. 300/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-3-0**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

Interactive PDF
Prakash Suthar
WhatsApp no: +91 9974942959

website: www.kaivalgyan.org

**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**
**શાહ પરિવાર**

Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ. જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલજ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણા થકી આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો. અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ ''નિત્ય નિયમ ઉપાસના પાઠ'' (સટીક) ગુજરાતી આવૃતિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે !

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને મને પરમગુરુની કૃપા થકી જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કરવાની પ્રેરણા થઈ.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

કુલ ૩૮૨ ચોપાઈમાં લખાયેલા આ ''વિજ્ઞાન સક્તમણિ દીપ'' ગ્રંથ એટલે કે અંશના સુખ માટે સર્જનહારે રચેલી ચરનાની માહિતી અને દેવ ધામોને કૈવલજ્ઞાનથી

ચેતાવી સાતમાં જંબુદ્વિપમાં કુવેરસ્વામીનું આગમન અંગની સમજ દર્શાવતો ગ્રંથ. જેમાં વિશિષ્ટ જ્ઞાનની સમજ સાથે કુવેરસ્વામીના જીવન ચરિત્રની ઝાંખી દર્શાવવમાં આવી છે. આ ગ્રંથમાં બાલકુવેરસ્વામી પોતે એકલા નથી પરંતુ તેઓ સોળ વિભૂતિથી વિભુષીત અને સોળે કળાએ પરિપૂર્ણ પુરુષ છે તેવી હેત માતાને સ્પષ્ટતા કરે છે. પોતાના સ્વરૂપો બદલી માયા કેવી રીતે કાર્ય કરે છે તે દર્શાવી માનવે છ ઉર્મીઓના પ્રેમને ત્યજી તેની ઉપર કેવી રીતે જીત મેળવવી તે પણ આ ગ્રંથમાં દર્શાવેલ છે. પોતે કૈવલધામમાંથી કર્તાના પરવાના રૂપ લક્ષ લઈને વિશ્વમાં આવ્યા છે અને તેના આધારે અધિકારી જણાતા અંશને કૈવલધામમાં પહોચાડવા તેવો સક્ષમ છે તેવું બાંહેધરી આ ગ્રંથમાં કરે છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **"વિવિધ વિક્ત કરી અરથ વિકાશો"** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી. એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દૃષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો

કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**

સંત પુરુષોને સત્ કૈવલસાહેબ

ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન........................vi
પ્રકાશકના બે બોલ .............ix
૧. છપ્પા ૧ .....................૧
૨. છપ્પા ૨ .....................૫
૩. છપ્પા ૩ .....................૮
૪. છપ્પા ૪ .................... ૧૨
૫. છપ્પા ૫ .................... ૧૬
૬. છપ્પા ૬ .................... ૧૯
૭. છપ્પા ૭ .................... ૨૨
૮. છપ્પા ૮ .................... ૨૫
૯. છપ્પા ૯ .................... ૨૮
૧૦. છપ્પા ૧૦................ ૩૨
૧૧. છપ્પા ૧૧................ ૩૬
૧૨. છપ્પા ૧૨................ ૩૯
૧૩. છપ્પા ૧૩................ ૪૨
૧૪. છપ્પા ૧૪ ............... ૪૬
૧૫. છપ્પા ૧૫................ ૪૯
૧૬. છપ્પા ૧૬................ ૫૨
૧૭. છપ્પા ૧૭................ ૫૫
૧૮. છપ્પા ૧૮................ ૫૮
૧૯. છપ્પા ૧૯................ ૬૧
૨૦. છપ્પા ૨૦................ ૬૪
૨૧. છપ્પા ૨૧................ ૬૭
૨૨. છપ્પા ૨૨................ ૭૦
૨૩. છપ્પા ૨૩................ ૭૩
૨૪. છપ્પા ૨૪................ ૭૬
૨૫. છપ્પા ૨૫................ ૭૯
૨૬. છપ્પા ૨૬................ ૮૨
૨૭. છપ્પા ૨૭................ ૮૫
૨૮. છપ્પા ૨૮ ............... ૮૮
૨૯. છપ્પા ૨૯................ ૯૧
૩૦. છપ્પા ૩૦................ ૯૪
૩૧. છપ્પા ૩૧................ ૯૭
૩૨. છપ્પા ૩૨................ ૧૦૦
૩૩. છપ્પા ૩૩................ ૧૦૩
૩૪. છપ્પા ૩૪................ ૧૦૬
૩૫. છપ્પા ૩૫................ ૧૦૯
૩૬. છપ્પા ૩૬ ............... ૧૧૨
૩૭. છપ્પા ૩૭................ ૧૧૬
૩૮. છપ્પા ૩૮................ ૧૧૯
૩૯. છપ્પા ૩૯................ ૧૨૨
૪૦. છપ્પા ૪૦................ ૧૨૫
૪૧. છપ્પા ૪૧................ ૧૨૮
૪૨. છપ્પા ૪૨ ............... ૧૩૧
૪૩. છપ્પા ૪૩................ ૧૩૪
૪૪. છપ્પા ૪૪................ ૧૩૭
૪૫. છપ્પા ૪૫................ ૧૪૦
૪૬. છપ્પા ૪૬................ ૧૪૩
૪૭. છપ્પા ૪૭................ ૧૪૬
૪૮. છપ્પા ૪૮................ ૧૪૯
૪૯. છપ્પા ૪૯................ ૧૫૨
૫૦. છપ્પા ૫૦................ ૧૫૬

૫૧. છપ્પા ૫૧ ............... ૧૫૯
૫૨. છપ્પા ૫૨ ............... ૧૬૨
૫૩. છપ્પા ૫૩ ............... ૧૬૫
૫૪. છપ્પા ૫૪ ............... ૧૬૯
૫૫. છપ્પા ૫૫ ............... ૧૭૨
૫૬. છપ્પા ૫૬ ............... ૧૭૫
૫૭. છપ્પા ૫૭ ............... ૧૭૮
૫૮. છપ્પા ૫૮ ............... ૧૮૧
૫૯. છપ્પા ૫૯ ............... ૧૮૪
૬૦. છપ્પા ૬૦ ............... ૧૮૭
૬૧. છપ્પા ૬૧ ............... ૧૯૦
૬૨. છપ્પા ૬૨ ............... ૧૯૩
૬૩. છપ્પા ૬૩ ............... ૧૯૬
૬૪. છપ્પા ૬૪ ............... ૧૯૯
૬૫. છપ્પા ૬૫ ............... ૨૦૨
૬૬.છપ્પા ૬૬ ................ ૨૦૫
૬૭. છપ્પા ૬૭ ............... ૨૦૮
૬૮. છપ્પા ૬૮ ............... ૨૧૧
૬૯. છપ્પા ૬૯ ............... ૨૧૪
૭૦. છપ્પા ૭૦ ............... ૨૧૭
૭૧. છપ્પા ૭૧ ............... ૨૨૦
૭૨. છપ્પા ૭૨ ............... ૨૨૩
૭૩. છપ્પા ૭૩ ............... ૨૨૬
૭૪. છપ્પા ૭૪ ............... ૨૨૯
૭૫. છપ્પા ૭૫ ............... ૨૩૨
૭૬. છપ્પા-૭૬ ............... ૨૩૫
૭૭. છપ્પા ૭૭ ............... ૨૩૮
૭૮. છપ્પા ૭૮ ............... ૨૪૧
૭૯. છપ્પા ૭૯ ............... ૨૪૪
૮૦. છપ્પા ૮૦ ............... ૨૪૭
૮૧. છપ્પા ૮૧ ............... ૨૫૦
૮૨. છપ્પ - ૮૨ ............... ૨૫૩
૮૩. છપ્પા ૮૩ ............... ૨૫૬
૮૪. છપ્પા ૮૪ ............... ૨૫૯
૮૫. છપ્પા ૮૫ ............... ૨૬૨
૮૬. છપ્પા ૮૬ ............... ૨૬૫
૮૭. છપ્પા ૮૭ ............... ૨૬૮
૮૮. છપ્પા ૮૮ ............... ૨૭૧
૮૯. છપ્પા ૮૯ ............... ૨૭૪
૯૦. છપ્પા ૯૦ ............... ૨૭૭
૯૧. છપ્પા ૯૧ ............... ૨૮૦
૯૨. છપ્પા ૯૨ ............... ૨૮૩
૯૩. છપ્પા ૯૩ ............... ૨૮૬
૯૪. છપ્પા ૯૪ ............... ૨૮૯
૯૫. છપ્પ - ૯૫ ............... ૨૯૨
૯૬. છપ્પા ૯૬ ............... ૨૯૫
ચોપાઈ અનુસુચી ............... ૨૯૭

# છપ્પા ૧

**ૐ નમો નિરવાણ જાણ તે, સોહમ્ સમારા;**
**વિમલ વેશ વરજીત તીત, તે રહીત વિકારા. ૧**

### શબ્દાર્થ

**ૐ** = પ્રાણાયમનો પૂર્ણ બ્રહ્મ વાચક મંત્ર **નમો** = નમસ્કાર, શીશ નમાવીને કરાતું વંદન **નિરવાણ** = વાણી જ્યાં પહોંચતી નથી તેવું પદ, બાવન અક્ષરથી પર **જાણ** = જાણ્ય, હંગ **તે** = તે **સોહમ્** = સોહમ પદ, આપનું પોતાનું, હું પોતે **સમારા** = સમાવાયેલું, સમાવેલું **વિમલ** = મળ રહિત, નિર્મલ **વેશ** = દેહ, સ્વરૂપ **વરજીત** = અલગ, ભિન્ન **તીત** = થી પર **તે** = તે **રહીત** = રહેલું છે વિનાનું, સિવાય **વિકારા** = વિકાર, પરિવર્તન

### અનુવાદ

**પોતાપણાની જાણ જેમનામાં સમાયેલી છે એવા નિર્વાણપદને હું ૐકાર દ્વારા નમસ્કાર કરું છું. તે પદ વિકારથી રહિત નિર્મળ છે અને વેશથી વર્જિત તથા તીત રહેલું છે.**

### ભાવાર્થ

જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથના પ્રારંભમાં સકર્તાપતિ સર્જનહારના નિર્વાણપદને ૐકાર દ્વારા નમસ્કાર કરીને ગ્રંથ રચનાનો પ્રારંભ કરે છે. કર્તામાં સજાણજાણની સ્મૃતિ સદાને માટે સમાયેલી છે. એટલે કે, સર્જનહાર પોતે કર્તાપણાના બાહ્ય હંગને પોતાના અંતરહંગમાં બીજક રુપે સમાવીને સદાને માટે પોતાના સ્વ-સ્વરૂપે મહદ્ શૂન્યમાં એકલા બિરાજમાન રહેલા છે. તેઓ વળથી રહિત હોઈ ‘‘કૈવલ’’ છે. વળી પાંચ પ્રકારના રુપ-અરૂપી દેહોથી પર ‘મૂર્તિમાન’ સ્વરૂપે છે. તેઓ પોતે પરિવર્તનાત્મક ગુણથી રહિત અવિકારી અને તત્ત્વાતીત છે.

**સ્વે ધેધા નહીં દ્વંદ, અખંડિત અવે અવિકાસા;**
**ઓસો ઊભયે અલખ, સલખ સમ હંગ હમાસા. ૨**

### શબ્દાર્થ

**સ્વે** = પોતે **ધે** = ધ્યાન, ધરનાર જીવ **ધા** = ધાતા, ઈશ્વર **નહીં** = નહીં, નથી **દ્વંદ** = ઉપાધિ, જંજાળ **અખંડિત** = જેનું ખંડન ન થાય તેવું, હંમેશને માટે રહેનારું, અવિનાશી **અવે** = વયથી રહિત, કાળ વર્જિત **અવિકાસા** = અવિષ્કાર રહિત, સ્થિતપ્રજ્ઞ **ઓ** = ઓહંગ **સો** = સોહંગ **ઉભયે** = બંને **અલખ** = લખી ન શકાય તેવું **સલખ** = સરળ રીતે સમજાવીને દર્શાવવું **સમ** = પરિશ્રમ, જોડું, નિષ્પક્ષપાતી, સમાન, યોગ્ય **હંગ** = જાણ્ય **હમાસા** = અમારું, આપણું હમારું

### અનુવાદ

**તે પોતે જીવ અને ઈશ્વરની ઉપાધિથી તથા વયથી રહિત હોઈ અવિકાસ અને અખંડિત છે. જ્યારે ઓહંગ અને સોહંગ અલખ છે, પરંતુ સલખ થઈ હંગ રુપે આપણામાં સમાયેલા છે.**

### ભાવાર્થ

તે સજાણજાણ સ્વરૂપ કૈવલપદ જીવ અને ઈશ્વરની ઉપાધિથી ભિન્ન અદ્વૈતપણે રહેલું છે. જેને કાળનો એટલે કે, આદ્ય, મધ્ય અને અંતનો ક્રમ સ્પર્શી શકતો નથી. તે પોતે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં અર્થાત્ રચના થકી તેમાં ઘટાડો કે પ્રલય પછી વધારો સંભવ નથી. એવું અવિકાસપણે રહેલું સ્થિતપ્રજ્ઞ અખંડિત પદ છે.

સર્જનહાર પક્ષે જોતાં તેમનું સર્વજ્ઞ હંગ અલખ છે. તેમની બાહ્ય કર્તાપણાના હંગની બાજદૃષ્ટિના પસારાની પ્રકાશ બ્રહ્મવૃત્તિના ઓહંકાર અને સોહંકાર મહાતત્ત્વોના અલ્પજ્ઞ સ્વરૂપે રહેલા આપણા દેહમાં ઓહંગ અને સોહંગ જે પ્રત્યક્ષ સ્વાનુભવે નિહાળી શકાય છે. જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહોને ચૈતન રાખવાના કાર્યમાં કાર્યાન્વિત રહીને દેહમાં સમાયેલાં છે. જેના લક્ષની ગતિને કર્તાના પરમવિશેષ પાટવી અંશ કૈવલવેત્તાના નાતે આપણને સમજાવે છે.

**ઓહંગ સોહંગ દોલંગ, પાંગુત્યે ધર પાંગરવા;**
**તે આગેનો અરથ ગ્રંથ તે, નહીં ધે ધરવા. ૩**

### શબ્દાર્થ

**ઓહંગ** = પ્રેરક પ્રણવને ગતિવંત કરનાર **સોહંગ** = રેચક પ્રણવને ગતિવંત કરનાર **દો** = બંને **લંગ** = લંગડાં, લૂલાં **પાંગુ** = પાંગળાં **ત્યે** = તે **ધર** = ધરમૂળથી, પ્રથમથી જ **પાંગરવા** = પંગુપણું **તે** = તે

**આગેનો** = આગળનો, અંગેનો **અરથ** = અર્થ, સમજ, માહિતી **ગ્રંથ** = ધર્મપુસ્તક **તે** = તે **નહીં** = નહીં, નથી **ધે** = જીવ **ધરવા** = ધ્યાન ધરવા

## અનુવાદ

**ઓહંગ અને સોહંગ બંને પ્રથમથી જ લંગડા હોઈ ગતિ કરવા માટે પાંગળાં છે. તેની આગળની સમજ, જે જીવો માટે ધ્યાન ધરવા યોગ્ય છે, તે કોઈ પણ ગ્રંથોમાં નથી.**

## ભાવાર્થ

મહાશૂન્યમાં કર્તાની અલૌકિક બાહ્ય (ચક્ષુની) દિવ્ય દૃષ્ટિનો ફેલાવો જ્યાં સુધી થયો છે, તેને બ્રહ્માંડ કહેવાય છે. તે બ્રહ્માંડમાં કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિના મહાતત્ત્વો અવિકાસ, વિકાસ અને કુંભસ્થ ઠસોઠસ પ્રસરેલાં છે. જેની એકતા કર્તાની બાહ્યવૃત્તિ સાથે અતૂટપણે જોડાયેલી છે. તે મહાતત્ત્વોનો જ પ્રભાવ દેહમાં પ્રણવ ઉપર રહેલો છે, જેમાં મહદ્ અવિકાસ મહાતત્ત્વનું અલ્પ ઓહંગ એ લેવાતા પ્રણવને ચલાયમાન કરનારું છે. સોહંગ એ મુકતા પ્રણવને ચલાયમાન કરનાર વિકાસ મહાતત્ત્વનો ભાગ છે. જે પોતે સ્વતંત્રપણે કાર્યશીલ નથી. સર્જનહારે તેમને પ્રથમથી જ પાંગળાં અને લંગડાં બનાવ્યા છે. તેમને ગતિ માટે મહદ્ ચૈતનની અનિવાર્યતા જરૂરી છે. તે બંને અંશની ચેતનતાના આભાસ થકી જ સચેતન થાય છે, અર્થાત્ ઓહંગ અને સોહંગથી પર ચૈતન અંશ રહેલો છે. વિશ્વના જીવોને ધ્યાન ધરવા યોગ્ય જે પરમપદ છે તે અંગેની સાચી સમજ આદિ ધર્મપુસ્તકો જેવા કે વેદ, શાસ્ત્ર, પુરાણ વિગેરેમાં જોવા મળતી નથી કારણ કે, ધર્મપુસ્તકોના રચયિતા તે પદની સમજથી અજાણ અને અજ્ઞાત હતા.

**નહીં ધે ધરવા ગ્રંથ, વ્રંત જહાં સ્ત્રંત સમાવા;**
**પહોંચે નહીં દૃષ્ટાંત, સર્વ તે વ્યકત વિભાવા. ૪**

### શબ્દાર્થ

**નહીં** = નહીં, નથી **ધે** = જીવોને **ધરવા** = ધ્યાન ધરવા **ગ્રંથ** = ધર્મપુસ્તક **વ્રંત** = વૃતાંત, હકીકત, વર્ણન **જહાં** = જ્યાં **સ્ત્રંત** = સૃષ્ટિ, ઉત્પત્તિ **સમાવા** = સમાય, ભળે **પહોંચે** = પહોંચ્યા, સમજ્યા **નહીં** = નથી **દૃષ્ટાંત** = ઉદાહરણ, દાખલો, ઘટના, હકીકત **સર્વ** = સર્વ **તે** = તે, જે **વ્યકત** = પ્રત્યક્ષ, જાહેર, ઇન્દ્રિયોથી ગ્રહણ કરી શકાય તેવું, સાકાર **વિભાવા** = શોભાવવું, પ્રકાશવું, ઓળખાવવું, પરિચય કરાવવો

## અનુવાદ

**જીવોને ધ્યાન ધરવા યોગ્ય પદ કે જેમાં ઉત્પત્તિ સમાયેલી છે, તેનું વૃત્તાંત ગ્રંથોમાં નથી. કારણ કે, ત્યાં સુધી તેમની પહોંચ નથી. જે વ્યક્ત છે તે સૌને દૃષ્ટાંત આપીને ઓળખાવ્યું છે.**

## ભાવાર્થ

બ્રહ્મભૂમિકામાં વિકાસ પામેલી સર્વ રચના અંતે બ્રહ્મમાં સમાય છે અને બ્રહ્મના અંશો ઓહંગ તથા સોહંગ પ્રણવરુપે દેહમાં રહેલા છે. એવી સમજ ધર્મગ્રંથોમાં વિગતવાર દૃષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવી છે, પરંતુ ઓહંગ અને સોહંગ એ બંનેની ચેતના માટે અંશની ચૈતનશક્તિ કારણભૂત છે. અંશની અને અંશ જેની સજાતિનો છે એવા અંશીની સમજ દર્શાવવામાં આવી નથી. દૃષ્ટિમાં જેટલું દૃષ્ટિગોચર થયું તે બધા પદાર્થોનું વર્ણન દ્વારા સંપૂર્ણ ઓળખ આપવા ઘણો સારો પ્રયત્ન કરેલો છે. મહાપ્રલય કાળે સર્જનહાર પોતાની વૃત્તિઓ થકી ઉત્પન્ન કરેલી બધી જ ઉત્પત્તિ તથા અંશની આદ્ય લઈ બધું જ પોતાનામાં સમાવી દે છે. એવા કર્તાનું અંશભાવે ધ્યાન ધરવા યોગ્ય જે પરમપદ છે, તે પરમપદ પામીને અંશ પંચમી અખંડ કૈવલમુક્તિ મેળવે છે. આ રીતે અંશની જન્મ-મરણના સંકટથી સદાને માટે મુક્ત થવાની સાચી સમજ ગ્રંથોમાં અજાણી અને ગુપ્ત જ રહેલી છે.

# છપ્પા ૨

**તા દિનકી કહું સોય, કોય જા દિન નહીં હુતા;**
**હું નહીં તુ નહીં તેહ દેહ, નહીં સુરીનર શ્રોતા. ૧**

### શબ્દાર્થ

**તા દિનકી** = તે દિવસની **કહું** = કહું છું **સોય** = તે **કોય** = કોઈ પણ, કાઈ પણ **જા દિન** = જે દિવસે **નહીં હુતા** = હતા નહીં, હતું નહીં **હું નહીં** = હું નહીં **તુ નહીં** = તું નહીં **તેહ** = તે **દેહ** = દેહ (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ) **નહીં** = નહીં **સુરીનર** = દેવી-દેવતાઓ, દૈવી પુરુષો **શ્રોતા** = શ્રવણ કરનાર.

### અનુવાદ

**જે દિવસે કોઈ હતું જ નહીં તે દિવસની હકીકત કહુ છું. હું તું કે તેવા દેહ પણ ન હતા તથા દેવી, દેવતાઓ તેમજ શ્રોતાઓ પણ ન હતા.**

### ભાવાર્થ

જ્યારે સર્જનહારે બ્રહ્માંડની રચના કરી ન હતી તે સમયની સ્થિતિ દર્શાવતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તે સમયે ક્યાંય અને કંઈ પણ ન હતું. વળી પાંચ પ્રકારના: સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહો પૈકીના દેવી-દેવતાઓ તેમજ ઉપદેશ સાંભળનારા કોઈ શ્રોતાજનો પણ હતા નહીં.

**શબ્દ નહીં સપ્રશ, રુપ રસ નહીં ગંધ;**
**નહીં નહીં કોઈ નિરવાણ્ય, હુતા તબ અંધાધુંધ. ૨**

### શબ્દાર્થ

**શબ્દ** = શબ્દમાત્રા **નહીં** = નહીં **સપ્રશ** = સ્પર્શમાત્રા **રુપ** = રુપમાત્રા **રસ** = રસમાત્રા **નહીં** = નહીં **ગંધ** = ગંધમાત્રા **નહીં** = નહીં, નથી **કોઈ** = કોઈ **નિરવાણ્ય** = નિર્વાણપદ, જ્યાં બાવન અક્ષર પહોંચી શકતા નથી તેવું પરમપદ **હુતા** = હતું, **તબ** = ત્યારે **અંધાધુંધ** = અનહદ મહાશૂન્ય, ગાઢ અંધકાર, ઘોર અંધારું, અંધાધૂંદ, અંધાધૂધ.

## અનુવાદ

**શબ્દ, સ્પર્શ, રુપ, રસ અને ગંધની આદ્ય લઈ કાંઈ જ ન હતું, ત્યારે અનહદ મહાશૂન્યમાં નિર્વાણપદ જ હતું.**

## ભાવાર્થ

તે સમયે શબ્દ, સ્પર્શ, રુપ, રસ અને ગંધ એમ પાંચ માત્રાઓ પણ ન હતી. એટલે કે, આ પાંચ માત્રાઓ જેની છે તેવા મૂળ પાંચ મહાભૂતઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વો પણ ન હતાં, ત્યારે અનહદ મહાશૂન્યમાં માત્ર સકર્તાપિતિ સર્જનહારના નિર્વાણપદ સિવાય કશું જ ન હતું.

**બિન કારણ અનુકરમ, કરમ ન્હેઃ કરમ સદાસહી;**
**પેચ પુરાણો પ્રાય તાય, પરસન પ્રિછંન નહીં. ૩**

### શબ્દાર્થ

**બિન** = સિવાય, વિના **કારણ** = કારણ, કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ, બીજ **અનુકરમ** = અનુકર્મ, કર્મને અનુસરનાર **કરમ** = કર્મ, કાર્ય, પ્રવૃત્તિ, ક્રિયા, કર્તૃત્વપણું **ન્હેઃકરમ** = નિષ્કર્મ, કર્મ ન કરી શકનારું, કામના સિવાયનું **સદાસહી** = સદાને માટે, હમેશ માટે નક્કી હોય તેવું **પેચ** = યુક્તિ, કરામત, કળા, કસબ, પક્કડ, ફાંદો, જાળ **પુરાણો** = અગાઉનું, અસલનું, પહેલાનું **પ્રાય** = ઘણુ કરીને, ઘણે અંશે, મોટે ભાગે, મુખ્યત્ત્વે, પહેલાંથી **તાય** = તે, તેમને **પરસન** = પ્રસન્ન, નિર્મળ, પારદર્શક, અનુકૂળ, સરળ, સંતુષ્ટ **પ્રિછન** = પ્રિછવું, દેખીને ઓળખવું, સમજવું, જાણવું **નહીં** = નહીં.

## અનુવાદ

**મહદ્ શૂન્ય સદાને માટે કામના સિવાયનું નિષ્કર્મ અને કાર્ય તથા કર્મને અનુસરનાર કારણ વિનાનું છે. તેની યુક્તિ પ્રથમથી જ નિર્મળ તથા દેખી કે ઓળખી શકાય તેમ નથી.**

## ભાવાર્થ

તે અંધાધૂંધ રહેલા મહદ્ અને અનહદ શૂન્ય કોઈ પણ પ્રકારની કામના રહિત નિષ્કર્મ છે. વળી તે કોઈ પણ પ્રકારની કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિના કારણરુપે નથી. તે

સદાને માટે કર્તૃત્વશક્તિ વગરનું છે. તેની યુક્તિ મોટે ભાગે પહેલેથી જ તે પ્રમાણેની હોઈ તેને કોઈ દેખી શક્યું, ઓળખી શક્યું કે કોઈ સમજી શક્યું નથી.

**નહીં પરસન પ્રિછંન, વિનતિ કહો કેહેને કહી;**
**કહે કોઈ સત્ કુવેર, ત્હાં દિન કહો કયંમ લહી. ૪**

### શબ્દાર્થ

**નહીં** = નહીં, નથી **પરસન** = પ્રસન્ન, નિર્મળ, પારદર્શક **પ્રિછંન** = પ્રિછવું, દેખીને ઓળખવું, સમજવું **વિનતિ** = વિનંતી કરીને **કહો** = કહો **કેહેને** = કોણે **કહી** = કહી, કહ્યું **કહે** = કહે **કોઈ** = કોઈ વ્યક્તિ **સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી **ત્હાં દિન** = તે દિવસની **કહો** = કહો **કયંમ** = કેવી રીતે **લહી** = જાણી.

### અનુવાદ

**તે નિર્મળ અને દેખીને ઓળખી શકાય તેવું ન હતું તો કોઈ કહે કે હે સત્ કુવેરસ્વામી ! તે દિવસની હકીકત તમોએ કેવી રીતે જાણી ? તમને કોણે કહી ? તે વિનંતી કરીને કહો !**

### ભાવાર્થ

જ્યારે બધું જ અંધાધૂંધ હતું, વળી નિર્મળ અને દેખીને ઓળખી શકાય તેમ ન હતું; તો પછી તેવી પરિસ્થિતિમાં કુવેરસ્વામીએ તે દિવસની આ બધી હકીકત કેવી રીતે જાણી ? વળી તેઓ આ રજૂઆત કરે છે તો તે દિવસની હકીકત તેમને કોણે કહી ? આ પ્રકારનો સવાલ કોઈ પ્રતિવાદી તરફથી પૂછવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ તેનો ખુલાસો કરવા માટે પણ જણાવવામાં આવે છે.

# છપ્પા ૩

**એ સંશે સુધ હોય, સુણતાં જા ઘટ જીવ ગતી;**
**લહે ન અંશ અનાદ્ય, મહાદ્ થાપે નહીં લઘુમતી. ૧**

### શબ્દાર્થ

**એ સંશે** = એ સંશય, ભ્રમ, શંકા **સુધ હોય** = ચોખ્ખી થાય, સ્પષ્ટ થાય **સુણતાં** = સાંભળતાં **જા** = જાય, દૂર થાય **ઘટ** = હૃદયમાં રહેલી, દેહ, શરીર, મનની **જીવ ગતી** = જીવદશાવાળી સ્થિતિ, અજ્ઞાનથી ભરેલી સમજ, જાણ, જ્ઞાન, માહિતી **લહે** = જાણે **ન** = નહીં **અંશ** = સજાણ, જાણ, ચૈતન સ્વ-સ્વરૂપ **અનાદ્ય** = આદિ અનાદિનું **મહાદ્** = મોટાઓને, સામર્થ્યવાન **થાપે** = સ્થાપના કરે **નહીં** = નહીં **લઘુમતી** = અલ્પ સમજ, ઓછી બુદ્ધિવાળા, ટૂંકી બુદ્ધિ.

### અનુવાદ

**તે સાંભળતાં જ સંશયો દૂર થશે અને હૃદયમાં રહેલી જીવદશા નષ્ટ થશે. કારણ કે, લઘુબુદ્ધિ (મંદમતિ) ધરાવનારાઓએ અંશને ન ઓળખવાથી આદિ-અનાદિના મહાન પરમપદની સ્થાપના કરી નથી.**

### ભાવાર્થ

પ્રતિવાદી તરફથી પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતા કુવેરસ્વામીનો ઉપદેશ સાંભળતાં જ માનવીના મનમાં રહેલા સંશયો સ્પષ્ટ થશે, જેથી અજ્ઞાની જીવોના હૃદયમાં રહેલી જીવદશા નષ્ટ થશે. કારણ કે, ટૂંકી બુદ્ધિવાળા, અજ્ઞાની જીવો પોતાના આપનપુ નિજ ચૈતન અંશસ્વરૂપને ઓળખી શક્યા નથી. તેથી જ અંશ જેના વંશનો છે એવા આદિ-અનાદિના સર્જનહાર એવા અંશીના પરમપદની કોઈએ સ્થાપના કરી નથી.

**જે અનુકરમે જક્ત વ્યક્ત, તે ભયો વિલાસા;**
**તાકી વરતે વ્રત સુરત, નહીં શુદ્ધ પરકાસા. ૨**

### શબ્દાર્થ

**જે** = જે **અનુકરમે** = અનુક્રમ પ્રમાણે, એક પછી એક એમ ક્રમાંક મુજબ **જક્ત** = જગત, વિશ્વ **વ્યક્ત** = સાકાર બનેલું, દૃષ્ટિગોચર થાય તેવું, દેખીતું, પ્રત્યક્ષ **તે** = તે **ભયો** = થયો, ઉત્પત્તિ થઈ **વિલાસા** = ખેલ, રચના, ક્રત **તાકી** = તેમાં, તેની **વરતે** = વર્તવું, મહાલવું, ભોગવવું, આચરણ કરવું, નિહાળવું **વ્રત** = નિયમપૂર્વક આચરણ, સંકલ્પથી ઉત્પન્ન થયેલ ક્રિયાનું રુપ **સુરત** = દિવ્ય દૃષ્ટિ, આંતરિક સૂઝ, સુરતા **નહીં** = નહીં **શુદ્ધ** = નિર્મળ, પવિત્ર, નિષ્કલંક, દોષરહિત **પરકાસા** = જાગ્રતતા, તેજોમયતા, જ્ઞાનની સાચી પરખ, પ્રકાશકતા.

### અનુવાદ

**જે ક્રમાનુસાર જગત સાકાર સ્વરૂપે ઉત્પન્ન થયું તેની રચનાને ભોગવવાછતાં તેના ક્રમને આંતરસૂઝ થકી નિહાળશો નહીં ત્યાં સુધી શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થશે નહીં.**

### ભાવાર્થ

જે પરમપદ દ્વારા ક્રમાનુસાર આ બ્રહ્માંડમાં સાકાર સ્વરૂપે જગતની તમામ ઉત્પત્તિ થયેલી છે, તેમાં વિશ્વના બધા જ જીવો વિલાસ કરે છે અને કર્તાની રચનાને ભોગવે છે, પરંતુ જ્યાં સુધી તેની ઉત્પત્તિના ક્રમાંકને જીવો પોતાની આંતરસૂઝ દ્વારા નિહાળશે નહીં ત્યાં સુધી તેના હૃદયકમળમાં શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થશે નહીં. પરિણામે તેમની ઉત્પત્તિના મૂળ કારણરુપે રહેલા પરમપદ સુધી પહોંચી શકશે નહીં.

**તબ જ્ઞાનીતા જીવ શિવ, વરજીત તાતે લખે;**
**નહીંતર અંશ અલેખ, વેશ નહીં વરકણતા પખે. ૩**

### શબ્દાર્થ

**તબ** = તેથી, ત્યારે **જ્ઞાનીતા** = જ્ઞાનના દાતા, જ્ઞાન પામેલા **જીવ** = જીવદશાવાળા **શિવ** = ઐશ્વર્યવાન પુરુષો **વરજીત** = વર્જિત, અલગ, જુદા, ભિન્ન **તાતે** = તેટલા માટે, તેથી **લખે** = દર્શાવે, જણાવે, વર્ણવે **નહીંતર** = નહીંતર તો, જ્યારે **અંશ** = આપનપુ ચૈતન સ્વરૂપ **અલેખ** = લખી ન શકાય તેવો **વેશ** = સ્વરૂપ, દેહ, ઘાટ **નહીં** = નથી **વરકણતા** = વક્રતા, વિકૃત્તિ વિષમતા, ભિન્નતા **પખે** = પક્ષે.

### અનુવાદ

**તેથી જ્ઞાનને આધારે જીવ અને શિવ બંને ભેદ દર્શાવવામાં આવ્યા છે. નહીંતર**

**અંશ તો અલેખ છે અને તેનું કોઈ સ્વરૂપ નથી, પરંતુ વક્તાના પક્ષે જોતાં આવી કોઈ ભિન્નતા નથી.**

### ભાવાર્થ

જગતમાં જ્ઞાનની દૃષ્ટિએ નિહાળતાં જેઓ અજ્ઞાનવશ થઈ માયામાં ફસાયા છે તેમને જીવ અને જ્ઞાનના આધારે જગતમાં જેણે રિદ્ધિ-સિદ્ધિ સહિતની ઐશ્વર્યતા પ્રાપ્ત કરી તેવાને શિવ તરીકે સંબોધવામાં આવ્યા છે.

નહીંતર અંશ તો દેહથી વર્જિત, સ્વરૂપ સિવાયનો છે. તેના શુદ્ધ સ્વરૂપમાં કોઈ વક્તા કે વિષમતા જોવા મળતી નથી, પરંતુ જ્યારે દેહ ધારણ કરે ત્યારે જ્ઞાનની પ્રાપ્તિના આધારે જીવ અને શિવના ભેદ દૃશ્યમાન થાય છે, પરંતુ અંશના મૂળ શુદ્ધ સ્વરૂપને જોતાં જીવ-શિવના ભેદ હોતા નથી. તે તો માત્ર એક જ સર્જનહારના ચૈતન અંશો છે. અંશોના માટે, વર્ણનની દૃષ્ટિએ કંઈ પણ લખી શકાય તેમ નથી કારણ કે, તે અલેખ છે અને સ્વરૂપથી રહિત છે.

**તા પખે વરકણ નાંહી, જહાં અનુભવ આત્મ લહે;**
**તાતે સત્ કુવેર, છૂટે સંશે યેસી કહે. ૪**

#### શબ્દાર્થ

**તા** = તે, તેના **પખે** = પક્ષે, તરફે **વરકણ** = વક્તા, વિષમતા, ભિન્નતા, વિકાર **નાંહી** = નહીં, નથી **જહાં** = જ્યાં **અનુભવ** = પ્રત્યક્ષ, જ્ઞાન **આત્મ** = અંશ **લહે** = જાણે, ઓળખે **તાતે** = તેથી તો **સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી **છૂટે** = છૂટી જાય, નષ્ટ પામે **સંશે** = સંશયો, ભ્રમણા **યેસી** = એ રીતે, એવું **કહે** = કહે છે, સમજાવે છે, દર્શાવે છે.

### અનુવાદ

**તેના પક્ષે ભિન્નતા નથી, પરંતુ અનુભવથી અંશને જાણી શકાય છે. તેથી સંશય દૂર થાય એવું આપણને સત્ કુવેરસ્વામી સમજાવે છે.**

### ભાવાર્થ

વિષમતા પક્ષે જોતાં અંશને જીવ-શિવના ભેદ નથી. અંશનું શુદ્ધ સ્વરૂપ વેશથી

તીત છે. જેનું વર્ણન થાય તેમ નથી, પરંતુ અંશને અનુભવ દ્વારા ઓળખી શકાય છે. અંશને જોતાં કોઈ અંશ જીવ કે શિવ નથી. આવી સાચી સમજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને દર્શાવે છે. જેથી આપણાં સઘળા સંશયો નષ્ટ થાય છે.

# છપ્પા ૪

**અવિભુગતા અવિનાશ, ઉપાસક મેં તા અંશ;**
**જોતાં જકત વિવેક, શેષ તે તેહનો વંશ. ૧**

### શબ્દાર્થ

**અવિભુગતા** = ભુક્તમાન ન કરે તેવા, ઉપભોગ ન કરનારા **અવિનાશ** =વિનાશ ન થાય તેવા **ઉપાસક** = ભક્તિ કરનાર, ભક્ત, ઉપાસના કરનાર **મેં** = હું **તા** = તેમનો **અંશ** = સજાણજાણ ચૈતન સ્વરૂપ **જોતાં** = નિહાળતાં દેખતાં **જકત** = જગત, વિશ્વ **વિવેક** = સભ્યતા, સારાસાર સમજવાની બુદ્ધિ, સમજશક્તિ **શેષ** = બાકીનો હિસ્સો, બાકી વધેલું તે, સર્વના નાશ પામતાં જે ઊગરે છે તેવું પદ **તે** = તે **તેહનો** = તેમનો **વંશ** = વંશ જ, કુળમાં ઉત્પન્ન થયેલ જાતિ કોઈ પણ.

### અનુવાદ

**જેઓ અવિભુક્તા અને અવિનાશી છે તેનો હું ઉપાસના કરનાર અંશ છું. વળી જગતને વિવેકપૂર્ણ જોતાં જે ઉગરે છે, તેમના વંશનો હું છું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેઓ ઇન્દ્રિયોના ભોગને ભોગવતા નથી અને જેમનો કદી વિનાશ થતો નથી તેવા અવિનાશી એવા કર્તા માલિકના તેઓ ઉપાસક છે અને અંશની દૃષ્ટિએ તેઓ પરમવિશેષ પાટવી અંશ છે.

વળી વધુમાં તેઓ સમજાવે છે કે જગતની સ્થિતિ આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણ કાળને વિવેકપૂર્ણ જોતાં અંતે બધું જ નાશ પામતાં છેવટે જે બાકી રહે છે, એવા પરમપદના માલિક સકર્તાપતિ સર્જનહારના વંશના જ બધા અંશો છે.

**શબ્દાતીત સદાય કાળ, તાકો પ્રતિબોધ;**
**ચૈતનતા તિનું ભાસ, પ્રકાશિત કિયો વિનોધ. ૨**

### શબ્દાર્થ

**શબ્દાતીત** = શબ્દોથી વર્ણન ન થાય તેવા **સદાય કાળ** = કાળ જેને સ્પર્શી શકતો નથી તેવા, કાળવર્જિત, અજર, અમર **તાકો** = તેમનો, તે **પ્રતિબોધ** = જ્ઞાનોપદેશ, જ્ઞાન થવું, સમજણ, સૂઝ પાડવી તે **ચૈતનતા** = ચેતનપણાની શક્તિ **તિનું** = તેમનું, તેનો **ભાસ** = આભાસ, ઈચ્છા, કિરણ, ક્રાંતિ, છાયા **પ્રકાશિત** = પ્રસિદ્ધ, જાહેર કરવું, પ્રકટ કરવું, સ્પષ્ટ દેખાતું **કિયો** = કર્યું **વિનોધ** = મોજ, આનંદ, વિનોદ, ખેલ.

## અનુવાદ

**જેમનું પદ શબ્દાતીત અને સદાયકાળ છે, તે જ્ઞાન થકી સમજાય છે. તેમણે જ સર્વ ખેલને પ્રકટ કરેલ છે અને તેમના જ ચૈતનના ભાસરૂપ અંશો છે.**

## ભાવાર્થ

સર્જનહારનું પરમપદ શબ્દોથી પર નિર્વાણ રુપે રહેલું છે. વળી તેમને સદાને માટે કાળ સ્પર્શી શકતો ન હોવાથી તેઓ કાળવર્જિત છે. એવા સર્જનહારે જ પોતાની ઈચ્છા થકી છ વૃત્તિઓ દ્વારા સમગ્ર વિશ્વના ખેલને ખીલવ્યો છે. તેમના જ કિરણ રુપ અંશો દરેક દેહમાં ચૈતનતાના આભાસ થકી સર્વ દેહના તત્ત્વોને ચેતનતા બક્ષે છે, જેના થકી જગતનો સમગ્ર ખેલ ચેતનવંત થઈને વિલાસ કરે છે.

**નિધ ઝલકણ ચિદ્‌ભાસ, ચિદા ચલક્યો ચિત્તમન;**
**ચિત્ત ચલક્યો ચિતવન મન, ઝલકે હોય તન. ૩**

### શબ્દાર્થ

**નિધ** = નિધિ, ભંડાર, સર્વવ્યાપક, ભરપૂર, સર્વત્ર ભરેલું **ઝલકણ** = પ્રકાશ, તેજનું પ્રતિબિંબ, આભાસ **ચિદ્‌ભાસ** = ચિદાભાસ, ચિદાકાસ, બ્રહ્મ, બ્રહ્મભાસ, સોહંભાસ **ચિદા** = ચિદાભાસ **ચલક્યો** = ચળકીત થયો **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **મન** = મન અંતઃકરણ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ચલક્યો** = ચળકીત થયો **ચિતવન** = ચિતવન **મન** = મન અંતઃકરણ **ઝલકે** = ચલાયમાન થાય, જીવંત ભાખે, સજીવન **હોય** = થાય **તન** =શરીર, ઘાટ, પિંડ.

## અનુવાદ

**બ્રહ્મનો આભાસ સર્વ વ્યાપક છે. તે ચિદાભાસથી ચિત્ત અને મનમાં**

**ચળકીત થાય છે. તેમાં ચિત્તના ચિતવનથી મન ચળકીત પામે છે અને ઘાટ ચેતન થાય છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અંશની ચેતનાના પસારા માટે ગૂઢાર્થભર્યા વિષયને સમજાવતાં કહે છે કે સચરાચર વ્યાપક બ્રહ્મના મહાતત્ત્વોનો પ્રભાવ સર્વત્ર પ્રસરેલો છે. અંશના આભાસ થકી ચેતનતા પામેલા પિંડમાં રહેલા બ્રહ્મના અલ્પ તત્ત્વો ઓહંગ અને સોહંગ થકી ચિત્ત અને મન અંતઃકરણ ચળકીત પામે છે. આમ ચિત્તની ચેતનતાથી મન અને મનની ચેતનતાથી સમગ્ર શરીરના બધા જ તત્ત્વો અરસપરસ ચેતનતા પામીને ચલાયમાન થાય છે.

**હોય તન મન ને ચલે મન, ભુગતે તનના મદા;**
**સાક્ષીવંત સામૃથ થકો, કુવેર પાય કીમુ આપદા. ૪**

### શબ્દાર્થ

**હોય** = હોય, થાય **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **ને** = ને, અને **ચલે** = જીવંત થતાં, ચલાયમાન થતાં **મન** = મન અંતઃકરણ **ભુગતે** = ભુક્તમાન કરે **તનના** = શરીરના **મદા** = આનંદ, અસ્મિતા, ચાસમી **સાક્ષીવંત** = સાક્ષી સ્વરૂપે રહેલ અંશ **સામૃથ** = સમર્થ, સામર્થ્ય **થકો** = થી **કુવેર** = કુવેરસ્વામી કહે છે **પાય** = પ્રાપ્ત કરે, ભોગવે, મેળવે **કીમુ** = કર્મોનું ક્રિયાનું **આપદા** = આપત્તિ, દુઃખ, બંધન.

### અનુવાદ

**મન શરીરને ચલાવે છે અને મન જ શરીરનો આનંદ ભોગવે છે, પરંતુ તે સાક્ષીરુપે રહેલા સમર્થ અંશ થકી બનતું હોવાથી કુવેરસ્વામી કહે છે કે છેલ્લે કર્મોનું બંધન તે જ ભોગવે છે.**

### ભાવાર્થ

શરીરને કર્મો કરાવનાર મન અંતઃકરણ છે. તત્ત્વોની ચાસમી ઈન્દ્રિયોને પહોંચી ઈન્દ્રિયોની ચાસમી મન ભોગવે છે. મનની ચાસમી ગુણને પહોંચે છે,

ગુણની ચાસમી પ્રકૃતિને, પ્રકૃત્તિની ચાસમી પુરુષને વળી પુરુષની ચાસમી આત્મા-ઓહંગને અને ઓહંગની ચાસમી સોહંગ પરમાત્માને તથા પરમાત્માની ચાસમી નિજકર્તાના (દેહના સાક્ષી સ્વરૂપે રહેલા) અંશને પહોંચે છે. શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ રીતે શરીરના સાક્ષી તરીકે રહેલો અંશ ઈન્દ્રિયો દ્વારા થતા કર્મોનો આનંદ ભોગવતો હોવાથી ઈન્દ્રિયો દ્વારા થતા કર્મ-વિકર્મોના બંધન પણ અંશને જ ભોગવવાં પડે છે.

# છપ્પા ૫

**કહું સામ્રથની સહાય, જાય સંશે સુણતાં અત;**
**તે જાણે હોય તેહ, બિના જાણે વરતા ગત. ૧**

### શબ્દાર્થ

**કહું** = કહુ છું **સામ્રથની** = સામર્થની **સહાય** = મદદ, કૃપા, સહાયતા **જાય** = દૂર થાય, ટળે **સંશે** = સંશય, ભ્રમણા **સુણતાં** = સાંભળીને **અત** = તેથી **તે** = તે **જાણે** = જાણે, સમજે **હોય** = હોય **તેહ** = તે **બિના જાણે** = જાણ્યા સિવાય, સમજ્યા સિવાય **વરતા** = વર્તમાન કરે, વર્તે **ગત** = ભૂતકાળ પ્રમાણે, વીતી ચુકેલ પ્રવાહ પ્રમાણે.

### અનુવાદ

**સમર્થ સર્જનહારની સહાયતા વિષે હું કહુ છું, જે સાંભળીને સમજશે તેના સંશયો દૂર થશે અને સમજ્યા સિવાયના ભૂતકાળના પ્રવાહમાં વર્ત્યા કરશે.**

### ભાવાર્થ

દેહના સાક્ષીરૂપે રહેલા અંશને પિંડની કાર્ય દક્ષતામાં સહાયતા કરવા સર્જનહાર દ્વારા ગોઠવેલ દૈવી તત્ત્વો જે રીતે મદદરૂપ થઈને રહેલા છે, તે અંગેની સાચી અને યોગ્ય સમજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે, પરંતુ જે જિજ્ઞાસુ જીવો છે, તે ધ્યાનથી શ્રવણ કરીને સમજશે તો તેના સંશયો નષ્ટ થશે. જ્યારે સમજ્યા સિવાયના જીવો છે તે ભૂતકાળથી ચાલી આવેલી ચીલાચાલુ સમજના પ્રવાહમાં વર્ત્યા કરશે.

**છે તહારુ તમ આપ, અનાદિક આદ્યે જેહેવું;**
**અધિક નૂન્ય હોય ઘાટ, નાટ તેહેવું ને તેહેવું. ૨**

### શબ્દાર્થ

**છે તહારુ** = તારુ છે **તમ** = તું, તને **આપ** = પોતે, પોતાનું **અનાદિક** = આદિ, અનાદિ **આદ્યે** = પહેલાં **જેહેવું** = જેવું **અધિક** = મોટા **નૂન્ય** = નાના **હોય** = હોય **ઘાટ** = દેહ, પિંડ, શરીર **નાટ** = સ્વાંગ, સ્વરૂપ **તેહેવું ને તેહેવું** = તેવું ને તેવું.

### અનુવાદ

**તારુ પોતાનું જે સ્વરૂપ છે તે આદિ-અનાદિના પ્રારંભે જેવું હતું તેવું જ છે. નાના-મોટા તો ઘાટ હોય છે, પરંતુ સ્વરૂપ તો તેવું ને તેવું જ રહેલું છે.**

### ભાવાર્થ

નિજ આપનપુ ચૈતન અંશ સ્વરૂપ દરેક ઘાટમાં એક સરખું જ છે. આદિ-અનાદિમાં સૃષ્ટિની શરૂઆત થઈ ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ચૈતન અંશના સ્વરૂપમાં કોઈ ફેરફાર થયો નથી. ચૈતન અંશ જે ઘાટમાં જાય તે ઘાટમાં પોખાયેલા તત્ત્વોના આધારે તે ઘાટને અનુકૂળ થઈને રહે છે. ભલે ઘાટની દૃષ્ટિએ તે નાના-મોટા હોય, પરંતુ તમામ ઘાટને ચૈતનતા બક્ષનાર નિજપતિના અંશના સ્વરૂપમાં નાના-મોટાં જેવો કોઈ ફેરફાર નથી.

**તાકી સબ ઘટ ચલક, સકલ પ્રતિ સુર દસોદશ;**
**કરે નિરંતર સેવ, ભેવમેં રખે રચોરસ. ૩**

#### શબ્દાર્થ

**તાકી** = તેથી તો **સબ** = સર્વ, બધા, તમામ **ઘટ** = ઘાટ, દેહ **ચલક** = ચલકીત, ચલાયમાન, કાર્યશીલ **સકલ** = તમામ, બધા **પ્રતિ** = પ્રત્યે, તરફ, અનુકૂળ **સુર** = દેવો **દસોદશ** = દશેદશ **કરે** = કરે છે **નિરંતર** = સદાને માટે, હમેશને માટે **સેવ** = સેવા, મદદ **ભેવમેં** = દેહમાં, શરીરમાં **રખે** = રાખે છે **રચોરસ** = આનંદિત, પ્રફુલ્લિત રસમાં રચ્યાપચ્યા, રસબસ.

### અનુવાદ

**તેથી સમસ્ત ઘાટ ચલકીત રહે છે, વળી બધા જ દશેદશ દેવતાઓ શરીરને અનુકૂળ થઈને નિરંતર સેવા કરે છે અને આનંદિત રાખે છે.**

### ભાવાર્થ

તેથી જ અંશની ચૈતનતાથી સમસ્ત ઘાટ ચૈતનવંત થઈને સચેતન રહે છે. વળી અંશની ચૈતનતાથી ચેતન થયેલા ઘાટમાં દશેદશ દેવતાઓ પોત-પોતાના દૈવી તત્ત્વોના પ્રભાવથી આખા શરીરની નિરંતર સેવા કરે છે, જેથી સંપૂર્ણ શરીર પ્રફુલ્લિત રહે છે.

**રખે રચોરસ દેવ, ભેવમે સુર સરાવે;**
**કહે સત્ કુવેર, કહુ સેવા વિધિ હાવે. ૪**

### શબ્દાર્થ

**રખે** = રાખે, રહે **રચોરસ** = રસબસ, આનંદ, પ્રફુલ્લિત, સમલ્લિત **દેવ** = દેવ **ભેવમે** = શરીરમાં, દેહમાં **સુર** = એકતાલ, એકતા, મદદરૂપ **સરાવે** = પુરાવે **કહે** = કહે છે **સત્ કુવેર** = કુવેરસ્વામી **કહું** = કહુ છું **સેવા** = સારવાર, ચાકરી, સહાય **વિધિ** = રીત **હાવે** = હવે પછી.

### અનુવાદ

**દેવો દેહમાં સૂર પુરાવીને દેહને પ્રફુલ્લિત રાખે છે. કુવેરસ્વામી કહે છે કે દેવોની સહાયતા અંગેની વિધિ હવે હું કહુ છું.**

### ભાવાર્થ

અંશની ચેતનતા અરસ-પરસ (અન્યોન્ય) મેળવીને દેહ દ્વારા થતા કાર્યોમાં દેવો સૂર પુરાવીને દેહને પ્રફુલ્લિત રાખે છે. અર્થાત્ મહદ્ તત્ત્વોના અધિપતિ દેવતાઓના અલ્પ તત્ત્વ ભાગ શરીરની જે તે કાર્ય શક્તિમાં પૂરક બને છે, તે તે ઈન્દ્રિયોને પોતાના કાર્યમાં સહાયભૂત થઈને શરીરને પ્રફુલ્લિત રાખે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કયા દૈવી તત્ત્વોની કેવા પ્રકારની સહાયતા છે તે અંગેનો ખુલાસો હવે પછીના છપ્પામાં દર્શાવશે.

# છપ્પા ૬

**દેવ સકલ સેવા કરે, આપ આપને સ્થાન;**
**તાકી જૂકત બતાવહુ, સુનહો સંત સુજાન. ૧**

### શબ્દાર્થ

**દેવ** = દેવતાઓ **સકલ** = સર્વ, બધા **સેવા** = સહાયતા, મદદ કાર્ય **કરે** = કરે **આપ આપને** = પોત પોતાના **સ્થાન** = સ્થળ, જગ્યા, ઠેકાણે **તાકી** = તેની **જૂકત** = યુક્તિ, સમજ **બતાવહુ** = બતાવું છું, જણાવું છું **સુનહો** = સાંભળો, શ્રવણ કરો **સંત** = સંત ગતિના માનવો **સુજાન** = સજાણ, સમજદાર, સમજુ.

### અનુવાદ

**બધા દેવો પોત-પોતાના સ્થાને રહીને સેવા કરે છે. તેની જુગત (સમજ) હું બતાવું છું. તે હે સમજુ સંતો ! તમે શ્રવણ કરો.**

### ભાવાર્થ

દેહના અધિપતિ તરીકે રહેલા કૈવલકર્તાના અંશને દેહના કાર્યમાં દેવતાઓના અંશો પોત-પોતાના મહદ્ તત્ત્વોના પ્રભાવવાળી ઇન્દ્રિયોના સ્થાને રહીને કેવી રીતે સહાયભૂત થાય છે, તેની જે કરામત છે તેને શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે. જે માહિતી સંત ગતિના સજાણ માનવીઓને શ્રવણ કરવા કહેવામાં આવે છે.

**એક તો મુખ મંજન કરે, દુજા કરે સફુરાન;**
**ત્રીતીયો તો લંગસ રહે, ચોથા રહે ગુદાન. ૨**

### શબ્દાર્થ

**એક તો** = પ્રથમ તો **મુખ** = મોં **મંજન** = માંજવું, શુદ્ધ, સાફ **કરે** = કરે **દુજા** = બીજા **કરે** = કરે **સફુરાન** = સ્ફુરણ કરવું **ત્રીતીયો** = ત્રીજો **તો** = તો **લંગસ** = લિંગ સ્થાને **રહે** = રહે છે **ચોથા** = ચોથા **રહે** = રહેલા **ગુદાન** = ગુદા સ્થાને.

### અનુવાદ

**એક તો મુખને સાફ કરે છે, બીજા સ્ફુરણ કરે છે, ત્રીજા લિંગ સ્થાને રહે છે અને ચોથા ગુદા સ્થાને રહે છે.**

### ભાવાર્થ

પ્રથમ તો અગ્નિદેવ મુખમાં રહે છે. તે મુખને સાફ કરે છે. બીજા વરુણદેવ મુખમાં રહેલી જિહ્વા સ્થાને રહીને છ પ્રકારના રસની સ્ફુરણા કરે છે. ત્રીજા બ્રહ્મદેવ લિંગ સ્થાને રહીને મૂત્ર તથા શુક્રાણુનું વહન કરે છે. ચોથા ગણપતિ દેવ ગુદા સ્થાને રહીને મળનો નિકાલ કરે છે. આમ ચારેય દેવો ખોરાકને લગતા પ્રવેશ, પોષણ, શોષણ અને નિકાલના કાર્યમાં મદદરૂપ થઈને રહેલા છે.

**આંન્ય દેવ ઝાડુ કરે, પિચન શક્તિ શિર;**
**ચાર દેવ ચોકા કરે, નિરંજન ભરહી નિર. ૩**

#### શબ્દાર્થ

**આંન્ય** = બીજા, અગાઉ દર્શાવેલા દેવ **દેવ** = દેવો **ઝાડુ** = સફાઈ, વિકારયુક્ત પદાર્થોને બહાર કાઢે **કરે** = કરે **પિચન શક્તિ** = જઠરાગ્નિ, પચાવવાની શક્તિ, પાચનક્રિયાને લગતી બાબત **શિર** = મસ્તક **ચાર** = ચાર **દેવ** = દેવતાઓ **ચોકા કરે** = ચોકી કરે, ધ્યાન રાખે **નિરંજન** = નિરંજન પુરુષ **ભરહી** = ભરે **નિર** = અમી, નૂર, તેજ, ઓજસ.

### અનુવાદ

**આ સર્વ દેવો પાચન ક્રિયાનું કાર્ય કરીને વિકારયુક્ત પદાર્થોને બહાર કાઢે છે. મસ્તકમાં રહેલા ચાર દેવો ધ્યાન રાખે છે. જ્યારે નિરંજન દેવ અમી ભરે છે.**

### ભાવાર્થ

અગ્નિ, વરુણ, બ્રહ્મા અને ગણપતિ આ ચાર દેવો શરીરમાં ખોરાકને મોંમા મુકવાથી અને પાચનક્રિયાના કાર્યથી માંડીને વિકારયુક્ત પદાર્થોને બહાર કાઢવાના કાર્યમાં વ્યસ્ત રહે છે. જ્યારે મસ્તકના ભાગમાં રહેલા નેત્ર સ્થાને સૂર્ય અને ચંદ્ર, કાને રહેલા દિક્પાલ અને નાસિકાએ રહેલા અશ્વિનીકુમાર એ ચારે દેવો ભયાનકતા,

અણધારી આફત કે સચેતતા દર્શાવીને રક્ષણના ઉદ્દેશ માટે ધ્યાન રાખવાનું એટલે કે, સજાગ કરાવાનું કાર્ય કરે છે. બ્રહ્મરંદ્ર (ગર્ભગૃહ) ના સ્થાને રહેલા હજાર પાંખડીવાળા કમળની મધ્યે રહીને જ્યોતિ સ્વરૂપ નિરંજન દેહમાં અમી ભરે છે.

**નિરંજન ભરહી નિર ધિર, પંડિત મન લાગત કેહેરા;**
**મહાનિધી કરે પોવના, પાવનહાર કુવેરા. ૪**

### શબ્દાર્થ

**નિરંજન** = નિરંજન પુરુષ **ભરહી** = ભરે **નિર** = અમી **ધિર** = ગંભીર, ભરોસો **પંડિત** = તત્ત્વ વિવેચક, બુદ્ધિવાન **મન** = મન અંતઃકરણ **લાગત** = લાગે **કેહેરા** = કહેર, જુલમ **મહાનિધી** = આદ્યશક્તિ **કરે** = કરે છે **પોવના** = પરોવીને, જોડીને, પોતાની પકડમાં રાખે છે **પાવનહાર** = પ્રાપ્ત કરનાર, પ્રેરણા કરનાર **કુવેરા** = કુવેરસ્વામી.

### અનુવાદ

**નિરંજન જે અમી ભરે છે, જેથી વિદ્વાન પંડિતોના મનને કહેર લાગે છે. આદ્યશક્તિ આ સર્વને જોડી રાખે છે, જ્યારે કુવેરસ્વામી કહે છે કે બધાની સેવાને પ્રાપ્ત કરનાર અંશ છે.**

### ભાવાર્થ

નિરંજન પુરુષ બ્રહ્માંડમાં રહીને અમીરસનું ઝરણું નિરંતર વહેવડાવી શરીરમાં અમીરસ ભરે છે. ધીરજવાન પંડિતો આવી સમજ પ્રાપ્ત કરીને મનમાં કહેર (અશાંતિ) અનુભવે છે. મહાનિધિ રુપ આદ્યશક્તિ આ સર્વ દેહના સમસ્ત તત્ત્વો જોડીને પોતાની પક્કડમાં રાખીને રહેલી છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ રીતે દેહમાં અગાઉ દર્શાવેલા દશે દેવતાઓના[1] કાર્યોની સેવા લઈને ચાસમી પ્રાપ્ત કરનાર સકર્તાપતિનો ચૈતન અંશ છે.

---

૧. દશ દેવો : (અગ્નિદેવ, વરુણદેવ, બ્રહ્માજી, ગણપતિ, સૂર્યદેવ, ચંદ્રદેવ, દિક્‌પાલદેવ, અશ્વિનીકુમાર, નિરંજન અને આદ્યશક્તિ.)

# છપ્પા ૭

**યેસો ભોજન પાયકે, તન મન ભયો સફુર;**
**નિજ આત્મ ચૈતનસે, પ્રગટ્યો અનુભવ સૂર. ૧**

### શબ્દાર્થ

**યેસો** = આ રીતનું **ભોજન** = ખોરાક, ચાસમી **પાયકે** = પ્રાપ્ત કરીને **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **ભયો** = થાય છે **સફુર** = સ્ફુરણ, સ્ફૂર્તિ **નિજ** = મૂળ, પોતે **આત્મ** = અંશ, આત્મા **ચૈતનસે** = ચેતનતાથી **પ્રગટ્યો** = પ્રગટ થયો, દૃશ્યમાન થયો **અનુભવ** = અનુભવનો **સૂર** = સૂર્ય.

### અનુવાદ

**આ પ્રમાણેની ચાસમી મેળવીને શરીર અને મન સ્ફૂર્તિ પામે છે, ત્યારે નિજ ચૈતન આત્મા (અંશ)ની ચેતનતાથી અનુભવ રૂપી સૂર્ય પ્રગટ થાય છે.**

### ભાવાર્થ

શરીરમાં રહેલા દરેક દૈવી તત્ત્વોના પ્રભાવથી ઇન્દ્રિયો તરફથી ચાસમી મેળવીને શરીરના સ્વામી રુપ અંશ પ્રફુલ્લિત રહે છે. જેથી સમગ્ર શરીર અને મન પણ સ્ફૂર્તિ પામે છે. જ્યાં સુધી ઇન્દ્રિયોની ચાસમી મળતી રહે છે ત્યાં સુધી અંશ આનંદિત રહે છે અને જ્યારે તેને ગુરુકૃપાથી પોતાના સ્વની સાચી સમજ પ્રાપ્ત થાય છે, ત્યારે પોતાનામાં નિજ જાણરૂપ અનુભવનો સૂર્ય પ્રગટે છે.

**દૃષ્ટ ઉરધ ભઈ તરત હી, અટકી નહીં આવેશ;**
**વિશ્વભાવ વેધી વટી, વિરક્ત ભઈ વિદેશ. ૨**

### શબ્દાર્થ

**દૃષ્ટ** = દૃષ્ટિ **ઉરધ** = ઊર્ધ્વ **ભઈ** = થઈ **તરત હી** = તુરત જ, રાહ જોયા વિના **અટકી** = થોભી, સ્થિર થવું, અટકવું **નહીં** = નહીં **આવેશ** = આ દેહથી, શરીર સુધી **વિશ્વભાવ** = દુનિયાદારીના સંબંધો, જગત પ્રત્યેનો ભાવ **વેધી** = વીંધી **વટી** = પાર કરી, ઓળંગી **વિરક્ત** = સંસારની આસક્તિ રહિત, વૈરાગી **ભઈ** = થઈ **વિદેશ** = દેશાંતર, પરદેશ, બીજો દેશ, વિદેહી.

## અનુવાદ

**અંશની દૃષ્ટિ ઊર્ધ્વ થતાંની સાથે જ તે આ દેહ ઉપર ન અટકી રહેતાં વિશ્વભાવ વીંધીને તેને ઓળંગી સંસાર પ્રત્યે વૈરાગ ધારણ કરીને વિદેહી થાય છે.**

## ભાવાર્થ

જ્યારે પોતાની સજાણજાણનો અનુભવ રૂપી સૂર્ય પ્રગટે ત્યારે અંશની દૃષ્ટિ ઊર્ધ્વ ગતિએ ગમન કરે છે. એટલે કે, દૃષ્ટિ જે વેશ રુપ આ સ્થૂળ ઘાટના આવરણમાં અટકી રહી હતી, તે હવે વિશ્વ પ્રત્યેનો ભાવ વીંધીને બ્રહ્મથી પરેના પરમપદમાં ગરકાવ થઈ જાય છે. પરિણામે સંસાર પ્રત્યેનો જે મોહ હતો તેને ત્યજી વૈરાગ ધારણ કરીને વિદેહી થઈ જાય છે.

**નિજાનંદ કૈવલ પદ, અકથ અલોકિત ધામ;**
**તહાં જઈ ભઈ એકતાયહી, ચૈતન વૃત્તિ વિરામ. ૩**

### શબ્દાર્થ

**નિજાનંદ** = નિજનો આનંદ **કૈવલ પદ** = સર્જનહારનું ધામ **અકથ** = અવર્ણનીય **અલોકિત** = અલૌકિક **ધામ** = ધામ **તહાં** = ત્યાં **જઈ** = જઈને **ભઈ** = થઈ **એકતાયહી** = એકાકાર, તલ્લીન, એકતાર, એકરૂપ **ચૈતન વૃત્તિ** = અંશની નિજ જાણ રુપ, ચૈતન દૃષ્ટિ **વિરામ** = સ્થિર, અટકી જવી.

## અનુવાદ

**નિજનો આનંદ દેનાર કૈવલપદ અવર્ણનીય અને અલૌકિક ધામ છે. ત્યાં જઈને અંશની ચૈતન વૃત્તિ એકાકાર થઈને વિરામ પામે છે.**

## ભાવાર્થ

પોતાના સ્વ-સ્વરૂપનો આનંદ દેનાર સર્જનહાર અંશીનું કૈવલપદ અવર્ણનીય અને અલૌકિક છે. જ્યારે નિજ જાણનો સૂર્ય પ્રગટે ત્યારે અંશની ચૈતનવૃત્તિ વિશ્વ પ્રત્યેના ભાવને વીંધીને વિદેશ રુપ બ્રહ્મથી પરે રહેલા કૈવલપદમાં એકરૂપ થઈ વિરામ પામે છે.

## ચૈતનવૃત્તિ વિરામ પામી, નિજ ઠામ ઠરી સ્થિર;
## ફેરી અવિલોકેહુ ઉધર, કુવેર તાંહાં રહી ચરાચર. ૪

### શબ્દાર્થ

**ચૈતનવૃત્તિ** = અંશની ચૈતનવૃત્તિ **વિરામ પામી** = અટકી ગઈ, થોભી ગઈ **નિજ** = મૂળ **ઠામ** = ઠેકાણે **ઠરી સ્થિર** = નિરાંતે સ્થિર થઈને, નિશ્ચિત મુકામે, અચલ થઈને **ફેરી** = ઉલટાવીને **અવિલોકેહુ** = બારીકાઈથી નિહાળવું, નજર કરીને જોવું **ઉધર** = ત્યાં, એ તરફ, બીજી બાજુ **કુવેર** = કુવેરસ્વામી **તાંહાં** = ત્યાં **રહી** = રહી **ચરાચર** = ચર અને અચર, સ્થાવર અને જંગમ.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે જ્યારે ચૈતનવૃત્તિ નિજ ઠામમાં સ્થિર થઈને નિશ્ચિતરુપે વિરામ પામે છે પછી ફરી ત્યાંથી આ બાજુનાં સ્થાવર-જંગમમાં અવલોકન કરતી નથી.**

### ભાવાર્થ

કુવેરસ્વામી કહે છે કે જેને અનુભવનો સૂર્ય પ્રગટ્યો હોય તેવા અંશો ચૈતનવૃત્તિને પોતાના મૂળ ઠેકાણારૂપી પરમપદમાં સ્થિર કરીને જોડી રાખે છે. ત્યાર પછી ત્યાં રહીને આ તરફ એટલે કે, સ્થાવર-જંગમની ઉત્પત્તિમાં કે ચૌદલોકના ધામોમાં પાછું વળીને તેમની વૃત્તિ અવિલોકન કરતી નથી.

# છપ્પા ૮

**દરશ્યો સકલ વિલાસ, વાસ તહાં કરી પિયાના;**
**યાંહાં વાંહાં હોય મલતાન, જ્ઞાન ગૂઢ ભયે સહ્યાના. ૧**

### શબ્દાર્થ

**દરશ્યો** = નિહાળ્યો, જોયો **સકલ** = તમામ, સર્વ **વિલાસ** = રચના, આનંદી ખેલ, મોજમઝા **વાસ** = નિવાસ, ઈચ્છા, પ્રેરણા, કીર્તિ **તહાં** = ત્યાં **કરી** = કરી **પિયાના** = પ્રસ્થાન, પ્રયાણ **યાંહાં વાંહાં** = અહીં અને ત્યાં **હોય** = થાય **મલતાન** = મોજીલો, આનંદિત, મહાલતો **જ્ઞાન** = જ્ઞાન **ગૂઢ** = ગૂઢાર્થ ભરેલું, ગહન **ભયે** = થયો **સહ્યાના** = શાણો, ડાહ્યો, સમજુ.

### અનુવાદ

**સર્વ (સમગ્ર) આનંદિત ખેલને નિહાળીને અહીં અને ત્યાં (આમ તેમ) નિવાસ કરી બીજે પ્રસ્થાન (ગમન) કરતો, પરંતુ ગૂઢાર્થભર્યા જ્ઞાનને પ્રાપ્ત કરી તે (સમજણો) શાણો બન્યો.**

### ભાવાર્થ

આનંદ અપાવનારા જગતના સમસ્ત ખેલને નિહાળીને અંશ મૃત્યુલોક અને દેવલોકમાં પોતાના દેહ થકી આયુષ્યને આધીન થઈ નિવાસ કરે છે. તે પોતે કરેલા કર્મોને ભોગવવા માટે ફરી પાછો બીજા ઘાટમાં ગમન કરે છે. આમ એક પછી એક અનેક ઘાટમાં ફરતાં-ફરતાં ઘણા કલ્પોથી ભટક્યા કરે છે, પરંતુ જ્યારે દિવ્ય પરમગુરુના શરણમાં જઈને ગૂઢાર્થભર્યું કૈવલજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે જ તેને પોતાના નિજ સ્વરૂપની અને પરમપદની સમજ પ્રાપ્ત થાય છે. આવી સમજ પ્રાપ્ત કર્યા બાદ તે અંશ સમજુ (શાણો) બનીને જિંદગી જીવે છે.

**દેખાવન તન દ્વૈત, સરલ અદ્વૈત આત્મ સુત;**
**તહાંથે ઉમંગી વાણ્ય, જાણ્ય મમ અનુભવ અદ્ભુત. ૨**

### શબ્દાર્થ

**દેખાવન** = દેખાડું, બતાવું છું **તન** = શરીર, દેહ, સ્વરૂપ **દ્વૈત** = જૂદુ, અલગ **સરલ** = સરળતાપૂર્વક, સહેલાઈથી **અદ્વૈત** = જૂદુ નહીં તેવું, એકમેક **આત્મ** = અંશ, આત્મા **સુત** = સૂત્રવત્, સળંગ **તહાં થે** = ત્યાંથી **ઉમંગી** = ઉમંગ આપનારી **વાણ્ય** = વાણી **જાણ્ય** = જાણ **મમ** = મારા **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અદ્‌ભુત** = અલૌકિક.

### અનુવાદ

**મારા અદ્‌ભુત અનુભવ અને ત્યાંથી લાવેલ જાણ્યને આધારે ઉમંગપૂર્વક દ્વૈત દેખાતા અંશ સ્વરૂપને સહેલાઈથી અદ્વૈત પદ સાથે એકસૂત્રતા (એકતા) કેવી રીતે થાય તે બતાવું છું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતે પરમવિશેષ અંશના નાતે સર્જનહારના સાંનિધ્યમાં સદાને માટે રહે છે. સર્જનહારનો સંદેશો પાઠવવા માટે તેઓ કલ્પમાં એક વખત પરમપદમાંથી અદ્‌ભુત અનુભવ સહિત કૈવલજ્ઞાનના ખજાનાને લઈને બ્રહ્માંડમાં આવે છે. તેઓ ઉમંગપૂર્વક તે કૈવલજ્ઞાનને વિશ્વમાં દર્શાવે છે. આ પ્રમાણે અંશ-અંશીના લક્ષ દ્વારા દેહમાં દ્વૈતભાવે રહેલા અંશના સ્વરૂપને સહેલાઈથી અદ્વૈત એવા પરમપદ સાથે નાતો જોડી રાખવાનો અને સર્જનહાર સાથે સળંગ સૂત્રતા જળવાય તે માટેનો સાચો માર્ગ દર્શાવે છે.

## સ્વયં ઉચ્ચારે શબ્દ, લબ્ધ તનમેં હોય દરસે;
## લક્ષ ભેદુ કોઈ સંત, તંત પુરવેશ્વર પરસે. ૩

### શબ્દાર્થ

**સ્વયં** = પોતે **ઉચ્ચારે** = ઉચ્ચાર કરે **શબ્દ** = શબ્દ **લબ્ધ** = પ્રાપ્ત કરેલું, મળેલું **તનમેં** = દેહમાં, શરીરમાં **હોય** = હોય **દરસે** = દશ્યમાન થાય, જણાય, અનુભવાય **લક્ષ ભેદુ** = પોતાના અંતિમ ધ્યેયના રહસ્યને જાણનાર **કોઈ** = કોઈક **સંત** = સંતદશાના પુરુષ **તંત** = સ્વરૂપ **પુરવેશ્વર** = પૂર્વના ઈશ્વર (મહાન પુરુષ) આદિ પરમેશ્વર **પરસે** = સ્પર્શે, મળે, પ્રાપ્ત થાય.

## અનુવાદ

**શરીરમાં શબ્દનું ઉચ્ચારણ જે સ્વયં કરે છે, તે આપનપુ સ્વરૂપ જ્યારે દશ્યમાન થાય છે. ત્યારે જ પોતાના લક્ષના રહસ્યને જાણનાર એવા કોઈક જ સંત મહાપુરુષ આદિ પરમેશ્વરના સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે (સ્પર્શી શકે છે).**

## ભાવાર્થ

શરીરની ચૈતનતાને બક્ષનાર અને શબ્દનું ઉચ્ચારણ કરનાર આપનપુ ચૈતન સ્વરૂપ છે તેનું શુદ્ધ સ્વરૂપ સમર્થગુરુની કૃપા થાય ત્યારે જ સ્વ-અનુભવ દ્વારા દશ્યમાન થાય છે. અંશ-અંશીના રહસ્યને જાણનાર એવા કૃપાવંત કોઈક જ વિરલા સંત પુરુષો પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને ઓળખીને પરમપદના સ્વામી આદિ પરમેશ્વર સાથે મેળાપ કરી શકે છે.

**પૂરવેશ્વર પરસાય, થાય તતક્ષેણું તેહી તદ્‌વત;**
**અવિગત કહે કુવેર, પ્રેર સર્વનું જેહી સતવિત. ૪**

### શબ્દાર્થ

**પૂરવેશ્વર** = પૂર્વનું સ્વરૂપ, નિજ અંશ સ્વરૂપ **પરસાય** = પ્રાપ્ત થાય, સ્પર્શ **થાય** = થાય **તતક્ષેણુ** = તરત જ, તે જ ક્ષણે **તેહી** = તે **તદ્‌વત** = તદાકાર, તદ્ રુપ, તલ્લીન **અવિગત** = જેની વિગત ન જાણી શકાય તેવું **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **પ્રેર** = પ્રેરક **સર્વનું** = સૌનું **જેહી**=જે **સતવિત** = શાશ્વત વિત્ત.

## અનુવાદ

**પૂર્વનું આપનપુ સ્વરૂપ પ્રાપ્ત થતાં તુરત જ તે અંશ અવિગત પદ સાથે તદાકાર થાય છે. કુવેરસ્વામી કહે છે કે તે પરમપદ જ સૌનું પ્રેરક અને શાશ્વત વિત્ત રુપે છે.**

## ભાવાર્થ

જો દિવ્ય પરમગુરુની કૃપા થાય તો જ પૂર્વનું આપનપુ ચૈતન અંશ સ્વરૂપ છે પ્રાપ્ત થાય છે. પછી પોતાના શુદ્ધ સ્વરૂપે થયેલો અંશ તે જ ક્ષણે સ્વયં જેનો સજાતિય અંશીનું પરમપદ કે જે અવિગત છે, તેની સાથે તદાકાર થઈને રહે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તે અવિગત પદ આપણા સૌને ઉત્પન્ન કરનારું છે અને નિજવિત્ત રુપે શાશ્વત રહેલું છે.

# છપ્પા ૯

**મહા મંગલ ગિરવાણ, જાણ્ય જુગમેં કોઈ વેત્તા;**
**જીનકી દ્દષ્ટ અમોઘ યોગ, કૈવલમયે એકતા. ૧**

## શબ્દાર્થ

**મહા મંગલ** = મહાન મંગલકારી **ગિરવાણ** = શ્રેષ્ઠ વાણી, ઉત્તમ ભાષા **જાણ્ય** = માહિતી, સમજ **જુગમેં** = જગતમાં **કોઈ** = કોઈક **વેત્તા** = જાણકાર **જીનકી** = જેમની **દ્દષ્ટ** = દૃષ્ટિ, નજર **અમોઘ** = વિશાળ, સર્વત્ર પથરાયેલી, ઈષ્ટ ફળ દેનારી, સચોટ **યોગ** = પરમાત્મા સાથે સંબંધ જોડવાનો ઉપાય, ચિત્તવૃત્તિનો નિરોધ **કૈવલમયે** = કૈવલ કર્તામાં એકમેક **એકતા** = એકાકાર, અભેદ, ઐક્ય.

## અનુવાદ

**જેમની શ્રેષ્ઠ વાણી મંગલકારી, દૃષ્ટિ અમોઘ, પરમાત્મા સાથે સંબંધ રાખનાર અને જે સજાણ પુરુષ છે. તેઓ સદાને માટે કૈવલપદમાં એકતા સાધીને રહે છે. જગતમાં કોઈક જ એવા વેત્તા પુરુષ છે.**

## ભાવાર્થ

જેમની શ્રેષ્ઠ (અદ્ભુત) વાણી અંશોનું કલ્યાણ કરનારી છે, જેમની દિવ્ય દૃષ્ટિ સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલી છે, જેમની પાસે પરમપદ સાથે સંબંધ (નાતો) જોડવાનો ઉપાય છે, જેઓ સદાને માટે પોતાના સજાણજાણ સ્વરૂપે રહીને કૈવલપદમાં અલંગ-સલંગ એકતા સાધીને રહે છે. એવા કૈવલવેત્તા પુરુષ[1] જગતમાં

૧ **કૈવલવેત્તા પુરુષ અંગેની ગણતરી**
૧૪ કરોડ મનુષ્યજાતિમાં મનુષ્યક્રિયા કરવાવાળો એક મનુષ્ય હોય છે.
તેવા ૭ કરોડ મનુષ્યની ક્રિયા કરવાવાળામાં વેદની ગતિને જાણવાવાળો એક વ્યક્તિ હોય છે.
તેવા ૭ કરોડ વેદગતિને જાણવવાળા કવિઓમાં એક ભક્ત હોય છે.
તેવા ૭ કરોડ ભક્તોમાં એક પરચા આપી શકે તેવો દાસ હોય છે.
તેવા ૭ કરોડ દાસજનોમાં કાળને જીતી શકે તેવા એક યોગી હોય છે.
તેવા ૫ કરોડ યોગી પુરુષોમાં એક પરકાયા પ્રવેશ કરવાવાળા સાધક હોય છે.
તેવા ૧ કરોડ પરકાયા પ્રવેશ કરવાવાળામાં ઈશ્વરોની પ્રતિયોગીના કરવા એક જ્ઞાની પુરુષ હોય છે.
તેવા ૭ લાખ જ્ઞાની પુરુષોમાં બ્રહ્મસ્વરૂપ ધારણ કરવાવાળા કોઈ એક બ્રહ્મર્ષિ પુરુષ હોય છે.
તેવા ૧ કરોડ જ્ઞાની અને અનેક અનુભવી પુરુષોમાં કૈવલવેત્તા પુરુષ એક હોઈ શકે છે.

ભાગ્યે જ કોઈ છે.

સાતદ્વિપ અને નવખંડમાં તો એક માત્ર કૈવલવેત્તા પુરુષ છે જે કર્તાના પરમવિશેષ પાટવી અંશ હોઈ કર્તાના સાનિધ્યમાં સદાને માટે રહે છે અને કલ્પમાં એક વખત અંશ-અંશીનો લક્ષ આપવા વિશ્વમાં આવે છે.

**તે પરખે પડનાલ ભાલ, જેહને નિજ ઘરની;**
**ધે ધાતાથી અલગ સલગ, ગતિયાં સરભરની. ૨**

### શબ્દાર્થ

**તે** = તેઓ **પરખે** = ઓળખે, જાણે, પરખ શક્તિથી પરીક્ષા કરે **પડનાલ** = પ્રણાલિકા, પૂર્વથી ચાલી આવેલી પરંપરા **ભાલ** = ખબર, ભાળ, પત્તો, ઠેકાણું **જેહને** = જેઓને **નિજ** = મૂળ, આદિ **ઘરની** = ઠેકાણાની, વતનની **ધે - ધાતાથી** = જીવ અને ઈશ્વરથી **અલગ** = જુદી, ભિન્ન **સલગ** = સળંગ, એકસૂત્રતા, એકતાર **ગતિયાં** = સમજ, ગતિ **સરભરની** = સંપૂર્ણપણે, પૂરેપૂરી, ભરપૂર, તમામ બાબતે, રજેરજની.

### અનુવાદ

**તેઓ પૂર્વેની પરંપરાને પહેચાને (ઓળખે) છે અને જેમને મૂળ વતનની જાણય છે. વળી જીવ અને ઈશ્વરથી ભિન્ન પરમપદ સાથે એકતારુપે રહેલા છે. તેથી તેમને રજે-રજની સમજ છે.**

### ભાવાર્થ

કૈવલવેત્તા પુરુષ સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી જગતની પરંપરા અનુસાર ચાલી આવેલી બધા જ પ્રકારની માન્યતાઓને પહેચાને (જાણે) છે. તેથી જ તેઓ સર્જનહાર સિવાયની ઉપાસનાઓનું ખંડન કરે છે. તેમને પરમપદ રુપ કૈવલધામની સંપૂર્ણ માહિતી છે. કારણ કે, તેઓ હમેશાં ત્યાં જ રહેતા હોય છે. તેઓ સંસારના જીવ અને ઈશ્વરોથી ભિન્ન અને બ્રહ્મથી પરે રહેલા પરમપદ સાથે એકતા સાધીને વિશ્વમાં વિચરણ કરે છે. તેમને ઉત્પત્તિના પ્રારંભથી માંડીને પસારો તેમજ પ્રલય સુધીની તમામ બાબતોની સમજ છે.

**સો પુરુષા પરમેશ, સે સુનકાદીક દુરલભ;**
**આ અનુભવનો અરથ, ત્રત તેહેને સર્વ સુરલભ. ૩**

### શબ્દાર્થ

**સો** = તે **પુરુષા** = મહાન પુરુષ **પરમેશ** = ઈશ્વરોમાં શ્રેષ્ઠ, મહાન **સે** = થી, ને **સુનકાદીક** = બ્રહ્માના પુત્રો **દુરલભ** = મુશ્કેલ, દુર્લભ **આ** = આ **અનુભવનો** = પ્રત્યક્ષ જ્ઞાનના, સમજણના **અરથ** = અસર, અગત્યતા, કિંમત **ત્રત** = તુરંત જ, સહેજમાં **તેહેને** = તેઓને **સર્વ** = બધી રીતે, બધુ જ **સુરલભ** = સરળતાથી, સહેલાઈથી ઉપલબ્ધ, સુલભ.

### અનુવાદ

**એવા મહાન પુરુષ મેળવવા સનકાદિકોથી પણ દુર્લભ છે. પરંતુ તેમના અનુભવજન્ય જ્ઞાનની અગત્યતા (મહત્વ) જે સમજે તેમને માટે બધુ જ સુર્લભ (સરળ) છે.**

### ભાવાર્થ

એવા મહાન કૈવલવેત્તા પુરુષનુ શરણું ગ્રહણ કરી પરમપદ પ્રાપ્ત કરવું એ સનક, સનાતન, સનંદન અને સનત્કુમાર એમ ચારેય સનકાદિકોને પણ મુશ્કેલ છે. તેમ છતાં જે મુમુક્ષુઓ તેમણે (કૈવલવેત્તા પુરુષે) દર્શાવેલ અનુભવજન્ય જ્ઞાનની કિંમત કરીને પરખ કરે (સમજે) તેવા માટે કૈવલવેત્તા પુરુષનું શરણું અને પરમપદ સુલભ થાય છે.

**સુરલભ અનુભવ અરથ, ગ્રંથ કોઈ કોઈ ઘટ ગંજે;**
**મંદમતિ ભવભૂર, કુવેર સુણતાં નવ રંજે. ૪**

### શબ્દાર્થ

**સુરલભ** = સુર્લભ, સરળ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અરથ** = કિંમત, અગત્યતા **ગ્રંથ** = ધાર્મિક પુસ્તક **કોઈ કોઈ** = કોઈક જ **ઘટ** = હૃદયમાં, ઘટમાં **ગંજે** = ગુંજન, કલરવ, આનંદનો ધ્વનિ, અવ્યક્ત રીતે જપાતા જપ, અંદરને અંદર આવર્તન થવું **મંદમતિ** = ઓછી બુદ્ધિવાળા, અજ્ઞાની **ભવ** = જગતમાં **ભૂર** = મૂઢ, મૂર્ખ, ભૂચર **કુવેર** = કુવેરસ્વામી **સૂણતાં** = સાંભળતા, શ્રવણ કરતાં **નવ** = નહીં **રંજે** = પશ્ચાતાપ, પરિશ્રમ, પસ્તાવો.

## અનુવાદ

**જ્ઞાનની કિંમત કરીને પારખનારને માટે સુલભ થવાથી, ગ્રંથોના જ્ઞાનનું કોઈ કોઈ પોતાના હૃદયમાં રટણ કરતા જ હોય છે. કુવેરસ્વામી કહે છે કે જગતનાં ભૂચર-ગતિના અજ્ઞાની જીવો ગ્રંથનું શ્રવણ કરવા છતાં કોઈ પરિશ્રમ કરતા નથી.**

## ભાવાર્થ

જેણે દિવ્ય પરમગુરુના વચનોને ઓળખ્યા છે એવા કોઈ વિરલા માનવો કૈવલજ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથોમાં રહેલા ગૂઢાર્થભર્યા જ્ઞાનને જેમ છે તેમ સહજ સ્વભાવે સમજે છે. તેમને માટે અંશ-અંશીના લક્ષનો અનુભવ કરવો સુલભ છે. એવા મુમુક્ષુઓ પરમપદને પામવા માટે હૃદયમાં વારંવાર ગ્રંથોનું રટણ કરતાં હોય છે. કુવેરસ્વામી કહે છે કે એથી ઊલટું જગતમાં જે ભૂચર ગતિના (પશુ સમાન) મંદ મતિવાળા અજ્ઞાની જીવો તો ગ્રંથ સાંભળવા છતાં પશ્ચાતાપ પણ કરતા નથી કે પરમપદ પામવા માટે પરિશ્રમ પણ કરતા નથી.

# છપ્પા ૧૦

## જે વાણી નિરવાણ, જાણ્ય પદ નિજ સંતનનું;
## ઓરલી વાણ્ય અનંત, રિજાવન મન જંતનનું. ૧

### શબ્દાર્થ

**જે** = જે **વાણી** = વચનો, જ્ઞાન **નિરવાણ** = નિર્વાણપદ અંગેની **જાણ્ય** = માહિતી, સમજ **પદ** = પરમપદ **નિજ** = મૂળ, આદિ **સંતનનું** = સંતનું **ઓરલી** = જગત પક્ષની, આ બાજુની **વાણ્ય** = વાણી, જ્ઞાન **અનંત** = અંત વગરની, અસંખ્ય **રિજાવન** = રીઝવવા માટે, આનંદ આપવા માટે **મન** = મન અંતઃકરણ **જંતનનું** = માનવોનું, જીવોનું.

### અનુવાદ

**સંતની વાણી મૂળ નિર્વાણપદની જાણ કરનારી છે, જ્યારે બીજી બધી વાણી જીવોના મનને રીઝવવા પૂરતી જ છે.**

### ભાવાર્થ

સંતપુરુષરૂપ કૈવલવેત્તા, શ્રીમત્ કરુણાસાગર દ્વારા ઉચ્ચારાયેલ કૈવલજ્ઞાનની વાણી તો અંશને મૂળ રુપે કરનારી અને નિર્વાણપદને જણાવવાવાળી છે. જ્યારે તે સિવાયની બીજી અનેક પ્રકારની વાણીનો વિલાસ વિશ્વમાં ધર્માચાર્યોએ કરેલો છે. તે તમામ જગતપક્ષની વાણી હોવાથી જીવોના હૃદયને આનંદ આપનારી અને મનને રીઝવવા પૂરતી જ છે.

## ખટ શાહાસ્ત્ર લઈ આદ્ય, કરમકાંડી બહુ કવતા;
## દેઈ ઉપમા અલહાદ વાદ, વિવિધી મત ચવતા. ૨

### શબ્દાર્થ

**ખટ** = છ **શાહાસ્ત્ર** = શાસ્ત્ર **લઈ આદ્ય** = ની આદ્ય લઈને, સહિત **કરમકાંડી** = ધાર્મિક ક્રિયા-કર્મ, દ્રવ્ય અને દેવ મેળવવા કરાતી ધાર્મિક ક્રિયાઓ **બહુ** = ઘણી, અપાર **કવતા** = કવિતા, વર્ણન, વક્તાઓ, પંડિત **દેઈ** = આપીને **ઉપમા** = ઉદાહરણો, દૃષ્ટાંત, મોટાઈ, મહિમા **અલહાદ** = મહાન, મોટી, હોય

તેનાથી વિશેષ **વાદ** = વૃત્તાંત, ચર્ચા, સિદ્ધાંત, વાતો **વિવિધી** = વિધવિધ, જુદા-જુદા, અલગ-અલગ **મત** = માન્યતા, માનીનતા **ચવતા** = કહેતા, વર્ણન કરતા, સમજાવતા.

## અનુવાદ

**છ શાસ્ત્રની આદ્ય લઈ કર્મકાંડી કવિતાઓ ઘણી છે. જેમાં મોટી-મોટી ઉપમાઓ આપીને વૃત્તાંત દર્શાવી વિવિધ મત વર્ણવ્યા છે.**

## ભાવાર્થ

વિશ્વમાં વિદ્વાન મહાપુરુષો દ્વારા ચાર વેદનું અધ્યયન કરીને છ શાસ્ત્રની રચના કરી છે. શાસ્ત્રની આદ્ય લઈ અન્ય કર્મકાંડી રચનાઓમાં દ્રવ્ય અને દેવી-દેવતાઓને પ્રાપ્ત કરવા માટેની ધાર્મિક ક્રિયાઓ દર્શાવતી અનેક રચનાઓ જોવા મળે છે, જેમાં સત્ય હકીકત કરતાં વિશેષ પ્રાધાન્યતા દર્શાવતા વૃત્તાંત અને વિધ-વિધ પ્રકારના મત-મતાંતરોનું વર્ણન જોવા મળે છે.

**વિષયેમેં કવિ કાવ્ય, લાવ્ય ઝાડ ઝમક મેલાવે;**
**સ્થાપે ફલ અસ્તુત્ય, યુક્ત જુગને મન ભાવે. ૩**

### શબ્દાર્થ

**વિષયે મેં** = ઇન્દ્રિયોના રસોમાં, ઇન્દ્રિયોના ભોગ-વૈભવમાં **કવિ** = કવિતા રચનારાઓ **કાવ્ય** = કવિતા, કવિની રચના **લાવ્ય** = લાવીને **ઝાડ ઝમક** = ભવ્યતા, ચમચમાટ, ભપકો **મેલાવે** = મેળવવું, વધારીને વાત કરવી, ભેળવે, જોડી દેવું **સ્થાપે** = પ્રતિષ્ઠા કરવી, સ્થાપના કરવી, નિર્માણ કરવું **ફલ** = ફળ, કર્મોના પરિણામ, ફાયદા **અસ્તુત્ય** = સ્તુતિ, પ્રાર્થના **યુક્ત** = યુક્તિ, કરામત, તરકીબ **જુગને** = જગતને **મન** = મન અંતઃકરણ **ભાવે** = ગમે, પસંદ પડે, સારું લાગે.

## અનુવાદ

**ઇન્દ્રિયોના ભોગને લગતા કાવ્યો રચીને કવિઓએ તેમાં રમક-ઝમક આપી ભવ્યતા દર્શાવી છે. વળી જગતને મન ભાવે તેવા ફળ પ્રાપ્ત કરવા માટે યુક્તિપૂર્વકની સ્તુતિ અને તેવા પદોની સ્થાપના કરી છે.**

## ભાવાર્થ

કર્મકાંડી રચનાઓ ઉપરાંત કેટલાક કવિઓએ ઈન્દ્રિયોના રસ અને ભોગ ભોગવવાના વિષયોને લગતા કાવ્યોની રચનાઓ કરેલી છે, જેમાં કાલ્પનિક ભવ્યતા અને કૃત્રિમ ચળકાટ ઉમેરીને જગતના જીવોને પસંદ પડે તેવી રોચક રજૂઆત કરેલી છે. વળી યુક્તિપૂર્વક સ્તુતિઓ તેમજ તેના લાભો દર્શાવીને વિધ-વિધ પ્રકારના ઐશ્વર્યવાન દેવી-દેવતાઓના પદની સ્થાપના પણ કરી છે.

## ભાવે યુક્ત જુગને મન, વિષે ભોગ ગુણ જ્ઞાન;
## નિરાલંબ નિરવયે પદ, કુવેર નકો ધરે કાન. ૪

### શબ્દાર્થ

**ભાવે** = ગમે, પસંદ પડે **યુક્ત** = યુક્તિપૂર્વક **જુગને** = જગતને **મન** = મન અંતઃકરણ **વિષે** = વિષયોના **ભોગ** = મોજ-મઝા, આનંદ-વૈભવ **ગુણ** = ત્રિગુણાત્મક લક્ષણો, રજો, સતો અને તમો **જ્ઞાન** = જ્ઞાન, સમજ **નિરાલંબ** = આલંબન રહિત **નિરવયે** = વયથી વર્જિત, અવિનાશી **પદ** = સ્થાન **કુવેર** = કુવેરસ્વામી **નકો** = કોઈ નહીં **ધરે** = ધારણ કરે, ધરે, લક્ષમાં લે, ધ્યાનમાં લે **કાન** = કાન.

## અનુવાદ

**જગતને મનગમતા વિષયોના ભોગ અને ત્રિગુણાત્મક ગુણોના જ્ઞાનને યુક્તિપૂર્વક દર્શાવેલા છે. કુવેરસ્વામી કહે છે કે જે નિરાલંબ અને અવિનાશી પદ છે તે અંગેનું જ્ઞાન કોઈ કાને ધરતું નથી.**

## ભાવાર્થ

વિદ્વાન પુરુષો અને કવિઓએ જીવોને ભૌતિક સુખાકારી અને મનપસંદ ભોગ-વૈભવ આપતા વિષયો માટે કવિતાઓ, સ્તુતિ અને અન્ય રચનાઓ બનાવી, તેની ફલશ્રુતિ દર્શાવીને જીવોને કર્મો કરવા માટે બંધનમાં નાંખ્યા છે. વળી રજોગુણ, સતોગુણ અને તમોગુણવાળા દેવી-દેવતાઓની સ્થાપના કરીને સગુણ સિદ્ધાંતોને સ્થાપિત કર્યા. આ પ્રમાણે અલગ-અલગ મત-પંથોની રચના કરી જગતના જીવોને

તેમાં જકડી રાખ્યા છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ કારણને લીધે જગતના અજ્ઞાની જીવો પોતાના નિજ ચૈતન સ્વરૂપની તથા અવિનાશી એવા પરમપદ પ્રત્યેના જ્ઞાનનું કોઈ ધ્યાન રાખીને શ્રવણ કરતું નથી.

# છપ્પા ૧૧

**તે માટે આગમ, ઉભયે દાખવીયા પક્ષ;**
**હાવે કહું નિજ બોધ, શુદ્ધ શ્રોતાનો લક્ષ. ૧**

### શબ્દાર્થ

**તે માટે** = તેથી, તે કારણે **આગમ** = અગાઉ, પહેલાં **ઉભયે** = બે **દાખવીયા** = દર્શાવ્યા, દેખાડ્યા **પક્ષ** = મત, સિદ્ધાંત **હાવે** = હવે પછી **કહું** = કહુ છું **નિજ** = મૂળ, આદિ **બોધ** = ઉપદેશ, જ્ઞાન **શુદ્ધ** = સાચું, નિર્મળ **શ્રોતાનો** = શ્રોતાજનોનો **લક્ષ** = ઉદ્દેશ, ધ્યાન, હેતુ.

### અનુવાદ

**તે માટે અગાઉના બે સિદ્ધાંતોનો ખ્યાલ આપ્યો છે, પરંતુ હવે પછી શ્રોતાજનોને નિજ લક્ષનો પવિત્ર બોધ કહુ છું.**

### ભાવાર્થ

અગાઉના વર્ણનમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે જગતમાં સ્થપાયેલા મુખ્ય બે સિદ્ધાંતો કે તેમાં એક બ્રહ્મસિદ્ધાંત અને બીજા સગુણસિદ્ધાંત અંગે આપણને સમજ આપી. હવે પછી શ્રોતાજનોને પોતાના નિજ સ્વરૂપની જાણ અને પરમપદની પહેચાન (ઓળખ) આપતા નિજ લક્ષનો નિર્મળ ઉપદેશ સંભળાવે છે.

**સુણતાંમેં હોય સ્વાંત્ય, ક્રાંત્ય કૈવલની દરશે;**
**પૂરવેનું પદ આપ, સાફ વિલસ્યું જે ઘરસે. ૨**

### શબ્દાર્થ

**સુણતાંમેં** = સાંભળતા જ **હોય** = થાય **સ્વાંત્ય** = શાંત **ક્રાંત્ય** = રચના, ક્રાંતિ, કિરણ **કૈવલની** = કૈવલ કર્તાની **દરશે** = દૃશ્યમાન થશે, દેખાશે **પૂરવેનું** = આદિ-અનાદિનું **પદ** = પદ **આપ** = પોતાનું સ્વરૂપ, આપનપુ અંશ સ્વરૂપ **સાફ** = ચોખ્ખું **વિલસ્યું** = ઉત્પન્ન થયું, વિકાસ પામ્યું, ઉત્પત્તિ થઈ **જે** = જે **ઘરસે** = ઘરથી, ધામથી, ઠેકાણેથી.

### અનુવાદ

**જે સાંભળતાં જ શાંતિ થશે અને કૈવલ કર્તાની રચના દશ્યમાન થશે. તેમજ જે ઘરથી ઉત્પત્તિ થઈ તે આદિ અનાદિનું પદ અને આપનપુ શુદ્ધ ચૈતન સ્વરૂપ પ્રાપ્ત થશે.**

### ભાવાર્થ

દિવ્ય પરમગુરુની વાણી સાંભળતા જ શ્રોતાજનોના મનમાં શાંતિ અનુભવાય છે. વળી બ્રહ્માંડની સઘળી રચનાના રચનાર કૈવલ કર્તા છે તેની ખબર પડે છે. આ ઉપરાંત પોતાનું શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપ છે તેની અને આદિ-અનાદિ પરમપદ કે જ્યાંથી આપણે અંશ સ્વરૂપે અંકુરિત થઈને આવ્યા છીએ. તેની પણ સમજ પ્રાપ્ત થાય છે.

**તેહનો નરણ્યે થાય, જાય જંતુ બુદ્ધ જોતે;**
**પુરણ પરમાનંદ પ્રગટ, હોય આપ ઉદ્યોતે. ૩**

#### શબ્દાર્થ

**તેહનો** = તેનો **નરણ્યે** = નિર્ણય **થાય** = થાય **જાય** = દૂર થાય, છૂટે નષ્ટ થાય **જંતુ** = જીવદશા **બુદ્ધ** = બુદ્ધિ **જોતે** = જોતાની સાથે જ **પુરણ** = પૂર્ણ **પરમાનંદ** = પરમ આનંદ **પ્રગટ** = પ્રગટ **હોય** = થાય **આપ** = પોતાનું સ્વ-અંશસ્વરૂપ **ઉદ્યોતે** = પ્રકાશે.

### અનુવાદ

**તેનો નિર્ણય થાય અને બુદ્ધિપૂર્વક જોતાં જીવદશા નષ્ટ થાય છે. જેથી પૂર્ણ પરમાનંદ પ્રગટે અને આપનપુ સ્વરૂપનો પ્રકાશ થાય.**

### ભાવાર્થ

સર્વ રચનાના રચયિતા કૈવલ કર્તા છે. વળી જે ધામમાંથી અંશ અંકુરિત થઈને બ્રહ્માંડમાં આવ્યો છે તેનો નિર્ણય થાય છે. આ ઉપરાંત બુદ્ધિપૂર્વક જ્ઞાન સાંભળતાં જીવદશા પણ નષ્ટ થાય છે એના કારણે અંશનું જે મૂળ અણિઅગ્ર અંકુરિત ચૈતન શુદ્ધ સ્વરૂપ છે, તેનો પ્રકાશ થતાં આપોઆપ પૂર્ણ પરમાનંદ પ્રગટે છે.

## પ્રગટે આપ ઉદ્યોત, જ્યોત કૈવલમયે મિલકે;
## જીવ ઈશ્વર લ્યૌ દ્વૈત, કુવેર જોઈ ચિત્ત નવ ચલકે. ૪

### શબ્દાર્થ

**પ્રગટે** = પ્રગટ થાય **આપ** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ, આપનપુ **ઉદ્યોત** = પ્રકાશ **જ્યોત** = જ્યોતિ, કિરણ **કૈવલમયે** = કૈવલમય, કૈવલરૂપ **મિલકે** = એકરૂપ પ્રાપ્ત થવું **જીવ** = જીવદશા **ઈશ્વર** = ઐશ્વર્યવાન દેવી-દેવતાઓ **લ્યૌ** = સુધી **દ્વૈત** = જુદા, બીજા, બે **કુવેર** = કુવેરસ્વામી **જોઈ** = જોઈને, નિહાળીને **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **નવ** = નહીં **ચલકે** = ચલિત થાય, ચલાયમાન થાય.

### અનુવાદ

**જ્યારે આપનપુ સ્વરૂપ પ્રગટ થઈને પ્રકાશિત થાય ત્યારે તે કિરણરુપે કૈવલ કર્તામાંથી પ્રાપ્ત થયેલું જણાશે. જેથી કુવેરસ્વામી કહે છે કે જીવ અને ઈશ્વર સુધીના દ્વૈતપણામાં ચિત્ત ચલાયમાન થશે નહીં.**

### ભાવાર્થ

જ્યારે માનવીને આપનપુ-નિજ ચૈતન અંશ સ્વરૂપનો સાચો ખ્યાલ આવે છે ત્યારે પોતાના સ્વરૂપનો સાચો અહેસાસ થાય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જ્ઞાન દ્વારા સમજ પ્રાપ્ત થતાં જાગૃત થયેલા માનવીને પોતાનું જે અંશ સ્વરૂપ છે તે કિરણ રુપે કૈવલ કર્તામાંથી પ્રાપ્ત થયું છે તેવી સાચી સમજ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ જગતમાં જીવ અને ઈશ્વર સહિત દ્વૈતભાવ હતો તે ટાળી દઈને ઈશ્વરોની ઐશ્વર્યતાની ચમકમાં પોતાના ચિત્તને ચલાયમાન થવા દેતો નથી.

# છપ્પા ૧૨

**કૈવલ અંશ સફૂર, દૂરત્યે દૂર પરાપર;**
**ઘટ ઘટ પ્રત્યે નિવાસ, વાસ વિત્ત સકલ ચરાચર. ૧**

### શબ્દાર્થ

**કૈવલ** = કૈવલકર્તાનો **અંશ** = અંશ, સજાણજાણ સ્વરૂપ **સફૂર** = સ્ફુરાયમાન, ફેલાવો, પસારો **દૂરત્યે દૂર** = દૂર ને દૂર **પરાપર** = પરાવાણીથી પણ પરે **ઘટ ઘટ** = પ્રત્યેક ઘટમાં **પ્રત્યે** = માં, પ્રતિ, તરફ **નિવાસ** = રહેઠાણ **વાસ** = વસે છે, મુકામ કરે છે **વિત્ત** = નૂર, સાર, શક્તિ **સકલ** = સર્વ, તમામ **ચરાચર** = ચર અને અચર, સ્થાવર અને જંગમ.

### અનુવાદ

**પરાવાણીથી પરે દૂર ને દૂર રહેલા કૈવલકર્તામાંથી અંશો સ્ફુરાયમાન થયેલા છે. તે સ્થાવર અને જંગમના પ્રત્યેક ઘાટમાં વિત્ત રુપે નિવાસ કરીને રહેલ છે.**

### ભાવાર્થ

પરાવાણીથી અને બ્રહ્માંડથી પણ પાર રહેલા કૈવલકર્તામાંથી કિરણ રુપ અંશો સ્ફુરાયમાન થયા છે. તેથી જ તે સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશો કેવલ કર્તાની સજાતિના કહેવાય છે. અંશોને જેવા સ્ફુરાયમાન કર્યા કે તરત જ કૈવલકર્તાએ તેમને કૈવલધામમાંથી બ્રહ્માંડમાં મોકલ્યા છે. તે પૈકીના સામાન્ય અંશો મૃત્યુલોકમાં રહેલા સ્થાવર-જંગમના ચોર્યાસી લાખ પ્રકારના પ્રત્યેક ઘાટમાં વિત્ત રુપે નિવાસ કરીને રહે છે.

**તે અંતે મધ્ય આદ્ય, સ્વાદ્ય સનાતન સોઈ;**
**સ્થાવર જંગમ જાત, ચલીતે ઈનત્યે સબ કોઈ. ૨**

### શબ્દાર્થ

**તે** = તે અંશો **અંતે** = અંતમાં **મધ્ય** = પસારા દરમિયાન **આદ્ય** = પ્રારંભકાળે **સ્વાદ્ય** = પોતે, સ્વાધીન **સનાતન** = શાશ્વત **સોઈ** = છે, તે **સ્થાવર** = સ્થિરજાતિ **જંગમ** = અસ્થિરજાતિ **જાત** = જાત

**ચલીતે** = ચલાયમાન, જીવંત, ચંચલ, ચૈતનવંત **ઈનત્યે** = તેના થકી, એનાથી **સબ કોઈ** = સર્વ કોઈ, બધા જ, તમામ.

## અનુવાદ

**તે અંશો આદ્ય, મધ્ય અને અંતમાં સ્વાધીન તથા શાશ્વત છે. સ્થાવર અને જંગમ જાતિના બધા જ ઘાટ તેમનાથી ચેતનવંત રહેલા છે.**

## ભાવાર્થ

તે સજાણજાણ રુપ ચૈતન અંશો સૃષ્ટિના પ્રારંભ, પસારા અને અંત સુધી સનાતન છે, પરંતુ કરેલાં કર્મો ભોગવવા માટે સ્વતંત્રપણે ઘાટમાં ભ્રમણ કરે છે. સ્થાવર અને જંગમના તમામ સ્થૂળ ઘાટ સામાન્ય અંશોની ચૈતનતા થકી જ ચેતનવંત રહેલાં છે.

**જહાં જમ જેહેવી જૂકત, મૂકત તાંહા તેહેવો મહાલે;**
**પ્રાય અલખનો અલખ, ખલક થઈ ખેલે ખ્યાલે. ૩**

### શબ્દાર્થ

**જહાં** = જ્યાં **જમ** = જેમ **જેહેવી** = જેવી **જૂકત** = કરામત, યુક્તિ, ગોઠવણ, રચના **મુક્ત** = સ્વતંત્ર, ખુશી **તાંહા** = ત્યાં **તેહેવો** = તેવો, ને અનુકૂળ **મહાલે** = રમણ કરે, ઘૂમે, ફરે, માણે **પ્રાય** = ખાસ કરીને, ઘણું કરીને, ઘણે અંશે, બહુધા, સર્વથા **અલખનો** = અલખ કર્તાનો **અલખ** = અલખ અંશ **ખલક થઈ** = ખેલાડી બનીને **ખેલે** = ખેલે, રમણ કરે **ખ્યાલે** = ખલકમાં.

## અનુવાદ

**જ્યાં જેમ જેવી રચના ત્યાં (અંશ) તેવો થઈને સ્વતંત્રપણે મહાલે છે. બહુધા એ અલખ કર્તાનો અલખ અંશ છે. તેમ છતાં ખેલાડી બનીને ખલકમાં ખેલે છે.**

## ભાવાર્થ

સ્થાવર-જંગમના ૮૪ લાખ પ્રકારના ઘાટ પૈકી અંશ જે પ્રકારના ઘાટની જેવી રચના હોય તેમ તે ઘાટને અનુકૂળ થઈને પોતે સ્વતંત્રપણે રમણ કરે છે. સર્વથા અંશ તો અલખ કર્તાના વંશનો અલખ અંશ છે. તેમ છતાં તે અંશ પોતાના કર્મોના ફળ ભોગવવા માટે પ્રાપ્ત થયેલા અલગ-અલગ ઘાટમાં ખેલાડી બનીને રમણ કરે છે.

## ખેલે ખ્યાલે અલખ, અંશ અવિનાશ કહાવે;
## નિરાલંબ નિર્લેપ લેપ, હોઈ કુવેર કસાવે. ૪

### શબ્દાર્થ

**ખેલે** = રમણ કરે, એકબીજા દેહમાં વિચરણ કરે **ખ્યાલે** = ખલકમાં, ખેલમાં **અલખ** = અવર્ણનીય **અંશ** = સજાણ, જાણ ચૈતન સ્વરૂપ **અવિનાશ** = શાશ્વત **કહાવે** = કહેવાય છે **નિરાલંબ** = આલંબન રહિત **નિર્લેપ** = નિર્મળ, અનાસક્ત, અલિપ્ત, અસંગ **લેપ** = સંગ, ની અસરમાં આવેલું **હોઈ** = હોવાથી **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કસાવે** = કસોટી સહન કરે, ખેંચાઈને મજબૂર થવું, દુઃખ અનુભવવું, દુઃખી થવું.

### અનુવાદ

**અંશ અવિનાશી અને અલખ હોવાં છતાં ખલકના ખેલમાં ખેલી રહ્યો છે. વળી પોતે તો આલંબન રહિત અને નિર્લેપ હોવા છતાં કુવેરસ્વામી કહે છે કે તે અંશ કસોટી સહન કરે છે.**

### ભાવાર્થ

અંશના મૂળ સ્વરૂપનો ખ્યાલ કરીએ તો તે શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે છે. તે પોતે સ્વરૂપ થકી અવર્ણનીય, આલંબનથી રહિત અને અનાસક્ત છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે અંશ બ્રહ્માંડમાં આવીને બ્રહ્મસહિત સ્થૂળ, સૂક્ષ્મ કારણ, મહાકારણ અને પરમકારણ એમ પાંચ પ્રકારના દેહના આવરણોમાં લપટાઈ ગયો હોવાથી તે ઇન્દ્રિયોના કરેલાં કર્મો ભોગવીને દુઃખી થાય છે.

# છપ્પા ૧૩

**કસણી કસે કરાલ, બાલ માયા હિત હોઈ;**
**દ્વૈતા રમણ વિલાસ, વિલાસીક ભયે સકોઈ. ૨**

### શબ્દાર્થ

**કસણી** = કસોટી, આપત્તિ, પીડા **કસે** = સહન કરે, વેઠે **કરાલ** = ભયંકર, તીવ્ર, કઠોર **બાલ** = બાળક, સંતાન **માયા** = પ્રકૃત્તિ, આદ્યશક્તિ **હિત** = લાભ, ફાયદો, હિતેચ્છુ, કલ્યાણ, હિતકારક **હોઈ** = થાય, બનીને **દ્વૈતા** = અલગ, જુદા, ભિન્ન **રમણ** = વિચારવું, રમવું, ફરવું **વિલાસ** = આનંદ, મોજ, મોહ **વિલાસીક** = મોહિત, કામાસક્ત, ભોગી, વિષયી **ભયે** = થયા, બન્યા **સકોઈ** = બધા, સર્વ કોઈ, તમામ.

### અનુવાદ

**આનંદ કરવા માટે રમણ કરનારા બાળક રુપ અંશોના હિતેચ્છુ બનીને માયા રહેલી છે. કર્તાથી ભિન્ન થયા પછી સર્વ કોઈ વિલાસિક બન્યા છે તેથી ભયંકર આપત્તિ સહન કરી રહ્યા છે.**

### ભાવાર્થ

સર્જનહારે આનંદ કરવાના ઉદ્દેશથી અંશોને બ્રહ્માંડમાં રમણ કરવા માટે મોકલ્યા છે. સર્જનહારથી ભિન્ન (અલગ) થયેલા બાળક રુપ અંશો, અજ્ઞાનતાને કારણે હિતેચ્છુ બનીને માયાના પ્રભાવમાં આવી ગયાં. પરિણામે ભોગ-વિલાસમાં મગ્ન બનીને પોતાના શુદ્ધ (ચૈતન) સ્વરૂપને વીસરી જઈ તમામ અંશો વિલાસિક બની ગયા. આ રીતે કર્મોના બંધનને આધીન બનીને જન્મ-મરણની પીડા (કષ્ટ) સહન કરી રહ્યા છે.

**નિજ આપુ અહંમેવ, ભેવ તેહી ગયે ભુલાઈ;**
**નરતો નુરત સંભાલ, આલ તજ ભવ હેતકાઈ. ૨**

### શબ્દાર્થ

**નિજ** = મૂળ, આદિ, પોતાનું **આપુ** = આપનપુ સ્વરૂપ **અહંમેવ** = જાણ, અહંપણું, હું પણાની જાણ **ભેવ** = સ્વરૂપ, વેશ, ભેદ, રહસ્ય, મર્મ **તેહી** = તે, તેને **ગયે** = ગયા **ભુલાઈ** = વીસરી **નરતો** = માનવ **નુરત** = પ્રકાશ, તેજ **સંભાલ** = તપાસ, જતન, કાળજી **આલ** = આળસ, આવરણ **તજ** = ત્યજી દઈ **ભવ** =વિશ્વ, જગત **હેતકાઈ** = પ્રેમાણપણું, માયાળુ, હેતપણું, અનુરાગ, વાત્સલ્ય.

### અનુવાદ

**તેથી પોતાની નિજ સ્વરૂપની જાણ ભુલી ગયા છે, માટે હે માનવી ! જગત પ્રત્યેનો અનુરાગ ત્યજીને તારા પોતાના નૂરનું જતન કર.**

### ભાવાર્થ

કૈવલધામમાંથી છૂટા પડ્યા બાદ કરોડો કલ્પોથી અંશ દેહના સંગમાં રહીને તેમજ સંસારના ભોગ-વિલાસમાં ગુલતાન બનીને જિંદગી જીવવા માંડ્યો. તેથી પોતાના નિજ ચૈતન સ્વરૂપની જાણ વિસરી ગયો. પરિણામે અંશ પોતાને દેહ સ્વરૂપે જ ઓળખવા લાગ્યો છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે માનવીએ સંસાર પ્રત્યેનો અનુરાગ તથા અંશ ઉપર ચઢેલા દેહના આવરણોને જ્ઞાન દ્વારા સમજીને ત્યજી દેવા જોઈએ. આ પ્રમાણે કરીને પોતાના નિજ ચૈતન સ્વરૂપના જતન માટે સાવધાની રાખવી જોઈએ.

**તો દરસે હોય જમ, ગમ ગત્ય જ્ઞાન ગન્યે ઘન;**
**આપા હુતા જો લીન, ભિન્ન ભવી તવ અનવયે તન. ૩**

### શબ્દાર્થ

**તો** = તો, તેથી **દરસે** = દ્દશ્યમાન થશે, દેખાશે, સમજાશે **હોય** = હોય **જમ** = જેમનું છે, તેમ, ગમ **ગત્ય** = સમય અને ગતિ **જ્ઞાન** = જ્ઞાન **ગન્યે** = જ્ઞેય, સાક્ષી તરીકેનું જ્ઞાન **ઘન** = વિસ્તાર, ફેલાવા, ગહન, અગાધ **આપા** = પોતાનું, મૂળ **હુતા** = હતું **જો** = જે **લીન** = ભૂલાઈ ગયેલું **ભિન્ન** = જુદું, અલગ **ભવી** = ભવથી, ભાવી **તવ** = તેથી, ત્યારે જ **અનવયે** = વયથી રહિત, વિદેહ, માયાપાશથી મુક્ત **તન** = સ્વરૂપ.

### અનુવાદ

**અગાધ જ્ઞાન જાણવાથી જ્યારે સમજ પડશે ત્યારે જેમ છે તેમ સમજ અને ગતિ**

**દૃશ્યમાન થશે. એટલે પોતાનું સ્વ-સ્વરૂપ જે ભૂલાઈ ગયું હતું તે ભવથી ભિન્ન અને માયાથી મુક્ત સ્વરૂપ જણાશે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે દર્શાવેલ અગાધ કૈવલજ્ઞાન જાણવાથી પોતાના અંશ સ્વરૂપની અને સર્જનહારના પરમપદની સમજ પ્રાપ્ત થશે, જેથી આદિ-અનાદિમાં જેવું હતું તેવું જેમ છે તેમ આપનપુ ચૈતન સ્વરૂપ અને અંશીના પદ સહિત બધી જ રચનાની સમજ અને ગતિ દૃશ્યમાન થાય છે. માનવીને પોતાનું ચૈતન અંશ સ્વરૂપ ભૂલાઈ ગયેલું હતું તેની સમજ પડતાં ભવથી ભિન્ન તથા માયાના પાસથી (બંધનથી) મુક્ત શુદ્ધ શાશ્વત નિર્મળ સ્વરૂપ (જે પોતાનું જ હતું તે) સ્વાનુભવે જણાશે.

**અનવે કૈવલ અંશ, એકોહમ્ અદ્વૈત અવિચલં;**
**વિપુ રહિત તે સ્વયં, કુવેર દુતી મલહર નિરમલં. ૪**

### શબ્દાર્થ

**અનવે** = વયથી રહિત, વિદેહ, માયાના પાસથી મુક્ત **કૈવલ અંશ** = કૈવલકર્તાના સજાતીય સજાણજાણ અંશ **એકોહમ્** = પોતે એકલો, હું એક છું **અદ્વૈત** = અભિન્ન, એક **અવિચલં** = અવિચલ, નિત્ય **વિપુ** = શરીર, ઘાટ, દેહ **રહિત** = વિનાનો, સિવાય **તે** = તે **સ્વયં** = પોતે **કુવેર** = કુવેરસ્વામી કહે છે **દુતી** = બીજો, તેજ, પ્રકાશ **મલહર** = વિકારોને હરનાર **નિરમલં** = નિર્મળ,પવિત્ર, શુદ્ધ.

## અનુવાદ

**કૈવલકર્તાનો અંશ પોતે એકલો, અભિન્ન, વયથી રહિત અને અવિચલ છે. વળી તે પોતે સ્વરૂપથી રહિત છે. કુવેરસ્વામી તેને લાગેલા વિકારોથી દૂર કરીને નિર્મળ બનાવે છે.**

## ભાવાર્થ

કૈવલકર્તાના સજાતિય સજાણજાણ ચૈતન અંશનું મૂળ સ્વરૂપ જોતાં તે પોતે અભિન્ન, વયથી રહિત, શાશ્વત અને નિત્ય છે. તેનું કોઈ સ્વરૂપ ન હોઈ તે ઘાટથી રહિત છે.

કરોડો કલ્પોથી દેહમાં ભટકતાં દેહના સંસર્ગથી તે અજ્ઞાનવશ થઈ જવાથી પ્રકૃત્તિના આવરણ રુપ વિકારોથી લપટાઈ ગયો. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દેહમય બનેલા અંશને આવરણોના વિકારથી રહિત કરી શુદ્ધ ચૈતન સ્વરૂપે કરે છે.

# છપ્પા ૧૪

**છેહેલી સમજણ એહ વેહ, વિગત્યે નહીં ગ્રાહાવા;**
**છે ચૈતન ચિદ્ ચોજ, મોજ મન બુદ્ધિનો ઠાહાવા. ૧**

### શબ્દાર્થ

**છેહેલી** = અંતિમ, છેવટની **સમજણ** = સમજણ **એહ** = એજ, આ **વેહ** = વ્રેહ, વેશ, સ્વરૂપ, વિરહ, વિયોગ **વિગત્યે** = રીતે, વિગતવાર, વિસ્તારપૂર્વક **નહીં** = નહીં **ગ્રાહાવા** = પકડવા, ગ્રહણ કરવા, પ્રાપ્ત કરવા **છે** = છે **ચૈતન** = ચૈતન **ચિદ્** = ચિત્ત અંતઃકરણ, ચિદાભાસ **ચોજ** = યુક્તિ, તર્ક **મોજ** = આનંદ **મન** = મન અંતઃકરણ **બુદ્ધિ** = બુદ્ધિ અંતઃકરણ **નો** = નો, નહીં **ઠાહાવા** = જાણવું, ખબર પડવી, ઠસવું, સમજ પડવી.

### અનુવાદ

**અંશ માટેની આ છેવટની સમજ છે કારણ કે, તેના સ્વરૂપને અન્ય રીતે પામી શકાય તેમ નથી. વળી ચૈતનના ચિદાભાસની યુક્તિ મોજીલા મન અને બુદ્ધિથી સમજાય તેમ નથી.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે અંશની સાચી અને છેવટની સમજ છે. કારણ કે, વિસ્તારપૂર્વક વર્ણન કરવા છતાં અન્ય રીતે અંશના સ્વરૂપ અંગેની સમજ પ્રાપ્ત કરવી ઘણી જ મુશ્કેલ છે. અર્થાત્ વર્ણન કરીને અંશના સ્વરૂપ વિશે લખવું અને સમજવું શક્ય નથી. વળી મન કે બુદ્ધિ અંતઃકરણ થકી દેહને આનંદમય રાખનારા અંશના ચિદાભાસની યુક્તિ સમજાય તેમ નથી. માત્ર અનુભવયુક્ત કૈવલજ્ઞાન જ તેના સ્વરૂપને સમજવામાં સહાયભૂત થાય છે.

**સ્ફૂર્યું છે જે સત્વ, તત્ત્વ મુલગે જઈ મલતાં;**
**ઉગરે નહીં અનુકરમ, મરમ ધાતા ધે ગલતાં. ૨**

### શબ્દાર્થ

**સ્ફુર્યું છે** = સ્ફુરણ પામ્યું છે **જે** = જે **સત્વ** = સાર, પરાક્રમ, બળ, દૈવત્વ, શક્તિ **તત્વ** = તત્ત્વ **મુલગે** = મૂળ, અસલ, આરંભમાં રહેલું **જઈ** = જઈને **મલતાં** = ભળી જતાં **ઉગરે નહીં** = બચે નહીં,

બાકી રહે નહીં **અનુકરમ** = ક્રમાનુસાર, અનુક્રમ **મરમ** = મર્મ, રહસ્ય, ભેદ **ધાતા** = ઈશ્વર **ધે** = જીવ **ગલતાં** = ઓગળી જતા, સમાઈ જતા.

## અનુવાદ

**સ્ફુરણા પામેલ સારરૂપ તત્ત્વ જ્યારે મૂળ સ્થાનમાં ભળી જાય ત્યારે જીવ અને ઈશ્વરના ભેદ પણ અનુક્રમે સમાઈ જવાથી કશું જ ઉગરતું નથી.**

## ભાવાર્થ

બ્રહ્મભૂમિકામાં સ્ફુરણા પામેલ સર્વ ઉત્પત્તિ અને સારરૂપ મુખ્ય તત્ત્વો છે તે મહાકલ્પ વખતે ક્રમાનુસાર એક બીજામાં સમાઈને છેલ્લે કર્તાની વૃત્તિમાં ભળી જાય છે. આખરે તે વૃત્તિઓ મૂળ ઉત્પત્તિ રુપે રહેલા કૈવલકર્તામાં વિલીન થઈ જાય છે. ત્યારબાદ સર્જનહારની રચના પૈકીનું કંઈ પણ ઉગરવા પામતું નથી. જીવ અને ઈશ્વરના ભેદ પણ અંતે રહેવા પામતા નથી.

**પિછે રહુ તે પરખ, નરખ શું છે સરવાલે;**
**સો પદ તું સાક્ષાત્, સુરત જો છવે નિરાલે. ૩**

### શબ્દાર્થ

**પિછે** = પાછળ, અંતે **રહુ** = રહ્યું **તે** = તે **પરખ** = ઓળખીને, જો **નરખ** = નિરખીને **શું** = શુ **છે** = છે **સરવાલે** = આખરે, અંતે, પરિણામે **સો** = તે **પદ** = પદ, સ્થાન **તું** = તુ **સાક્ષાત્** = પ્રત્યક્ષ, જાતોજાત **સુરત** = સ્વરૂપ **જો** = જો **છવે** = છે, રહે છે **નિરાલે** = નિરાળું, ન્યારું, અલગ.

## અનુવાદ

**અંતે જે રહ્યું તેને ઓળખ અને પરીક્ષા કર કે સરવાળે શું બચ્યું છે? તે પદ તારું સાક્ષાત સ્વરૂપ છે. જે ન્યારું રહેલું છે તેને નિહાળ.**

## ભાવાર્થ

મહાપ્રલયકાળે મહાતત્ત્વો જ્યારે એકબીજામાં ભળી જઈને અંતે બધી ઉત્પત્તિ સમાઈ જાય છે, ત્યારે જે કાંઈ સારરુપે બાકી રહે છે તેવા અંશીને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. આ થઈ બ્રહ્માંડના અંતની વાત પરંતુ જો દેહના અંતનો વિચાર

કરીએ તો અંતે જડ અને નાશવંત તત્ત્વો લીન પામતા આખરે આપનું આપ નિજ ચૈતન સ્વરૂપ જ બચે છે જે જડ તત્ત્વોથી ન્યારું આપણું નિજ ચૈતન અંશ સ્વરૂપ છે તેને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ.

**છવે નિરાલે સુરત, તુરત દૂર દ્વંદ વિલાઈ;**
**સદા સદોદિત તોય, અંશ નિજ કુવેર રહાઈ. ૪**

### શબ્દાર્થ

**છવે** = રહે છે **નિરાલે** = નિર્મળ, શુદ્ધ **સુરત** = સ્વરૂપ, છબિ, દેદાર **તુરત** = તરત જ, ની સાથે જ **દૂર** = ઘણા સમયનો, લાંબા સમયથી **દ્વંદ** = જુદાપણું, ભિન્નતા **વિલાઈ** = નાશ પામવું, વિલસાઈ જવું, અંત આવવો **સદા સદોદિત** = સદા સર્વદા, હમેશાં **તોય** = તથાપિ, તેમ છતાં **અંશ** = ચૈતન સ્વરૂપ **નિજ** = મૂળ, આદિ **કુવેર** = કુવેરસ્વામી **રહાઈ** = રહે છે, રહેવું જોઈએ.

### અનુવાદ

**છેવટે રહેલા શુદ્ધ સ્વરૂપનો લાંબા સમયથી થયેલા ભિન્નપણાનો અંત આવે છે. માટે કુવેરસ્વામી કહે છે કે એવું તારું અંશ સ્વરૂપ સદા સર્વદા રહેલું છે.**

### ભાવાર્થ

સૃષ્ટિની સમગ્ર રચના અને મહાતત્ત્વો સહિત સઘળી રચના મહાપ્રલયકાળે નાશ પામે છે, ત્યારે બાકી રહેલું શુદ્ધ અંશ સ્વરૂપ કે જે કરોડો કલ્પોથી કર્તાથી ભિન્ન થયેલું છે તેના દ્વંદપણાનો અંત આવે છે, પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે – હમેશને માટે રહેલું નિજ ચૈતનનું આવું શુદ્ધ સ્વરૂપ છે.

# છપ્પા ૧૫

**એ નિશ્ચે નિરધાર આપનપુનુ અંત સરવે;**
**જે જે સીચા સંત, અંત યેણે લખ પૂરવે. ૧**

### શબ્દાર્થ

**એ** = એ **નિશ્ચે** = નક્કી, ચોક્કસ **નિરધાર** = નિર્ણય, ખાતરીથી, નક્કી કરેલા, વિચારધારા **આપનપુનુ** = પોતાના સ્વ ચૈતન અંશ સ્વરૂપનું **અંત** = છેડો, મુક્તિ **સરવે** = સર્વના **જે જે** = જેણે-જેણે **સીચા** = સેવન કર્યું, સેવ્યા **સંત** = સંતનું શરણું **અંત** = છેવટે **યેણે** = તેમણે **લખ** = લક્ષ, અંતિમ ધ્યેય **પૂરતે** = પૂર્વેનો, પ્રાચીન.

### અનુવાદ

**એ નિશ્ચિત અને નિર્ણીત વિચારધારા છે કે જેણે-જેણે સંતના શરણનું સેવન કર્યું તે સર્વએ પૂર્વનો લક્ષ પ્રાપ્ત કરી, પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપનો અંત પામ્યા છે.**

### ભાવાર્થ

ઉપર દર્શાવ્યા મુજબ નિશ્ચયાત્મક વિચારધારા છે કે વિશ્વમાં જેણે-જેણે સંતરૂપ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શરણનું સેવન કર્યું છે તે સર્વ અધિકારી મુમુક્ષુ જનોએ પરાપૂર્વેનો કૈવલ લક્ષ પ્રાપ્ત કર્યો છે. તેમની કૃપા થકી જ પોતે પોતાના નિજ ચૈતન અંશ સ્વરૂપે થઈને, જે અંતિમ પરમપદ છે તેને પામ્યા છે, જેથી જન્મ-મરણના બંધનથી હમેશને માટે મુક્તિ પ્રાપ્ત કરી છે.

**બીજા છે બહુ પક્ષ, લક્ષ યેણે નિસ્તરવા;**
**પણ સત્ગુરુને હાથ, બાથ બુદ્ધસે નહીં ભરવા. ૨**

### શબ્દાર્થ

**બીજા** = અન્ય **છે** = છે **બહુ પક્ષ** = ઘણા મતપંથો, વિચારધારાઓ **લક્ષ** = અંતિમ ધ્યેય **યેણે** = તેણે, તે બાબતને **નિસ્તરવા** = ઓળખવા, તપાસવા **પણ** = પરંતુ **સત્ગુરુને** = સત્ગુરુને **હાથ** = શક્તિ, દૈવત્વ, કૃપા, મહેર **બાથ** = ટક્કર, સ્પર્ધા, સામે **બુદ્ધસે** = હોશિયારીથી, બુદ્ધિથી **નહીં** = નહીં **ભરવા** = ભરવી, થવું, ભીડવી.

### અનુવાદ

**બીજા ઘણા પક્ષો છે તેના લક્ષને પણ નિહાળવો જોઈએ, પરંતુ સત્‌ગુરુની શક્તિ સામે બુદ્ધિથી બાથ ભીડવી નહીં.**

### ભાવાર્થ

જગતમાં અન્ય ધર્માચાર્યો દ્વારા અનેક મતપંથોની સ્થાપના કરવામાં આવેલી છે. તેનો લક્ષ પણ ઓળખી (જાણી) લેવો જોઈએ. તેમ છતાં જો સત્‌ગુરુ પ્રાપ્ત થાય તો તેમના દૈવત્વની સામે (સાથે) પોતાની હોશિયારીથી તેમની ટક્કર લેવી નહીં. અર્થાત્ તેમની સામે થવું નહીં, પરંતુ તેમની કૃપા પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું.

**સત્‌ગુરુ ચૈતન મહાદ્‌, આદ્ય સર્વને શિર સ્વામી;**
**ઉધરે કોટ અનંત, જંત સત્‌ગુરુને પામી. ૩**

#### શબ્દાર્થ

**સત્‌ગુરુ** = સત્‌ગુરુ **ચૈતન** = ચૈતન **મહાદ્‌** = મહદ્‌, અધિક, વિશેષ **આદ્ય** = મૂળ, પહેલાનું, મુખ્ય **સર્વને** = બધા ઉપર **શિર સ્વામી** = ઉપરી, અધિપતિ, માથે, પૂજ્ય વ્યક્તિના સ્વરૂપે, માલિક **ઉધરે** = ઉદ્ધાર થયો, મુક્તિ પ્રાપ્ત કરી **કોટ** = કોટિ, પ્રકાર, કરોડ **અનંત** = અસંખ્ય **જંત** = જીવો **સત્‌ગુરુને** = સત્‌ગુરુના શરણને **પામી** = પ્રાપ્ત કરીને, મેળવીને.

### અનુવાદ

**સત્‌ગુરુ વિશેષ ગતિવાળા મહદ્‌ ચૈતન સ્વરૂપે આદિથી સર્વના શિર પર સ્વામી રુપે છે. એવા સત્‌ગુરુને પામી અનંત કોટિ જીવોનો ઉદ્ધાર થયેલો છે.**

### ભાવાર્થ

સત્‌ગુરુ રુપ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વિશેષ ગતિવાન અને સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે. જે તમામ અંશોના શિર પર આદિ અનાદિથી સ્વામી સ્વરૂપે રહેલા છે. એવા પરમગુરુના શરણને પ્રાપ્ત કરીને અનંત કોટિ જીવોનો ઉદ્ધાર થયો છે.

## સત્ગુરુ પામી જંત, કંથ કરુણામયે જેહી પદ;
## તહાં જઈ જામ્યા મચલ, અચલ અવિનાશ કુવેર સદ. ૪

### શબ્દાર્થ

**સત્ગુરુ** = સત્ગુરુ **પામી** = પ્રાપ્ત કરી, મેળવી **જંત** = જીવો **કંથ** = માલિક, ધણી **કરુણામયે** = કરુણા કરનારા, કરુણેશ **જેહી** = જે **પદ** = પદ, સ્થાન, દરજ્જો **તહાં જઈ** = ત્યાં જઈને **જામ્યા** = સ્થિર થયા **મચલ** = અડગ સ્થિર **અચલ** = નિત્ય, કાયમ **અવિનાશ** = શાશ્વત, અમર **કુવેર** = કુવેરસ્વામી **સદ** = સત્, સદાને માટે, સ્થાયી.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે સદ્ગુરુને પ્રાપ્ત કરીને જેઓ કરુણાની બક્ષિશ કરનારા કરુણેશ સર્વના માલિક છે કે જેમનું પરમપદ સદાને માટે સ્થિર, નિત્ય અને શાશ્વત છે ત્યાં જઈ જીવો સ્થિર થયા છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરની કરુણા પ્રાપ્ત કરીને મુમુક્ષુઓ સઘળી કરુણાઓને બક્ષનાર એવા કરુણેશ કૈવલકર્તા કે જેમનું પરમપદ સદાને માટે સ્થિર, નિત્ય અને શાશ્વત છે, ત્યાં જઈને હંસ સ્વરૂપે કાયમ માટે સ્થિર થઈ રહે છે. એટલે કે, અંશને જન્મ-મરણના સંકટથી મુક્ત થઈને પોતાના શુદ્ધ સ્વરૂપે કૈવલકર્તાના સાંનિધ્યમાં રહેવાનો અવસર પ્રાપ્ત થાય છે.

## છપ્પા ૧૬

**માટે સતગુરુ સેવ ભેવ, આપે બડ બુધ્યનો;**
**ઉઘડે અગમ કપાટ, ઠાઠ દરસે સર્વ સુધ્યનો. ૧**

### શબ્દાર્થ

**માટે** = તેથી, તે કારણે, વાસ્તે, સારું **સત્‌ગુરુ** = સત્‌ગુરુ **સેવ** = સેવા કરવી, સંગ કરવો, ભજવું **ભેવ** = સ્વરૂપ **આપે** = દે, આપવું **બડ** = તાકાત, શક્તિ, સામર્થ્ય **બુધ્યનો** = બુદ્ધિ અંતઃકરણનો, જ્ઞાનનો **ઉઘડે** = ખુલે **અગમ** = અગમ્ય, અલૌકિક **કપાટ** = દ્વાર **ઠાઠ** = સ્વરૂપ **દરસે** = દશ્યમાન થાય **સર્વ** = તમામમાં **સુધ્યનો** = શુદ્ધ, નિર્મળ.

### અનુવાદ

**માટે સદ્‌ગુરુની સેવા કર. જેથી તારી બુદ્ધિમાં અંશ સ્વરૂપના સામર્થ્યનું જ્ઞાન આવશે. એટલે કે, તારા અલૌકિક નેત્રોના દ્વાર ખૂલશે અને સર્વમાં નિર્મળ સ્વરૂપ દશ્યમાન થશે.**

### ભાવાર્થ

મુમુક્ષુએ સદ્‌ગુરુ રુપ પરમગુરુ શ્રીમત્‌ કરુણાસાગરના સ્વરૂપની સેવા અર્ચના (પાઠ-પૂજા) વિગેરે શુદ્ધ ભાવ ધારણ કરીને કરવી જોઈએ. જેથી તેઓ કૃપા કરીને અંશ સ્વરૂપનું સામર્થ્ય દર્શાવતું કૈવલજ્ઞાન આપે. પરિણામે મુમુક્ષુ જનોના બુદ્ધિ અંતઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાશે અને અલૌકિક જ્ઞાનચક્ષુનાં દ્વાર ખૂલી જશે. તેવા અંશોને એક જ સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરેલા ચૈતન અંશનું સ્વરૂપ દરેક ઘાટમાં દશ્યમાન થશે. એટલું જ નહીં પરંતુ પોતાનું શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપ પણ જે દેહના આવરણોથી ઢંકાયેલું હતું તે શુદ્ધ દશ્યમાન થશે.

**એકુ ન વસ્ત અજાણ, જાણપણુ પ્રગટે ઉરમેં;**
**ભેદી તત્ત્વ વિભાગ, યોગ જઈ કરે અંકુરમેં. ૨**

### શબ્દાર્થ

**એકુ ન** = એક પણ નહીં **વસ્ત** = વસ્તુ, પદાર્થ **અજાણ** = અજાણી, છૂપી **જાણપણું** = જાણ્યપણું **પ્રગટે** = પ્રગટે **ઉરમેં** = હૃદયમાં **ભેદી** = ભેદીને, છેદીને **તત્ત્વ** = તત્ત્વ **વિભાગ** = વિભાગ **યોગ** = જોડાણ, સંધિ **જઈ** = જઈ **કરે** = કરે **અંકુરમેં** = મૂળ ઉદ્ભવ સ્થાન, ઉત્પત્તિનું મૂળ.

### અનુવાદ

**જેથી હૃદયમાં જાણપણું પ્રગટ થશે અને એક પણ વસ્તુ અજાણી રહેશે નહીં. વળી તત્ત્વોના ભાગ ભેદીને મૂળ અંકુરમાં જઈ યોગ કરશે.**

### ભાવાર્થ

પરમગુરુની કૃપા થતાં મુમુક્ષુના હૃદયમાં જાણપણું પ્રગટ થાય છે. જેથી તેને પોતાના સ્વરૂપની જાણ સહિત વિશ્વની તમામ બાબતની માહિતી પ્રાપ્ત થાય છે. એટલે એવા જાગૃત અંશથી કશું પણ અજાણ્યું રહેશે નહીં. વળી જ્ઞાનદશા પ્રગટતાં શરીરમાં રહેલા જડ તત્ત્વોનો ભાગ-ત્યાગ કરી પોતાના નિજ અંકુરમાં જઈ વૃત્તિનું જોડાણ થાય છે. એટલું જ નહીં, પરંતુ પિંડ તેમજ બ્રહ્માંડમાં રહેલા સર્વ જડ તત્ત્વોના આવરણોને ભેદીને નિજ ચૈતનની વૃત્તિ નિજ પતિપદ સાથે જોડાશે.

## છે એહેવો મહિમાય, પ્રાય સત્‌ગુરુનો આદ્યે;
## બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શેષ વરતે ગુરુ નાદે. ૩

### શબ્દાર્થ

**છે એહેવો** = એવો છે **મહિમાય** = મહિમા, પ્રતાપ **પ્રાય** = ઘણે, અંશે, ખાસ કરીને **સત્‌ગુરુનો** = સત્‌ગુરુનો **આદ્યે** = આદિથી, પ્રારંભથી જ **બ્રહ્મા** = બ્રહ્માજી **વિષ્ણુ** = વિષ્ણુ **મહેશ** = શંકર **શેષ** = શેષજી **વરતે** = વર્તમાન કરે **ગુરુ** = ગુરુના **નાદે** = વચનોમાં, બોલમાં, આજ્ઞામાં.

### અનુવાદ

**ખાસ કરીને આદિથી સત્‌ગુરુનો એવો પ્રતાપ (મહિમા) છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને શેષજી પણ ગુરુની આજ્ઞાથી જ વર્તમાન કરે છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણેનો મહિમા (પ્રતાપ) પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનો છે. વિશ્વના પ્રારંભમાં પણ નજર કરીએ તો પણ ખબર પડે કે બ્રહ્માજી, વિષ્ણુ અને મહેશ તથા શેષનારાયણ પણ ગુરુની આજ્ઞામાં રહીને વર્તમાન કરતા હતા.

**વરતે સત્ગુરુ નાદ, સ્વાધ જીનું ઈશ અવતારા;**
**આદ્ય અંત મધ્ય મોક્ષ, કુવેર ગુરુ કહત અપારા. ૪**

### શબ્દાર્થ

**વરતે** = વર્તમાન કરે **સત્ગુરુ** = સત્ગુરુ **નાદ** = વચનો, આજ્ઞા **સ્વાધ** = આધીન બનીને **જીનું** = જેને, પણ **ઈશ** = ઐશ્વર્ય ધરાવતા, ઐશ્વર્યવાન **અવતારા** = અવતારાદિક પુરુષો **આદ્ય** = પ્રારંભ **અંત** = અંતકાળ **મધ્ય** = પસારાનો ગાળો **મોક્ષ** = મુક્તિ **કુવેર** = કુવેરસ્વામી **ગુરુ** = ગુરુ **કહત** = કહે છે **અપારા** = અપાર, પારાવાર.

## અનુવાદ

**ઈશ્વરીય અવતારો પણ આધીન થઈને સત્ગુરુની આજ્ઞામાં વર્તમાન કરતા હતા. કુવેરસ્વામી કહે છે કે સત્ગુરુ અપાર (વારંવાર) આદ્ય, મધ્ય અને અંત કાળનો બોધ કરીને મોક્ષ પ્રદાન કરે છે.**

## ભાવાર્થ

વળી શ્રીરામ, શ્રીકૃષ્ણની આદ્ય લઈને થયેલા વિષ્ણુના દશ ઐશ્વર્યવાન અવતારાદિક મહાપુરુષો પણ ગુરુની આજ્ઞામાં રહીને જ વર્તમાન કરતા હતા.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે સત્ગુરુ રુપ તેઓ પોતે પણ સૃષ્ટિના આદ્ય, મધ્ય અને અંતકાળની સાચી સમજ આપીને જીવોને અપાર કૈવલજ્ઞાનનો બોધ કરીને પરમપદ પ્રાપ્ત કરાવે છે.

## છપ્પા ૧૭

**હમભી પણ ગુરુ કિન, ચિન જગ્તનકા હેતુ;**
**પરા પુરવનો ધરમ, કરમ શિર સત્ગુરુ સેતુ. ૧**

### શબ્દાર્થ

**હમ ભી પણ** = મેં પણ **ગુરુ** = ગુરુ **કીન** = કર્યા, સ્વીકાર્યા **ચિન** = જાણીને **જગ્તનકા** = જગતનો **હેતુ** = આશય, ઉદ્દેશ, મતલબ, ભાવ **પરા પુરવનો** = પ્રાચીન કાળનો, પરંપરાનો **ધરમ** = ધર્મ, કર્તવ્ય, આચરણ **કરમ** = કર્મ, આચાર, વર્તણૂક **શિર** = માથે **સત્ગુરુ** = સત્ગુરુ **સેતુ** = નિયમમાં રાખનાર, નિયામક, પુલ.

### અનુવાદ

**જગતમાં પ્રાચીનકાળથી ચાલી આવેલી પરંપરાના ધરમને અનુસરીને મેં પણ ગુરુપદ ધારણ કર્યું છે. સદ્ગુરુનું પદ દરેકના શિર પર કર્તવ્ય અને આચરણમાં રાખનાર નિયામક સમાન છે.**

### ભાવાર્થ

જગતમાં પ્રાચીનકાળથી ચાલી આવેલી ગુરુ પરંપરાના ધરમને અનુસરીને શ્રીમત્ કરુણાસાગરે પણ પોતાના શિર પર ગુરુપદ ધારણ કર્યું હતું. તેઓ માને છે કે સત્ગુરુનું પદ દરેક માનવીના શિર પર કર્તવ્ય અને આચારસંહિતામાં બાંધી રાખનાર નિયામક સમાન છે.

આ બાબતને અન્ય રીતે સમજીએ તો પરા પૂર્વેનો ધર્મ અને કર્મ એ બંને વચ્ચે સત્ગુરુનું પદ પુલ સમાન છે. જેના માધ્યમથી પરા-પૂર્વેના પદ સુધી પહોંચી શકાય. માટે સદ્ગુરુ કર્મોના બંધનમાંથી મુક્ત કરીને પરમપદ સુધી પહોંચાડનાર સેતુ (પુલ) સમાન છે.

**આંન્યહી ધરમ અનેક, એકુ નહીં ગુરુ ધર્મ તોલે;**
**તેથી સુરફલ પાય, ગાય ગુરુ યશ હરિ બોલે. ૨**

### શબ્દાર્થ

**આંન્યહી** = બીજા **ધરમ** = ધર્મ, ફરજ, કર્તવ્ય **અનેક** = અનેક, ઘણા **એકુ** = એકેય **નહિ** = નથી **ગુરુધર્મ** = ગુરુ પ્રત્યેની ફરજ **તોલે** = તુલનામાં, બરાબરીમાં **તેથી** = તેનાથી **સુરફલ** = દૈવી ધામોના ફળ **પાય** = પ્રાપ્ત થાય **ગાય** = વખાણે, વદે, બોલે **ગુરુ યશ** = ગુરુના યશગાન **હરિ** = ઐશ્વર્ય પૂર્ણ અવતારાદિક મહાપુરુષો **બોલે** = બોલે છે.

### અનુવાદ

**બીજા અનેક ધર્મો છે, પરંતુ ગુરુધર્મની તુલનામાં એકેય આવી શકે તેમ નથી. તેનાથી દૈવી ધામોનાં ફળ પ્રાપ્ત થાય છે. તેમ છતાં ઐશ્વર્યવાન અવતારો પણ ગુરુના જ યશગાન ગાય છે.**

### ભાવાર્થ

જગતમાં ફરજ અને જવાબદારીના સંદર્ભમાં અનેક પ્રકારના સંબંધો છે. જેમ કે સંતાન માટે માતા-પિતાની સેવાનો ધર્મ, પત્ની માટે પતિધર્મ, નેતા માટે રાષ્ટ્રધર્મ અને શિષ્ય માટે ગુરુધર્મ, એમ ઘણા ધર્મો હોય છે, પરંતુ આ બધા ધર્મોમાં ગુરુધર્મની તુલના કરી શકે તેવો એકપણ ધર્મ નથી. આવા પ્રકારના ધર્મપાલનથી સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાનિધ્ય એમ ચાર પ્રકારની મુક્તિના રુપે કોઈ ને કોઈ દૈવી ધામોનાં ફળ પ્રાપ્ત થાય છે. તેમ છતાં ઐશ્વર્યવાન અવતારાદિક મહાપુરુષોએ પણ વિશ્વમાં ગુરપદ ધારણ કરીને ગુરુના જ યશગાન ગાયા છે.

## એતના છે ફેરફાર, કરમ ઓરુ ગુરુપદ ધરમ;
## કરમી બચન ક્લેશ, બચન ગુરુ દહતહી ભરમ. ૩

### શબ્દાર્થ

**એતના** = એટલો **છે** = છે **ફેરફાર** = તફાવત **કરમ** = કર્મ **ઓરુ** =અને **ગુરુપદ** = ગુરુપદ **ધરમ** = ધર્મ, ફરજ **કરમી** = કર્મ સંબંધી **બચન** = વાણી **કલેશ** = દુઃખ, કંકાસ, કજિયો, અવિદ્યા **બચન** = વાણી **ગુરુ** = ગુરુની **દહત હી** = બાળે છે, ભસ્મ કરી દે છે **ભરમ** = ભ્રમ, ભ્રાંતિ, અજ્ઞાન.

### અનુવાદ

**કર્મકાંડી વચનો કલેશ કરનારા (દેનારા) છે અને ગુરુના વચનો ભ્રમને બાળી**

**દેનારાં છે. આમ આ તફાવત કર્મ અને ગુરુ પદના ધર્મ વચ્ચે છે.**

### ભાવાર્થ

જગતમાં પ્રોક્ષગુરુ અને તાયગુરુનાં વચનો જે કર્મ સંબંધી ફળ, દર્શાવી કર્મકાંડી વચનો હોવાથી તેના ફળ, પ્રકૃત્તિના બંધનમાં રાખીને અવિદ્યા ઉત્પન્ન કરનારાં છે. જ્યારે સત્‌ગુરુ અને પરમગુરુના જ્ઞાનમય વચનો અંશને વ્યાપેલા અજ્ઞાન રૂપી ભ્રમને (ભ્રમણાઓ) બાળી પ્રકૃત્તિના બંધનથી મુક્ત કરીને શુદ્ધ સ્વરૂપે કરે છે. આમ કર્મકાંડી ગુરુઓ અને જ્ઞાની ગુરુઓમાં ખૂબ જ મોટો તફાવત છે.

## દહતહી ભરમ બચન, ધન્ય ધન્ય સો ગુરુ શરનાં;
## જન હૃદયે અવનિજ, કુવેર બોવા બીજ સધરનાં. ૪

### શબ્દાર્થ

**દહતહી** = બાળે છે, નાશ કરે છે **ભરમ** = ભ્રમણાઓ, અજ્ઞાન **બચન** = વચનો, વાણી **ધન્ય ધન્ય** = ધન્ય, ધન્ય **સો** = તેવા, એવા **ગુરુ** = ગુરુના **શરનાં** = શરણું **જન** = જીવો, માનવોના **હૃદયે** = હૃદયમાં **અવનિજ** = પૃથ્વી રુપ **કુવેર** = કુવેરસ્વામી કહે છે **બોવા** = વાવવાં, રોપવાં **બીજ** = બીજક **સધરનાં** = સારી જાતના, સંતુષ્ટ કરે એવા.

### અનુવાદ

**જેના વચનોથી ભ્રમણાઓ નાશ પામે છે, એવા ગુરુના શરણને અનેકવાર ધન્ય છે. કુવેરસ્વામી કહે છે કે પૃથ્વી રુપ માનવહૃદયની ભૂમિકામાં સારી જાતના બીજ (અવશ્ય) વાવવાં જોઈએ.**

### ભાવાર્થ

જેમના વચનો પ્રકૃત્તિના આવરણો અને અંધશ્રદ્ધા રૂપી અજ્ઞાન યુક્ત ભ્રમણાઓ નાશ કરે, એવા ગુરુના શરણને અનેકવાર ધન્યવાદ આપવા જોઈએ. શ્રીમત્‌ કરુણાસાગર કહે છે કે જગતના દરેક જીવોએ પૃથ્વી રુપ પોતાના હૃદય ભૂમિકામાં શ્રેષ્ઠ ગુરુનાં ઉત્તમ મોક્ષદાયી વચનો રૂપી સારી જાતનાં જ બીજ રોપવા જોઈએ.

# છપ્પા ૧૮

**ઉગે અનુભવ વૃક્ષ, તાંહાં મહા દક્ષ નિરાલા;**
**શાખા સકલ ફેલાવ, ભાવ યશ કિરત વિશાલા. ૧**

### શબ્દાર્થ

**ઉગે** = સ્ફુરણ થવું, ઉદય થાય, ઉદિત થવું **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **વૃક્ષ** = વૃક્ષ **તાંહાં** = ત્યાં **મહા** = મહાન **દક્ષ** = કુશળ, નિપુણ, કાબેલ **નિરાલા** = અનુપમ, અપૂર્વ **શાખા** = શાખાઓ **સકલ** = સર્વ **ફેલાવ** = ફેલાય, વિકાસ પામે, પથરાય **ભાવ** = પ્રેમ, ભાવના **યશ** = યશ **કિરત** = કીર્તિ **વિશાલા** = ખૂબ જ, ઘણી, વિશાળ.

### અનુવાદ

**જેથી અનુભવ રૂપી વૃક્ષ ઊગે અને ત્યાં મહાન, નિપુણ અને અનુપમ શાખા સર્વત્ર ફેલાય જેથી તેની કીર્તિ ઘણી વધે અને ભાવથી યશ પણ ગવાય.**

### ભાવાર્થ

ગુરુના વચનો રુપ બીજગને જો માનવી તેની હૃદય ભુમિકામાં રોપે તો અનુભવ રૂપી વૃક્ષ ઊગે છે. તેની મહાન, નિપુણ અને અદ્‌ભુત શાખાઓ સર્વત્ર ફેલાઈ જાય છે. તેથી તેની મહાન કીર્તિનો મહિમા વધે અને સર્વત્ર પ્રેમપૂર્વક યશ ગવાય છે.

**ત્યાગ ભક્તિ વિજ્ઞાન, પત્ર ફલ ફુલ બિરાજીત;**
**છાંયા શિલ સંતોષ, મોક્ષ જન બેઠત ઉતઈત. ૨**

### શબ્દાર્થ

**ત્યાગ** = નિષ્કામભાવ, બધુ ત્યજી દેવું, સંન્યાસની અવસ્થા **ભક્તિ** = પવિત્ર ભાવથી આરાધના, ઉપાસના કે ભજન કરવું **વિજ્ઞાન** = વિશેષ જ્ઞાન **પત્ર** = પાંદડાં, પાન **ફલ** = ફળ **ફુલ** = ફૂલ **બિરાજીત** = બેસે છે **છાંયા** = છાયા, આશ્રય **શિલ** = ચારિત્ર્ય **સંતોષ** = પ્રસન્ન સ્વભાવ, તૃપ્ત, હોવાપણું **મોક્ષજન** = મુક્તિની આશા રાખનાર, મુમુક્ષુ **બેઠત** = બેસે **ઉતઈત** = અહીં અને ત્યાં, જ્યાં-ત્યાં.

### અનુવાદ

**ત્યાગ, ભક્તિ અને વિશેષ જ્ઞાન રૂપી પત્ર, ફળ અને ફૂલ લાગે છે. તેમજ શીલ અને સંતોષ રુપ છાયામાં મુમુક્ષુઓ જ્યાં ને ત્યાં બેસે છે.**

### ભાવાર્થ

એવા અનુભવ રૂપી વૃક્ષને પત્ર, ફળ અને ફૂલ રૂપી તીવ્ર ત્યાગ, નિષ્કમ ભક્તિ અને ઉચ્ચ પ્રકારનું કૈવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમજ અનુભવ રૂપી વૃક્ષની શીલ અને સંતોષ રુપ છાયામાં મોક્ષની ઈચ્છા રાખનાર મુમુક્ષુજનો તીવ્ર વૈરાગ અને પૂર્ણ શ્રદ્ધા રાખીને જ્યાં ને ત્યાં બેસે છે.

## અહોનિશ કરત વિલાસ, દાસ દલકુ ધરી ધ્રડકે;
## શબ્દ અમોઘહી સાક, સંત પાવત અતિ સ્ત્રડકે. ૩

#### શબ્દાર્થ

**અહોનિશ** = સદાય, અહર્નિશ **કરત** = કરે **વિલાસ** = આનંદ **દાસ** = સેવકો, દાસત્વભાવવાળા **દલકુ** = હૃદયમાં, દિલમાં **ધરી** = ધારણ કરી **ધ્રડકે** = ધ્રુજે, ધબકે **શબ્દ** = વચન, વાણી **અમોઘહી** = અમૂલ્ય, અફળ, નિષ્ફળ ન જાય તેવું **સાક** = પાકુ ફળ **સંત** = સંત દશાના પુરુષો, સંત **પાવત** = પીવડાવે છે, પાવે **અતિ** = અતિશય, ઘણા **સ્ત્રડકે** = પ્રવાહી પ્રદાર્થ ચૂસતાં થતો અવાજ, સબડકો.

### અનુવાદ

**અફળ વચન રૂપી સાખના રસને સંત સબડકાથી પીવડાવે છે. જેથી દાસના દિલ (હૃદય) અહોનિશ આનંદથી ધડક્યા કરે છે.**

### ભાવાર્થ

તેવા અનુભવ વૃક્ષની છાયામાં દાસત્વભાવ ધારણ કરીને બેઠેલા મુમુક્ષુ જનોના દિલ અહર્નિશ આનંદથી ધડક્યા કરે છે અને સંત દ્વારા થતા અફળ વચન રૂપી સાખના રસને સબળકાથી પીવે છે.

**સ્ત્રડકે હી પાવત સંત, સાક ભૂખ ભાગત ભવો ભયં;**
**ત્રપત આત્મ અવિકાશ, અનાશ અગાહ કુવેર સ્વયં. ૪**

### શબ્દાર્થ

**સ્ત્રડકે હી** = સબડકાથી **પાવત** = પીવડાવે, પાવે **સંત** = સંતપુરુષ **સાક** = પાકુ ફળ **ભૂખ** = ભૂખ, ક્ષુધા **ભાગત** = ભાગે છે **ભવો ભયં** = ભવોભવની **ત્રપત** = તૃપ્ત, સંતુષ્ટ, ધેરાયેલા **આત્મ** = આત્મા **અવિકાશ** = અવિકાશ **અનાશ** = અવિનાશ **અગાહ** = ગ્રાહ્ય ન થાય તેવું **કુવેર** = કુવેરસ્વામી કહે છે **સ્વયં** = પોતે.

### અનુવાદ

**સંતપુરુષ સાક થયેલાં ફળનાં રસને પીવડાવે છે જેથી ભવોભવની ભૂખ ભાંગે છે. કુવેરસ્વામી કહે છે કે અવિકાસ, અનાશ અને અગાહ એવો આત્મા પોતે તૃપ્ત થાય છે.**

### ભાવાર્થ

અનુભવ રુપ વૃક્ષ ઉપરથી સાક થઈને પડેલા ફળનાં રસરૂપી પોતાના અફળ વચનો સંત પુરુષ રુપ કુવેરસ્વામી સેવકોને સબડકો દઈ પીવડાવે છે.જેથી સેવકની કરોડો કલ્પોથી લાગેગી ભવોભવની ભૂખ ભાંગે છે. શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેનો કોઈ વિનાશ નથી થતો, જે અવિનાશી છે અને જે ગ્રાહ્ય નથી થતો તેવો આત્મા (અંશ) તૃપ્ત થાય છે.

# છપ્પા ૧૯

## હાવે કહુ ઉત્પન્ન, સુનો મમ તન અંદેશા;
## હમ હે પુરુષ અનાદ્ય, ઉપાધિત્યે વરજીત વેશા. ૧

### શબ્દાર્થ

**હાવે** = હવે **કહુ** = કહું છું **ઉત્પન્ન** = ઉત્પત્તિ, પ્રાગટ્ય **સુનો** = શ્રવણ કરો, સાંભળો **મમ** = મારા **તન** = દેહ, શરીર **અંદેશા** = સંદેહ, સંશય **હમહે** = હું છું **પુરુષ** = પુરુષ, તનવાળો **અનાદ્ય** = અનાદિ **ઉપાધિત્યે** = ઉપાધિથી, બંધનોથી **વરજીત** = વર્જિત, રહિત, વિનાનું **વેશા** = દેહ, સ્થૂળ, શરીર, કાયા.

### અનુવાદ

**હવે મારા શરીરની ઉત્પત્તિ વિશે જે સંશય છે તે વિષે કહુ છું તે સાંભળો. હું વેશરૂપ ઉપાધિથી વર્જિત હોઈ અનાદિ પુરુષ છું.**

### ભાવાર્થ

શ્રીમત્ કરુણાસાગર તેમના પ્રાગટ્યના સંદર્ભે વિશ્વને જે સંશય છે તેનો ખુલાસો કરે છે. તેઓ સ્થૂળ સ્વરૂપે દેખાતા હોવા છતાં પાંચેય પ્રકારના દેહોના લક્ષણો અને ગુણધર્મોથી (ઉપાધીથી) રહિત હોઈ તેમનો દિવ્ય દેહ છે, વળી તેઓ આદિ-અનાદિના પુરુષાતન પુરુષ છે.

## કોટિ કલપ પરજંત, અંત નહીં વ્યાપત માયા;
## હાડ માંસ નહીં રુદ્ર, ઉદ્ર હમ હી નહીં આયા. ૨

### શબ્દાર્થ

**કોટિ** = કરોડો **કલપ** = કલ્પ (ચાર યુગની કુલ ૯૯૪ ચોકડી જેટલો સમય કુલ ૪૩૨૦૦૦૦૦૦૦ વર્ષનો સમયગાળો) **પરજંત** = સુધી, પર્યંત **અંત** = અંત **નહીં** = નથી **વ્યાપત** = વ્યાપવું, અસર થવી, ની અંદર પેસીને રહેવું, બંધન **માયા** = માયા, પ્રકૃત્તિ **હાડ માંસ** = હાડકાં અને માંસ **નહીં** = નથી **રુદ્ર** = લોહી, રુધિર **ઉદ્ર** = ઉદર, પેટ **હમ હી** = હું **નહીં** = નથી **આયા** = આવ્યો.

### અનુવાદ

**કરોડો કલ્પોના અંત સુધી મને માયા વ્યાપતી નથી. હું ઉદર દ્વારા જન્મ્યો નથી. તેથી મારા શરીરમાં હાડકાં, માંસ કે લોહી નથી.**

### ભાવાર્થ

શ્રીમત્ કરુણાસાગરના દિવ્ય દેહને કરોડો કલ્પો વીત્યા છતાં પણ પ્રકૃત્તિનાં પાશનું બંધન અસર કરતું નથી વળી તેમણે માતાનાં ઉદર દ્વારા જન્મ ધારણ કર્યો નથી. તેથી તેમના દેહ હાડકાં, માંસ કે લોહીવાળો પણ નથી. તેઓ દિવ્ય દેહ ધારણ કરીને વિશ્વમાં આવ્યા છે.

## ઉપન્યે આપો આપ, વ્યાપ મોઈ સકલ સહિરા;
## અવિગત્ય અંગ હમાર, બિંદુ કે નહીં શરીરા. ૩

### શબ્દાર્થ

**ઉપન્યે** = ઉત્પન્ન થયા, પ્રગટ્યા **આપો આપ** = પોતાની જાતે, પોતાની મેળે, સ્વયં **વ્યાપ** = વ્યાપવું **મોઈ** = મારામાં **સકલ** = બધું જ, સર્વ **સહિરા** = હિર, સત્વ **અવિગત્ય** = જેની વિગત સમજાય નહીં તેવું, અદ્ભુત, અલૌકિક, દિવ્ય **અંગ** = શરીર **હમાર** = મારું **બિંદુ કે** = બૂંદથી **નહીં** = નથી **શરીરા** = ઘાટ, દેહ, શરીર.

### અનુવાદ

**હું આપોઆપ પ્રગટ થયો છું. મારામાં સર્વ હીર સમાયેલું છે. મારું શરીર બૂંદથી બનેલું ન હોઈ અવિગત્ય દેહ છે.**

### ભાવાર્થ

બાલકુવેર સ્વામી આપોઆપ-સ્વયં પ્રગટ થયા છે. એટલે તેમના દિવ્ય દેહમાં પ્રકૃત્તિ વ્યાપી શકતી નથી. તેમ છતાં તેમના દેહમાં સર્વ હીર રુપ અલૌકિક શક્તિ સમાયેલી છે. તેમનો દેહ બૂંદ-બીજકના સંયોગથી બંધાયેલો નથી અર્થાત્ સ્ત્રી-પુરુષના દૈહિક સંબંધથી ઉત્પન્ન થયેલો નથી એટલા માટે તે દિવ્ય અદ્ભુત દેહ છે.

## બિંદુ કે નહીં શરીર, ધીર દઢ પુરુષ પુરાના;
## રુપ અરુપી ખેલ, કુવેર અકેલ નિદ્યાના. ૪

### શબ્દાર્થ

**બિંદુ કે** = બિંદુનું **નહીં** = નથી **શરીર** = ઘાટ, દેહ **ધીર** = ધીરજ, ગંભીર, ધૈર્યવાન, નિર્ભય **દઢ** = મક્કમ, સ્થિર **પુરુષ** = પુરુષ **પુરાના** = આદિ, પુરાણા, પ્રાચીન, જૂનું **રુપ** = દેખાવ, સ્વરૂપ **અરુપી** = દશ્યમાન ન થાય તેવું અરુપી **ખેલ** = રચના, ઉત્પત્તિ **કુવેર** = કુવેરસ્વામી **અકેલ** = એકલા જ **નિદ્યાના** = ખબર, નિધાન, જાણ.

### અનુવાદ

**બિંદુથી બનેલું શરીર નથી. એવો હું દઢ, ધૈર્યવાન અનાદિ પુરુષ છું. તેથી જ આ રુપ અને અરૂપી જે રચના છે તેને હું એકલો જ જાણું છું.**

### ભાવાર્થ

શ્રીમત્ કરુણાસાગરનો દેહ માતા-પિતાના બીજ બિંદુથી બનેલો નથી. એમનું સ્વરૂપ દઢ ધૈર્યવાન હોઈ તેઓ સ્વયં આદિ અનાદિના પુરુષ છે. તેઓ પરમ-વિશેષ પાટવી અંશના નાતે સર્જનહારના સાંનિધ્યમાં જ રહે છે. તેથી જ સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલા આ બ્રહ્માંડની રુપ અને અરૂપ રચનાની સઘળી માહિતી હોવાથી તમામ બાબતોને તેઓ એકલા જ જાણે છે.

# છપ્પા ૨૦

**પ્રથમ અચાનક સોય, મોય બાલક તન ભયેઉ;**
**વનખંડીકે મધ્ય, સદ્ માતાકુ પયેઉ. ૧**

**શબ્દાર્થ**

**પ્રથમ** = સૌથી પહેલાં **અચાનક** = એકાએક, ઓચિંતું **સોય** = તે, એ **મોય** = હું, મેં, મારું **બાલક** = બાળક **તન** = શરીર, સ્વરૂપે **ભયેઉ** = થયું, ધારણ કર્યું **વન ખંડીકે** = વનનો વિભાગ, નાનું જંગલ **મધ્ય** = માં, મધ્યે **સદ્** = નિરુત્સાહી, થાકી ગયેલી, (સતોગુણી) દુઃખી, ખેદ, ભાગ્યશાળી **માતાકુ** = માતાને **પયેઉ** = પ્રાપ્ત થયો, મળ્યો.

**અનુવાદ**

**સૌથી પહેલાં વનખંડીમાં અચાનક બાળકનું રુપ ધારણ કરીને હું એક (દુઃખી પરંતુ) સતોગુણી માતાને પ્રાપ્ત થયો.**

**ભાવાર્થ**

જંબુદ્વીપના ગુજરાત રાજ્યમાં આવેલા આણંદ તાલુકાના ભાલેજ ગામ નજીક એક વનખંડની મધ્યમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સૌ પ્રથમ બાળક સ્વરૂપ ધારણ કરીને એક ઝાડની નીચે બેઠા હતા. તે જ વખતે ત્યાં, સત્ત્વગુણી અને નિરુત્સાહી માતાને તેઓ મળ્યા હતા.

**સુત આપનેકુ લેઈ, પિયેર જાતિ એક માઈ;**
**લાગી પ્યાસ અપાર, તાંહાં એક આઈ તલાઈ. ૨**

**શબ્દાર્થ**

**સુત** = પુત્ર **અપનેકુ** = પોતાના **લેઈ** = લઈને **પિયેર** = પોતાના માતા-પિતાને ઘરે, મહિયર **જાતિ** = જતી **એક માઈ** = એક માતા **લાગી પ્યાસ** = તરસ લાગતાં **અપાર** = ખૂબ જ ઘણી **તાંહાં** = ત્યાં **એક** = એક **આઈ તલાઈ** = તળાવ આવ્યું.

### અનુવાદ

**પોતાના પુત્રને લઈને એક માતા પિયેર જતી હતી. તે વખતે તેને ખૂબ જ તરસ લાગી, તેવામાં ત્યાં એક તળાવ આવ્યું.**

### ભાવાર્થ

પોતાના પુત્રને લઈને એક માતા તેના મા-બાપને ઘરે (પિયર) ચાલતી જતી હતી, તે જ વખતે તેને ખૂબ જ તરસ લાગી. એવામાં માર્ગે જતાં ત્યાં એક તળાવ (દેખાયું) આવ્યું.

**સૂત છોડ્યો જલ દૂર, પિવન નિર ચાલી મૈયા;**
**જબ ઉનકી ભઈ પૂઠ્ય, બાલક નાહેર લઈ ગઈયા. ૩**

#### શબ્દાર્થ

**સુત** = પુત્ર **છોડ્યો** = મૂક્યો **જલ** = પાણી **દૂર** = છેટું, આઘે **પિવન** = પીવા માટે **નિર** = પાણી **ચાલી** = ગઈ **મૈયા** = માતા **જબ** = જ્યારે **ઉનકી** = તેમની **ભઈ** = થઈ **પૂઠ્ય** = શરીરનો પાછળનો ભાગ, પીઠ (અવળી ફરતાં) **બાલક** = બાળક **નાહેર** = વરુની જાતનું હિંસક પ્રાણી, નહાર (વરુ) **લઈ** = લઈ **ગઈયા** = ગયું.

### અનુવાદ

**પુત્રને પાણીથી દૂર મુકીને માતા પાણી પીવા ગઈ. જેવી તેની પૂંઠ થઈ કે નાહેર બાળકને લઈ ગયું.**

### ભાવાર્થ

તળાવના કિનારે પાણીથી દૂર પોતાના પુત્રને મૂકીને માતા પાણી પીવા માટે તળાવ તરફ ચાલવા લાગી. જેવી માતાની પૂંઠ બાળક તરફ થઈ અને માતા પાણી પીવા લાગી. ત્યારે જંગલની ઝાડીમાં છૂપાઈ રહેલું વરુ જેવું હિંસક પ્રાણી-નાહેર બાળકને લઈને નાશી ગયું.

**લેઈ ગયે નાહેર બાલ, વાલ માતા શિર તોરે;**
**રોવત ચલી નિહોર, કુવેર દરશ્યા તેહી ઠોરે. ૪**

### શબ્દાર્થ

**લેઈ ગયે** = લઈ ગયું **નાહેર** = નાહેર (વરુ જેવું જંગલી પ્રાણી) **બાલ** = બાળકને **વાલ** = વાળ, માથાના વાળ **માતા** = માતા **શિર** = માથાના **તોરે** = તોડે, ખેંચે **રોવત** = રડતી રડતી **ચલી** = ચાલી **નિહોર** = નિહાળતી, ધ્યાનપૂર્વક જોતી જોતી, ધારી ધારીને જોતી **કુવેર** = કુવેરસ્વામી **દરશ્યા** = દેખાયા, જોયા **તેહી ઠોરે** = તે ઠેકાણે, તે જગ્યાએ.

### અનુવાદ

**બાળકને નાહેર લઈ ગયું, પછી માતા (પોતાના) વાળ તોડતી કલ્પાંત કરે છે. રડતી-રડતી તે નિહાળતાં ચાલતી હતી ત્યારે તે ઠેકાણે બાલ કુવેરસ્વામી દેખાયા.**

### ભાવાર્થ

જ્યારે માતા પાણી પીને પોતાનું બાળક જ્યાં મૂક્યું હતું ત્યાં આવી, પરંતુ બાળકને નાહેર લઈ ગયું હોવાથી મુકેલી જગ્યાએ બાળક ન હતું. એટલે બાળકને ન જોતાં માતા રડારોડ કરવા લાગી એટલું જ નહીં, પરંતુ અત્યંત કલ્પાંત કરતાં કરતાં પોતાના માથાના વાળ તોડવા (ખેંચવા) લાગી. આમ જ્યારે બાળકને શોધવા પીયરના માર્ગે આગળ વધવા લાગી ત્યારે ત્યાં બાળ સ્વરૂપે કુવેરસ્વામી નજરે દેખાયા.

## છપ્પા ૨૧

**દેખત કિયા વિલોચ, કહે આ બાલક કિનકા;**
**સહેજ મિલ્યો સંયોગ, યોગ મહીબીજકે દિનકા. ૧**

### શબ્દાર્થ

**દેખત** = જોતાંની સાથે જ **કિયા** = કર્યું **વિલોચ** = બારીકાઈથી તપાસવું, નિરીક્ષણ કર્યું, અવલોકન **કહે** = કહેવા લાગી **આ** = આ **બાલક** = બાળક **કિનકા** = કોનું ? **સહેજ** = સહેજાસહજ **મિલ્યો** = મળ્યો **સંયોગ** = મેળાપ **યોગ** = જોગાનું જોગ **મહીબીજકે** = મહા સુદ બીજના **દિનકા** = દિવસનો.

### અનુવાદ

**જોતાંની સાથે જ અવલોકન કરવા લાગી કે આ બાળક કોનું હશે ? આ સહેજા-સહજ મેળાપનો યોગ મહા સુદી બીજના દિવસે થયો હતો.**

### ભાવાર્થ

નિરુત્સાહી અને વ્યાકુળતા અનુભવતી માતા બાલકુવેરના સ્વરૂપને ધ્યાનપૂર્વક જોતાની સાથે જ મનમાં વિચાર કરવા લાગી કે આ બાળક કોનું હશે ? આ પ્રમાણે માતા અને બાલકુવેરના મેળાપનો યોગ જે દિવસે થયો હતો તે યોગાનું યોગ મહા સુદી બીજનો દિવસ હતો.

**કયે મેરે સુત સાટ, માટ દીનો કિરતારા;**
**યેસો ધરી મન મોદ, બોધ ઉર કરે વિચારા. ૨**

### શબ્દાર્થ

**કયે** = કદાચ, કેમકે, ક્યાંક **મેરે** = મારા **સુત** = બાળકના **સાટ** = બદલામાં **માટ** = માટે, વાસ્તે **દીનો** = આપ્યો, દીધો **કિરતારા** = સર્જનહારે, કિરતારે **યેસો** = એવો, એ પ્રમાણે **ધરી** = ધારણ કરી **મન** = મનમાં **મોદ** = આનંદ **બોધ** = સમજ, સંતોષ **ઉર** = હૃદયમાં **કરે** = કરે **વિચારા** = વિચાર.

### અનુવાદ

**કદાચ મારા પુત્રના બદલામાં તો સર્જનહારે આપ્યો નહીં હોય? એવું વિચારીને મનમાં આનંદ અને હૃદયમાં સંતોષ ધારણ કર્યો.**

### ભાવાર્થ

માતા બાલકુવેરના સ્વરૂપને નિહાળતાં જ વિચાર કરવા લાગી કે ક્યાંક (કદાચ) તેના પુત્રના બદલામાં તો આ બાળક સર્જનહારે તેને આપ્યું નહિ હોય ! આ પ્રમાણે વિચારીને માતા પોતાના મનમાં આનંદ અને હૃદયમાં સંતોષની લાગણી અનુભવવા લાગે છે.

**હમ બોલે ક્યોં બેર, લગાવત ધરમકી માતા;**
**લેઈ જા તોઈ મોઈ ઘેર, જગતમેં કરું વિક્ષાતા. ૩**

#### શબ્દાર્થ

**હમ** = મેં, હું **બોલે** = બોલ્યો **ક્યોં** = કેમ, શા માટે **બેર** = વાર, ઢીલ, વિલંબ **લગાવત** = લગાડે છે **ધરમકી** = ધરમની **માતા** = માતા **લેઈ જા** = લઈ જા **તોઈ** = તારે **મોઈ** = મને **ઘેર** = ઘેર **જગતમેં** = જગતમાં **કરુ** = કરીશ **વિક્ષાતા** = પ્રસિદ્ધ, વિખ્યાત, પ્રખ્યાત, જાહેર.

### અનુવાદ

**હું બોલ્યો કે હે ધર્મની માતા ! શા માટે વાર લગાડે છે ? તારે ઘેર મને લઈ જા. હું તને જગતમાં વિખ્યાત કરીશ.**

### ભાવાર્થ

કુવેરસ્વામી કહેવા લાગ્યા કે "હે ધર્મની માતા ? તમો શા માટે વાર લગાડો છો ?" એમ કહીને તેમણે માતાને ઘરે લઈ જવા માટે કહ્યું. વળી સ્પષ્ટતા પણ કરી કે તેઓ માતાને જગતમાં વિખ્યાત પણ કરશે.

**કરુ વિક્ષાત જગત વિગત્ય, વિધ વિધ કે જ્ઞાના;**
**કહે કુવેર જુગમાંહી કહ્યું, નહીં રખું અયાના. ૪**

### શબ્દાર્થ

**કરું** = કરીશ **વિક્ષાત** = વિખ્યાત, પ્રખ્યાત **જગત** = જગતમાં **વિગત્ય** = વિગતવાર **વિધ વિધ કે** = જુદા જુદા પ્રકારનું **જ્ઞાના** = જ્ઞાન **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **જુગમાંહી** = જગતમાં **કછુ** = કાંઈ પણ **નહીં** = નહીં **રખું** = રાખુ **અયાના** = અજાણ્યું.

### અનુવાદ

**વિધ-વિધ પ્રકારનું વિગતવાર જ્ઞાન દર્શાવીને તેમને પણ જગતમાં વિખ્યાત કરીશ. કુવેરસ્વામી કહે છે કે જગતમાં કંઈ પણ અજાણ્યું રાખીશ નહીં.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામીએ માતાને જણાવ્યું કે તેઓ જગતમાં વિધ-વિધ પ્રકારનું જ્ઞાન દર્શાવશે અને માતાના નામને પણ જગતમાં વિખ્યાત કરશે. જગતમાં સર્વ બાબતનું જ્ઞાન જાહેર કરી કોઈ પણ બાબતની સમજ જગતથી અજાણી રાખશે નહીં.

# છપ્પા ૨૨

## બહોરુ કિયો હમ બેન, યેન અવિગત ગત ધરકે;
## હુતે અકેલે રાન જ્ઞાન, ઘર અજર અમર કે. ૧

### શબ્દાર્થ

**બહોરુ** = ત્યારપછી, પુનઃ **કિયો** = કર્યું, કહ્યું **હમ** = મેં **બેન** = વચન, વાણી, વેણ **યેન** = મૂળ, ઘર, વતન, ધામ, વૃત્તાંત **અવિગત** = જેની વિગત નથી એવું **ગત** = ગતિ, સમજ (ગત જન્મની) **ધરકે** = ધારણ કરીને, પ્રસારીને **હુતે** = હતો **અકેલે** = એકલો જ **રાન** = વગડો, વન **જ્ઞાન** = જ્ઞાન **ઘર** = ઘર, ઠેકાણું, રહેઠાણ **અજર** = અવિનાશી, જીર્ણ ન થાય તેવું **અમર** = નાશ ન પામે તેવું **કે** = નું.

### અનુવાદ

**ત્યારપછી મેં ગત જન્મની વિગત દર્શાવતાં વચનોનો ઉચ્ચાર કર્યો. વગડામાં ભલે હું એકલો હોવા છતાં મારી સાથે અજર-અમર ઘરનું જ્ઞાન છે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામીએ આશ્વાસન આપતાં માતાને જણાવ્યું કે તેઓ ભલે વગડામાં એકલા જણાતા હોય, પરંતુ તેમની સાથે તેઓ અજર, અમર અને અવિનાશી એવા આદિ-અનાદિના કૈવલધામનું જ્ઞાન લાવ્યા છે. ત્યારબાદ તેમણે ગત જન્મની વિગતથી માતા અજાણ હતી તેની જાણ (સમજ) દર્શાવતા વચનોનો ઉચ્ચાર કર્યો.

## હે માતા જેહી મરમ કહુ, સુણ સુરત ધરીન કે;
## પૂરવ કે તપ તો યકિન, અતિ કષ્ટ કરીન કે. ૨

### શબ્દાર્થ

**હે માતા** = હે માતા ! **જેહી** = જે, જેનો **મરમ** = મતલબ, મર્મ, હેતુ **કહુ** = કહુ છું **સુણ** = સાંભળો, શ્રવણ કરો **સુરત** = સુરતા **ધરીનકે** = ધારણ કરી, ધરીને **પૂરવ કે** = પૂર્વ જન્મના **તપ** = તપશ્ચર્યા (**તોય** = તારા **કિન** = કર્યું, કરી) **તો** = તો **યકિન** = ભરોસો, શ્રદ્ધા, પ્રતીતિ **અતિ** = મહાન, ખૂબ જ, ઘણું **કષ્ટ** = દુઃખ **કરીન કે** = કરીને.

### અનુવાદ

**હે માતા ! જે મર્મ કહુ છું તે સુરતા ધારણ કરીને શ્રવણ કરો. પૂર્વ જન્મમાં તમે શ્રદ્ધાપૂર્વક અત્યંત કષ્ટ સહન કરીને તપ કર્યું છે.**

### ભાવાર્થ

ગયા જન્મનું રહસ્ય દર્શાવતાં વચનો બાલકુવેરસ્વામી માતાને સુરતા ધારણકરીને ધ્યાનપૂર્વક સાંભળવા માટે કહે છે. તેઓ માતાને કહે છે કે તેમણે બંને (પતિ-પત્ની) એ ગત જન્મમાં અત્યંત કષ્ટ સહન કરીને વિશ્વાસ ધારણ કરીને તપશ્ચર્યા કરેલી હતી.

**દ્વીપ પાલકી માંહી, તાંહી તુમ હુતે જદનકેં;**
**સલ્લારટ શહેર સુવાસ તાસ, તન બ્રહ્મ સદનકે. ૩**

### શબ્દાર્થ

**દ્વીપ** = દ્વીપ પાલકી **માંહી** = પાલકીમાં **તાંહી** = ત્યાં **તુમ** = તમે **હુતે** = હતા **જ દનકે** = જે દિવસે, જે વખતે **સલ્લારટ** = સલ્લારટ **શહેર** = શહેરમાં **સુવાસ** = સારી રીતે નિવાસ **તાસ** = ત્યારે **તન** = શરીર, ઘાટ **બ્રહ્મ** = બ્રાહ્મણ **સદનકે** = ઘર, રહેઠાણ.

### અનુવાદ

**તે સમયે તમો પાલકી દ્વીપના સલ્લારટ શહેરમાં બ્રાહ્મણનું શરીર ધારણ કરીને સારી રીતે (સુખરૂપે) નિવાસ કરીને રહેતાં હતાં.**

### ભાવાર્થ

માતાને પૂર્વ જન્મની યાદ અપાવતાં બાલ-કુવેરસ્વામી કહે છે કે માતા તે વખતે પાલકી દ્વીપમાં હતાં અને બ્રાહ્મણ જ્ઞાતિમાં અવતાર ધારણ કરીને સલ્લારટ શહેરમાં આનંદપૂર્વક રહેતાં હતાં.

**કરીત યોગ તજી ભોગ, શોક નહીં ધરત હી મનમેં;**
**તજ્ઞ થઈ તદ્‌રુપ કુવેર દોઉ ગયે યુવનમેં. ૪**

### શબ્દાર્થ

**કરીત** = કરીને **યોગ** = યોગ, ચિત્તવૃત્તિનો નિરોધ **તજી** = તજીને **ભોગ** = ઈન્દ્રિયોના વિષયોનો આનંદ **શોક** = દુઃખ, ખેદ, સંતાપ **નહીં** = ન હતો, હતો નહીં **ધરત હી** = ધારણ કરીને **મનમેં** = મનમાં **તજ્ઞ થઈ** = તલ્લીન થઈને **તદ્‌રૂપ** = પોતાના સ્વરૂપમાં એકાકાર **કુવેર** = કુવેરસ્વામી **દોઉ** = બંને (પતિ-પત્ની) **ગયે** = ગયા **યુવનમેં** = યુવાનીમાં, જુવાનીમાં.

### અનુવાદ

**મનમાં શોક ધારણ કર્યા સિવાય તમે ભોગ છોડીને યોગ ધારણ કર્યો હતો. કુવેરસ્વામી કહે છે કે તમે બંને યુવા અવસ્થામાં જ પોતાનામાં તદ્‌વત્ થઈ ગયાં હતાં.**

### ભાવાર્થ

બાલ કુવેરસ્વામી કહે છે કે તે સમયે માતા પોતાના પતિ સહિત બંને યુવાવસ્થામાં કોઈ પણ પ્રકારનો સંતાપ મનમાં ધારણ કર્યા સિવાય તેમજ શરીરની ઈન્દ્રિયોના ભોગનો ત્યાગ કરીને યોગ ધારણ કર્યો હતો. તેઓ તપશ્ચર્યા દ્વારા પોતાના સ્વરૂપમાં જ તલ્લીન થઈ ગયાં હતાં.

## છપ્પા ૨૩

---

**નર નામે હરદેવ, સોમંતા માત સહાંની;**
**ગુંજારન વનમાંહી, તાંહી બેઠે તપ ઠાની. ૧**

**શબ્દાર્થ**

**નર** = પુરુષ, (પતિ) **નામે** = નામે **હરદેવ** = હરદેવ **સોમંતા** = સોમંતા **માત** = માતા **સહાંની** = શાણી, સમજુ **ગુંજારન** = ગુંજારન નામના **વનમાંહી** = વનમાં, જંગલમાં **તાંહી** = ત્યાં **બેઠે** = બેઠાં **તપ** = તપશ્ચર્યા **ઠાની** = ધરીને, ઠેકાણે, જગ્યાએ, સ્થિર, આદરીને.

**અનુવાદ**

**પુરુષ (પતિ) નું નામ હરદેવ અને શાણી માતાનું નામ સોમંતા હતું. ગુંજારન વનમાં ત્યાં તપ આદરીને (તમે બંને) બેઠાં હતાં.**

**ભાવાર્થ**

બ્રાહ્મણકુળમાં જન્મેલ પતિ-પત્ની પૈકી પતિનું નામ હરદેવ અને પત્નીનું નામ સોમંતા હતું. તેઓ બંને સમજુ (શાણા) હતાં. ગુંજારન નામના વનમાં તેઓ બંને એક સ્થળે બેસીને તપશ્ચર્યા કરતાં હતાં.

**હમ હુતે તેહી બેર, શેર આવત નિજ ઘરસે;**
**પઠચેહુ નિજપતિ જવન, ગવન કિયે અરસ અધરસે. ૨**

**શબ્દાર્થ**

**હમ** = હું **હુતે** = હતો **તેહી** = તે **બેર** = વખતે, સમયે **શેર** = માર્ગ, રસ્તો **આવત** = આવતો હતો **નિજ** = પોતાના, આદિ **ઘરસે** = ઘરથી, ધામથી **પઠચેહુ** = મોકલ્યા, આદેશ કર્યો હતો **નિજપતિ** = ખુદ ધણી (સર્જનહારે) **જવન** = જવા માટે જાઓ **ગવન** = ગતિ, ચાલ **કિયે** = કરતો **અરસ** = અંતરિક્ષમાં **અધરસે** = અદ્ધરથી.

**અનુવાદ**

**તે સમયે હું નિજ ઘરથી તે જ રસ્તે (માર્ગે) આવતો હતો. કારણ કે, નિજપતિએ**

**મને આવવા માટે આદેશ કર્યો હતો એટલે હું અધર (નિજ) ધામથી અંતરિક્ષ માર્ગે થઈને આવતો હતો.**

## ભાવાર્થ

જે સમયે હરદેવ અને સોમંતા તપશ્ચર્યા કરતાં હતાં, તે સમયે બાલકુવેર સ્વામી નિજ ઘર રુપ કૈવલધામમાંથી અંતરિક્ષ માર્ગે આવી રહ્યા હતા. કારણ કે, નિજકર્તાએ જગતમાં અંશ-અંશીનો લક્ષ દર્શાવવા તેમને હુકમ (આદેશ) કર્યો હતો. તેથી તેઓ વાર લગાડ્યા સિવાય તરત જ હુકમને આધીન થઈ જગતમાં આવવા માટે જ્યાં હરદેવ અને સોમંતા માતા તપ કરવા બેઠાં હતાં, ત્યાં થઈને પસાર થતા હતા.

**બિન જનની તન પાક, વાક વેત રહી અલખકી.**
**ઓર સકલ સબ દેહ, માતૃ તન ગ્રભ ખલકકી. ૩**

### શબ્દાર્થ

**બિન** = સિવાય, વિના **જનની** = જનેતા **તન** = શરીર **પાક** = પવિત્ર, નિર્મળ **વાક** = વાણી **વેત** = જાણકારમાં રહેલી જાણ, વેત્તાની જાણ **રહી** = રહેલી, રહી છે **અલખકી** = નિર્વાણપદની, અલખની **ઓર** = અન્ય **સકલ** = બધી, સર્વ **સબ** = તમામ **દેહ** = દેહ **માતૃ તન** = માતાના શરીર **ગ્રભ** = ગર્ભ, ઉદર **ખલક્કી** = જગતની, વિશ્વની.

## અનુવાદ

**જનેતા સિવાયનું મારું શરીર પવિત્ર છે, તેથી અલખની વાણીનો વેત્તા રહ્યો છું. વિશ્વના અન્ય સૌ (બધા) ઘાટ માતાના શરીરમાં ગર્ભ દ્વારા ઉત્પન્ન થયેલા છે.**

## ભાવાર્થ

બાલકુવેર સ્વામીનો દિવ્ય દેહ માતાના ગર્ભ દ્વારા ઉત્પન્ન થયેલો નથી, જેથી તેમનો દેહ પવિત્ર છે. પરિણામે તેમની વાણીમાં અલખ એવા નિજ સર્જનહાર (કૈવલ) પતિની જાણ રહેલી છે. જ્યારે વિશ્વના અન્ય-સર્વ ઘાટ માતાના ઉદરમાં ગર્ભ ધારણ કરીને (જનનીની કૂખે જન્મ લઈને) જગતમાં આવેલા છે.

**સહિત આચાર સમેત, વેત જેહી શાસ્ત્ર નિગમ કે;**
**જનુની ઉદ્રકે જનમ કુવેર, અનુભવ ન અગમકે. ૪**

### શબ્દાર્થ

**સહિત** = સહિત, સાથે **આચાર** = આચાર્યો **સમેત** = ની આદ્ય લઈ સર્વ, તમામ **વેત** = જાણકાર **જેહી** = જે **શાસ્ત્ર** = શાસ્ત્ર **નિગમ કે** = (ચાર) વેદના **જનુની** = જનેતાની **ઉદ્રકે** = ઉદર થકી **જનમ** = જન્મ **કુવેર** = કુવેરસ્વામી **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, જાણ **ન** = નહીં **અગમકે** = અગમ્ય પદની, અલૌકિક પદની, પરમપદની.

### અનુવાદ

**આચાર્યોની આદ્ય લઈને જે શાસ્ત્ર અને વેદના જાણકાર છે, તે બધાએ જનનીના ઉદર થકી જ જન્મ ધારણ કરેલો છે. જેથી બાલકુવેરસ્વામી કહે છે કે તેમને અગમપદ નો અનુભવ નથી.**

### ભાવાર્થ

વિશ્વના ધર્માચાર્યોની આદ્ય લઈને છ શાસ્ત્ર અને ચાર વેદને જાણનારા તમામ મહાપુરુષુઓએ જનેતાના (માતાના) ઉદર થકી જ જન્મ ધારણ કરેલો છે. બાલકુવેરસ્વામી કહે છે કે એ કારણે જ તેમની સમજણમાં બ્રહ્માંડથી પરે રહેલા પરમપદની જાણ રહેલી નથી.

# છપ્પા ૨૪

**જાતે સકલ જાહાંન, જ્ઞાન નિજ કરતારન બિન;**
**આદ્ય થકી અબનંત કંથ, તેહી રહે અકલ ઈન. ૧**

### શબ્દાર્થ

**જાતે** = જેથી, તેવા કારણે **સકલ** = સમસ્ત, સર્વ **જાહાંન** = વિશ્વ, દુનિયા **જ્ઞાન** = સમજ **નિજ** = મૂળ, આદિ **કરતારન** = સર્જનહાર, બનાવનાર **બિન** = વિના, સિવાય **આદ્ય** = શરૂઆત, પ્રારંભ **થકી** = થી માંડી **અબનંત** = અત્યાર સુધી **કંથ** = ધણી, માલિક **તેહી** = તેથી, તે માટે **રહે** = રહી ગયા, રહ્યા છે **અકલ ઈન** = બુદ્ધિમાં સમજના જ્ઞાનમાં.

### અનુવાદ

**જેથી સમસ્ત વિશ્વ નિજ સર્જનહારના જ્ઞાન વિનાનું છે. એટલે પ્રારંભથી તે અત્યાર સુધી માલિક કોઈની સમજમાં આવ્યા જ નથી.**

### ભાવાર્થ

વિશ્વના બધા જ અવતાદિક મહાપુરુષો અને બુદ્ધિજીવી માનવોએ જનેતાની કૂખે અર્થાત્ માતાના ઉદર (ગર્ભ) દ્વારા જન્મ લીધો છે. પરિણામે તેમની સમજમાં આદિ-અનાદિ તથા સકર્તાપતિ સર્જનહાર અજાણ્યા જ રહેલા છે. એટલા માટે પ્રારંભથી અત્યાર સુધી શાશ્વત તેમજ અવિનાશી માલિકને કોઈએ જાણ્યા કે ઓળખ્યા નથી. અર્થાત્ સકર્તા સર્જનહાર કોઈના કળ્યામાં આવ્યા નથી.

**તબત્યે દિયે હુકમ આવન, હમકુ ભવ તબહી;**
**ન્યાય સહિત નિજ લક્ષ, કહેણ્ય કર્તા કો સબહી. ૨**

### શબ્દાર્થ

**તબત્યે** = તેટલા માટે, તે કારણે, તેથી **દિયે** = દીધો, આપ્યો **હુકમ** = આદેશ, ફરમાન (આજ્ઞા) **આવન** = આવવા માટે **હમકુ** = મને, અમને **ભવ** = વિશ્વમાં **તબહી** = ત્યારે **ન્યાય** = ન્યાયપૂર્ણ, પક્ષપાત રહિત **સહિત** = સાથે **નિજ લક્ષ** = આદિ જ્ઞાન, મૂળ સમજ, સાચો ઉપદેશ **કહેણ્ય** = કહેવા માટે

**કર્તા કો** = સર્જનહારનું **સબહી** = સૌને, બધાને, તમામને.

## અનુવાદ

**તેટલા માટે જ કર્તાનો નિજ લક્ષ સૌને ન્યાયપૂર્વક જણાવવા માટે મને વિશ્વમાં આવવાનો હુકમ કર્યો.**

## ભાવાર્થ

પોતાની બુદ્ધિથી સાચા માલિકને કોઈએ ઓળખ્યા નહી તેટલા માટે ખુદ કર્તા માલિકે અંશ-અંશીનો નિજલક્ષ દર્શાવવા માટે પોતાના સાંનિધ્યમાં રહેલા પરમવિશેષ પાટવી અંશને હુકમ કર્યો. આ પ્રમાણે વિશ્વમાં અજાણ્યા રહેલા સર્જનહારને સૌ ઓળખી શકે તે માટે (સર્વને) કૈવલજ્ઞાનને ન્યાયપૂર્ણ રીતે જણાવવા કહેવામાં આવ્યું.

**દ્વીપ પંચ ઓલંગ આયે, હમ પાલકી દ્વીપા;**
**તિનકી સર્વ સુજાણ, લેહી મમ સહિત સમીપા. ૩**

### શબ્દાર્થ

**દ્વીપ** = બેટ, ટાપુ **પંચ** = પાંચ **ઓલંગ** = ઓળંગીને, પ્રસાર કરીને, વટાવીને **આયે** = આવ્યો **હમ** = હું **પાલકી દ્વિપા** = પાલકી દ્વિપમાં **તીનકી** = તેની **સર્વ** = બધી જ, તમામ **સુજાણ** = માહિતી, હકીકત **લેહી** = લઈને **મમ** = મારી **સહિત** = સાથે **સમીપા** = પાસે, સાથે, નજીક.

## અનુવાદ

**ત્યાંની બધી જ સત્ય હકીકત મારી સાથે લઈ પાંચ દ્વિપ ઓળંગીને હું પાલકી દ્વિપમાં આવ્યો છું.**

## ભાવાર્થ

તે સમયે કૈવલવેત્તા પુરુષ પૃથ્વી પરના પાંચ દ્વીપો (પુષ્કર દ્વીપ, સાગ દ્વીપ, કૌશક દ્વીપ, કુશાલક દ્વીપ અને સાલમ દ્વીપ) ઓળંગીને અને ત્યાંનાં લોકોને કૈવલજ્ઞાનથી ચેતાવીને છઠ્ઠા પાલકી દ્વીપમાં આવ્યા હતા. તેઓ પોતાની સાથે કર્તાપદ સહિતની સજાણજાણ રુપ મુદ્દાને સાથે લઈને આવ્યા હતા.

**આસન કિયેહુ બાગ લાગ, એકાંત જમાઈ;**
**કમલ શેઠ કી જાગ, ભાગ કિનુ કુવેર જનાઈ. ૪**

### શબ્દાર્થ

**આસન** = બેઠક **કિયેહુ** = કરી **બાગ** = બગીચામાં **લાગ** = લાગ જોઈને, અનુકૂળતા મુજબ, યોગ્યતા જોઈને **એકાંત** = જ્યાં કોઈની અવર-જવર ન હોય તેવી શાંત જગ્યા **જમાઈ** = જમાવીને **કમલ શેઠકી** = કમલ શેઠની **જાગ** = જગ્યા, સ્થળ **ભાગ** = હિસ્સો, ભાગ્ય **કિનુ** = કર્યા **કુવેર** = કુવેરસ્વામી **જનાઈ** = જણાવે છે દર્શાવી છે.

### અનુવાદ

**એકાંતની અનુકૂળતા જોઈને બાગમાં આસન જમાવ્યું હતું. કુવેરસ્વામી જણાવે છે કે તે જગ્યા ભાગ્યશાળી કમલ શેઠની હતી.**

### ભાવાર્થ

પાલકી દ્વીપમાં કમલ શેઠના બાગમાં અનુકૂળતા જોઈને એકાંત જગ્યાએ આસન જમાવીને કૈવલવેત્તા પુરુષ બેઠા હતા. તે જગ્યા અંગે ખુલાસો કરતાં કહે છે કે તે બગીચાની જગ્યા ભાગ્યવાન એવા કમલ શેઠની હતી.

# છપ્પા ૨૫

## એક દિન કરનકુ સહેલ, ગયે ગુંજારન વનહીં;
## હુતે તાંહી નરનાર વિપ્ર ગ્રહે તજે જો જનહીં. ૧

### શબ્દાર્થ

**એક દિન** = એક દિવસ **કરનકુ** = કરવા માટે **સહેલ** = ફરવા, પ્રવાસ માટે **ગયે** = ગયા **ગુંજારન** = ગુંજારન નામના **વનહીં** = વનમાં, અરણ્યમાં, જંગલમાં **હુતે** = હતાં **તાંહી** = ત્યાં **નરનાર** = સ્ત્રી-પુરુષ **વિપ્ર** = બ્રાહ્મણ **ગ્રહે** = ઘરનો **તજે** = ત્યાગ કરીને **જો** = જે **જનહીં** = માનવોએ, સજ્જનોને, પરીવારને.

### અનુવાદ

**એક દિવસે ગુંજારન વનમાં ફરવા માટે ગયો હતો, ત્યારે જેમણે ગૃહત્યાગ કર્યો હોત તેવા બ્રાહ્મણ સ્ત્રી અને પુરુષ ત્યાં (બેઠાં) હતાં.**

### ભાવાર્થ

કૈવલવેત્તા પુરુષ (ભિડભંજનસ્વામી) એક દિવસ ગુંજારન નામના જંગલમાં (વનમાં) ફરવા ગયા હતા. તે સમયે પોતાના કુંટુંબીજનો સહિત ઘરનો ત્યાગ કરીને બ્રાહ્મણ, સ્ત્રી અને પુરુષ બંને (પતિ-પત્ની) તપશ્ચર્યા કરતાં બેઠાં હતાં.

## ઊઠી તુરત તેહી વાર, હમનકુ કિયે સનમાનુ;
## ધરીત ભેટ ફલફૂલ, દીન હોય તજી ગમાનુ. ૨

### શબ્દાર્થ

**ઊઠી** = ઊભા થઈને **તુરત** = તરત જ **તેહી વાર** = તેજ ક્ષણે, વાર લગાળ્યા વિના, તત્ક્ષણ **હમનકુ** = મને, મારું **કીયે** = કર્યું **સનમાનું** = સન્માન, આદર-સત્કાર **ધરીત** = ધરીને, સમર્પણ કરીને **ભેટ** = દક્ષિણા **ફલફૂલ** = ફળ અને ફૂલ **દીન** = નમ્રતાપૂર્વક, વિવેકભર્યા **હોય** = થઈ **તજી** = ત્યજીને, છોડીને **ગમાનુ** = ગર્વ, અભિમાન, માન-મોટાઈ, પ્રતિષ્ઠા.

### અનુવાદ

**તે જ વખતે ઊભા થઈને તરત જ મારું સન્માન કર્યું. અભિમાન છોડી દઈને નમ્રતાપૂર્વક ફળ-ફૂલની (મને) ભેટ ધરાવી.**

### ભાવાર્થ

તે સમયે બંને બ્રાહ્મણ સ્ત્રી-પુરુષે સહેજ પણ વિલંબ કર્યા વિના (તરત જ) ઊભા થઈને ભીડભંજનસ્વામીનો આદરપૂર્વક સત્કાર કર્યો. તેમણે ઉચ્ચ જ્ઞાતિ એવા બ્રાહ્મણ કુળની મોટાઈ ત્યજી દઈને ખૂબ જ વિવેક અને વિનયપૂર્વક તેમના (સ્વામીના) સમક્ષ ફળ અને ફૂલ અર્પણ કર્યા.

**દેખી અનિન અસ્તુત, ત્યૌ તે હમ ભયે આનંદુ;**
**કૃપાસિંધુ કહી દોય, કિન ભવ કરો પાંરદુ. ૩**

#### શબ્દાર્થ

**દેખી** = જોઈને **અનિન** = દાતાતનપણાવાળી **અસ્તુત** = સ્તુતિ, વિનય **ત્યૌ** = તેમનો **તે** = તેથી **હમ** = હું **ભયે** = થયો **આનંદુ** = ખુશ, આનંદ, આનંદિત **કૃપાસિંધુ** = કૃપાના સાગર **કહી** = કહીને **દોય** = બંનેએ **કિન** = કહ્યું **ભવ** = સંસારસાગર **કરો** = કરો **પારંદુ** = પાર.

### અનુવાદ

**તેમની અનન્ય (દાસાતનપણાવાળી) સ્તુતિ જોઈ, હું ખુશ થયો. બંનેએ કહ્યું કે હે કૃપાસિંધુ ! અમને ભવ પાર કરો.**

### ભાવાર્થ

તે બ્રાહ્મણ પતિ-પત્નીની અનન્ય દાસાતનપણાવાળી સ્તુતિ (વિનય) જોઈને ભીડભંજનસ્વામી અત્યંત ખુશ થયા. તે બંનેએ "હે કૃપાના સાગર !" તરીકે સંબોધન કરીને તેમને ભવસાગર પાર કરવા માટે વિનંતી કરી.

**તબત્યે કરી કટાક્ષ, પાક્ષ તીનકે તપ રાચે;**
**માગ્ય માગ્ય કિયો મોય, કુવેર દેખીત જન સાચે. ૪**

### શબ્દાર્થ

**તબત્યે** = ત્યારે **કરી** = કરીને **કટાક્ષ** = દિવ્ય, દૃષ્ટિ **પાક્ષ** = પ્રત્યે, તરફ **તીનકે** = તેમના **તપ** = તપશ્ચર્યા, પરમાત્માને પ્રાપ્ત કરવા કરાતો આદર **રાચે** = પ્રસન્ન, રાજી, રાચવું **માગ્ય માગ્ય** = માગ માગ **કિયો** = કહ્યું **મોય** = મેં **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **દેખીત** = જોઈને **જન** = વ્યક્તિ **સાચે** = સાચા, યોગ્ય.

### અનુવાદ

**ત્યારે દિવ્ય દૃષ્ટિ દ્વારા તેમનું તપ જોઈને હું પ્રસન્ન થયો. કુવેરસ્વામી કહે છે કે સાચી ભક્તિ જોતાં મેં માગો માગો એમ કહ્યું.**

### ભાવાર્થ

ત્યારે તે પતિ-પત્ની પ્રત્યે ભીડભંજનસ્વામીએ દિવ્ય દૃષ્ટિ દ્વારા તેમની તપશ્ચર્યાનું અવલોકન કર્યું, તેમની તપશ્ચર્યાનો આશય માત્ર આત્મકલ્યાણ કરવાનો જોઈને ખૂબ ખુશ થયા. તેમણે આવા નિષ્ઠાવાન વ્યક્તિઓની યોગ્યતા અને સાત્વિકતા જોતાં તેમને જે ઇચ્છા હોય તે વરદાન માગવાનું કહ્યું.

# છપ્પા ૨૬

## તદપિ લિયે તીનુ માગ્ય, ભાગ્ય તુમ મિલે હમનકે;
## કરો સ્વામી કલ્યાણ, ત્રાસ તન મીટે જનમકે. ૧

### શબ્દાર્થ

**તદપિ** = ત્યારે **લિયે** = લીધું **તીનુ** = તેમણે **માગ્ય** = માગી **ભાગ્ય** = નસીબ **તુમ** = તમો **મિલે** = મળ્યા **હમનકે** =અમને **કરો** = કરો **સ્વામી** = સ્વામી, નાથ **કલ્યાણ** = મોક્ષ, મુક્ત **ત્રાસ** = કષ્ટ, જુલમ, પીડા, સંકટ **તન** = શરીર, ઘાટ, દેહ **મીટે** = મટે, દૂર થાય, નાશ પામે **જનમ કે** = જન્મનું, જનમવાનું.

### અનુવાદ

**ત્યારે તેમણે માંગણી કરી કે હે સ્વામી ! અમારા અહોભાગ્ય કે તમો અમને મળ્યા છો. તેથી જન્મીને શરીર ધારણ કરવાનું જે સંકટ છે તે નષ્ટ કરીને (મટાડીને) અમારું કલ્યાણ કરો.**

### ભાવાર્થ

ત્યારે બ્રાહ્મણ દંપતીએ માગણી કરતાં ભીડભંજનસ્વામીને જણાવ્યું કે તેમના સદ્‌ભાગ્યને લીધે જ આપ "ભવભીડભંજન સાહેબ" નામ ધારી સંત મળ્યા છો અને વરદાન માગવાનું કહેવામાં આવ્યું. તેથી આત્મકલ્યાણની અભિલાષા જે તેમના હૃદયમાં હતી તે જણાવી અને અંતમાં જન્મ અને મરણનું જે અસાધ્ય દુઃખ છે તે દૂર કરીને મુક્તિ પ્રદાન કરવા માટે વિનંતી કરી.

## ચિત્ત ચંચલ તેહી વખત, હુતા હમકુ જીત જાવન;
## સમટી સકલ સમાજ, દ્વિપ જંબુ ઈત આવન. ૨

### શબ્દાર્થ

**ચિત્ત** = ચિત્ત **ચંચલ** = ચંચળ, અધીરું, અસ્થિર, પ્રવૃત્તિશીલ **તેહી વખત** = તે વખતે **હુતા** = હતું **હમકુ** = મારે **જીત** = જ્યાં **જાવન** = જવાનું હતું **સમટી** = સમેટીને **સકલ** = સર્વ, બધાં જ **સમાજ** = કાર્યક્ષેત્ર, કારોબાર, જન સામાજિક કાર્ય **દ્વિપ જંબુ** = જંબુદ્વીપ **ઈત** = અહીં **આવન** = આવવાનું.

### અનુવાદ

**તે સમયે મારું ચિત્ત જ્યાં જવાનું હતું તેમાં ચંચળ હતું. કારણ કે, જન સમુદાયના કાર્ય માટે બધું જ સમેટી લઈને અહીં જંબુ દ્વીપમાં આવવાનું હતું.**

### ભાવાર્થ

જ્યારે બંને (બ્રાહ્મણ પતિ-પત્ની) એ જન્મ અને મરણના સંકટમાંથી મુક્ત કરીને કલ્યાણ કરવાની માગણી કરી ત્યારે ભીડભંજનસ્વામીનું ચિત્ત જ્યાં (જંબું દ્વિપમાં) જવાનું હતું. તેમાં ચંચળ હતું. વળી પાલકીદ્વીપમાં પણ અંશ-અંશીનો લક્ષ આપવા કૈવલજ્ઞાનોપદેશ માટેનો કારોબાર ઘણો લાંબો પહોળો વિકસેલો હતો, તેને સમેટી લઈને મંદિરનો કારભાર તારણ-તરણ સંતોને સોંપવાનો હતો.

**તુમ હી પણ તેહી દ્વિપ, જાવો હમસે આગુ જન;**
**એહી તન તજી અવતાર, લેહુ ઘર ક્ષત્રિયનકે તન. ૩**

#### શબ્દાર્થ

**તુમ હી પણ** = તમે પણ **તેહી** = તે **દ્વિપ** = દ્વીપમાં **જાઓ** = જાઓ **હમસે** = મારાથી **આગુ** = આગળ, પહેલા **જન** = માનવ, દાસ, અનુચર, પ્રિયજન **એહી તન** = આ શરીર **તજી** = છોડીને, ત્યજીને **અવતાર** = બીજો ઘાટ, દેહ ધારણ, જન્મ **લેહુ** = લઈને **ઘર** = ઘરે **ક્ષત્રિયનકે** = ક્ષત્રિય જાતિના **તન** = દેહ, શરીરમાં.

### અનુવાદ

**હે પ્રિયજનો ! તમે પણ મારાથી આગળ તે દ્વીપમાં જાઓ. આ દેહને છોડીને ત્યાં ક્ષત્રિયના ઘરે અવતાર લેજો.**

### ભાવાર્થ

આવા ચંચળ મનને લીધે જેમના ઉપર કૃપા કરી છે એવા દંપતીને ભીડભંજનસ્વામીએ જણાવ્યું હતું કે તેઓ પણ તેમનાથી આગળ જંબુદ્વીપ જાય. આ પાલકીદ્વીપમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જે દેહ ધારણ કર્યો છે તેને ત્યજીને જંબુદ્વીપ જઈ ક્ષત્રિયના ઘરે (ક્ષત્રિયકુળમાં) અવતાર ધારણ કરવા કહ્યું. (શા માટે ક્ષત્રિયકુળની

પસંદગી કરી ? તેના માટેનું સમગ્ર વૃતાંત હવે પછીના છપ્પાઓમાં જણાવવામાં આવેલ છે.)

**સમરગઢ સુર તુલ્ય તુલ્ય, નહીં કિનુ રજતાઈત;**
**કરન બ્યાહ તીનુ તાય, કુવેર દલ્લિપત જાઈત. ૪**

### શબ્દાર્થ

**સમરગઢ** = સમરગઢના **સુર તુલ્ય** = રાજકુમારની શૂરવીરતા સમાન **તુલ્ય** = તુલના, બરાબરી કરી શકે તેવા **નહીં કિનુ** = કોઈ નહીં **રજતાઈત** = રજપૂતપણું, શૌર્ય, શૂરાતન **કરન** = કરવા **બ્યાહ** = વિવાહ, લગ્ન **તીનુ તાય** = તેની સાથે **કુવેર** = કુવેરસ્વામી **દલ્લિપત** = દિલ્હીપતિ, દિલ્હીના બાદશાહની **જાઈત** = રાજકુંવરી, શાહજાદી.

### અનુવાદ

**સમરગઢના રાજકુંવરની શૂરવીરતાની સરખામણીમાં તેમની તુલના કરી શકે તેવું બીજું કોઈ શૂરાતનવાળું ન હતું. બાલકુવેરસ્વામી કહે છે કે દિલ્હીના બાદશાહે સમરગઢના રાજાને તેના રાજકુંવર સાથે પોતાની શાહજાદીના વિવાહનું માગું મોકલ્યું.**

### ભાવાર્થ

સમરગઢના રાજકુંવરની સરખામણીમાં તેમની તુલના કરી શકે તેવું બીજું કોઈ શૂરાતનવાળું ન હતું. તેને ધ્યાનમાં રાખીને દિલ્હીના બાદશાહે સમરગઢના રાજાને તેના રાજકુંવર સાથે પોતાની શાહજાદીનાં વિવાહ કરવાની માંગણી મોકલાવી.

# છપ્પા ૨૭

**ફેર દીયે તીનું માગ, જાગ નહીં ઊતે દીયનકી;**
**સકલ ક્ષત્રિકી જોય, વંઝ ક્યા રહી ધીયનકી. ૧**

### શબ્દાર્થ

**ફેર દીયે** = ફેરવી દીધું, નકારી, દીધું, પાછું વાળ્યું **તીનું** = તેની **માગ** = માગણી **જાગ** = જાગીર, અવકાશ, લાગ, તક **નહીં** = નથી **ઊતે** = તેના દીકરાને, ઉતને **દીયનકી** = દેવા, યોગ્ય આપવા લાયક **સકલ** = બધા, તમામ, સર્વ **ક્ષત્રિકી** = ક્ષત્રિય જાતિની **જોય** = સ્ત્રીઓ **વંઝ** = વાંઝણી, વંધ્યા, વંઝા **ક્યા** = શું **રહી** = રહેલી છે **ધીયનકી** = છોકરી, દીકરી.

### અનુવાદ

**(બાદશાહની) માગણીને નકારતાં (સમગઢના રાજાએ) કહ્યું કે રાજકુંવરને માટે યોગ્ય પાત્ર જ નથી ? શું ક્ષત્રિયકુળની સ્ત્રીઓ દીકરી વગરની વાંઝણી છે ?**

### ભાવાર્થ

દિલ્હીના બાદશાહની માગણીને સમરગઢના રાજાએ ઠુકરાવી દીધી અને જણાવ્યું કે શું રાજકુંવરને અન્ય કોઈ જગ્યાએથી યોગ્ય પાત્ર મળશે જ નહિ ? શું ક્ષત્રિયકુળની બધી જ સ્ત્રીઓ સંતાન વગર વાંઝણી છે ? અથવા ક્ષત્રિયકુળમાં કોઈ દીકરી જ રહી નથી ? આવો કટાક્ષ કર્યો.

**તો તુમેરે તરકાન, ગેહ કી ગ્રહુ લુગાઈ;**
**તબ કોપ્યે તીનું તાય, શાહ દલીન પતસાઈ. ૨**

### શબ્દાર્થ

**તો** = તેથી, જેથી **તુમેરે** = તમારા **તરકાન** = તુર્ક-મુસલમાનના **ગેહ કી** = ઘરની **ગ્રહુ** = ગ્રહણ કરું, સ્વીકારું **લુગાઈ** = સ્ત્રી **તબ** = ત્યારે **કોપ્યે** = કોપાયમાન થયો, ગુસ્સે થયો, ક્રોધિત થયો **તીનું** = તેનો **તાય** = પિતા **શાહ** = બાદશાહ **દલીન** = દિલ્હીનો **પતસાઈ** = બાદશાહ, પતિ.

### અનુવાદ

**તેથી તમારા તુર્ક (મુસલમાન) ના ઘરની કન્યા ગ્રહણ કરું ? ત્યારે દિલ્હીપતિ બાદશાહ (તેના પિતા ઉપર) કોપાયમાન થયો.**

### ભાવાર્થ

સમરગઢના રાજાએ ક્ષત્રિયકુળમાં બધી સ્ત્રીઓ વાંઝણી ન હોવાનું જણાવીને મુસલમાનના ઘરની કન્યા ગ્રહણ કરવાની માગણી ઠુકરાવી દીધી. માગણીને ઠુકરાવતાની સાથે જ દિલ્હીપતિ તુર્ક-મુસલમાન બાદશાહ સમરગઢના રાજકુંવરના પિતા ઉપર કોપાયમાન થયા.

**કરી કલકાઈન કટક લેઈ, દલ ચઢ્યો સમરપર;**
**ઘેર લીયો ગઢ સકલ, વિકલ નરનાર જપિત હર. ૩**

### શબ્દાર્થ

**કરી** = કરીને **કલકાઈન** = સખતાઈ, કઠોરતા, નિર્દયતા, આકરાપણું **કટક** = સૈન્ય, હુમલો, ચડાઈ **લેઈ** = લઈને **દલ** = જૂથ, સૈન્ય **ચઢ્યો** = ચઢાઈ કરી **સમર પર** = સમરગઢ ઉપર **ઘેર લીયો** = ઘેરી લીધો, ચારે તરફથી ફરી વળવું, ચારે તરફ આંતરવું **ગઢ** = ગઢ **સકલ** = બધા, સમસ્ત, સર્વ **વિકલ** = વ્યાકુલ, ભયભીત **નરનાર** = સ્ત્રી-પુરુષો, નર અને નારી **જપિત** = જપે છે **હર** = હરિને, પ્રભુને.

### અનુવાદ

**સૈન્ય લઈને સમરગઢ ઉપર નિર્દયતાપૂર્વક ચઢાઈ કરી અને ચારેબાજુથી કિલ્લાને ઘેરી લીધો. જેથી સ્ત્રી-પુરુષ સૌ ભયભીત બનીને હરિને જપવા લાગ્યા.**

### ભાવાર્થ

દિલ્હીના બાદશાહે મોટું લશ્કર લઈને સમરગઢના કિલ્લાને ચારેબાજુથી ઘેરી લીધો અને નિર્દયતાપૂર્વક હુમલો કર્યો. તેથી સમરગઢના તમામ સ્ત્રી-પુરુષ ભયભીત થઈ ગયા અને હર હરના નાદથી પ્રભુ સ્મરણ કરવા લાગ્યા.

**કિયે જંગ જુધ જોર સોર, ભવ ભયે હલાહલ;**
**જીત્યે તબ પતસાઈ, કુવેર દલ હુતે અતલીબલ. ૪**

### શબ્દાર્થ

**કિયે** = કર્યું **જંગ** = લડાઈ, સંગ્રામ **જુધ** = યુદ્ધ **જોર** = જુલમ, જોશ, પ્રબળ, તાકાત **સોર** = કોલાહલ, બિહામણા અવાજ, બુમરાણ **ભવ** = લાંબો સમય સુધી **ભયે** = થયો **હલાહલ** = કોલાહલ, અતિતીવ્ર ભયંકર અવાજ **જીત્યે** = જીત્યો **તબ** = ત્યારે **પતસાઈ** = બાદશાહ **કુવેર** = કુવેરસ્વામી **દલ** = સૈન્ય, લશ્કર **હુતે** = હતું **અતલીબલ** = ભારે (ખૂબ જ) શક્તિશાળી, ખૂબ જ બળવાળું.

### અનુવાદ

**ખૂબ ભયંકર યુદ્ધ સંગ્રામ થવાથી અતિશય ડરને કારણે બિહામણો અવાજ (કોલાહલ) થવા લાગ્યો. કુવેરસ્વામી કહે છે કે બાદશાહનું લશ્કર ખૂબ જ શક્તિશાળી હોવાથી જીતી ગયો.**

### ભાવાર્થ

દિલ્હીના બાદશાહે મોકલાવેલ લશ્કરે સમરગઢના કિલ્લાને ચારે બાજુથી ઘેરી લઈને ચઢાઈ કરી. તેમાં ખૂબ જ ભયંકર યુદ્ધ-સંગ્રામ થવાથી ગઢની અંદરના (પ્રજાજનો) નર-નારીઓ ડરના માર્યા બિહામણો અવાજ (કોલાહલ) કરવા લાગ્યા. બાલકુવેરસ્વામી કહે છે કે દિલ્હીના બાદશાહનું સૈન્ય ખૂબ જ મોટું અને અધિક બળવાન હોવાથી તેઓ જીત્યા.

# છપ્પા ૨૮

**જબ લીને શિર કાટ, સમરપતકે પતસાઈત;**
**તીનસે કરી બેહાય, જાઈકુ સનમુખ લાઈત. ૧**

### શબ્દાર્થ

**જબ** = જેથી, જ્યારે **લીને** = લીધું **શિર** = મસ્તક **કાટ** = કાપીને **સમરપતકે** = સમરગઢના રાજકુંવરનું **પતસાઈત** = બાદશાહે **તીનસે** = તેની સાથે **કરી** = કરી **બેહાય**= વિવાહ લગ્ન **જાઈકુ** = શાહજાદીની **સન્મુખ** = સામે, સન્મુખ **લાઈત** = લાવવામાં આવ્યું.

### અનુવાદ

**બાદશાહે સમરગઢના રાજકુંવરનું મસ્તક કાપીને તેની સાથે વિવાહ કરવા માટે શાહજાદીની સન્મુખ લાવીને જ્યારે મૂક્યું.**

### ભાવાર્થ

કહેવાય છે કે રાજપુતોમાં ધર્મઝનૂન ખૂબ જ હતું. યુદ્ધમાં તેઓ જીવતા સમર્પણ થતા નહીં. યોદ્ધાઓ કેશરિયા કરતા અને સ્ત્રીઓ જૌહર કરતી. યુદ્ધમાં સમરગઢના રાજાનો પરાજય થયો, પરંતુ સમરગઢનો રાજકુંવર જીવતો ન પકડાયો એટલે રાજકુંવરનું મસ્તક કાપી લઈને તે મસ્તકને દિલ્હીના રાજદરબારમાં લઈ જવામાં આવ્યું. ત્યાં શાહજાદીના લગ્નની હઠ પૂરી કરવાના આશયથી રાજકુમારના મસ્તકને શાહજાદી સન્મુખ લાવવામાં આવ્યું, પરંતુ ....

**ફેર દિયો શિર તુરત, શાહકી સુતા ન ન્યાલીત;**
**દેખો એહી અકડાઈ, મૂવે શિર કરી ન મેલાઈત. ૨**

### શબ્દાર્થ

**ફેર દિયો** = ફેરવી દીધું **શિર** = મસ્તક **તુરત** = તરત જ **શાહકી** = બાદશાહની **સુતા** = શાહજાદી, પુત્રી **ન ન્યાલીત** = નિહાળ્યું નહીં, જોયું નહીં **દેખો** = જુઓ **એહી** = આ રીતની, એવી **અકડાઈ** = જુસ્સો, મર્દાનગી, ગર્વ, સ્વાભિમાન **મૂવે** = મૃત થયેલું **શિર** = મસ્તક **કરી ન** = ન કર્યો **મેલાઈત** = મેળાપ, એકતા, અનુસંધાન.

## અનુવાદ

**ત્યારે.. બાદશાહની શાહજાદી સાથે આંખ ન મિલાવતાં મસ્તક તરત અવળુ ફરી ગયું. આ અકડાઈ તો જુઓ કે મૃત મસ્તકે પણ એકતા કરી જ નહીં.**

## ભાવાર્થ

સોનાના થાળમાં મૂકીને જેવું મસ્તક વિવાહ માટે શાહજાદી સમક્ષ લાવવામાં આવ્યું કે તરત જ શાહજાદી સામે નિહાળ્યા વગર (નિર્જીવ મસ્તક) નિકાહ પઢતા પહેલાં અવળું ફરી ગયું. પોતાના ક્ષત્રિયપણાનું સ્વાભિમાન ત્યાં સુધી જાળવી રાખ્યું. આવી અકડાઈ તો જુઓ કે મૃતદશાને પામેલું મસ્તક પણ તે શાહજાદી સાથે મેળાપ કરવા માગતું ન હતું.

**તીન કુલકી જેહી વૈશ, વિખર ગઈ હોય જનીત જીત;**
**તીનકી શાખ્ય નિહાલ, ભાલ ભવ કરીત જાઈ હિત. ૩**

### શબ્દાર્થ

**તીન કુલકી** = તે કુળની **જેહી** = જે **વૈશ** = વંશ **વિખર ગઈ** = વિખેરાઈ ગઈ, ફેલાઈ ગઈ **હોય** = હોય **જનીત** = જણાય **જીત** = જ્યાં **તીનકી** = તેની **શાખ્ય** = શાખા **નિહાલ** = જોઈને, નિહાળીને **ભાલ** = ભાળ, તપાસ, શોધ **ભવ** = જન્મ **કરીત** = કરીશ **જાઈ** = જઈને, આવીને **હિત** = કલ્યાણ.

## અનુવાદ

**તે કુળના જે વંશો જ્યાં વિખરાઈ ગયા હોવાથી, તેની શાખામાં જઈને તમો અવતાર ધારણ કરો. ત્યાં આવીને હું કલ્યાણ કરીશ તેમ જણાવ્યું.**

## ભાવાર્થ

તે ક્ષત્રિયકુળના વંશજો આમતેમ વિખરાઈ ગયા હતા. તેથી તેમણે એવા ધર્માભિમાની કુળમાં જઈને દંપતીને અવતાર લેવા કહ્યું. આ પ્રમાણે ત્યાં આવીને તે પતિ-પત્ની બંનેનું તેઓ (પરમગુરુ) કલ્યાણ કરશે એવી રજૂઆત કરી.

**તહાં તુમહી વિપુ ધાર, રહો જેહી નગર સારસત;**
**તબ હમ આવહુ ત્હાંય, કુવેર તુમ કહીત અકલગત. ૪**

### શબ્દાર્થ

**તહાં** = ત્યાં **તુમહી** = તમે **વિપુ ધાર** = અવતાર (શરીર) ધારણ કરો, જન્મ લ્યો **રહો** = રહો **જેહી** = જે **નગર** = નગર **સારસત** = સારસા **તબ** = ત્યારે **હમ** = હું **આવહુ** = આવીશ **ત્હાંય** = ત્યાં **કુવેર** = કુવેરસ્વામી **તુમ** = તમોને **કહીત** = કહ્યુ, કહી, જણાવી **અકલગત** = અકળગતિ.

### અનુવાદ

**ત્યાં તમે શરીર ધારણ કરીને સારસા નગરમાં રહો. કુવેરસ્વામી કહે છે કે ત્યારે હું ત્યાં આવીશ. એવી અકળગતિ તમોને જણાવી હતી.**

### ભાવાર્થ

તે ક્ષત્રિય રાજાના સીસોદિયા નામક વંશના વંશજોનો એક પરિવાર સારસા નામના ગામમાં વસેલો છે. બાલકુવેરસ્વામીએ જણાવ્યું હતું કે બ્રાહ્મણ પતિ-પત્ની જંબુદ્વિપમાં ક્ષત્રિય કુટુંબમાં દેહધારણ કરીને રહેશે, ત્યારે તે પોતે ત્યાં આવીને તેમને મળશે. આવી અકળગતિ જેણે પોતાનો બાળક ગુમાવેલ છે એવી માતાને કહી સંભળાવી.

# છપ્પા ૨૯

**દેહુ અચાનક દરસ, બાલ તન ધરીત આઈત વન;**
**એહી વિધિકે વરદાન દેઈ, હમ કિયે તાંહી જન. ૧**

### શબ્દાર્થ

**દેહુ** = દઈશ, આપીશ **અચાનક** = ઓચિંતા **દરસ** = દર્શન **બાલ તન** = બાળક સ્વરૂપે **ધરીત** = ધારણ કરીને **આઈત** = આવીને **વન** = વનમાં **એહી વિધિકે** = એ પ્રમાણે **વરદાન** = વરદાન, વચન **દેઈ** = આપેલું **હમ** = મેં **કિયે** = કહેલું **તાંહી** = ત્યાં **જન** = માનવને (પતિ-પત્નીને).

### અનુવાદ

**બાળકસ્વરૂપ ધારણ કરીને વનમાં અચાનક આવીને દર્શન દઈશ. એ પ્રમાણે વરદાન મેં ત્યાં તે દંપતીને આપ્યું હતું.**

### ભાવાર્થ

પાલકીદ્વીપના ગુંજારન વનમાં તપશ્ચર્યા કરવા બેઠેલા તે બંને (બ્રાહ્મણ પતિ-પત્ની) દંપતી (બાલકુવેરસ્વામીએ) ભવભીડભંજન સાહેબ નામધારી (સંતે) વરદાન આપ્યું હતું કે તેઓ જંબુદ્વીપના વનખંડમાં બાળસ્વરૂપ ધારણ કરીને અચાનક ત્યાં આવીને દર્શન આપશે.

**તેહી આયે એહી દ્વિપ, લીપ વિનું રહે માયનકે;**
**હમ કીના જેહી જહાંય, તાંહાંય તન કિયે જાયનકે. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તેથી, તે કારણે જ **આયે** = આવ્યો છું **એહી** = આ **દ્વિપ** = દ્વીપ **લીપ** = લેપાયમાન **વિનુ** = સિવાય, વગર વિના **રહે** = રહ્યો **માયનકે** = માયાથી, પ્રકૃત્તિથી **હમ** = મેં **કીના** = કહ્યા મુજબ, કહ્યા પ્રમાણે **જેહી** = જે **જ્યાંય** = જ્યાં **તાંહાંય** = ત્યાં જ **તન** = શરીર **કીયે** = કર્યું, ધર્યું **જાયનકે** = જન્મીને.

### અનુવાદ

**તે કારણે જ માયાથી લેપાયમાન થયા સિવાય હું આ દ્વિપમાં આવ્યો છું. તમે પણ મારા કહ્યા મુજબ ત્યાં જ શરીર ધારણ કરીને જન્મ લીધો છે.**

### ભાવાર્થ

પાલકીદ્વિપમાં જે "ભવભીડભંજન સાહેબ" નામ ધારી સંત પોતે જંબુદ્વિપમાં બાલકુવેરના સ્વરૂપમાં પધાર્યા છે. બાલકુવેર સ્વામી માયામાં લોપાયમાન થયા સિવાય રહેલા છે. તેમણે પાલકીદ્વીપમાં જે વરદાન આપેલું તેના કારણે જ આ જંબુદ્વીપમાં આવ્યા છે. વળી પાલકીદ્વીપમાં તપશ્ચર્યા કરી રહેલા યુગલને જ્યાં જે પ્રમાણે શરીર ધારણ કરવા જણાવેલું ત્યાં તે જ પ્રમાણે તેમણે ક્ષત્રિય કુળમાં જન્મ ધારણ કરેલો છે, એ વાતની ખાતરી કરાવે છે.

**તે તુમ વિપ્રણી સોય, મોય વરદાન દેવનહીં;**
**દ્વીપ પાલકીમાંહી તાંહી તુમે, તપ કિયો યુવનહીં. ૩**

#### શબ્દાર્થ

**તે** = તે જ **તુમ** = તમે **વિપ્રણી** = બ્રાહ્મણી **સોય** = તે જ, એ જ **મોય** = મારા **વરદાન** = વચન **દેવનહીં** = આપેલા, દીધેલા **દ્વીપ પાલકીમાંહી** = પાલકીમાં **તાંહી** = ત્યાં **તુમે** = તમોએ **તપ** = તપશ્ચર્યા **કિયો** = કરેલી, કરી **યુવનહીં** = યુવાવસ્થામાં, યુવાનીમાં.

### અનુવાદ

**પાલકીદ્વીપમાં તમોએ યુવાનીમાં જે તપશ્ચર્યા કરેલી, તે જ તમે મારા વરદાનને પ્રાપ્ત કરેલ બ્રાહ્મણી છો.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામીનું વરદાન પ્રાપ્ત કરેલા બ્રાહ્મણ પત્ની તે જ બાળકને ગુમાવેલા ક્ષત્રિયાણી પોતે હતાં. આમ પાલકીદ્વીપમાં તેઓએ જ પતિ-પત્ની સાથે યુવાનીમાં જંગલમાં જઈ તપશ્ચર્યા કરેલી હતી અને જે હકીકત બનેલી તેની સર્વ યાદ અપાવે છે.

## જેહી તુમસે હમ કીન, મિલુ વનખંડ મોજારીત;
## તેહી તુમ હમ મીલે આજ, કુવેર જુવો કાજ વિચારીત. ૪

### શબ્દાર્થ

**જેહી** = જે, જે પ્રમાણે **તુમસે** = તમોને **હમ** = મેં **કીન** = કહ્યુ હતું **મિલું** = મળીશ **વનખંડ મોજારીત** = વનખંડ મધ્યે **તેહી** = તેથી **તુમ** = તમોને **હમ** = હું **મીલે** = મળ્યો **આજ** = આજ **કુવેર** = કુવેરસ્વામી **જુવો** = જુઓ **કાજ** = કાર્ય, ઉદ્દેશ, પ્રયોજન **વિચારીત** = વિચાર કરીને.

### અનુવાદ

**જે પ્રમાણે મેં તમોને વનખંડ મધ્યે મળવાનું કહ્યું હતું, તે પ્રમાણે આજે હું તમોને મળ્યો છું. તે ઉદ્દેશને વિચાર કરીને જુઓ.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી માતાને યાદ અપાવતાં જણાવે છે કે તેમણે જે યુવાન (પતિ-પત્ની) ને વનખંડમાં અચાનક મળવા માટે વચન આપેલું, તેથી જ તેઓ આજે તેમને સાક્ષાત્ બાલ સ્વરૂપે વનખંડમાં મળ્યા છે.આ ઉદ્દેશને સંપૂર્ણ રીતે વિચારવા માતાને કહ્યું.

# છપ્પા ૩૦

**કહે હુતે કલ્યાણ વાણ્ય વદિતવ આરનમે;**
**તેહી તુમ રહી કે નાંહિ, જાણ કે ગઈ સુપનમેં. ૧**

**શબ્દાર્થ**

**કહે** = કહ્યું **હુતે** = હતું **કલ્યાણ** = કલ્યાણ, મુક્તિ અંગેની **વાણ્ય** = વાણી, વચન **વદિતવ** = બોલ્યો હતો, વચન આપેલું **આરનમેં** = વનમાં, જંગલમાં, બગીચામાં **તેહી** = તેની **તુમ** = તમને **રહી કે નાંહિ** = રહેવા પામી કે નથી **જાણ** = જાણ, યાદ, જાણ્ય **કે** = કે, અથવા **ગઈ** = ગઈ **સુપનમેં** = સ્વપ્નમાં.

**અનુવાદ**

**કલ્યાણ કરવા અંગેની જે વાત વનમાં કહી હતી, તેની જાણ તમોને રહેવા પામી કે નહીં ? કે પછી સ્વપ્નમાં ગુમાવી દીધી છે ?**

**ભાવાર્થ**

તે યુવાન દંપતીનું કલ્યાણ કરવા માટેનું જે વરદાન આપવામાં આવ્યું હતું, તેની જાણ માતાને રહેવા પામી કે નહીં? તેવું બાલકુવેરસ્વામીએ માતાને પૂછ્યું. વળી એમ પણ કહેવામાં આવ્યું કે તે વાત સ્વપ્નમાં ભુલાઈ તો નથી ગઈને ?

**તબ બોલી તેહી માત, બાત ક્યોં લહુ અગમકી;**
**પરે ન હમકુ સુઝ, ઓર અવતારન ગમકી. ૨**

**શબ્દાર્થ**

**તબ** = ત્યારે **બોલી** = બોલી **તેહી** = તે **માત** = માતા **બાત** = વાત, વૃત્તાંત **ક્યોં** = કેવી રીતે, કેમ કરીને **લહુ** = જાણુ **અગમકી** = અગાઉ બની ગયેલી **પરે ન** = ન પડે **હમકુ** = મને, અમને **સૂઝ** = સમજ, જાણ **ઓર** = બીજા, અન્ય **અવતારન** = જન્મોના **ગમ કી** = ગતિની, સમજની, જ્ઞાનની.

**અનુવાદ**

ત્યારે તે માતા બોલી કે અગાઉ થઈ ગયેલી વાતની જાણ કેવી રીતે હોય? કારણ

કે, પોછલા જન્મની મને સમજ પડે નહીં.

### ભાવાર્થ

ત્યારે માતા કહેવા લાગી કે પાછલા જન્મની વાતની તેમને કેવી રીતે સમજ હોય ? કારણ કે, સામાન્ય સંજોગોમાં પાછળના જન્મની કોઈને પણ ખબર (જાણ) રહેતી નથી. તે જ રીતે માતાને પણ પૂર્વજન્મની સૂઝ રહેવા પામી ન હતી તે મુજબ માતા ખુલાસો કરે છે.

**તુમ તો પુરુષ પરમ, મરમ માલમ ઉત ઈતકી;**
**મેં તો અલ્પજ્ઞેવ ગતિ, ક્યોં પરે તેહીતકી. ૩**

### શબ્દાર્થ

**તુમ તો** = તમે તો **પુરુષ** = પુરુષ **પરમ** = મહાન, શ્રેષ્ઠ **મરમ** = મર્મ, રહસ્ય, ગૂઢ વાત **માલમ** = ખબર પડે **ઉત ઈતકી** = આલોક અને પરલોકની (આ જન્મની અને પૂર્વજન્મની) **મેં તો** = હું તો **અલ્પજ્ઞેવ** = અલ્પજ્ઞ, અણસમજુ **ગતિ** = સમજ, જ્ઞાન, સૂઝ **ક્યોં** = કેવી રીતે **પરે** = પડે **તેહીતકી** = તેની, તે અંગેની.

### અનુવાદ

**આપ તો પરમ પુરુષ હોઈ આ જન્મ અને પૂર્વજન્મના મર્મની ખબર પડે, પરંતુ હું તો અણસમજુ તે બાબતની કેવી રીતે સમજ પડે ?**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી તો પરમપુરુષ હોવાથી તેમને આ જન્મની અને પૂર્વજન્મની તમામ ખબર હોય એ સ્વાભાવિક છે. માતા પોતે અલ્પજ્ઞ અર્થાત્ ઓછી બુદ્ધિવાળા (અણસમજુ) માનવદેહધારી છે, એટલે તેમને પાછલા જન્મની ખબર ન પડે.

**અબ તુમ દીયો જો કોલ, કાજ તેહી કરો કરાંમલ;**
**મિલે તુમે મહારાજ, કુવેર હાજર હસ્તાંમલ. ૪**

### શબ્દાર્થ

**અબ** = હવે **તુમ** = તમે **દીયો** = આપ્યો હતો તે **જો** = જે **કોલ** = વચન, કરાર, કબૂલાત, ખાતરી **કાજ** = કાર્ય, કામ **તેહી** = તે **કરો** = કરો **કરાંમલ** = કરામત, સામર્થ્ય, ચમત્કાર, અદ્‌ભુતપણું, ચાતુર્ય **મિલે** = મળ્યા **તુમે** = તમે **મહારાજ** = મહારાજ **કુવેર** = કુવેરસ્વામી **હાજર** = પ્રત્યક્ષ, સાક્ષાત **હસ્તાંમલ** = હાથોહાથ.

### અનુવાદ

**હે બાલકુવેર મહારાજ ! તમે હાજરા-હજૂર મળ્યા છો તો હવે આપે જે વચન આપેલું તે પ્રમાણેનું કાર્ય આપનાં સામર્થ્યથી પૂર્ણ કરો.**

### ભાવાર્થ

માતા બાલકુવેરસ્વામીને વિનંતી કરતાં કહે છે કે જ્યારે તેઓ હાજરા-હજૂર આવીને મળ્યા છે, તો તેઓએ હવે વાર લગાડ્યા વિના તેમના સામર્થ્ય વડે આપેલા વચન મુજબ કલ્યાણ કરવાનું કાર્ય પૂર્ણ કરવા કહ્યું.

## છપ્પા ૩૧

### અબ બાકી કીનું કોય, રહી શરન ન જીવનકી;
### ભઈ અચાનક ભેઠ, પુરુષ તુમ પતિ પાવનકી. ૧

**શબ્દાર્થ**

**અબ** = હવે **બાકી** = બાકી **કીનુ** = ક્યાંય **કોય** = કોઈના **રહી** = રહ્યું **શરન** = શરણે **ન** = નહીં **જીવનકી** = જવાનું **ભઈ અચાનક** = એકાએક (અચાનક) થઈ **ભેઠ** = મુલાકાત, ભેટ, મેળાપ **પુરુષ** = પુરુષ **તુમ** = તમે **પતિ** = સ્વામી, પરમેશ્વર **પાવનકી** = પ્રાપ્ત કરાવનાર, મેળવી આપનાર.

**અનુવાદ**

**પરમેશ્વરને પ્રાપ્ત કરાવનાર પુરુષનો અચાનક મેળાપ થયો છે, તો પછી હવે ક્યાંય કોઈને શરણે જવાનું બાકી રહેતું નથી.**

**ભાવાર્થ**

માતા બાલકુવેરસ્વામીને કહે છે કે જ્યારે મુમુક્ષુને પરમ પિતા પરમેશ્વરને પ્રાપ્ત કરાવનાર મહાન પુરુષની અચાનક ભેટ થઈ હોય તો પછી તેને અન્ય કોઈ ઠેકાણે કોઈના પણ શરણે જવાની જરૂર રહેતી નથી.

### અહો ધન્ય તુમ મોય, પુન્ય પૂરવન કે પાઈત;
### સરમ કરે વિનું સહેલ, સહેજમેં હવો મેલાઈત. ૨

**શબ્દાર્થ**

**અહો** = અહો **ધન્ય** = ધન્ય **તુમ** = તમે **મોય** = મને, મારા **પુન્ય** = સતકર્મના ફળ રુપે **પૂરવન કે** = પૂર્વ (જન્મ) ના **પાઈત** = પ્રાપ્ત થયા છો, મળ્યા છો **સરમ** = પુરુષાર્થ, પરિશ્રમ શ્રમ **કરે વિનુ** = કર્યા વગર **સહેલ** = સહેલાઈથી **સહેજમેં** = સરળતાથી **હવો** = થયો **મેલાઈત** = મેળાપ.

**અનુવાદ**

**મારા પૂર્વ જન્મના પુણ્ય પ્રતાપે તમો મને પ્રાપ્ત થયા છો, વળી પરિશ્રમ**

**કર્યા સિવાય સરળતાપૂર્વક સહેજાસહજ મેળાપ થયો છે તેથી હું ધન્ય બની છું.**

### ભાવાર્થ

માતાએ પૂર્વનાં પુણ્ય પ્રતાપે બાલકુવેરસ્વામીને પ્રાપ્ત કર્યા છે. એટલે કહે છે કે તેમને આ જન્મે કોઈ પણ પ્રકારના પરિશ્રમ કર્યા સિવાય સહેજાસહેજ રીતે બાલકુવેરસ્વામીનો મેળાપ થયો છે. તેથી તે પોતે પોતાને ખૂબ જ ધન્ય બની ગઈ એમ કહે છે.

**ભલે લેઈ ગયે બાલ, નાહર તુમ સટે મેરેકુ;**
**એકકી કુન ચલાય, વારુ સુત શિર અનેકુ. ૩**

### શબ્દાર્થ

**ભલે** = ભલે, ઠીક, સારું **લેઈ ગયે** = લઈ ગયું **બાલ** = બાળક **નાહર** = નાહેર, નાર **તુમ** = તમો **સટે** = સાટે, ના બદલામાં **મેરેકુ** = મને **એકકી** = એકની **કુન** = શું **ચલાય** = ચાલે **વારુ** = વારી ધરુ, અર્પણ કરુ **સુત** = પુત્ર **શિર** = મસ્તક **અનેકુ** = અનેક, ઘણા.

### અનુવાદ

**ભલે બાળકને નાહેર લઈ ગયું. આપના બદલામાં તો એકની શી ગણતરી? અનેક પુત્રો આપના શિરે વારી ધરું. (ન્યોછાવર કરી દઉં)**

### ભાવાર્થ

માતા પોતાને ધન્યતા અનુભવતાં કહે છે કે ભલે પોતાના બાળકને નાહેર લઈ ગયું, પરંતુ જો બાલકુવેરસ્વામી મળતા હોય તો એક પુત્રની કુરબાનીથી શું થાય ? તેના બદલામાં અનેક પુત્રો ન્યોછાવર કરવામાં આવે તોપણ તે તૈયાર છે.

**તદપી ત્હોય ક્યાંહા પાય, તમનસે પુરુષ હમનકુ;**
**તેહી મીલે મોહી આજ, કુવેર વાહી એહી તનકુ. ૪**

### શબ્દાર્થ

**તદપી** = તેમ છતાં **ત્હોય** = તોય **ક્યાંહા** = ક્યાંથી **પાય** = પ્રાપ્ત થાય **તમનસે** = આપના જેવા **પુરુષ** = પુરુષ **હમનકુ** = અમને, મને **તેહી** = તે જ, તેવા **મીલે** = મળ્યા **મોહી** = મને **આજ** = આજે **કુવેર** = કુવેરસ્વામી **વાહી** = વારી ધરું **એહી** = આ **તનકુ** = શરીરને.

## અનુવાદ

**તેમ છતાં પણ તમારા જેવા પુરુષ મને ક્યાંથી મળે ? તેવા કુવેરસ્વામી આજે મને મળ્યા છે જેથી આ શરીરને (હું) વારી ધરું છું.**

## ભાવાર્થ

અનેક પુત્રોને ન્યોછાવર કર્યા પછી પણ બાલકુવેરસ્વામી પ્રાપ્ત થવા અસંભવ છે. માતાને બાલકુવેરસ્વામી મળ્યા તેથી તેના બદલામાં તેઓ તેમની જાતને કુવેરસ્વામીના શરણમાં કુરબાન કરી દે તો પણ ઓછું કહેવાય એવો અહેસાસ કરે છે.

# છપ્પા ૩૨

## પરમ પુનિત એહી તન, કિયે કરતા કરુણેશર;
## પાહે પાહે તુમ શરણ રખેવુ પરમ પરમેશ્વર. ૧

### શબ્દાર્થ

**પરમ** = શ્રેષ્ઠ, મહાન **પુનિત** = પવિત્ર, પાપને નષ્ટ કરનારું **એહી** = આ **તન** = સ્વરૂપ **કિયે** = કર્યું છે, બનાવ્યું છે **કરતા** = સર્જનહાર, કર્તા **કરુણેશર** = કરુણેશ, કરુણાના ઈશ **પાહે પાહે** = રક્ષા કરો, રક્ષા કરો, પાયે પડું **તુમ** = તમારા **શરણ** = શરણમાં **રખેવું** = રાખો **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પરમેશ્વર** = પરમ ઈશ્વર, ઈશ્વરોમાં મહાન.

### અનુવાદ

**આપનો આ પરમ પવિત્ર દેહ કરુણેશ કર્તાએ જ બનાવેલ છે. માટે હે પરમેશ્વર ! પ્રણામ કરીને કહુ છું કે હું આપના શરણમાં આવી છું, મારી રક્ષા કરો.**

### ભાવાર્થ

માતા બાલકુવેરસ્વામીને નમન કરી પાયે પડીને કહે છે કે પરમ પુરુષ પરમેશ્વરનો દિવ્ય અને પરમ (અત્યંત) પવિત્ર દેહ પરોપકાર અને જન્મ-મરણના દુઃખને નષ્ટ કરવા માટે કરુણેશ કર્તાએ બનાવેલો છે. વળી માતા વિનંતી કરે છે કે હવે તે બાલકુવેરના શરણમાં આવી છે, માટે સદાને માટે શરણાગત તરીકે રક્ષા કરો.

## ક્યા બરનું મુખ એક, આવત મોઈ બિન બરનન;
## ક્ષત્રિકુલ કરડેશ તને, બિન બને ન કરનન. ૨

### શબ્દાર્થ

**ક્યા બરનું** = શું વર્ણન કરું **મુખ એક** = એક મુખથી **આવત** = આવડતું, આવડવું **મોઈ** = મને, મારા **બિન** = વિના, સિવાય વગર **બરનન** = વર્ણન કરવાનું **ક્ષત્રિકુલ** = ક્ષત્રિય કુળની **કરડેશ** = શૂરાતન, બહાદુરી, કરડાઈ **તને** = શરીર **બિન** = સિવાય **બને** = થાય **ન** = નહીં **કરનન** = કાર્ય.

### અનુવાદ

**વર્ણન કરતાં આવડતું ન હોવાથી મારા એક મુખે શું વર્ણન કરું ? કારણ કે, ક્ષત્રિયકુળના શૂરાતનવાળા શરીર વડે વર્ણન કરવાનું બની શકે તેમ નથી.**

### ભાવાર્થ

દિવ્ય સ્વરૂપધારી બાલકુવેરસ્વામીનું યથાર્થ વર્ણન એક મુખ દ્વારા થઈ શકવું અત્યંત મુશ્કેલ છે. વળી માતાને વર્ણન કરતાં આવડતું પણ નથી. કારણ કે, તે ક્ષત્રિયકુળમાં જન્મેલી છે. જેમાં શૂરાતનના ગુણો ભરપૂર હોવાથી તેવા દેહ વડે પરમપુરુષ પરમેશ્વરના દિવ્ય દેહનું વર્ણન થઈ શકે નહીં. એ પ્રમાણે માતા ખુલાસો કરતાં જણાવે છે.

**જબ જેહી તેહી પરકાર, ઉધાર કરો તો કરો હર;**
**જ્યૌ કોઈ ઓટ રહાય, વિહંગમ પંગુ વિના પર. ૩**

### શબ્દાર્થ

**જબ** = જેથી **જેહી-તેહી** = જે તે **પરકાર** = પ્રકારે **ઉધાર** = ઉદ્ધાર, મુક્તિ, ભવપાર **કરો** = કરો **તો** = તો **કરો** = કરો **હર** = હરિ, પરમેશ્વર **જ્યૌ** = જેમ, જેવી રીતે **કોઈ** = કોઈ **ઓટ** = ઓથ, આધાર, આશરો, શરણું **રહાય** = રહુ, રાખવું **વિહંગમ** = પંખી, પક્ષી **પંગું** = પાંગળું, અપંગ **વિના પર** = પાંખ વગર.

### અનુવાદ

**માટે હે પ્રભુ ! જે તે પ્રકારે (કોઈ પણ રીતે) હવે ઉદ્ધાર કરો. જેવી રીતે કોઈ પાંખ વગરનું અપંગ પક્ષી સહાય (આધાર) ની આશા રાખે છે.....**

### ભાવાર્થ

ક્ષત્રિયકુળના શરીર થકી યોગ્ય રીતે સ્તુતિ પ્રાર્થના ન બની શકવાને કારણે માતા કોઈ પણ રીતે પોતાનો ઉદ્ધાર કરવા માટે બાલકુવેરસ્વામીને વિનંતી કરે છે. તેઓ પોતાને પાંખ વગરના નિરાધાર (અપંગ) પક્ષી તરીકે તુલના કરીને આધારની અપેક્ષા રાખે છે એમ દર્શાવે છે...

**તીનકો કરે નિવાહ, શાહ કોઈ શરન પરનકે;**
**ત્યૌ મેરે મન પગું કુવેર, તુમ સેવ કરનકે. ૪**

### શબ્દાર્થ

**તીનકો** = તેનો **કરે** = કરે **નિવાહ** = નિર્વાહ, ભરણપોષણ **શાહ** = શાહુકાર (શેઠ, સારો માનવ) **કોઈ** = કોઈક **શરન** = શરણ, શરણમાં **પરનકે** = પડવાથી, જવાથી **ત્યૌ** = તેવી રીતે **મેરે** = મારા **મન પંગુ** = પાંગળા મનને (નિરાધારને) **કુવેર** = હે બાલકુવેર સ્વામી! **તુમ** = તમારી **સેવ** = સેવા **કરનકે** = કરવા માટે.

### અનુવાદ

**જો કોઈ શાહ (સારા માનવ) ના શરણમાં જવાથી તે તેનો નિર્વાહ કરે છે. તેવી જ રીતે હે બાલકુવેર સ્વામી ! મારું મન પણ તમારી સેવા કરવામાં પાંગળું (અસમર્થ) છે.**

### ભાવાર્થ

માતા પોતાને પાંખ વગરના અપંગ પક્ષી સાથે તુલના કરી કહે છે કે પોતે કુળના ગુણધર્મને કારણે પાંગળું મન ભક્તિ કરી શકતુ નહીં હોવાથી નિરાધાર છે. પરિણામે કુવેરસ્વામીની યોગ્ય રીતે સ્તુતિ-પ્રાર્થના કરી શકે તેમ નથી. દુનિયામાં કોઈ પાંખ વગરના નિરાધાર (પંગુ) પક્ષીને કોઈ શાહુકાર શરણે લઈને જીવનભર ભરણપોષણ કરે છે. તેજ ન્યાયે માતા પોતાને શરણમાં લઈને ઉદ્ધાર કરવા માટે બાલકુવેરસ્વામીને વિનંતી કરે છે.

# છપ્પા ૩૩

**તો તુમસે કહું કહાય, હાય ન બની તુમ સરખી;**
**લહુ વિવેક ન રેખ, શકુ ઉપલે તુમ નીરખી. ૧**

**શબ્દાર્થ**

**તો** = તો પછી **તુમસે** = તમને **કહું** = કહુ છું **કહાય** = કહેવા યોગ્ય **હાય** = અંતરની લાગણી **ન બની** = બની શકી નહીં **તુમ** = તમારા **સરખી** = યોગ્ય, બરાબર **લહુ** = જાણું **વિવેક** = વિવેક **ન** = નહીં **રેખ** = સહેજ પણ, જરા પણ **શકુ** = શકુ **ઉપલે** = ઉપલક, ઉપરથી **તુમ** = તમને **નીરખી** = નિહાળીને, જોઈને.

**અનુવાદ**

**તમારી યોગ્યતા મુજબ તમને અંતરની લાગણીથી કરવા યોગ્ય સ્તુતિ-સેવા ન કરી શકી. કારણ કે, હું રેખ માત્ર (સહેજ પણ) વિવેક જાણતી નથી. હું તો માત્ર ઉપલક રીતે જ તમોને જોઈ શકુ છું.**

**ભાવાર્થ**

માતા બાલકુવેરસ્વામીની યોગ્યતા અને સામર્થ્યતા મુજબ કરવી જોઈએ તે મુજબ હૃદયના ભાવથી સ્તુતિ-પ્રાર્થના કરી ન શક્યાં. તેનું કારણ પોતે અલ્પજ્ઞ અને વિવેકથી અજાણ છે એમ દર્શાવે છે. વળી તેમણે બાલકુવેરસ્વામીને માત્ર ઉપલક દૃષ્ટિથી જ નિહાળ્યાં છે એમ જણાવે છે.

**એતની કહી ગદ્ કંઠ થઈ, મમ ચરન ગ્રહેવું;**
**તબ કીની હમ સાત, માત મુજ ધરમ કહેવું. ૨**

**શબ્દાર્થ**

**એતની** = એટલું **કહી** = કહીને **ગદ્ કંઠ** = ગદ્ગદીત કંઠ ભરાઈ ગયો હોય તેવું **થઈ** = થઈ **મમ** = મારો **ચરન** = પગ **ગ્રહેવું** = પકડ્યા (ચરણે પડી, પગે લાગી) **તબ કીની** = ત્યારે કહ્યું, ત્યારે કરી **હમ** = મેં **સાત માત** = (સોતેલી માતા) ધર્મની માતા **મુજ** = મારો **ધરમ** = ફરજ, કર્તવ્ય, ધર્મ **કહેવું** = કહુ છું.

## અનુવાદ

**એટલું કહેતા જ માતા ગદ્ગદ કંઠે થઈ ગઈ અને મારા ચરણ પકડવા લાગી. ત્યારે મેં કહ્યું, હે ધર્મની માતા ! તારી સાથેનો મારો નાતો કહુ છું.''**

## ભાવાર્થ

આટલી વાત કરતાં કરતાં માતા ગદ્ ગદ્ કંઠે થઈ ગઈ અને બાલકુવેરસ્વામીના ચરણમાં પડી ત્યારે બાલકુવેરસ્વામી શાંતિપૂર્વક તે ધર્મની માતા સાથેનો જે નાતો (સંબંધ, કર્તવ્ય) છે. તેની સમજ આપવા લાગ્યા.

**તુમ પાલક સુત મોઈ ગોય, ગ્યમ રખો આવનકી;**
**જબ તે સકલ વિભૂત સહિત, તુજકે કહું મનકી. ૩**

### શબ્દાર્થ

**તુમ** = તમે, તુ **પાલક** = પાલન કરનારા **સુત** = પુત્ર, બાળક **મોઈ** = હું **ગોય** = ગુપ્ત, છાની **ગ્યમ** = સમજ, જાણ, વૃત્તાંત, બનાવ **રખો** = રાખજે **આવન કી** = આવવાની **જબ તે** = તો જ **સકલ** = સર્વ **વિભૂત** = વિભૂતિ, ઐશ્વર્ય **સહિત** = સહિત, સાથે **તુજકે** = તમને **કહું** = કહુ છું **મન કી** = મનની અંદર રહેલી.

## અનુવાદ

**તુ પાલક માતા અને હું (પાલક) પુત્ર છું. હું જે રીતે મળ્યો છું તે સર્વ હકીકત (બિના) તમે ગુપ્ત રાખજો. ત્યારે જ મારામાં રહેલી ઐશ્વર્યતા સહિતની મનની વાતો હું કહુ છું.**

## ભાવાર્થ

માતા ફક્ત પાલન કરનાર (ધર્મની) માતા છે બાલકુવેરસ્વામી માત્ર પાલક પુત્ર છે. વળી વનખંડમાં જે રીતે પ્રગટ થઈને મળ્યા તેની તમામ હકીકત ગુપ્ત રાખવા માટે પણ માતાને કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે ગુપ્તતા રાખવામાં આવે ત્યારે જ બાલકુવેરસ્વામી તેમનામાં રહેલી ઐશ્વર્યવાળી બધી જ વિભૂતિ સહિત તેમના મનના જે સંકલ્પો છે તે જણાવવા કહે છે.

## એહી વિધિ કરી કરાર સાર, તબત્યે હમ ભાખે;
## જેહી મમ બાલક વચન કુવેર, સુની માત વિલાખે. ૪

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **કરી** = કરીને **કરાર** = કબૂલાત, શરત **સાર** = સારાંશ, તાત્પર્ય, ઉદ્દેશ **તબત્યે** = ત્યારે **હમ** = મેં **ભાખે** = જણાવ્યો, દર્શાવ્યો, બોલવું **જેહી** = જે **મમ** = મારા **બાલક** = બાળકના **વચન** = વાણી, બોલ, શબ્દો **કુવેર** = કુવેરસ્વામીની **સુની** = સાંભળીને **માત** = માતા **વિલાખે** = વિચારમાં પડી ગયા, આતુર હોવુ, અતિ અધીરું બની જવું.

### અનુવાદ

**આ પ્રમાણે કરાર કર્યા બાદ મેં તાત્પર્ય દર્શાવ્યું. કુવેરસ્વામી કહે છે કે માતા મારા બાળક સ્વરૂપનાં વચનો સાંભળીને અધીરાં બની ગયાં.**

### ભાવાર્થ

માતા પુત્રના પાલક સંબંધો અને આવવા (મેળાપ) અંગેની હકીકતને ગુપ્ત રાખવાના માતા સાથેના કરાર કર્યા બાદ કુવેરસ્વામીએ તેમના આવવા અંગેનો ઉદ્દેશ જણાવ્યો. આ પ્રમાણે બાલકુવેરસ્વામીના બાલ્ય સ્વરૂપના મૃદલતા ભર્યા વચનો સાંભળીને માતા એકદમ આતુર બની વિચારમાં પડી ગયા.

## છપ્પા ૩૪

### હમ કીના ધ્રડ રાખ, ચાક ચિત્ત હવે ન ચક્રિત;
### સૂની આગમકી બાત, માત મન કરીત ન વક્રિત. ૧

**શબ્દાર્થ**

**હમ કીના** = મેં કહ્યું **ધ્રડ રાખ** = ધીરજ રાખો **ચાક** = ચારે બાજુ ભમતું **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **હવે** = હવે **ન** = નહીં **ચક્રિત** = ચક્રની જેમ **સૂની** = સાંભળીને **આગમકી** = અગમની, આગળની, અગમ પદની **બાત** = વાત, હકીકત, વૃત્તાંત **માત** = માતા **મન** = મન અંતઃકરણને **કરીત ન** = કર્યું નહીં **વક્રિત** = ભમતુ (**કરી તન વક્રિત** = સ્થિર કર્યું).

**અનુવાદ**

**મેં કહ્યું કે હે માતા ! તમારા ચિત્તને ચારે બાજુ ભમાવ્યા સિવાય દૃઢ રાખો. ત્યારબાદ માતાએ મનને ભમવા ન દઈ (સ્થિરતા રાખીને) આગમની વાત સાંભળી.**

**ભાવાર્થ**

બાલકુવેરસ્વામીએ માતાને તેમનું ચિત્ત ચારેબાજુ ભમાવ્યા સિવાય ધીરજ રાખવા માટે કહ્યું. ત્યાર પછી માતાએ બાલકુવેરસ્વામી દ્વારા કહેવામાં આવેલી અગમ પદની વાતો મનને ભમવા ન દેતાં સ્થિર રાખીને એક ચિત્તે થઈ.

### માતા કહે અકેલ, બેલ ક્યૌ રખો ન સ્વામી;
### કરન કાજ ઈતિહાસ, પાસ ક્યૌ અંતરજામી. ૨

**શબ્દાર્થ**

**માતા કહે** = માતાએ કહ્યું **અકેલ** = એકલા **બેલ** = સેવક, સાથી, બેલી **ક્યૌ** = કેમ, શા માટે **રખો** = રાખતા **ન** = નથી **સ્વામી** = સ્વામી **કરન કાજ** = કાર્ય કરવા માટે **ઈતિહાસ** = ભૂતકાળની હકીકત, પૂર્વેનું વૃત્તાંત **પાસ** = સાથે, પાસે **ક્યૌ** = કેમ **અંતરજામી** = અંતરયામી.

## અનુવાદ

**માતાએ કહ્યું કે હે સ્વામી ! આપ એકલા છો તો કોઈ સાથી કેમ રાખતા નથી ? પૂર્વેની હકીકતનું કાર્ય કરવા માટે હે અંતરયામી ! સાથે કેમ કોઈ નથી ?**

## ભાવાર્થ

માતા બાલકુવેરસ્વામીને પૂછે છે કે તેઓ એકલા જ કેમ છો ? સાથે કોઈ સેવક યા સાથી તરીકે કેમ રાખતા નથી ? વળી અંતર્યામી તરીકે ઉદ્‌બોધન કરીને કહે છે કે તેમણે તો પૂર્વેના અગમપદનું વૃત્તાંત અને ગૂઢાર્થ ભરેલી બાબત દર્શાવતા સમાજને નવી રાહ ચીંધવાનું ભગીરથ કાર્ય આપને કરવાનું છે. તેમ છતાં પણ તેઓ તેમની સાથે કોઈ સેવક કે સાથી ને કેમ રાખતા નથી ? આ પ્રમાણે સવાલ પૂછે છે.

**હમ કિના તેહી માત, બાત સુન લે એક મેરી;**
**રખુ કલા મોઈ સાથ, સોલ કર્તાપત પેરી. ૩**

### શબ્દાર્થ

**હમ** = મેં **કિના** = કહ્યુ **તેહી** = તે **માત** = માતાને **બાત** = વાત, વૃત્તાંત **સુન લે** = સાંભળી લ્યો **એક** = એક **મેરી** = મારી **રખુ** = રાખું છું **કલા** = કળા, યુક્તિ, જુક્તિ **મોઈ સાથ** = મારી સાથે **સોલ** = સોળ **કર્તાપત** = સકર્તા સર્જનહાર ધણીએ **પેરી** = પ્રેરેલી, પ્રેરણાથી પ્રાપ્ત કરેલી.

## અનુવાદ

**મેં કહ્યુ કે હે માતા ! મારી એક વાત સાંભળ. સકર્તા પતિએ પ્રેરેલી સોળ કળા મારી સાથે રાખું છું.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામી માતાના પ્રશ્નનો જવાબ આપતાં ખુલાસો કરે છે કે તેઓ એકલા જ નથી, પરંતુ સકર્તાપતિ સર્જનહારે આપેલી સોળ કળાને તેઓ તેમની સાથે જ રાખે છે એટલે કે, તેમનો દિવ્ય દેહ નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત છે.

**તીનસે રહુ સફુર નૂર, ભર ફરક સદા ભવ;**
**જાહેર કરીત જહુર, કુવેર નહિ રોકી શકે તવ. ૪**

### શબ્દાર્થ

**તીનસે** = તેનાથી **રહું** = રહુ છું **સફુર** = સ્ફુર્તિમાન, જાગૃત **નૂર** = તેજ, પ્રકાશ, હિંમત, શૌર્ય શક્તિ **ભર** = ભરપૂર, સંપૂર્ણ **ફરક** = તફાવત **સદા** = હમેશાં **ભવ** = બ્રહ્માંડમાં **જાહેર** = પ્રસિદ્ધ, પ્રગટ, વ્યક્ત, વિધિ **કરીત** = કરીને **જહુર** = ગુપ્ત, જાહેર નથી તેવું **કુવેર** = કુવેરસ્વામી **નહીં** = નહીં **રોકી શકે** = રોકી શકે, અટકાવી શકે **તવ** = તેથી, તેનાથી.

### અનુવાદ

**તેનાથી હું સ્ફૂર્તિમાન અને તેજોમય રહુ છું, જેથી ભવમાં હમેશાંને માટે અલગ પડું છું. ગુપ્ત પદને જાહેર કરવા છતાં કુવેરસ્વામી કહે છે કે તેથી મને કોઈ રોકી શકતું નથી.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી સોળકળાના બળથી સ્ફૂર્તિમાન અને તેજોમય રહે છે. પરિણામે તેમનો દિવ્ય દેહ બ્રહ્માંડભરમાં સદાને માટે સર્વથી ભિન્ન છે. અર્થાત્ ભવના સામાન્ય દેહ કરતાં તેમના દેહનો તફાવત દેખાઈ આવે છે વળી પરમવિશેષ પાટવી અંશના નાતે સર્જનહારે બક્ષેલી વિભૂતિના પ્રતાપે તેઓ જાહેર ન થયેલા પરમપદના જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે, તેમ છતાં તેમને કોઈ રોકી શકતું નથી.

# છપ્પા ૩૫

**તેહી વિભૂતિ પરતાપ, તાપ કોઉ તપે નહીં તન;**
**કરન સાહે કરતાર, શિર સરજન સામ્રથ ઘન. ૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **વિભૂતિ** = વિભૂતિ **પરતાપ** = પ્રતાપે, પ્રભાવથી **તાપ** = તાપ **કોઉ** = કોઈ પણ **તપે** = તપ, તપાવે, અસર કરે **નહીં** = નહીં **તન** = શરીરને, દેહને **કરન** = કરે છે **સાહે** = સહાય **કરતાર** = કર્તા, સર્જનહાર **શિર** = માથે **સરજન** = સર્જનહાર **સામ્રથ** = સમર્થ **ઘન** = વાદળ.

### અનુવાદ

**તે વિભૂતિના પ્રતાપે મારા સ્વરૂપને કોઈ પણ તાપ તપાવી શકતો નથી. વળી સકર્તા સર્જનહારની વાદળ રુપ સમર્થ છાયા શિર પર સદાને માટે સહાય કરે છે.**

### ભાવાર્થ

તે વિભૂતિના પ્રતાપે બાલકુવેરસ્વામીના દિવ્ય દેહને સંસારમાં ગણાતા ત્રિવિધિના તાપ તપાવી શકતા નથી, કારણ કે, તેમના શિર પર વાદળરૂપ સમર્થ સર્જનહાર એવા સકર્તાની છાયા રહે છે.

**વિચરુ વિશ્વ નચિંત, મિત મોઈ કહે સુનાઈત;**
**તબતે નહીં અકેલ, બેલ એતન્યે અનુરાઈત. ૨**

### શબ્દાર્થ

**વિચરુ** = વિચરણ કરુ, હરુ-ફરુ **વિશ્વ** = જગતમાં **નચિંત** = ચિંતા રહિત, નિર્ભયતાથી, ચિંતામુક્ત **મિત** = મિત્ર, સાથી **મોઈ** = મારા **કહે સુનાઈત** = કહી સંભળાવ્યા **તબતે** = તેથી, તે થકી, એટલે **નહીં અકેલ** = એકલો નથી **બેલ** = સાથી, મિત્ર **એતન્યે** = એટલા **અનુરાઈત** = ઉદ્દેશને અનુકૂળ, અનુમતિ જન્ય.

### અનુવાદ

**મેં જે મિત્રો (સાથીઓ) કહી સંભળાવ્યા છે. તેથી હું એકલો નથી. એટલે**

**વિશ્વમાં હું નિશ્ચિતપણે વિચરણ કરી શકુ છું. વળી મારા આ સાથીઓ ઉદ્દેશને અનુકૂળ થાય તેવા જ છે.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામીનો જગતમાં આવવા પાછળનો જે અંશ-અંશીનો લક્ષ આપવાનો ઉદ્દેશ છે; તેને અનુકૂળ (સહાયરૂપ) થાય તેવી સોળ વિભૂતિ શિરછત્ર સમાન સહાયક બનીને રહેલી છે માટે તેઓ એકલા નથી. પરિણામે સમગ્ર જગતમાં તેઓ નિર્ભયતાપૂર્વક વિચરણ કરી શકે છે.

**સોલ કલા સંપૂર, માત મેં પુરુષ પરમહી;**
**કહી આજ તુજ કાજ, મોઈ ગત્ય દેન મરમહી. ૩**

### શબ્દાર્થ

**સોલ કલા** = સોળે કળાએ **સંપૂર** = સંપૂર્ણ **માત** = માતા **મેં** = હું **પુરુષ પરમ હી** = પરમપુરુષ, મહાન પુરુષ **કહી** = કહ્યું **આજ** = આજે **તુજ** = તમારા **કાજ** = માટે **મોઈ** = મારી **ગત્ય** = ગતિ, સમજ **દેન** = આપવા યોગ્ય, સંભળાવી દીધી **મરમહી** = મર્મ, રહસ્ય.

## અનુવાદ

**હું સોળે કળાએ સંપૂર્ણ હોઈ પરમપુરુષ છું. આજે તારા (કલ્યાણ) માટે જ મારી ગતિનું રહસ્ય કહી દીધું.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામી સોળ વિભૂતિઓથી સજ્જ હોઈ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે. જેમણે પોતાના પ્રાગટ્ય દિવસે જ વનખંડમાં માતાનું કલ્યાણ કરવાના ઉદ્દેશથી અહીં આવવાના રહસ્યને દર્શાવતું વૃત્તાંત કહી સંભળાવ્યું અને માતાના મનમાં ઉદ્ભવેલા પ્રશ્નોની સમજ દર્શાવીને શાંતવન આપ્યું.

**કહુ કલા કર નામ, વિભૂ ભવ ભર પ્રભુતાઈ;**
**સુમતા ધરીત સુનેહ, કુવેર ચિત્ત રખીત રોકાઈ. ૪**

### શબ્દાર્થ

**કહુ** = કહુ છું **કલા** = સામર્થ્ય, શક્તિ **કર નામ** = નામકરન, નામ દઈને **વિભૂ** = વિભૂતિ **ભવ ભર** = જગતભરની **પ્રભુતાઈ** = ઐશ્વર્ય, સાહેબી, શક્તિ, મહિમા **સુમતા** = સુમતિ, સદ્‌બુદ્ધિ, યોગ્ય સમજણ **ધરીત** = ધારણ કરીને **સુનેહ** = સ્નેહપૂર્વક, પ્રેમથી **કુવેર** = કુવેરસ્વામી કહે છે **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **રખીત** = રાખીને **રોકાઈ** = સ્થિર.

### અનુવાદ

**જગતભરમાં ઐશ્વર્ય દેનારી વિભૂતિના નામ દઈને તેની સામર્થ્યતા (શક્તિ) કહુ છું. કુવેરસ્વામી કહે છે કે સન્મતિ દ્વારા સ્નેહપૂર્વક ચિત્ત સ્થિર કરીને તે સાંભળ.**

### ભાવાર્થ

જગતમાં જે ઐશ્વર્ય આપનારી સર્વ વિભૂતિઓથી તેમનો દિવ્યદેહ વિભૂષિત છે તે દરેક વિભૂતિનાં નામ આપીને તેમાં ક્યા પ્રકારની સામર્થ્યતા ધરાવે છે તે બાલકુવેરસ્વામી એક પછી એક દર્શાવે છે તે પ્રેમપૂર્વક સમજ ધારણ કરીને તથા એકાગ્ર ચિત્ત રાખીને સાંભળવા માટે માતાને અનુરોધ કરે છે.

# છપ્પા ૩૬

## અબ ઉચરત મોઈ વાણ્ય, આગુ જેહી કહી વિભૂત કી;
## સબ વિધિ પરે પહેચાણ્ય, જાણ જીમે સકલ સહુતકી. ૧

### શબ્દાર્થ

**અબ** = હવે **ઉચરત** = ઉચ્ચાર કરું છું **મોઈ** = મારી **વાણ્ય** = વાણી **આગુ** = આગળ, અગાઉ **જેહી** = જે **કહી** = કહી હતી **વિભૂત કી** = વિભૂતિ અંગેની, વિભૂતિની **સબ વિધિ** = બધી રીતે **પરે** = પડે **પહેચાણ** = ઓળખ, ખબર, સમજ **જાણ** = સમજ **જીમે** = જેમાં, તેમાં **સકલ** = સર્વ, બધી જ **સહુતકી** = સહુની, સઘળી, સકળ, બધી જ.

### અનુવાદ

**આગળ વિભૂતિની જે વાત કહી હતી તે અંગે હવે હું મારા વચનો દ્વારા ઉચ્ચાર કરુ છું. જેથી તેમાં દર્શાવેલ સઘળી માહિતીની બધી જ રીતે સમજ પડે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામીએ તેમનામાં રહેલી ઐશ્વર્ય દેનારી વિભૂતિની વાત કહી હતી તેના અનુસંધાનમાં તેઓ તેમની વાણી દ્વારા સવિસ્તાર વર્ણન કરીને જણાવે છે, જેથી વિભૂતિઓની ઓળખાણ મેળવીને તેમાં સમજાવેલી તમામ (સઘળી) સમર્થતાની માહિતીની દરેક પ્રકારે સમજ પડે.

## પ્રથમ કહુ નિજ પરમ, મરમ કરતારનકે કુલ;
## જીનકે સકલ સબેહ, તેહ ગતિ ગનીત ગયે ભૂલ. ૨

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલી **કહુ** = કહુ **નિજ** = મૂળ, આદિ, પોતે **પરમ** = મહાન, શ્રેષ્ઠ **મરમ** = મર્મ, રહસ્ય **ભેદ કરતારનકે** = કર્તાએ બનાવેલી **કુલ** = તમામ (સર્વ) ઉત્પત્તિ **જીનકે** = જેની, જે અંગેની જેનાથી **સકલ** = સર્વ **સબેહ** = બધા, તમામ, સઘળી **તેહ** = તે **ગતિ** = સમજ, જ્ઞાન, સૂઝ **ગનીત** = ગણતરીમાં લેવાની **ગયે ભૂલ** = ભુલી ગયા છે.

### અનુવાદ

**પહેલી ''નિજ પરમ વિભૂતિ,'' જેમાં કર્તાએ રચેલી બધી જ ઉત્પત્તિનો મર્મ દર્શાવેલો છે. જેના થકી તમામ પ્રકારની બધી જ માહિતી કે જેની સમજ ગણતરીમાં લેવાની ભુલાઈ ગયેલી છે.**

### ભાવાર્થ

પહેલી 'નિજ પરમ' વિભૂતિ છે. જેનાથી બાલકુવેરસ્વામી બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિનાં તત્ત્વોની મેળવણી અંગે ગૂઢાર્થ ભરી માહિતી આપે છે. વળી જેણે આ સઘળી રચના કરેલી છે તે રચનાના કારણ રુપે સકર્તાપતિ સર્જનહારની તથા ચૈતન અંશના શુદ્ધ સ્વરૂપની જાણ કરવાની છે. તે વિભૂતિના પ્રતાપે તેઓ જગતમાં અંશ-અંશીનો લક્ષ દર્શાવે છે. તેમજ તમામ પ્રકારની માહિતી કે જે ગુપ્ત રહી હતી, વળી જેને માટે કોઈએ તે વિષયને દર્શાવવાનો પ્રયત્ન જ કર્યો ન હતો. એવી ગણતરીમાં ન લેવાયેલી અંશી સહિતની સઘળી માહિતીને વિશ્વમાં પ્રસિદ્ધ કરી શકે છે. જેથી વિશ્વના જીવોથી કશું પણ અજાણ્યું રહેવા પામે નહીં.

**બરની ગયે સબ બ્રાત, દુલા કોઉ કીયે ન નરણીત;**
**નિગમ કહી નિરવાણ, જાણ તે રહી અવરણીત. ૩**

### શબ્દાર્થ

**બરની ગયે** = વર્ણન કરી ગયા **સબ** = બધા, સર્વ **બ્રાત** = બરાત, જાન, જાનૈયાનો સમૂહ **દુલા** = વરરાજા, દુલ્હા **કોઉ** = કોઈએ **કીયે ન** = કર્યા નહીં **નરણીત** = નિર્ણય, નિશ્ચિત, નક્કી **નિગમ** = વેદએ **કહી** = કહીને **નિરવાણ** = નિર્વાણ, વાણીથી પરે **જાણ** = માહિતી, સમજ, જ્ઞાન **તે** = તે **રહી** = રહી ગઈ **અવરણીત** = વર્ણન કર્યા વગરની, ગુપ્ત, અજાણ.

### અનુવાદ

**વેદે અંતિમ પદને નિર્વાણ (પદ) કહ્યું છે. તેથી તેની માહિતી અજાણ રહી ગઈ. પરિણામે વિશ્વમાં બધાએ જાનનું (જાનૈયાનું) જ વર્ણન કર્યું, પરંતુ કોઈએ વરરાજાનો નિર્ણય કર્યો નહીં.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ પોતાના પાંચમા મુખના છેદન બાદ ચતુર્મુખ દ્વારા ઉચ્ચારેલા ચાર વેદમાં પરમપદ અંગે અજાણપણું દર્શાવ્યું. તેમાં તેનો કોઈ અંત નથી અર્થાત્ ''નેતિ'' શબ્દથી ઉદ્‌બોધન કરીને પરમપદને નિર્વાણપદ તરીકે વર્ણવ્યું અને બ્રહ્મને સર્વોપરી સ્થાપ્યું. આમ, ગુપ્ત પરમપદની માહિતી વિશ્વમાં અજાણી રહી ગઈ. ત્યારબાદ વેદના અધ્યયન દ્વારા દરેક મહાપુરુષોએ પણ વિશ્વના ચૌદલોકમાં નિવાસ કરતા દેવી-દેવતાઓની આદ્ય લઈ યક્ષ, ગાંધર્વ, કીન્નર, દાનવ સહિત ચોર્યાસી લાખ પ્રકારના ઘાટ રુપ જાનૈયાઓનું જ વર્ણન કર્યું છે, પરંતુ આ સઘળી રચનાના રચનાર અને સર્વના કારણરુપે રહેલા સર્જનહાર રુપ વરરાજાનું (અંશીનું)કોઈએ વર્ણન કર્યુ નથી.

**નેતિ કહણ કી નેટ, ઠેઠ નહીં કરી ખરાખર;**
**લહે ન શાસ્ત્ર પુરાન, કુવેર ગમ રહી નેતિ પર. ૪**

### શબ્દાર્થ

**નેતિ** = ''નેતિ'' જેનો કોઈ અંત નથી એવું પદ **કહણ કી** = કહેવાની **નેટ** = નિશ્ચય, નક્કી **ઠેઠ** = અંતે, છેવટે, છેલ્લે **નહીં** = નહીં **કરી** = કરી શક્યા, બતાવી શક્યા **ખરાખર** = સાચેસાચું, ખરેખર, યથાર્થ, ખરેખરું **લહે ન** = જાણે નહીં **શાસ્ત્ર** = છ શાસ્ત્ર **પુરાન** = અઢાર પુરાણ **કુવેર** = કુવેરસ્વામી **ગમ** = સમજ, સૂઝ, માહિતી, જ્ઞાન **રહી** = રહી ગઈ **નેતિ પર** = નેતિથી પર, નેતિથી અલગ, ભિન્ન.

## અનુવાદ

**અંતે નેતિ કહેવાથી છેવટના (પરમ) પદ માટે સાચે સાચું નક્કી (નિર્ણય) કરી શક્યા નહીં. કુવેરસ્વામી કહે છે કે તેને કારણે નેતિથી પરે રહેલ જાણને શાસ્ત્ર કે પુરાણ પણ જાણી શક્યા નથી.**

## ભાવાર્થ

આ રીતે બ્રહ્માજીની પોતાની જાણ વિસ્મૃતિ પામતાં છેવટે ''નેતિ'' શબ્દનો ઉચ્ચાર કર્યો. અંતિમ બ્રહ્મપદને નિર્વાણપદ દર્શાવ્યું, પરંતુ તેઓ સાચે સાચું નિર્વાણપદ કે જે તેમણે દર્શાવેલા નેતિ પદથી પણ પરે રહેલું છે; તેનો નિર્ણય

કરી શક્યા નહીં. એટલા માટે જ બાલકુવેરસ્વામી કહે છે કે વેદના અભ્યાસથી જ્ઞાની મહાપુરુષો દ્વારા બનાવેલા છ શાસ્ત્ર અને વ્યાસજીની કલ્પના દ્વારા રચાયેલા અઢાર પુરાણમાં પણ તે બ્રહ્મપદથી પરે રહેલા છેવટના પરમપદની જાણ ક્યાંથી હોય ?

# છપ્પા ૩૭

**પીછે અજ અહંમેવ, ભેવ ભલ કિયે ભવાટીક;**
**વેત્તા સહિત આચારજ, તેહી પણ પચે ભૂનાટીક. ૧**

### શબ્દાર્થ

**પીછે** = પાછળ, પછી, ત્યારબાદ **અજ** = બ્રહ્માજીએ **અહંમેવ** = પોતાની જાણ મુજબ, પોતાની મેળે **ભેવ** = ભેદ, મર્મ, રહસ્ય, રચના **ભલ** = નિરૂપણ, નિર્માણ **કિયે** = કર્યું **ભવાટીક** = બ્રહ્માંડમાં ઉત્પત્તિ પામેલા બ્રહ્મમાં ભવેલ દુનિયા **વેત્તા** = જાણકાર, જ્ઞાની પુરુષો **સહિત** = સાથે **આચારજ** = ધર્માચાર્યો **તેહી પણ** = તે પણ **પચે** = રચ્યા પચ્યા, લીન પામ્યા, મગ્ન થયા, રંગાયા **ભૂનાટીક** = ભવની જંજાળમાં, ભવની ભવાઈમાં, વિશ્વના નાટકમાં.

### અનુવાદ

**ત્યારબાદ બ્રહ્માજીએ પોતાની સમજ (જાણ્ય) મુજબ બ્રહ્મમાં થયેલ રહસ્યમય રચનાનું નિરૂપણ કર્યું. ત્યારે જ્ઞાની પુરુષો અને આચાર્યો પણ તે જ રાહે ભવની ભવાઈમાં રંગાયા.**

### ભાવાર્થ

પાંચમાં મુખના છેદન બાદ બ્રહ્માજીએ પોતાની જાણ મુજબ બ્રહ્મભૂમિકામાં નિર્માણ પામેલી સઘળી રચનાનું વિગતવાર વર્ણન કર્યું છે. જે જ્ઞાની પુરુષો અને ધર્માચાર્યો થઈ ગયા તેમણે પણ બ્રહ્માજી દ્વારા દર્શાવેલ જ્ઞાનના આધારે પોતાની સૂઝ મુજબ દુનિયામાં રોજ-બરોજના વ્યવહારુ જીવનમાં ભજવાતા સાંસારિક નાટકમાં રચ્યાપચ્યા રહીને જગતને ઉપદેશ આપ્યો.

**રહે જેહી અજમાલ અરસ, અજ પુરુષ પરમપર;**
**તીનું કરન જુગ જાણ, કુવેર પદ ધરે પોમી પર. ૨**

### શબ્દાર્થ

**રહે** = રહ્યા **જેહી** = જે **અજમાલ** = અજાણ્યા **અરસ** = અંતરિક્ષ **અજ** = બ્રહ્માજી દ્વારા **પુરુષ** = પુરુષ **પરમપર** = પરમથી પરે રહેલા **તીનું** = તેમને **કરન** = કરવા **જુગ** = જગતને **જાણ** = માહિતી, ખબર

**કુવેર** = કુવેરસ્વામી **પદ ધરે** = પ્રગટ થયા, આવ્યા, પધાર્યા **પોમી પર** = ધરતી પર, પૃથ્વી પર.

## અનુવાદ

**બ્રહ્માજી દ્વારા જે બ્રહ્મથી પણ પરે રહેલા અજાણ્યા પરમપુરુષની જગતમાં જાણ કરવા માટે જ કુવેરસ્વામીજી પોમી (પૃથ્વી) પર પધાર્યા છે.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ જે પદની નેતિ પોકારી તેથી પર રહેલા પરમપદથી જગતમાં સૌ અજાણ્યા રહેલાં છે. તે અંતરિક્ષમાં રહેલા અજાણ પરમપુરુષ રુપ સકર્તા સર્જનહારની જાણ કરવા માટે જ બાલકુવેરસ્વામી પૃથ્વી પર પ્રગટ સ્વરૂપે પધાર્યા છે.

## દ્વિતીયે કહુ અનભેવ, દેવ કરતારન કે નિજ;
## જીનકે કીયે સબેવ, અખિલકે અંશ અમીત બીજ. ૩

### શબ્દાર્થ

**દ્વિતીયે** = બીજી **કહુ** = કહુ છું **અનભેવ** = અનભેવ વિભૂતિ **દેવ** = દૈવી પુરુષો **કરતારનકે** = કર્તાના, સકર્તા, સર્જનહારના **નિજ** =પોતાના **જીનકે** = જેમણે **કીયે** = કરેલા, કર્યા **સબેવ** = બધા **અખિલકે** = વિશ્વના **અંશ** = સજાણજાણ ચૈતન અંશ **અમીત** = અમાપ, અનંત **બીજ** = બીજક રુપ.

## અનુવાદ

**કર્તાએ દેવો સહિત દરેક દેહો રચીને જેમના દ્વારા બીજક રુપ જે અનંત અંશ પ્રેર્યા છે, તેનું જ્ઞાન બીજી 'અનભેવ' વિભૂતિના પ્રતાપે કહુ છું.**

## ભાવાર્થ

બીજી "અનભેવ" નામની વિભૂતિના પ્રતાપે બાલકુવેરસ્વામી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહો ધરાવતા દેવી-દેવતાઓ તેમજ ૮૪ લાખ પ્રકારના સ્થૂળ ઘાટ સહિત તમામ દેહો જે રીતે ચેતનવંત થયેલા છે, તે અને દરેકમાં બીજક રુપે રહેલા સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ પૈકીના કોઈને કોઈ અંશોને જે રીતે પ્રેરક કર્યા છે, તે અંગેની સમજ દુનિયાને નિર્ભયતાપૂર્વક કહી શકે છે.

## તીનકે કરન નવેર અંશ, ઓરુ કર્તા કારન પદ;
## ઘટકે વ્યોમવત્ અંશ, કુવેર નિજ કર્તા શૂન્ય મહદ્. ૪

### શબ્દાર્થ

**તિનકે** = તેઓને, તેની **કરન** = કરીને **નવેર** = નિર્ણય, નિવેડો, ચોખ્ખા કરીને **અંશ** = સજાણજાણ ચૈતન સ્વરૂપ **ઓરુ** = અને **કર્તા** = સર્જનહાર, અંશી **કારન પદ** = કારણરૂપ પરમપદ **ઘટકે** = ઘડાના **વ્યોમવત્** = આકાશરુપે, ઘટાકાશ રુપે **અંશ** = અંશ **કુવેર** = કુવેરસ્વામી **નિજકર્તા** = સર્જનહાર પોતે **શૂન્ય મહદ્** = મહદ્ શૂન્ય સ્વરૂપે.

### અનુવાદ

**તેથી કરીને જે ઘટાકાશ રુપ દેહમાં રહેલ અંશ અને મહદ્ શૂન્યમાં રહેલા અંશી છે; એવા અંશ અને કારણરૂપ રુપે રહેલા અંશીના પદનો નિર્ણય કરીને બતાવીશ, એમ કુવેરસ્વામી કહે છે.**

### ભાવાર્થ

બીજી અનભેવ વિભૂતિના પ્રતાપે જ બાલકુવેરસ્વામી ઘટાકાશ રુપ દેહમાં રહેલ અંશ અને મહદ્શૂન્યમાં રહેલા અંશી છે, તેવા અંશ અને અંશીના પદનો યથાયોગ્ય (જેમ છે તેમ) નિર્ણય કરીને દર્શાવી શકે છે.

# છપ્પા ૩૮

## કર્તા સંબંધ વિભૂત હુત, ત્યૌ કિયે નિરાક્રણ;
## તુમસે છપી ન કાંય, તેહી તુમ લહીત પરાક્રણ. ૧

### શબ્દાર્થ

**કર્તા** = સર્જનહાર **સંબંધ** = નાતો ધરાવતી **વિભૂત** = વિભૂતિ, શક્તિ, સામર્થ્ય **હુત** = હતી **ત્યૌ** = તે અંગે, તેની, તેનું **કિયે** = કર્યું **નિરાક્રણ** = ખુલાસો, નિરાકરણ, નિવેડો **તુમસે** = તમારાથી **છપી** = છૂપું, ગુપ્ત, છાનુ **ન કાંય** = કંઈ નહિ **તેહી** = તે **તુમ** = તમો **લહીત** = જાણ્યું, જાણીને **પરાક્રણ** = પુરુષાર્થ, પ્રયત્ન, શક્તિ, તાકાત.

### અનુવાદ

**કર્તા સાથે નાતો ધરાવતી વિભૂતિ અંગેનો ખુલાસો કરીને તમારાથી કંઈ પણ છૂપું રાખ્યું નથી. તેથી તમો મારી શક્તિને જાણી શકો.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામીએ કર્તા સાથે સંબંધ ધરાવતી તેમની જે બીજી વિભૂતિ હતી તેનુ દૃષ્ટાંત આપીને માતાને ખુલાસો કર્યો. તેઓ માતાને કહે છે કે તેમણે માતાથી કોઈ પણ બાબત છૂપી રાખી નથી. જેથી બાલકુવેર સ્વામીનો અહીં આવવા માટેનો જે પુરુષાર્થ છે તે અને તેમના સામર્થ્યની માતાને ખબર પડે.

## ત્રિતીયે ધિરજ વિભૂત, જુથ કે જુથ મલી જબ;
## ખટ દરશન લેઈ આદ્ય, વાદ્ય કરીતવ રીતે સબ. ૨

### શબ્દાર્થ

**ત્રિતીયે** = ત્રીજી **ધિરજ** = ધીરજ **વિભૂત** = શક્તિ, સામર્થ્ય **જૂથ કે જૂથ** = ટોળે ટોળાં **મલી** = મળીને **જબ** = જ્યારે **ખટ દરશન** = છ શાસ્ત્ર **લેઈ** = લઈને **આદ્ય** = સહિત **વાદ્ય** = વાદ વિવાદ **કરીતવ** = કરી શકું **રીતે સબ** = બધી જ રીતે, દરેક રીતે.

### અનુવાદ

**ત્રીજી “ધીરજ” વિભૂતિના પ્રતાપે છ શાસ્ત્રના જાણકારોની આદ્ય લઈ (વિદ્વાન પંડિતોનાં) ટોળે ટોળાં એકત્ર થઈને આવે તો પણ તેમની સાથે બધી જ રીતે વાદ-વિવાદ કરી શકું છું.**

### ભાવાર્થ

ત્રીજી “ધીરજ” વિભૂતિના સામર્થ્યથી ખટદર્શનની આદ્ય લઈને અન્ય તમામ ધર્મગ્રંથોના અભ્યાસુ (વિદ્વાન) પંડિતોનાં ટોળે-ટોળાં ભેગા થઈને વાદ - વિવાદ કરવા માટે આવે તો પણ તેઓ ડરતા નથી. તે તમામ વિદ્વાન-પંડિતો સાથે બાલકુવેરસ્વામી ધીરજપૂર્વક ચર્ચા-વિચારણા કરીને તેમને સંતોષ આપી શકે છે.

**વિભૂ ચતુરથી સોય, સહનશક્તિ સમદાયક;**
**કોહુસે કટુક ન ભાખ્ય, રાખ્ય જીનકે જીનું લાયક. ૩**

#### શબ્દાર્થ

**વિભૂ** = વિભૂતિ **ચતુરથી** = ચોથી **સોય** = તે **સહનશક્તિ** = સહનશક્તિ **સમદાયક** = સમાનતા દેનારી, યોગ્યતા આપનારી **કોહુ સે** = કોઈની સાથે **કટુક** = અપ્રિય, કડવી (વાણી) ન ગમે તેવું **ન** = નહીં **ભાખ્ય** = બોલવું, વાણી, બોલી **રાખ્ય** = રાખવું, બતાવવું **જીનકે** = જેને **જીનું** = જેનાં **લાયક** = યોગ્ય, ઉચિત.

### અનુવાદ

**ચોથી વિભૂતિ “સહનશક્તિ” સમદાયક છે જેના થકી હું કોઈની સાથે અપ્રિય લાગે તેવું (કડવી વાણી) બોલતો નથી, પરંતુ જેની જેવી યોગ્યતા હોય તેવું બતાવું છું.**

### ભાવાર્થ

ચોથી “સહનશક્તિ” સમદાયક નામની વિભૂતિ છે, એટલે બાલકુવેરસ્વામી સાથે કોઈ ગમે તેવી ભાષા વાપરે અથવા ગમે તેવું અપ્રિય બોલે તેમ છતાં પોતે સહનશક્તિના ગુણને લીધે સહન કરીને કોઈની સામે અપ્રિય લાગે તેવું વચન

બોલતા નથી. વળી, સર્વને સમાન દૃષ્ટિએ જોઈને કોઈના પ્રત્યે દ્વેષ રાખતા નથી. જેનું જેવું સામર્થ્ય હોય તેને તેવું યથાયોગ્ય બતાવે છે. વળી દરેકે-દરેક સંપ્રદાય અને સિદ્ધાંતોની ન્યાયપૂર્ણ રીતે સમજ દર્શાવીને દરેકની હદ બતાવે છે.

**પંચમી જીતસભા વિભૂતનસે, કોહુસે હાર ન હોઈ;**
**છઠ્ઠી અભેભવ સેતી ડરપકી, કુવેર ગનીત નહીં કોઈ. ૪**

### શબ્દાર્થ

**પંચમી** = પાંચમી **જીતસભા** = સભાજિત **વિભૂતનસે** = વિભૂતિથી **કોહુસે** = કોઈથી **હાર** = હાર, પરાજીત **ન** = નહીં **હોઈ** = થવું **હોય છઠ્ઠી** = છઠ્ઠી **અભેભવ** = ભયરહિત (ભવથી અભય) **સેતી** = સહિત **ડરપકી** = નિડર, ડરનો અભાવ **કુવેર** = કુવેરસ્વામી **ગનીત** = ગણતરી, ગણકારવું **દરકાર નહીં** = નહીં **નથી કોઈ** = કોઈની.

### અનુવાદ

**પાંચમી "સભાજીત" વિભૂતિને લીધે કોઈથી હારતો નથી. વળી છઠ્ઠી "અભેભવ" વિભૂતિથી કોઈના પણ ડરને ગણકારતો નથી, એમ કુવેરસ્વામી કહે છે.**

### ભાવાર્થ

પાંચમી "સભાજિત" નામની વિભૂતિ વડે બાલકુવેરસ્વામી ગમે તેટલા વિદ્વાન પંડિતો અને જ્ઞાની પુરુષોની સભામાં થતી સૈદ્ધાંતિક ચર્ચા-વિચારણામાં કોઈથી પણ હાર પામતા નથી. છઠ્ઠી "અભેભવ" વિભૂતિના પ્રતાપે કોઈની પણ શરમ રાખ્યા સિવાય જગતમાં ગમે તેવો ભય ઉપસ્થિત કરવામાં આવે તો તેવા ભય (ડર) ને ગણતરીમાં ન લેતાં તેનો નિડરપણે સામનો કરે છે. ગમે તેવા પ્રતિવાદી હોય તેની દરકાર કર્યા વિના પોતાના સકર્તા સિદ્ધાંતને મનાવીને જ રહે છે.

# છપ્પા ૩૯

**વિભૂ સપ્તમી યોગકલા, જતમત ૐ કારન આદિ;**
**વૃત્તિ સમેટ નેટ કરી, નિજમેં ધરી તવ અલગ ઉપાધિ. ૧**

### શબ્દાર્થ

**વિભૂ સપ્તમી** = સાતમી વિભૂતિ **યોગકલા** = યોગકલા **જતમત** = જેમ-તેમ, જેમ છે તેમ **ૐ કારન** = ઓમકારની **આદિ** = વગેરેની આદ્ય લઈને **વૃત્તિ** = વૃત્તિ, મનની ભાવના, વલણ, સ્થિતિ (ચિત્તની પ્રવૃત્તિ) **સમેટ** = સમેટીને, એકત્રિત કરીને, વાળીને **નેટ કરી** = નક્કી, ચોક્કસ, નિશ્ચિત કરીને **નિજમેં** = પોતાનામાં, સ્વ-સ્વરૂપમાં **ધરી** = ધારણ કરીને **તવ** = તેનાથી, તેથી **અલગ** = જુદું, ભિન્ન, દૂર **ઉપાધિ** = બંધન, પીડા, મુશ્કેલી.

### અનુવાદ

**સાતમી "યોગકલા" વિભૂતિના પ્રતાપે જરાપણ પ્રયત્ન વગર ૐકારની વૃત્તિને પોતાનામાં સમેટી લઈ સ્થિર કરી શકુ છું, જેથી ધારણ કરવા યોગ્ય ઉપાધિઓથી ભિન્ન રહુ છું.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી સાતમી "યોગકલા" નામની વિભૂતિના આધારે કોઈ પણ જાતના પ્રયત્ન કર્યા સિવાય (જત-મતપણે) ૐકાર રુપ મૂળ પ્રણવ દ્વારા વૃત્તિઓને પોતાના સ્વ-સ્વરૂપમાં સમેટીને સ્થિર કરી શકે છે, જેથી જગતમાં દેહ દ્વારા ધારણ કરવા યોગ્ય જે બંધનો (ઉપાધિઓ) છે તેનાથી અલગ રહી શકે છે અર્થાત્ દેહને લગતા કાળ અને માયાના (આધિ, વ્યાધિ અને ઉપાધિ) બંધનોથી તેઓ મુક્ત રહે છે.

**અતિ આક્રાંત શકત વિભૂતિનકી, કહુ જીનુ કલા જનાઈ;**
**માંડી શકે નહીં કોઉ ભવકી ભર, અનુભવ કીનહુ ન તાઈ. ૨**

### શબ્દાર્થ

**અતિ** = અત્યંત **આક્રાંત** = આક્રાંત **શક્તિ** = શક્તિ, બળ **વિભૂતિનકી** = વિભૂતિની **કહુ** = કહુ **જીનું** = જેની **કલા** = સામર્થ્ય, શક્તિ, બળ **જનાઈ** = જણાવું છું **માંડી શકે નહીં** = ફરી શકે નહીં, નિશ્ચિત

કરી ન શકે **કોઉ** = કોઈ પણ **ભવકી ભર** = ભવભરમાં, વિશ્વમાં, સંસારમાં **અનુભવ** = પ્રત્યક્ષ, જ્ઞાન **કીનહુ** = કોઈને પણ **ન** = નથી,નહીં **તાઈ** = તે અંગે, તેનું, તેનો.

## અનુવાદ

**"અતિ આક્રાંત શક્તિ" વિભૂતિનું સામર્થ્ય કહી જણાવું છું. તેનો અનુભવ કોઈને ન હોવાથી દુનિયાભરમાં આ કાર્ય કોઈ કરી શકે તેમ નથી.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામી "અતિ આક્રાંત શક્તિ" નામની આઠમી વિભૂતિનું વર્ણન કરે છે. આ વિભૂતિ અત્યંત શૂરાતન ભરેલી છે. જેના પ્રતાપે તેઓ જે કાર્ય કરે તે આક્રમક શક્તિથી સકર્તા સિદ્ધાંત મુજબ ન હોય તેવા જગતમાં સ્થાપિત થયેલા વિવિધ મતનું ખંડન કરીને ન્યાયપૂર્વક સકર્તા સિદ્ધાંત સ્થાપી શકે છે. તેવો અનુભવ સમગ્ર વિશ્વમાં કોઈને પણ નથી. તેથી આવું કાર્ય કોઈ કરી શકે તેમ નથી.

**સકલ સિદ્ધાંત અંતકે ઉરહીત, નિરવિત કીયે નકલહી;**
**કરીત ફના પેમાલ પોમી ધર, નિજપત રખે એકલ હી. ૩**

### શબ્દાર્થ

**સકલ** = બધા, સર્વ, તમામ **સિદ્ધાંત** = મત, નિશ્ચિત કરેલ માન્યતાઓ **અંતકે** = છેવટનો **ઉરહીત** = હાર્દ, સારાંશ, અંતરનું સત્ત્વ **નિરવિત** = વિત્ત રહિતના, વિત્ત વગરના **કિયે** = કર્યા, કરેલું હોય **નકલહી** = અનુકરણ, અનુકૃતિ, અસલ મુજબ રજૂઆત **કરીત** = કરીને **ફના** = નાશ, પાયમાલ ધ્વંશ, ખંડન **પેમાલ** = ધરમૂળથી, ખુવાર, બરબાદ **પોમી ધર** = પૃથ્વી પર સ્થાપિત થયેલા **નિજપત** = નિજકર્તાના પતિપદને **રખે** = રાખ **એકલહી** = એકલા જ, એક જ.

## અનુવાદ

**તમામ મતોના છેવટનું હાર્દ તપાસી જે-જે નકલી છે તે તે વિત્ત રહિત છે તેમ દર્શાવીશ. ત્યારબાદ પૃથ્વી પર સ્થાપિત થયેલા સર્વ સિદ્ધાંતોને સંપૂર્ણ રીતે ખંડન કરીને એકલા જગતકર્તાનું જ સ્થાપન કરીશ.**

## ભાવાર્થ

નવમી "નિરવિત્ત નકલ ફના કરન" વિભૂતિના પ્રતાપે બાલકુવેરસ્વામી વિશ્વમાં સ્થાપિત થયેલી દરેક માન્યતાઓના છેવટના હાર્દને તપાસી શકે છે, જેમાં નકલી સર્જનહારના પદનું સ્થાપન કરેલું હોય તેવા બધા મત-પંથોને વિત્ત રહિત છે તેમ દર્શાવે છે. ત્યારબાદ તે બધા સિદ્ધાંતોની ન્યાયપૂર્વક સમજ દર્શાવ્યા પછી જ તેનું સૈદ્ધાંતિક રીતે ખંડન કરીને એકમાત્ર સાચા સર્જનહારના લક્ષને દર્શાવતા "સકર્તા સિદ્ધાંતની" સ્થાપના કરે છે.

## સો નિજપતિ પરાયન પરમીત, ઈત આવન નહીં જનકે;
## અટલ અનાદ્ય આદ્ય અવધિ બિન, અખિલ કુવેર સબ તીનકે. ૪

### શબ્દાર્થ

**સો** = તે, એવા, તેવા **નિજપતિ** = સર્જનહાર, મૂળ કર્તા માલિક **પરાયન** = પરાયન, અમાપ, શ્રેષ્ઠ સ્થાન, પરમપદ **પરમીત** = માપક **ઈત** = અહીં, મૃત્યુલોકમાં **આવન** = આવે, આવતા **નહીં** = નથી **જનકે** = જન્મ ધારણ કરીને, જન્મીને અવતાર લઈને **અટલ** = કાયમ, સ્થિર, અમર **અનાદ્ય આદ્ય** = આદિ-અનાદિ **અવધી બિન** = અખંડ, અવિનાશી **અખિલ** = સમગ્ર, બ્રહ્માંડ, સમસ્ત **કુવેર** = કુવેરસ્વામી **સબ** = બધા, તમામ, સર્વ **તીનકે** = તેમના દ્વારા બનાવેલા, તેમના જ.

## અનુવાદ

**તે સર્જનહાર અમાપ હોઈ માપક સ્વરૂપ ધારણ કરી અહીં આવતા નથી. કુવેરસ્વામી કહે છે કે એવા અમર આદિ-અનાદિ અને અવિનાશી કર્તા છે. વળી આ સઘળી રચના પણ તેમણે જ બનાવેલી છે.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામીએ કર્તાપદનું સ્થાપન કરવા માટે "સકર્તા સિદ્ધાંત" દર્શાવ્યો છે. આદિ સર્જનહાર અમાપ હોવાથી માપક દેહ ધારણ કરીને વિશ્વમાં (અવતાર લઈને) આવતા જ નથી. વળી સર્જનહાર અમર, આદિ, અનાદિ અને અવિનાશી છે. એવા સર્જનહાર દ્વારા જ સર્વ અંશો સહિત બ્રહ્મભૂમિકામાં નિર્માણ પામેલી તમામ રચના બનાવવામાં આવેલી છે.

## છપ્પા ૪૦

**ષષ્ટ ચતુરથી શકત વિભુ, નરવેદ નિરાક્રણ;**
**શિવ સુનકાદીક આદ્ય, પરંતહુ ત્યાગત મહારણ. ૧**

### શબ્દાર્થ

**ષષ્ટ ચતુરથી** = દશમી (૬ + ૪) **શકત** = શક્તિ **વિભુ** = વિભૂતિ **નરવેદ** = વૈરાગ **નિરાક્રણ** = નિરાકરણ, નિવેડો, ટાળવું, નિવારણ **શિવ** = શિવજી, શંકર **સુનકાદિક** = બ્રહ્માપુત્ર સનકાદિકો **આદ્ય** = આદિમાં, પ્રારંભમાં **પરંતહુ** = પરંતુ, પણ, તેમ છતાં, જેમ કે **ત્યાગત** = ત્યજવું, છોડી દેવું **મહારણ** = અજ્ઞાન દૂર કરનાર, તમાહર.

### અનુવાદ

**દશમી "નરવેદ નિરાકરણ શક્તિ" વિભૂતિના પ્રતાપે તેમના વૈરાગ્યને કોઈ રોકી શકતું નથી. જેમ કે, અજ્ઞાન દૂર કરવા શિવ અને સનકાદિકોએ પણ ત્યાગ કર્યો હતો તેમ છતાં કોઈ રોકી શક્યું ન હતું.**

### ભાવાર્થ

દશમી "નરવેદ નિરાકરણ શક્તિ" નામની વિભૂતિના પ્રતાપને આધારે બાલકુવેરસ્વામી પોતાના દિવ્ય દેહને વિષે વૈરાગ્ય ધારણ કરીને રહેલા હોઈ તેને આદ્યશક્તિ સહિત કોઈ પણ ડગાવી શકતું નથી. તે માટે તેઓ દૃષ્ટાંત આપે છે કે પોતાના અજ્ઞાનને દૂર કરવા અને પરમપદને પ્રાપ્ત કરવા માટે શિવ તથા સનકાદિકો પણ વૈરાગ ધારણ કરી શક્તિનો ત્યાગ કરીને મહાશૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા, તેમ છતાં તેમના વૈરાગ્યને કોઈ રોકી શક્યું ન હતું.

**તેહી લાયેહુ હમ ધરન, કરન જીનું પરમ પસારન;**
**પ્રથમ કીયે અંગીકાર, પુરુષ ભવકે જેહી કારન. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તેથી, તે **લાયેહુ** = લાવ્યો છું **હમ** = હું **ધરન** = ધારણ કરીને **કરન** = કરતા **જીનું** = જેનો **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ **પસારન** = પસારો, ફેલાવો **પ્રથમ** = સૌપ્રથમ **કીયે** = કર્યો **અંગીકાર** = સ્વીકાર, ધારણ **પુરુષ** = પુરુષ **ભવકે** = ભવન, જગતના **જેહી** = જે **કારન** = કારણરુપે.

### અનુવાદ

**વિશ્વના કારણરૂપ પુરુષે પ્રથમ ધારણ કર્યો હતો તેવો વૈરાગ મેં ધારણ કરેલો છે, જેને કારણે હું પણ શ્રેષ્ઠ જ્ઞાનનો પસારો કરી શકું છું.**

### ભાવાર્થ

વૈરાગની વાતને વધુ સ્પષ્ટ કરવા કુવેરસ્વામી બીજું ઉદાહરણ આપે છે કે વિશ્વની ઉત્પત્તિના કારણ રુપે રહેલા આદિ નિરંજનપુરુષે સૌપ્રથમ વૈરાગ ધારણ કર્યો હતો. તેઓ આદ્યશક્તિ સહિત પરિવારને ત્યજીને ગંભીરા શૂન્યમાં જઈ તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા. તેમ છતાં તેમને મહામાયા રોકી શક્યાં ન હતા. તેવી જ રીતે એવા જ અડગ વૈરાગ્યની વિભૂતિને આધારે બાલકુવેર સ્વામીએ પણ વૈરાગ ધારણ કર્યો હોઈ તેમણે શ્રેષ્ઠ જ્ઞાનનો પસારો કરતાં માયાનાં કોઈ પણ રુપ કે દૂત રોકી શકે તેમ નથી.

## સપ્ત ચતુરથી સરલ વિભૂ, પરકાશ પરમ વિત્ત;
## દ્વાદશમી મહા દિરઘ વિભૂ, વિભક્તિ કરન ઈત. ૩

### શબ્દાર્થ

**સપ્ત ચતુરથી** = અગિયારમી (૭ + ૪) **સરલ** = સરલ **વિભૂ** = વિભૂતિ **પરકાશ** = પ્રકાશ, ફેલાવો **પરમ** = શ્રેષ્ઠ, સર્વોચ્ચ, પરમેશ્વર **વિત્ત** = મૂળ કારણરૂપ, શક્તિ **દ્વાદશમી** = બારમી **મહા દિરઘ** = મહાદીર્ધ **વિભૂ** = વિભૂતી **વિભક્તિ** = ન્યારા, જુદા, ભિન્ન, અલગ **કરન** = કરવા **ઈત** = અહીં, આ બાજુની.

### અનુવાદ

**અગિયારમી 'સરલ' વિભૂતિના પ્રતાપે પરમેશ્વરની શક્તિનો પ્રકાશ કરીશ અને બારમી 'મહાદીર્ધ' વિભૂતિના પ્રતાપે અહીંના સર્વનું વિભાગીકરણ કરી આપીશ.**

### ભાવાર્થ

અગિયારમી 'સરલ' વિભૂતિના પ્રતાપે બાલકુવેરસ્વામી દુનિયામાં ખૂબ જ સહેલાઈથી સર્જનહારનું સામર્થ્ય દર્શાવીને કૈવલજ્ઞાનનો ફેલાવો કરી શકે છે. બારમી 'મહાદીર્ઘ' નામની વિભૂતિના પ્રતાપે તેઓ દીર્ઘદષ્ટા બનીને જગત પક્ષની આદ્ય, મધ્ય અને અંતઃ સર્વ રચનાનું વિભાગીકરણ કરી શકે છે. એટલું જ નહીં પરંતુ જડ અને ચૈતનના ભેદને જુદા પાડીને વિત્ત રુપે રહેલા પદને દર્શાવી શકે છે.

## ત્રિયેદશમી પ્રારબ્ધ વિભૂ, રધ્ય સિદ્ધ કી દાયક;
## ચતુરદશી નિરલેપ કુવેર, ભવ ફરક રહાયક. ૪

### શબ્દાર્થ

**ત્રિયેદશમી** = તેરમી (૩ + ૧૦) **પારબ્ધ** = નસીબ **વિભૂ** = વિભૂતિ **રધ્ય સિદ્ધ કી** = રિદ્ધિ-સિદ્ધિની **દાયક** = આપનારી, દેનારી **ચતુરદશી** = ચૌદમી (૪ + ૧૦) **નિરલેપ** = નિર્લેપ **કુવેર** = કુવેરસ્વામી **ભવ** = ભવ (જગત) માં **ફરક** = તફાવત, અલગ, ફેર **રહાયક** = રહી શકે.

### અનુવાદ

**તેરમી 'પ્રારબ્ધ' વિભૂતિ રિદ્ધિ અને સિદ્ધિ આપવાવાળી છે. વળી ચૌદમી 'નિર્લેપ' વિભૂતિથી કુવેરસ્વામી ભવથી ભિન્ન રહી શકે છે.**

### ભાવાર્થ

તેરમી 'પ્રારબ્ધ' નામની વિભૂતિથી બાલકુવેર સ્વામી પોતે ઈચ્છે તે વ્યક્તિનું નસીબ બદલીને તેને રિદ્ધિ-સિદ્ધિ પ્રદાન કરી શકે છે.

ચૌદમી 'નિર્લેપ' વિભૂતિથી બાલકુવેરસ્વામી ભવમાં રહેતા હોવા છતાં પણ ભવથી ભિન્ન અલગ તરી આવે છે. અર્થાત્ સંસારમાં તેઓનું અધિકતાપણું દેખાઈ આવે છે. આ ઉપરાંત તેઓ સંસારમાં લોપાયમાન થતા નથી અર્થાત સંસારમાં જળકમળવત્ રહે છે.

# છપ્પા ૪૧

## પંચદશી વિભૂવેત, સિદ્ધાંત સબેત સમારન;
## વિવિધ ભાગ વિગતંગ, અંગ જીનકે જેહી કારન. ૧

### શબ્દાર્થ

**પંચદશી** = પંદરમી (૫ + ૧૦) **વિભૂવેત** = વિભૂતિના જાણકાર **સિદ્ધાંત** = પ્રમાણિત કરેલ નિયમ **સબેત** = સર્વ રીતે **સમારન** = સમાવેશ કરીને **વિવિધ ભાગ** = અલગ અલગ વિભાગ **વિગતંગ** = વિગતવાર વિભાગ **અંગ** = વિભાગ, પ્રકરણ **જીનકે** = જેનો **જેહી** = જેવો **કારન** = કારણસર વિષયનો અભિપ્રાય આપી ફેસલો દર્શાવીને.

### અનુવાદ

**પંદરમી ''સિદ્ધાંતવેત્ત'' વિભૂતિથી વિધ-વિધ રીતે જેવો વિષય તેવો અભિપ્રાય દર્શાવી વિગતવાર વિભાગો પાડીને સિદ્ધાંતની માહિતી જણાવી શકુ છું.**

### ભાવાર્થ

પંદરમી 'સિદ્ધાંત વેત્ત' વિભૂતિના પ્રતાપે બાલકુવેરસ્વામી કૈવલવેત્તાના નાતે સકર્તા સિદ્ધાંત પ્રતિપાદન કરતા અલગ અલગ વિષયોને આવરી લેતા મુદ્દાઓની છણાવટ કરી શકે છે. પોતાનો નિખાલસ અભિપ્રાય આપતા વિવિધ અંગોની રચના કરીને પંચમી અખંડ કૈવલમુક્તિની પ્રાપ્તિ માટે કૈવલજ્ઞાનથી ભરપૂર ધર્મગ્રંથોની પણ રચના કરી શક્યા છે.

## કરીત કરામલ ખોજ પ્રોજ, નિજ ક્રતા શરન સિદ્ધ;
## જીનતે સરીત હરેક, વેખ વિનુ વેખ અમીત રિદ્ધ. ૨

### શબ્દાર્થ

**કરીત** = કરીને **કરામલ** = યુક્તિ, સામર્થ્ય, ચતુરાઈ **ખોજ** = શોધ, ખોળ **પ્રોજ** = પ્રયોજનપૂર્વક, ઉદ્દેશપૂર્ણ, આશય **નિજ ક્રતા** = નિજકર્તા **શરન** = શરણું **સિદ્ધ** = નિત્ય, હમેશનું, સિધત્વ **જીનતે** = જેમનાથી **સરીત** = સરજીત **હરેક** = દરેક, પ્રત્યેક, હરકોઈ **વેખ** = શરીર, વેશ **વિનુ વેખ** = વેશ વિનાનાં અરૂપ **અમીત** = અમાપ **રિદ્ધ** = સાહેબ, ઐશ્વર્ય.

### અનુવાદ

**જેથી યુક્તિપૂર્વકની શોધ કરી નિજકર્તાનું શરણું સિદ્ધ કરીને રહી શકે. જેમણે પ્રત્યેક સર્જન વેશવાળું કર્યું, પરંતુ પોતે તો વેશ રહિત અમાપ અને ઐશ્વર્યવાન છે.**

### ભાવાર્થ

મુમુક્ષુજનો ગ્રંથોનો અભ્યાસ કરીને તેમાં દર્શાવેલ યુક્તિપૂર્વકની રહેણી-કરણી અને ભક્તિ કરીને નિજકર્તાને ઓળખી શકે. વળી તેઓ પરમગુરુની કૃપા થકી એવા સર્જનહારના શરણમાં રહે કે જેમણે પ્રત્યેક સર્જન વેશવાળું બનાવ્યું, પરંતુ પોતે તો વેશ રહિત અમાપ અને સર્વ સાહ્યબીના માલિક તરીકે રહેલા છે.

## વિભૂ અષ્ટ ઉભયેવ, દેવ સમ સેવ સરાવન;
## નિરમિત નિરાજણ લક્ષ, પક્ષ પરમિત જુગ પાવન. ૩

### શબ્દાર્થ

**વિભૂ** = વિભૂતિ **અષ્ટ ઉભયેવ** = સોળમી (૮ + ૮) **દેવ** = દૈવી પુરુષો **સમ** = સમાગ, માફક, તુલ્ય, ની જેમ **સેવ** = સેવા-પૂજા, ભક્તિ **સરાવન** = સરાહના, પ્રશંસા, વખાણ, તારીફ **નિરમિત** = નિર્માણ કર્યો, બનાવ્યું, રચવું, નિર્માણ કરવું **નિરાજણ** = આરતી, સ્તુતિ **લક્ષ** = લક્ષ ભજન, અંતિમ ધ્યેય **પક્ષ** = અનુકૂળ મત કે પ્રવૃત્તિ **પરમિત્ત** = અલ્પજ્ઞ માપક **જુગ** = જગતને **પાવન** = પવિત્ર, પ્રાપ્ત કરવા, અધ્યાસ, નિરંતર એક જ ધ્યાન.

### અનુવાદ

**દેવોની સેવા અને સરાહનાની માફક સોળમી 'નિરમિત નિરાજન લક્ષ' વિભૂતિના પ્રતાપે માપક જગતને નિરંતર ધ્યાન માટેની સ્તુતિનું નિર્માણ કર્યું છે.**

### ભાવાર્થ

જગતમાં જેમ દેવોની સેવા અને સરાહના કરવામાં આવે છે તેમ સર્જનહારને પ્રાપ્ત કરવા માટેની પણ લક્ષ ભજન વિધિની રચના કરવાનું સામર્થ્ય આપતી "નિરમિત નિરાજણ લક્ષ" નામની સોળમી વિભૂતિ બાલકુવેર સ્વામી સાથે છે. જેના આધારે તેમણે સર્જનહારને માપક રહેલા જગતના સર્વ અંશોને માટે અંશભાવે કરવા

યોગ્ય આરતી, સ્તુતિની આદ્ય લઈ "અમરમંત્ર" ની રચના કરી છે. જેથી પ્રત્યેક અંશ ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ નિયમિત એક જ લક્ષનું ધ્યાન ધરીને પવિત્ર અને ગુપ્ત અમરમંત્રના જાપ જપી શકે. આ પ્રમાણે નિયમિત રુપે સવાર-સાંજની આરતી સ્તુતિ સહિત ઉપાસના કરી શકે.

**વિભૂ સોળસે હે વરત, કરત લેઈ ધરીત પોમી પદ;**
**નિજકી નિઘા નિહોર પોર, પતિકેહી કુવેર સદ. ૪**

### શબ્દાર્થ

**વિભૂ** = વિભૂતિ **સોળસે** = સોળથી **હે** = છે, છું **વરત** = વર્તવાની શક્તિ, ટેક, પ્રતિજ્ઞા, તેમ **કરત** = કાર્યો **લેઈ** = લઈને **ધરીત** = ધર્યો, ધારણ કર્યા, મૂક્યો **પોમી** = પૃથ્વી પર **પદ** = પગ, ચરણ **નિજકી** = પોતાની, પતિની **નિઘા** = કૃપાદૃષ્ટિ, નિગાહ **નિહોર** = ધ્યાનપૂર્વક જુઓ, નિહાળો **પોર** = પ્રેરિત **પતિકેહી** = પતિની જ **કુવેર** = કુવેરસ્વામી **સદ** = નિશ્ચિત, નક્કી.

### અનુવાદ

**સોળ વિભૂતિઓથી વિભૂષિત થઈને કાર્યોની જવાબદારી (નેમ) લઈને પૃથ્વી ઉપર પધાર્યો છું. કુવેરસ્વામી કહે છે કે નિજપતિની કૃપાદૃષ્ટિથી જ મારામાં નિશ્ચિતરુપે આ સોળ વિભૂતિઓ પ્રેરક થયેલી છે તે (ધ્યાનપૂર્વક) નિહાળીને જુઓ.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી સોળ વિભૂતિઓથી[1] વિભૂષિત (સજ્જ) થઈને આ વિશ્વમાં આવ્યા છે. તેઓ કૈવલ કર્તાએ સોંપેલા અંશ-અંશીના લક્ષને જગતમાં જણાવવાની જવાબદારી લઈને તે કાર્ય પૂર્ણ કરવા માટે પધાર્યા છે, તેમના ઉપર નિજપતિની અસીમ કૃપાદૃષ્ટિ રહેલી છે. તેથી જ સકર્તાપતિએ તેમને સોળ વિભૂતિનો ખજાનો આપીને આ બાજુ (વિશ્વમાં) મોકલ્યા છે.

---

૧ **સોળ વિભૂતિઓ**

૧.નિજપરમ ૨.અનભેવ ૩.ધીરજ ૪.સહનશક્તિ ૫.સભાજીત ૬.અભેભવ ૭.યોગકલા ૮.આક્રાંત શક્તિ ૯.નિરવિત નકલ ફના કરન ૧૦.નરવેદ નિરાક્રણ શક્તિ ૧૧.સરલ ૧૨.મહાદીર્ધ ૧૩.પ્રારબ્ધ ૧૪.નિર્લેપ ૧૫.સિદ્ધાંતવેત્ત અને ૧૬.નિરમિત નિરાજન લક્ષ.

# છપ્પા ૪૨

**આપની સરજીત સૃષ્ટ, અંશ શીખ દેન પઠચે પત;**
**ભૂલ ગયે મુજ સરજ સૃષ્ટકુ, કરન કારન ગત. ૧**

### શબ્દાર્થ

**આપની** = પોતાની **સરજીત** = સર્જેલી **સૃષ્ટ** = સૃષ્ટિ **અંશ** = સજાણજાણ ચૈતન સ્વરૂપ **શીખ** = શિખામણ **દેવ** = દેવા સારું, આપવા માટે **પઠચે** = મોકલ્યા, પાઠવ્યા **પત** = નિજપતિએ, માલિકે **ભુલ ગયે** = ભૂલી ગયા **મુજ** = મને **સરજ** = સર્જન **સૃષ્ટકુ** = સૃષ્ટિને, જગતને **કરન** = કરનાર **કારન** = કારણ રુપે **ગત** = ગતિ, સમજ, જાણ.

### અનુવાદ

**પોતે બનાવેલી સૃષ્ટિમાં અંશોને શિખામણ આપવા પતિએ મને મોકલ્યો છે અને કહ્યું કે સૃષ્ટિનું સર્જન અને કારણ રુપ હું છું છતાં મને જીવો ભૂલી ગયા છે.**

### ભાવાર્થ

અનંત બ્રહ્માંડાધીશ કૈવલ કર્તાએ અંશો સહિત સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે. તેઓ જ સૃષ્ટિના સર્જનહાર અને સર્વના કારણરુપે છે. તેવા સર્જનહારની ગતિને જીવો ભૂલી ગયા છે, જેથી અંશોને શિખામણ આપવા માટે સર્જનહારે મુક્તિનો પરવાનો આપીને બાલકુવેરસ્વામીને બ્રહ્માંડમાં મોકલ્યા છે.

**તદીપ આય તન ધાર, સાર સદ કહેન સકલકુ;**
**અસલ અયોની પુરુષ, પરખ દેઈ તોરે નકલકુ. ૨**

### શબ્દાર્થ

**તદીપ** = તે માટે જ, તેથી **આય** = આવ્યો છું **તન ધાર** = શરીર ધારણ કરીને **સાર સદ** = સત્ય સાર **કહે ન** = કહેવા માટે **સકલકુ** = સૌને, બધાને, સર્વને, તમામને **અસલ** = મૂળ, સાચા **અયોની પુરુષ** = અજન્મા પુરુષ **પરખ** = ઓળખ **દેઈ** = દઈને, આપીને **તોરે** = તોડે, નષ્ટ કરવું **નકલકુ** = નકલીને, બનાવટીને, ખોટાને, જૂઠાને.

### અનુવાદ

**તેથી સૌને સત્ય સાર કહેવા માટે જ શરીર ધારણ કરીને આવ્યો છું. માટે સાચા અયોનિ પુરુષની ઓળખાણ આપીને નકલી છે તેને નષ્ટ કરું છું.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી પોતાના મૂળભૂત કાર્ય (ઉદ્દેશ)ને સમજાવતાં જણાવે છે કે અંશો સાચા (નિજ) સર્જનહારને ભૂલી ગયા છે. તેથી અખિલ બ્રહ્માંડના તમામ અંશોને તે સત્ય સારરૂપ પરમપદનું જ્ઞાન દર્શાવવા માટે દિવ્ય દેહ ધારણ કરીને તેઓ (બ્રહ્માંડમાં) આવ્યા છે. તેઓ જે આદિ-અનાદિના અયોનિ પુરુષ રુપ કૈવલપતિની યથાર્થ અને ન્યાયપૂર્વક ઓળખાણ આપે છે. એટલું જ નહીં, પરંતુ જે શરીરધારીઓ નકલી સર્જનહાર થઈને પૂજાય છે તેવા તમામ નાશવંત પદને નષ્ટ કરે છે.

**નિજગમ કરી નવેર, હેર ઈત ફેર દેખાઈત;**
**કંકર પારસ પોર પરમવિત્ત, વરધ વેત્તા ઈત. ૩**

#### શબ્દાર્થ

**નિજગમ** = મૂળ, સમજ, સાચા જ્ઞાનનો **કરી** = કરીને **નવેર** = નિર્ણય, નિવેડો **હેર** = જોઈને, નિહાળતાં જ **ઈત** = અહીંયાં તેનો **ફેર** = તફાવત, ફરક **દેખાઈત** = બતાવું, દેખાડું છું **કંકર** = કાંકરા, પથ્થર **પારસ** = પારસમણિ **પોર** = પ્રેરિત, પ્રેરણા **પરમવિત્ત** = શ્રેષ્ઠ જ્ઞાન **વરધ** = વૃદ્ધિ **વેત્તા** = જાણકાર **ઈત** = અહીંયાં, આ બાજુ.

### અનુવાદ

**નિજગમનો નિર્ણય કરીને નિહાળવાથી તેમાં તફાવત દેખાશે. જેની પ્રેરણાથી તે જ્ઞાન પથ્થર જેવું કે પારસમણિ રુપ શ્રેષ્ઠ છે તેવી સમજ થતાં જાણકાર થવાશે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે મૂળ સમજ રુપ સત્યજ્ઞાનનો નિર્ણય કરવો જરૂરી છે, ત્યારબાદ ન્યાયપૂર્ણ રીતે તેને નિહાળવામાં આવે ત્યારે જ તેમાં તફાવત જણાય છે. આ પ્રમાણે અંશોને પારસમણિ રુપ પરમપદ દર્શાવતું શ્રેષ્ઠ કૈવલજ્ઞાન અને પથ્થર

(કંકર) રુપ નકલી પદોની સમજ આવશે. આમ સમજમાં વૃદ્ધિ થતાં તેઓ મૂળ (પરમ) પદના જાણકાર બનશે.

**ન્યાય મુકર કરલાય, તાય તુમ જુવો વિલોકિત;**
**દેખ પરે દ્વિ દ્દષ્ટ, કુવેર નિજ ઈષ્ટ અલોકિત. ૪**

### શબ્દાર્થ

**ન્યાય મુકર** = ન્યાયરૂપી અરીસો **કરલાય** = હાથમાં લઈને **તાય** = તેને **તુમ** = તમે **જુવો** = જુઓ, નિહાળો **વિલોકિત** = અવલોકન કરીને **દેખ પરે** = દેખાઈ જશે, દેખાશે, ખબર પડશે **દ્વિ** = બે (દિવ્ય, અલૌકિક) **દ્દષ્ટ** = દ્દષ્ટિ (સુરતા અને નૂરતા, સાચું અને જૂઠું શાશ્વત અને નાશવંત) **કુવેર** = કુવેરસ્વામી **નિજ** = મૂળ આદિ **ઈષ્ટ** = સર્વોપરી, મહાન **અલોકિત** = અલૌકિક.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે ન્યાયરૂપી દર્પણ હાથમાં લઈ તેમાં અવલોકન કરીને (સુરતા અને નૂરતા દ્વારા) બંને દ્દષ્ટિથી જુઓ તો જ સાચા અને જૂઠાની ખબર પડશે જેથી આદિ અને અલૌકિક સર્વોપરી પદ સમજાશે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી માતાને જણાવે છે કે તેમણે ન્યાયરૂપ દર્પણ હાથમાં લઈને આ ગૂઢાર્થ ભરેલા વિષયનું અવલોકન ચર્મ અને આંતરચક્ષુ (સુરતા-નૂરતા) એમ બંને દ્દષ્ટિથી કરવું જોઈએ, ત્યારે જ સાચી અને જૂઠી એમ બંને માન્યતાઓની યથાયોગ્ય (જેમ છે તેમ) ખબર પડશે. આ રીતે નિહાળવાથી સત્ય સમજ પ્રાપ્ત થશે. પરિણામે આદિ-અનાદિ અને અલૌકિક એવું જે સર્વોપરી પરમપદ છે તેની ઓળખ થતાં અન્ય નાશવંત પદોની તુલના કરી સાચાં અને જુઠાંની સમજ પડશે.

# છપ્પા ૪૩

**સુની મમ બાલક વચન, માત અચરજ ભઈ જબહી;**
**ડરપત લિયો ઉઠાય, સહાય કીની હમ તબહી. ૧**

### શબ્દાર્થ

**સુની** = સાંભળી **મમ બાલક** = મારા બાળક સ્વરૂપે બોલેલા **વચન** = વચનો, વાણી **માત** = માતા **અચરજ** = નવાઈ **ભઈ** = પામી **જબહી** = જ્યારે **ડરપત** = ડરતાં ડરતાં **લિયો** = કર્યો, લીધો **ઉઠાય** = ઊભાં **સહાય** = મદદ **કીની** = કરી **હમ** = મેં **તબહી** = ત્યારે.

### અનુવાદ

**મારા બાળસ્વરૂપનાં વચનો સાંભળી માતા નવાઈ પામી અને જ્યારે મને ડરતાં ડરતાં ઊભો કર્યો ત્યારે મેં તેને સહાયતા કરી.**

### ભાવાર્થ

ગૂઢાર્થ ભરેલા જ્ઞાનથી ભરપૂર બાલકુવેરસ્વામીના મુખની (કોમળ) મૃદુલતાભરી વાણી સાંભળતાં જ માતા અચંબો પામી ગયાં. મનમાં ડર તો હતો, તેમ છતાં ડરતાં ડરતાં બાલકુવેરને ઊભા કરવા પ્રયત્ન કર્યો. ત્યારે બાલકુવેરે માતાને ઊભા થવામાં સહાયતા કરી અને તેઓ ઊભાં થયાં.

**અબ જન ડરપે માત, બાત સુનલે એક મેરી;**
**આ હકીકત ઉર રાખ્ય, કહો મત કોઈકુ ફેરી. ૨**

### શબ્દાર્થ

**અબ** = હવે **જન** = જરાકેય **ડરપે** = ડર રાખ્યા સિવાય **માત** = માતા **બાત** = વાત **સુનલે** = સાંભળી લે **એક** = એક **મેરી** = મારી **આ** = આ **હકીકત** = બિના, પ્રસંગ, હકીકત **ઉર** = હૃદયમાં **રાખ્ય** = રાખજે **કહો મત** = કહેશો નહીં **કોઈકુ** = કોઈને પણ **ફેરી** = ફરીથી, પાછું.

### અનુવાદ

**હે માતા ! હવે જરાય પણ ડર રાખ્યા સિવાય મારી એક વાત સાંભળી લે ! આ પ્રસંગને હૃદયમાં રાખજો, વળી કોઈને ફરીથી કહેશો નહીં.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી માતાને જરા પણ ડર્યા સિવાય, તેમની એક વાત સાંભળવા માટે કહે છે કે વનખંડીમાં આ બનેલો સમગ્ર પ્રસંગ તેઓએ તેમના હૃદયમાં ગુપ્ત રાખવાનો છે, આ હકીકત કોઈની આગળ ન કહેવા માટે સ્પષ્ટતા કરે છે.

**તબ પલટું તન વેશ, સુરત હમ સુત તેરેકી;**
**દેના નહીં એહ ભેદ, મુરત અવિગત મેરેકી. ૩**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે જ **પલટુ** = પલટાવી દઉં, બદલી લેવું **તન વેશ** = શરીરનો ઢાંચો, શરીરનું રુપ **સુરત** = દેખાવ **હમ** = હું **સુત તેરેકી** = તારા પુત્રના જેવો **દેના** = આપીશ **નહીં** = નહીં **એહ** = આ **ભેદ** = રહસ્ય, ગુપ્ત વાત, ગુહ્ય તાત્પર્ય **મુરત** = મૂર્તિ, સ્વરૂપ **અવિગત** = હાજર, બદલાયું નથી તેવું, હાલનું **મેરેકી** = મારું.

### અનુવાદ

**ત્યારે જ હું તારા પુત્ર જેવા શરીરનો દેખાવ પલટાવી દઉં, પરંતુ મારા અવિગત સ્વરૂપની આ ગુપ્ત વાત કોઈને કરીશ નહીં.**

### ભાવાર્થ

પ્રસંગની સર્વ હકીકત હૃદયમાં ગુપ્ત રાખવાની અને કોઈને પણ કહેવાની હોય તો જ બાલકુવેરસ્વામી કહે છે કે તેઓ માતાના બાળક કે જેને નાહેર લઈ ગયું છે; તેના જેવા શરીરનો દેખાવ પલટાવી દે. વળી કુવેરસ્વામીના પ્રાગટ્ય સમયના તેમના બાલસ્વરૂપની આ વાત કોઈને પણ ન જણાવતાં ગુપ્ત જ રાખવા માટે ફરીથી માતાને કહેવામાં આવે છે.

**અવિગત મેરી મુરત, હુરત કીની સુત ઉનસી;**
**કરકે કોલ કરાર કુવેર, રહી ગઈ મુખ મુનસી. ૪**

### શબ્દાર્થ

**અવિગત** = બદલ્યું નથી તેવું, હયાત **મેરી** = મારું **મુરત** = ચહેરો, સ્વરૂપ **હુરત** = શરીર **કીની** = કર્યું **સુત** = પુત્ર **ઉનસી** = એના **કરકે** = કરીને **કોલ કરાર** = કબૂલાત, શરત **કુવેર** = કુવેરસ્વામી **રહી ગઈ** = અટકી ગઈ **મુખ** = મુખને **મુનસી** = મૌન, મુનિવ્રત ધારણ કર્યું.

### અનુવાદ

**મારું અવિગત સ્વરૂપ હતું તે તેના પુત્રના જેવું જ શરીર કરી દીધું. આ પ્રમાણેની કબૂલાત કરીને બાલકુવેર સ્વામીએ મૌન રાખતાં તેમની વાણી અટકી ગઈ.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામીએ માતા સાથે પ્રસંગને ગુપ્ત રાખવાની શરત કરીને જે સ્વરૂપે પ્રગટ થયેલા તે માતાનાં પુત્રનાં જેવું કરી દીધું. બાલકુવેરસ્વામી કહે છે કે આ પ્રમાણેના કરાર બાદ શરીરને પલટાવી દીધા પછી તેમની વાણીને અટકાવી દઈને તેઓએ મૌન ધારણ કર્યું.

# છપ્પા ૪૪

**લેઈ ગઈ અપને ઘેર, જબી ભઈ ધરમકી જનની;**
**સુત ભાવે અતિ નેહ, કહી નહીં કોઉ સે મનની. ૧**

### શબ્દાર્થ

**લેઈ ગઈ** = લઈ ગઈ **અપને ઘેર** = પોતાને ઘેર **જબી** = જ્યારે **ભઈ** = બની **ધરમકી** = ધર્મની **જનની** = માતા, જનેતા **સુત ભાવે** = પુત્ર ભાવે **અતિ** = ઘણો **નેહ** = પ્રેમ **કહી નહીં** = કહ્યું નહીં **કોઉસે** = કોઈને **મનની** = મનની વાત.

### અનુવાદ

**જ્યારે મારી ધર્મની માતા બનીને મને પોતાને ઘરે લઈ ગઈ ત્યારે પુત્ર ભાવે અધિક પ્રેમ રાખતી, પરંતુ મનની વાત કોઈને કહીં નહીં.**

### ભાવાર્થ

જ્યારે કરાર કર્યા બાદ બાલકુવેરસ્વામીએ માતાના પુત્ર જેવું શરીર પલટાવ્યું. ત્યારે ધર્મની માતા પોતાનો જ પુત્ર હોય તેવો ભાવ ધારણ કરી બાલ કુવેરસ્વામીને પોતાને ઘરે લઈ ગઈ. પુત્રભાવે તે બાલકુવેરસ્વામીને ખૂબ જ પ્રેમ કરતી, પરંતુ વનખંડીમાં બની ગયેલ સર્વ હકીકત અંગે તેના મનમાં જે વાત હતી તે કોઈને પણ જણાવી નહીં.

**દિન દિન પ્રેમ અધિક, નેહ બિછરત નહીં મનમેં;**
**ભૂલ ગઈ વા ધ્યાન, જ્ઞાન કીનો જે વનમેં. ૨**

### શબ્દાર્થ

**દિન દિન** = દિવસો જતાં, દિન-પ્રતિદિન **પ્રેમ** = વ્હાલ **અધિક** = વધુ **નેહ** = સ્નેહ, લાગણી **બિછરત નહીં** = છૂટતો નહીં, વિસરતો નહીં, ઓછો થતો નહીં **મનમેં** = મનમાં **ભૂલ ગઈ** = ભૂલી ગઈ (**વા** = તે **ધ્યાન** =લક્ષ) **વાધ્યાન** = વૃત્તાંત વાર્તાલાપ **જ્ઞાન** = જ્ઞાન **કીનો** = કર્યો હતો **જે** = જે **વનમેં** = વનમાં.

## અનુવાદ

**દિન-પ્રતિદિન, અધિક પ્રેમ રાખતી, પરંતુ મનમાં સ્નેહ ઓછો થતો નહીં. વનમાં જે જ્ઞાન ધ્યાનનો વાર્તાલાપ થયેલો તે ભૂલી ગઈ.**

## ભાવાર્થ

જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ માતા પોતાના હૃદયથી બાલકુવેરસ્વામી પ્રત્યે અધિક ને અધિક વ્હાલ કરવા લાગી. મનમાં સ્નેહ જરાપણ ઓછો થતો નહીં. પુત્રના વાત્સલ્ય ભાવમાં તદરૂપ થઈ ગયેલી માતા, વનમાં જે જ્ઞાનનો વાર્તાલાપ થયેલો તે વખત જતાં ભૂલી ગઈ.

**ઉર માયા લપટાય, કાય અંતસકરણ અંજી;**
**ભવના જેસો ભાવ, સાવ થઈ સુત સુરંજી. ૩**

### શબ્દાર્થ

**ઉર** = હૃદયમાં **માયા** = માયા, લાગણી **લપટાય** = લપટાઈ જવું, ફસાઈ જવું, વળગી રહીને **કાય** = શરીર, કાયા **અંતસકરણ** = અંતઃકરણ **અંજી** = અંજાઈ જવું, મોહિત થઈ જવું **ભવના જેસો** = જગતના જેવો **ભાવ** = પ્રેમ **સાવ** = તદ્દન, બિલકુલ **થઈ** = થઈ **સુત** = પુત્ર **સુરંજી** = ખૂબ રાજી, ખૂબ ખુશ, પ્રસન્ન, સંતોષી, રાજી-રાજી, રાજી-ખુશી.

## અનુવાદ

**હૃદયમાં માયા લપેટાઈ હોવાથી અંતઃકરણથી તે અંજાઈ ગઈ અને બિલકુલ ભવના ભાવ જેવા જ પુત્ર સ્નેહમાં ખૂબ રાજી રહેતી.**

## ભાવાર્થ

માતા પોતાના હૃદયમાં પુત્રના વાત્સલ્ય ભાવમાં લપેટાઈ જવાથી, પોતાનાં અંતઃકરણોથી અંજાઈ ગઈ, પોતે સુધ-બુધ ભૂલીને જેમ સંસારમાં માતા પોતાના બાળક પ્રત્યે જેવો સ્નેહ રાખે તેવો જ સ્નેહ ધારણ કરી (માતા) પોતે ખૂબ જ પ્રસન્ન બનીને પુત્ર ભાવમાં ઓતપ્રોત બનીને રહેવા લાગી.

**સુત સુરંજી સાવ ચહાવ, ચીતમે નહીં ઓરું;**
**યેસે ભઈ અચેત,કુવેર બોલે નહીં બોહોરુ. ૪**

### શબ્દાર્થ

**સુત** = પુત્ર **સુરંજી** = વાત્સલ્ય, પ્રસન્નતા, હેત પ્રીત, રાજીખુશી **સાવ** = સંપૂર્ણ, બિલકુલ **ચહાવ** = ચાહના **ચિત્તમે** = ચિત્ત અંતઃકરણમાં **નહીં** = નહીં **ઓરુ** = બીજું, અન્ય **યેસે** = આ રીતે, આવી **ભઈ** = થઈ **અચેત** = બાવરી, બેધ્યાન **કુવેર** = કુવેરસ્વામી **બોલે** = બોલે **નહીં** = નહીં **બોહરુ** = ફરીથી, ઝાઝું, વધારે.

### અનુવાદ

**પુત્રના પ્રેમમાં સંપૂર્ણ ઓતપ્રોત થઈ હોવાથી તેના ચિત્તમાં બીજી કંઈ ચાહના હતી નહીં. આ રીતે તે બાવરી બની ગઈ. તેમ છતાં કુવેરસ્વામી કહે છે કે હું ઝાઝું બોલતો ન હતો.**

### ભાવાર્થ

પુત્રનાં પ્રેમમાં અને માતૃત્વના લગાવમાં ધર્મની માતા એવી તો ઓતપ્રોત થઈ ગઈ હતી કે તેનાં ચિત્તમાં અન્ય કોઈ પણ ભાવના રહેવા પામી નહીં. પોતે બાળકના ઉછેરમાં એવી તો બાવરી બની ગઈ હતી કે તેને અન્ય કંઈ સૂઝતું જ નહીં. તેમ છતાં બાલકુવેરસ્વામી કહે છે કે આવી સ્થિતિમાં તેઓ ઝાઝું બોલતા ન હતા.

## છપ્પા ૪૫

**પણ અંતર અવિકાશ, અનુભવ અખંડ વિલોકુ;**
**ગુપ્ત રહુ ઘનઘોર, ઓર નહીં ચીનત મોકુ. ૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ, તેમ છતાં **અંતર** = હૃદયમાં **અવિકાશ** = પોલાણમાં **અનુભવ** = અનુભવ **અખંડ** = ખંડિત નહીં તેવો **વિલોકુ** = અવલોકવું, નિહાળવું **ગુપ્ત રહું** = છાનો રહું **ઘનઘોર** = કાળા વાદળોથી સંપૂર્ણ રીતે છવાઈ ગયું હોય તેવું, ઘટાટોપ **ઓર** = અન્ય **નહીં** = નહીં **ચીનત** = ઓળખ, જાણવું **મોકુ** = મને.

### અનુવાદ

**પરંતુ મારા અંતરનાં ઊંડાણમાં તો અખંડ અનુભવનું જ અવલોકન કરતો, જેમ કાળા છવાયેલાં વાદળોમાં રહેલા ગુપ્ત વરસાદની જેમ મને પણ બીજું કોઈ ઓળખી શક્યું નહીં.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી ઝાઝું બોલતા ન હતા, પરંતુ તેમના હૃદયના ઊંડાણમાં રહેલા માત્ર પરમપદના અનુભવનુ અખંડ અવલોકન કરતા હતા. જેમ પૃથ્વીને તૃપ્ત કરવાની ક્ષમતા ધરાવતાં કાળા વાદળોમાં વરસાદનું અપાર જળ ગુપ્ત રીતે રહેલું હોવા છતાં કોઈને માલુમ પડતું નથી. તેમ બાલકુવેરના ઘનશ્યામ સ્વરૂપમાં દિવ્ય પરમગુરુને કોઈ ઓળખી શક્યુ નહીં.

**ઉપર સર્વસે સોય, ભીતરસે રહુ ભરપુરા;**
**ઈંડ પિંડ બ્રહ્માંડ, સુત્ર મમ હાલ હજુરા. ૨**

### શબ્દાર્થ

**ઉપર** = બાહ્ય રીતે, ઉપલક રીતે **સર્વસે** = સર્વના, દરેકના **સોય** = જેવો **ભીતરસે** = અંદરથી **રહુ** = રહુ છું **ભરપુરા** = ભરપૂર, પૂર્ણ રીતે, છલોછલ **ઈંડ** = વૈરાટ, મહિમંડ ઈંડ **પિંડ** = દેહ, ઘાટ **બ્રહ્માંડ** = બ્રહ્મક્ષેત્રનો સમાવેશ થયેલું ઘટક, ઉત્પત્તિનું કાર્યક્ષેત્ર **સુત્ર** = સૂત્ર, સુત્રરવત્ **મમ** = હું **હાલ હજુરા** = પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત, પ્રત્યક્ષ રીતે વિદ્યમાન

## અનુવાદ

**(દેહ) ઘાટ થકી હું ઉપલક રીતે સૌના જેવો પ્રત્યક્ષ ઉપસ્થિત હોવા છતાં અંતરથી વૈરાટ અને બ્રહ્માંડથી પર રહેલા પદ સાથે સંપૂર્ણ એકતા રાખીને સૂત્રવત્ રહેતો.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામી બાહ્ય દૃષ્ટિએ તો અન્ય બાળકોની જેમ જ વર્તન અને વહેવાર કરતા હતા. એટલે કે, તેમનું આચરણ બાળકના જેવું જ હતું, પરંતુ તેઓ પોતાનાં અંતર હૃદયમાં જ્ઞાનથી પૂર્ણ રીતે સજાણ સ્વરૂપે રહેતાં. વળી પિંડ થકી તેઓ પ્રત્યક્ષ વિદ્યમાન લાગતા, પરંતુ તેમની ચેતનવૃત્તિ તો, વૈરાટની આદ્ય લઈ બ્રહ્માંડથી પર રહેલા પરમપદ સાથે એક સળંગ સૂત્રવત્ રહેતી હતી.

**વર્ષ પંચ દ્વે સોય, સકલ વિધિ ચેતન ભયેઉ;**
**હુતા પુરાતન જ્ઞાન, જહાંનમે પ્રગટ કહેઉ. ૩**

### શબ્દાર્થ

**વર્ષ** = વર્ષ **પંચ દ્વે** = પાંચ + બે = સાત **સોય** = થતાં, તે, એટલે, એ **સકલ વિધિ** = સર્વ રીતે **ચેતન** = સતેજ, સચેતન, સુધ, સમજુ, સ્વસંભાળને યોગ્ય **ભયેઉ** = થયો **હુતા** = હતું **પુરાતન** = પરાપૂર્વનું **જ્ઞાન** = જ્ઞાન **જહાનમેં** = વિશ્વમાં, જગતમાં **પ્રગટ** = પ્રસિદ્ધ, જાહેર **કહેઉ** = કહેતો, કરતો.

## અનુવાદ

**સાત વર્ષનો થતાં હું સર્વ રીતે સચેતન થયો અને પરાપૂર્વનું જે જ્ઞાન મારામાં હતું તે વિશ્વને કહેતો.**

## ભાવાર્થ

સંસારની પ્રણાલિકા મુજબ બાલકુવેરસ્વામી જ્યારે સાત વર્ષની ઉંમરે પોતાની દિનચર્યાને જાતે સંભાળી શકે તેવા સતેજ બન્યા ત્યારથી તેઓએ પોતાનામાં રહેલા પરાપૂર્વના પરમપદનું કૈવલજ્ઞાન કે જેનાથી વિશ્વ અજાણ્યું હતું, તેવું જ્ઞાન તેમણે જાહેરમાં માનવ સમુદાયને દર્શાવવાનો પ્રારંભ કર્યો હતો.

## પ્રગટ કહેઉ જહાંન, માન સત્‌ગુરુ શિર ધારી;
## કૃષ્ણસ્વામી જીનુ નામ, કુવેર કહે જ્યૌ બલિહારી. ૪

### શબ્દાર્થ

**પ્રગટ** = પ્રસિદ્ધ, જાહેર **કહેઉ** = કહ્યું **જહાંન** = વિશ્વમાં **માન** = માનનીય, મોભાયુક્ત **સત્‌ગુરુ** = સત્‌ગુરુ **શિરધારી** = માથે ધારણ કર્યા, ગુરુ તરીકે સ્વીકાર્યા **કૃષ્ણસ્વામી** = કૃષ્ણસ્વામી **જીનુ** = જેઓનું **નામ** = નામ **કુવેર** = કુવેરસ્વામી **કહે** = કહે છે **જ્યૌં** = જેઓની **બલિહારી** = વાહવાહ, વારી જવું, ધન્યવાદ.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે જેઓનું નામ કૃષ્ણસ્વામી હતું. એવા માનનીય સદ્‌ગુરુનું માથે બાનું ધારણ કરીને મેં જ્ઞાનને વિશ્વમાં પ્રગટ કરવાનો પ્રારંભ કર્યો. એવા ગુરુને ધન્યવાદ છે.**

### ભાવાર્થ

ભારત દેશના ગુજરાત રાજ્યમાં આવેલા આણંદ તાલુકાનાં ઓડ ગામમાં રામાનંદી સદ્‌ગુરુરૂપ શ્રી કૃષ્ણસ્વામી મહારાજ રહેતા હતા. તેઓ તે સમયના ધર્માચાર્યોમાં જ્ઞાની વૈરાગી સંત તરીકે ખૂબ જ મોભાપાત્ર સ્થાન ધરાવતા હતા. બાલકુવેરસ્વામીએ સાત વર્ષની ઉંમરે તેમના શરણે જઈને ગુરુપદ ધારણ કર્યું હતું. ત્યારપછી બાલકુવેરસ્વામીએ સંસારમાં બ્રહ્માંડથી પર રહેલા પરમપદનું કૈવલજ્ઞાન કે જે ગુપ્ત હતું અને સમગ્ર વિશ્વ જેનાથી અજાણ હતું તેવું પરાપૂર્વના જ્ઞાનને જાહેરમાં પ્રસિદ્ધ કરવાની શરૂઆત કરી એવા સદ્‌ગુરુને ધન્યવાદ છે.

# છપ્પા ૪૬

## જુગ જીવન જે વસ્ત, અસ્ત નહીં ઉદે સહાવે;
## નિરાધાર ન્હે કામ, હામ હદકી નહીં આવે. ૧

### શબ્દાર્થ

**જુગ** = જગતમાં **જીવન** = સજીવન, જીવન **જે** = જે **વસ્ત** = મૂળ વસ્તુ, કારણ **અસ્ત** = અંત, વિનાશ **નહીં** = નહીં **ઉદે** = ઉદય, આરંભ, ઉત્પત્તિ **સહાવે** = શોભાવે, સંભવે **નિરાધાર** = કોઈના આધારે નહીં તેવા **ન્હેકામ** = ન્હેકર્મી, નિષ્કામ, કામના રહિત **હામ** = સાર, હિંમત, શક્તિ **હદકી** = હદમાં, સીમા, અવધિ, છેડો **નહીં** = નહીં **આવે** = આવે.

### અનુવાદ

**જગતના જીવનના સારરુપે રહેલા સર્જનહારનો અસ્ત કે ઉદય સંભવતો નથી. તે નિરાધાર અને ન્હેકર્મી છે. તેમની શક્તિની કોઈ અવધિ આવે તેમ નથી.**

### ભાવાર્થ

જગતનાં સમગ્ર જીવોનાં કારણરુપે રહેલા અવિનાશી સર્જનહારની ઉત્પત્તિ કે નાશ સંભવ નથી. તેઓનું પરમપદ કોઈના આધાર વિનાનું (આધારથી રહિત) અને નિષ્કામી છે. તેમની શક્તિનો કોઈ અંત આવે તેમ નથી એટલે કે, તેમની શક્તિ અમાપ છે.

## સો પદ ત્રિભોવન તાજ, સાજ અજ શિવ સુનકાદિક;
## પ્રકૃત્તિ પુરુષ પર લક્ષ, દક્ષ દિવ્ય આદ્ય અનાદિક. ૨

### શબ્દાર્થ

**સો** = તે **પદ** = પદ, પરમપદ **ત્રિભોવન** = ત્રિભુવન, સ્વર્ગ, પૃથ્વી અને પાતાળનાનાથ વિષ્ણુ **તાજ** = મુગટ, ટોચ, શિખર, તખ્ત **સાજ** = અલંકાર, શણગાર, શોભા **અજ** = બ્રહ્મા **શિવ** = શિવજી **સુનકાદિક** = બ્રહ્મા પુત્ર, સનકાદિકો **પ્રકૃત્તિ** = માયા, આદ્યશક્તિ **પુરુષ** = નિરંજન પુરુષ **પર** = પરે, તીત **લક્ષ** = અંતિમ ધ્યેય **દક્ષ** = દેનારું, બક્ષવાવાળું **દિવ્ય** = અલૌકિક, મહાન **આદ્ય** = આદિ **અનાદિક** = અનાદિ.

### અનુવાદ

**તે પરમપદ ત્રિભોવન વિષ્ણુ સહિત બ્રહ્મા, શિવ અને સનકાદિકના શિરપર છત્ર સમાન છે. વળી પ્રકૃત્તિ, પુરુષથી પણ પરે નિજ લક્ષ દેનારું દિવ્ય, આદિ અને અનાદિ છે.**

### ભાવાર્થ

સર્જનહારનું પરમપદ સ્વર્ગ, પૃથ્વી અને પાતાળને જીતનાર વિષ્ણુ સહિત બ્રહ્માજી, શિવજી, સનકાદિકોના માથા ઉપર છત્રનાં સ્વરૂપે આભૂષણ રુપે રહેલું છે. વળી પ્રકૃત્તિ અને નિરંજન પુરુષથી પણ પરે રહેલું, નિજલક્ષને દેનારું પદ દિવ્ય આદિ અને અનાદિ છે.

**તે કરતા નિજ અકલ, સકલ જન કાજ કરનકુ;**
**નયેતિ નયેતિ કહે નિર્ગુણ, સગુણ સત્ગુરુ ધરે તનકુ. ૩**

### શબ્દાર્થ

**તે** = તે **કરતા** = કર્તા, સર્જનહાર **નિજ** = મૂળ, આદિ **અકલ** = કળ્યામાં ન આવે તેવા **સકલ** = સર્વ, તમામ **જન** = જીવોના **કાજ** = કામ, કાર્ય **કરનકુ** = કરવા માટે **નયેતિ** = ન ઈતિ **નયેતિ** = ન ઈતિ, જેનો કોઈ અંત નથી **કહે** = કહે છે **નિર્ગુણ** = બ્રહ્મને સ્થાપીને **સગુણ** = ગુણવાળા, પંચભૌતિક દેહવાળો, આકારવાળો, સ્થૂળ **સત્ગુરુ ધરે** = સત્ગુરુ ધારણ કરે **તનકુ** = દેહ, શરીર.

### અનુવાદ

**બ્રહ્માજીએ નિર્ગુણ બ્રહ્મને સર્વોપરી સ્થાપીને નેતિ-નેતિનો પોકાર કરેલ તેવું કર્તાનું પરમપદ આદિ અને અકળ છે. તેથી સર્વ જીવોના કાર્ય કરવા માટે સદ્‌ગુરુએ સાકાર દેહ ધારણ કર્યા છે.**

### ભાવાર્થ

ચાર વેદમાં બ્રહ્માજીએ નિર્ગુણ પદને સર્વોપરી બતાવીને જેની સમજ ન પડી તેવા પદ માટે નેતિ-નેતિનો પોકાર કર્યો, અર્થાત્ જેનો કોઈ અંત નથી તેવું જણાવ્યું. તે નેતિ પદ રુપ બ્રહ્મથી પણ પરે રહેલું નિજકર્તાનું પરમપદ આદિ-અનાદિનું અને

કળી ન શકાય તેવું છે. તેના કારણે જ જગતનાં સર્વ જીવોથી અજાણ અને ગુપ્ત રહી ગયેલા પરમપદની જાણ આપવા તેમજ જીવોનાં કલ્યાણનું કાર્ય કરવા માટે સદ્‌ગુરુ રુપ બાલકુવેરસ્વામીએ સગુણ પ્રગટ દિવ્ય દેહ ધારણ કર્યો છે.

**ધરે સત્‌ગુરુ તન સગુણ, અગુણ અવનિજ બીજ હરનાં;**
**સ્વસ્વરૂપ સ્વે અચ્યુત, કુવેર ગ્રહે સોઈ ગુરુ શરનાં. ૪**

### શબ્દાર્થ

**ધરે** = ધારણ કરે **સત્‌ગુરુ** = સત્‌ગુરુ **તન** = શરીર **સગુણ** = આકારવાળો, સ્થૂળ **અગુણ** = નિર્ગુણ, ગુણોથી રહિત, આકારથી રહિત **અવનિજ** = પૃથ્વી પરના **બીજ** = મૂળ, બીજક, આધાર, ઉત્પત્તિનું કારણ, પાયો, જડ, મંડાણ **હરનાં** = હરવા, નષ્ટ કરવા **સ્વસ્વરૂપ** = પોતાના સ્વરૂપનું, આપનપુ **સ્વે** = પોતે **અચ્યુત** = અયોનિ, માતાની યોનિથી નહીં જન્મેલું **કુવેર** = કુવેરસ્વામી **ગ્રહે** = પ્રાપ્ત કરે, પ્રાપ્ત કરાવે, મેળવે, સ્વીકારે **સોઈ** = તે, તેવા **ગુરુ** = ગુરુનાં **શરનાં** = શરણું, શરણ.

### અનુવાદ

**પૃથ્વી પર સગુણ અને નિર્ગુણના બીજને નષ્ટ કરવા સત્‌ગુરુએ દેહ ધારણ કર્યો છે. કુવેરસ્વામી કહે છે કે જે પોતાના અયોનિ આપનપુ સ્વરૂપને પ્રાપ્ત કરાવે તે જ સાચા ગુરુનું શરણ છે.**

### ભાવાર્થ

પૃથ્વી પર આદિ અનાદિથી પરંપરાગત ચાલી આવેલી સગુણ અને નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાને નષ્ટ કરવા માટે સત્‌ગુરુએ સગુણ પ્રગટ દિવ્ય દેહ ધારણ કર્યો છે. બાલકુવેરસ્વામી કહે છે કે ગુણોવાળા અવતારાદિક દેવી-દેવતાઓ અને નિર્ગુણ બ્રહ્મની જાળમાંથી છોડાવીને પોતાના અંશ સ્વરૂપ કે જે અજન્મા (અયોનિ) છે, તેની સાચી પરખ કરાવે તે જ સાચા ગુરુનું શરણ છે.

# છપ્પા ૪૭

**આન્ય સકલ સબ સંત, અનંત ધરી ચીત્ત ચરનું;**
**નિજ વેત્તા વિદ જેહ, દેહ તીનકો અઘ હરનું. ૧**

### શબ્દાર્થ

**આન્ય** = બીજા **સકલ** = સર્વ **સબ** = બધા **સંત** = સંતપુરુષો **અનંત** = ઘણા, અનેક **ધરી** = ધારણ કરી **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ચરનુ** = શરણમાં જઈ, શરણું સ્વીકારીને **નિજ** = મૂળ, આદિ **વેત્તા** = જાણકાર **વિદ** = વિદ્વતા, સામર્થ્ય **જેહ** = તે જ છે, તેઓ જ છે **દેહ** = ઘાટ, શરીર **તીનકો** = તેનું **અઘ** = અજ્ઞાન, અંધકાર **હરનું** = દૂર કરે, હણે.

### અનુવાદ

**બીજા સઘળા અનેક સંતો છે, તે બધાએ ગુરુના ચરણમાં ચિત્ત ધર્યું છે, પરંતુ નિજ વેત્તાની વિદ્વતા તેને જ કહેવાય, જેઓએ દેહ થકી તેમનું અજ્ઞાન દૂર કર્યું હોય.**

### ભાવાર્થ

દુનિયામાં બીજા અનેક સંતપુરુષો થઈ ગયા છે, જેમણે તેમનું ચિત્ત એકાગ્ર કરીને ગુરુના ચરણમાં સદાને માટે રાખ્યું છે. ગુરુઓ પૈકી જે ગુરુ નિજપદને જાણનારા હોય અને પોતાના સામર્થ્ય તથા વિદ્વતા દ્વારા શરણે આવેલા સંતપુરુષો સહિત દરેકનું અજ્ઞાન દૂર કરી શકે. આવા જ દેહધારી ગુરુનું શરણ ગ્રહણ કરવું જોઈએ.

**આગે જ્યૌં ગુરુદેવ, ભેવ કીરતિ જશ ગાયે;**
**તેસેહી સબ સંત અનંત, જીને પદ પાયે. ૨**

### શબ્દાર્થ

**આગે** = અગાઉ **જ્યૌં** = જેવી રીતે, જેમ **ગુરુદેવ** = ગુરુદેવ **ભેવ** = સ્વરૂપ, દેહ **કીરતિ** = કીર્તિના **જશ** = યશગાન **ગાયે** = ગાયા **તેસેહી** = તેવા **સબ** = સર્વ **સંત** = સંતરુપે **અનંત** = અનંત, ઘણાં **જીને** = તેઓએ **પદ** = પદ, પરમપદ **પાયે** = પ્રાપ્ત કર્યું, પામ્યા.

## અનુવાદ

**અગાઉ જેમ ગુરુદેવના સ્વરૂપની કીર્તિના તેમજ સર્વ અનંત સંતો કે જેણે પરમપદ પ્રાપ્ત કર્યું છે, તેના યશગાન મેં ગાયા છે.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે જેમણે સમર્થ ગુરુ કે જે દેહના અજ્ઞાનને મિટાવી પોતાના ચૈતન સ્વરૂપની ઓળખ અપાવે તેવા જ્ઞાનના જાણકારની કીર્તિને જોઈને ગુણગાન ગાયા છે, જે સર્વ સંતપુરુષો થઈ ગયા તે પૈકી જેમણે પરમપદ પ્રાપ્ત કર્યું છે તેના પણ બાલકુવેર સ્વામી યશગાન ગાય છે.

**કરું સ્તુતિ તાય લાય, ઉર અનુભવ અગમેં;**
**મહંમાયાનું જાલ આલ, વ્રજીત રહે જગમેં. ૩**

### શબ્દાર્થ

**કરું** = કરુ છું **સ્તુતિ** = વંદના **તાય** = તેમની, તેઓની **લાય** = લાવીને **ઉર** = હૃદયમાં **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **અગમેં** = પોતાનામાં, સ્વનો **મહંમાયાનું** = મહામાયાનું, પ્રકૃત્તિની, આદ્ય શક્તિની **જાલ આલ** = જાળનું આવરણ **વ્રજીત** = અલગ, જુદા, ભિન્ન **રહે** = રહેલા, રહ્યા **જગમેં** = જગતમાં, વિશ્વમાં.

## અનુવાદ

**જેઓ માયાની જાળના આવરણોથી ભિન્ન રહીને જગતમાં રહ્યા છે, તથા જેમણે પોતાના હૃદયમાં સ્વનો અનુભવ કર્યો છે, તેવાને (હું) વંદન કરું છું.**

## ભાવાર્થ

કેટલાક સંતપુરુષો વિકરાળ માયાના બંધનો અને અનેક આવરણોથી ભિન્ન રહીને જગતમાં જીવ્યા છે. તેઓએ સમર્થ સદ્ગુરુના શરણમાં રહીને નિજ ચૈતન સ્વરૂપને ઓળખી પરમપદ પામવા માટે પોતાનું ચિત્ત સ્થિર કર્યું છે એવા સંતપુરુષોને બાલકુવેરસ્વામી વંદન કરે છે.

## રહે જુગમેં વરજીત, તીત કૈવલ પદ પેખતા;
## તે માટે ગુરુ સંત, કંથ કુવેર એકમેકતા. ૪

### શબ્દાર્થ

**રહે** = રહે **જુગમેં** = જગતમાં **વરજીત** = ભિન્ન, અલગ **તીત** = થી પર **કૈવલ પદ** = કૈવલ કર્તાનું પરમપદ **પેખતા** = જાણીને, જોઈને **તે માટે** = તેથી **ગુરુ** = ગુરુ **સંત** = સંત **કંથ** = સ્વામી, માલિક, ધણી **કુવેર** = કુવેરસ્વામી **એકમેકતા** = એકમેક પણે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે જગતમાં ભિન્ન રહીને પરે રહેલા કૈવલપદને જે જાણે છે તેવા સંતને ગુરુ, માલિક સાથે એકતા સધાવે છે.**

### ભાવાર્થ

ગુરુની મહત્તા દર્શાવતાં બાલકુવેરસ્વામી કહે છે કે જગતમાં જેટલા સંત પુરુષો માયાની જંજાળ અને અને દેહના આવરણોથી અલગ હોય તેટલા કૈવલકર્તાના પરમપદને પિછાણે છે. એવા સંતપુરુષો માટે ગુરુદેવ મધ્યસ્થી (માધ્યમ) રુપે સંત અને કંથ વચ્ચે એકતા જળવાય તે માટે કૃપા પ્રદાન કરીને પરોપકાર કરવા માટે પ્રયત્નશીલ રહે છે. અર્થાત્ તેવા સંત-પુરુષો ગુરુકૃપા દ્વારા કર્તા સાથે એકમેકપણે રહે છે.

# છપ્પા ૪૮

**હાવે કહું ભલ ભેદ, ભવાટી ભવ ઉતપનકી;**
**જીવ ઈશ્વરકી સૃષ્ટ, પૃષ્ટ પ્રસિદ્ધ સમજણકી. ૧**

**શબ્દાર્થ**

**હાવે** = હવે પછી **કહું** = કહુ છું **ભલ ભેદ** = ઊંડું રહસ્ય **ભવાટી** = ખેલ, ફજેતી, સંસાર **ભવ** = જગત, દુનિયા **ઉતપનકી** = ઉત્પત્તિની **જીવ** = જીવદશાવાળા જીવ **ઈશ્વરકી** = ઐશ્વર્યવાળાની **સૃષ્ટ** = સૃષ્ટિ **પૃષ્ટ** = પાછળથી, હાલમાં **પ્રસિદ્ધ** = જાહેર, વિખ્યાત, ખુલ્લું **સમજણકી** = સમજણની.

**અનુવાદ**

**હવે સાંસારિક જગતની ઉત્પત્તિના ઊંડાં રહસ્ય વિષે કહુ છું અને જીવ તથા ઈશ્વર જે રીતે પાછળથી ખ્યાતિ પામ્યા તેની સમજણ જણાવું છું.**

**ભાવાર્થ**

હવે પછી સાંસારિક જગતની જે રીતે ઉત્પત્તિ થયેલી છે, તેના ઊંડાં રહસ્યને બાલકુવેરસ્વામી દર્શાવે છે. ઉપરાંત સૃષ્ટિના પ્રારંભમાં વેદ અને શાસ્ત્રનો મહિમા હતો, ત્યારબાદ જીવ અને ઈશ્વર જે રીતે પ્રસિદ્ધ પામ્યા તે પણ વિસ્તૃત રીતે સમજાવે છે.

**છૂટે સકલ અંદેશ, વેશ વિગતે કરી ગાવું;**
**વિવિધી ભાત મધ્ય વિશ્વ, વાર ને પાર લખાવું. ૨**

**શબ્દાર્થ**

**છૂટે** = છૂટી જાય, નષ્ટ થાય, દૂર થાય **સકલ** = સર્વ, બધા **અંદેશ** = આશંકાઓ, સંદેહ **વેશ** = ઘાટ, દેહ, સ્વરૂપ **વિગતે** = વિગતવાર **કરી** = કરીને **ગાવું** = દર્શાવું, જણાવું, બતાવું **વિવિધી ભાત** = ભાત-ભાતના, જુદી જુદી રીતે, વિધ વિધ રીતે **મધ્ય** = પસારાના, માં **વિશ્વ** = જગત **વાર ને પાર** = અથાહ, અપરંપાર **લખાવું** = જણાવું, વર્ણવું.

## અનુવાદ

**વારપાર સિવાયના આ વિશ્વના પસારામાં જુદી-જુદી જાત અને ભાત-ભાતના વેશ રુપ ઘાટનું વિગતવાર વર્ણન જણાવું છું. જેથી બધા જ સંદેહો નષ્ટ થશે.**

## ભાવાર્થ

આ વિશ્વના વારપાર સિવાયના પસારામાં જે જુદી-જુદી જાતના અને ભાત-ભાતના દેહોનું નિર્માણ થયેલું છે. તે તમામ ઘાટનું વિગતવાર વર્ણન બાલકુવેરસ્વામી કરે છે. જેથી સમસ્ત સંસારમાં માનવોના મનમાં જે સંશયો રહેલા છે તે નાશ પામશે.

**સિર્ગુણ નિર્ગુણ પંથ, કંથ કૈવલ નિજ તીનકે;**
**બરનું ત્રધા પ્રકાર, સાર જહાં લ્યૌ જીન જીનકે. ૩**

### શબ્દાર્થ

**સિર્ગુણ** = સગુણ (રજો, તમો અને સતોગુણની માન્યતાવાળો સિદ્ધાંત) **નિર્ગુણ** = બ્રહ્મસિદ્ધાંત **પંથ** = સિદ્ધાંત મત **કંથ** = સ્વામી, ધણી **કૈવલ** = કૈવલકર્તા **નિજ** = પોતે, મૂળ, આદિ **તીનકે** = તેમના **બરનું** = વર્ણન કરું **ત્રધા પ્રકાર** = ત્રણ પ્રકારના **સાર** = સારાંશ, ઉદ્દેશ, મર્મ **જહાં** = જ્યાં **લ્યૌ** = લઈ, સુધી, લગી **જીન જીનકે** = જે જેનો તે તેના.

## અનુવાદ

**સગુણ તથા નિર્ગુણ સિદ્ધાંત અને તેના ધણી કૈવલ કર્તા પોતે જ છે. આ ત્રણ પ્રકારના સારાંશની આદ્ય લઈને જે જેનો સાર છે તે તે રીતે વર્ણવું છું.**

## ભાવાર્થ

જગતમાં પ્રતિપાદિત થયેલા ત્રણ ગુણોના દેવતાઓઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના સ્વરૂપમાં માનવાવાળો સગુણ સિદ્ધાંત, સચરાચર વ્યાપક સદ્-ચિદ્-આનંદ રુપે રહેલો અરૂપ બ્રહ્મને સર્વોપરી માનવાવાળો નિર્ગુણ સિદ્ધાંત છે અને સર્વની ઉત્પત્તિના કારણરુપે રહેલા કૈવલકર્તા સર્વના માલિક છે તેવી માન્યતા ધરાવતો સકર્તા સિદ્ધાંત છે. આમ આ ત્રણે પ્રકારના સિદ્ધાંતો પૈકી જે જેનો સાર છે તે બાલકુવેરસ્વામી દર્શાવે છે.

## **જહાં લ્યૌ જીન જીન સાર, યાર હોય કે સબ સુનહીં;**
## **બિન યારી એહી અરથ, કુવેર નહીં પાવત કુનહીં. ૪**

### શબ્દાર્થ

**જહાં લ્યૌ** = જ્યાં સુધી **જીન** = જેનો **જીન** = જેવો **સાર** = સારાંશ, હદ, હાર્દ **યાર** = પ્રેમ, સ્નેહ (મિત્ર) **હોય કે** = હોય તો, થઈને **સબ** = સર્વ, બધા **સુનહીં** = સાંભળજો, સાંભળો **બિનયારી** = પ્રેમ સિવાય **એહી** = આ **અરથ** = અર્થ, મર્મ, સમજ, રહસ્ય **કુવેર** = કુવેરસ્વામી **નહીં** = નહીં **પાવત** = પ્રાપ્ત કરે **કુન હી** = કોઈ પણ.

### અનુવાદ

**જેનું જ્યાં સુધી જેવું હાર્દ (ધ્યેય) છે, તે કહુ છું, પરંતુ તે અંગે જેને પ્રેમ હોય તે જ સૌ સાંભળજો. કુવેરસ્વામી કહે છે કે જો તે પ્રેમપૂર્વક સાંભળશો નહીં તો તેનો અર્થ કોઈ પ્રાપ્ત કરી શકાશે નહીં.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી આ ત્રણે પ્રકારના સિદ્ધાંતની હદ છે તેનું હાર્દ દર્શાવે છે. જેમને સાંભળવા પ્રત્યે પ્રેમ અને ઉમંગ હોય તેમને જ સાંભળવા માટે અનુરોધ કરવામાં આવે છે. જો ગૂઢાર્થ ભરેલા વિષયને પ્રેમપૂર્વક તથા એકચિત્તે સાંભળવામાં ન આવે તો તેમાં દર્શાવેલા હાર્દને તેઓ પ્રાપ્ત કરી શકશે નહીં.

# છપ્પા ૪૯

**પ્રથમ સિરગુણકી કહુ, નિર્ગુણ તા પર હોય;**
**તાકે પર પરમાતમા, તેહી પણ અંશ સકોય. ૧**

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલાં **સિરગુણકી** = સગુણની **કહુ** = કહુ **નિરગુણ** = નિર્ગુણ **તા પર** = તેનાથી પરે, તેની ઉપર **હોય** = હોય **તાકે પર** = તેના ઉપર, તેનાથી તીત **પરમાતમા** = પરમાત્મા **તેહી પણ** = તેનાથી પણ પર (તીત) **અંશ** = અંશ **સકોય** = સર્વ, સર્વ કોઈ, બધા જ.

### અનુવાદ

**પ્રથમ સગુણ માટે કહુ છું. તેનાથી પર નિર્ગુણ રહેલું છે. વળી તેનાથી પણ ઉપર પરમાત્મા છે કે જેના આપણે બધા અંશો છીએ.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી સૌ પ્રથમ આપણને રુપ અને ગુણવાળા સગુણ સિદ્ધાંત વિષે માહિતી આપે છે. તે સગુણ સિદ્ધાંતની ઉપર બ્રહ્મને સર્વાપરી માનતો નિર્ગુણ સિદ્ધાંત રહેલો છે. આ ઉપરાંત નિર્ગુણથી પણ ઉપર રુપ-અરૂપથી પર સર્વના કારણરુપે રહેલા એક જ પરમાત્મા છે કે જેના આપણે બધા જ અંશો છીએ. અર્થાત્ સગુણ નિર્ગુણથી ઉપર સર્વોપરી સકર્તા સિદ્ધાંત છે.

**અંશ વસાવન ઈચ્છ, કર્તા ક્રત ઈંડહી ઉરજો;**
**કોઈ કાલે કલપાંત, ઈંડ સેવાઈ સુરજો. ૨**

### શબ્દાર્થ

**અંશ** = અંશોને **વસાવન** = વસવા માટે **ઈચ્છ** = ઈચ્છા, સંકલ્પ **કર્તા** = સકર્તા, સર્જનહાર **ક્રત** = રચના, ઉત્પત્તિ **ઈંડહી** = ઘાટ પણ **ઉરજો** = ઉત્પન્ન કર્યા, બનાવ્યા **કોઈ કાલે** = કોઈ સમયે **કલપાંત** = કલ્પના અંતે **ઈંડ** = ઘાટ **સેવાઈ** = પરિપક્વ થઈને **સુરજો** = સર્જન પામ્યા, ઉદ્ભવ થયા.

### અનુવાદ

**કર્તાએ પોતાના સંકલ્પથી સર્વ રચના સહિત અંશોને વસાવવા માટે વિવિધ ઘાટ પણ બનાવ્યા. કેટલાક કલ્પના સમયને અંતે ઘાટ પરિપક્વ થઈને સર્જન પામ્યા.**

### ભાવાર્થ

કેવલ કર્તાએ પોતાના શુદ્ધ સંકલ્પથી બ્રહ્માંડમાં બધી જ રચનાની આદ્ય લઈ અંશઓ ઉત્પન્ન કર્યા છે. આ અંશોને ઉત્પન્ન કરતા પહેલાં તેમના વસવાટ માટે જાત-જાતની વિવિધતા ધરાવતા અસંખ્ય ઘાટ પણ બનાવ્યા, પરંતુ તે ઘાટ કેટલાક કલ્પોના સમયને અંતે પરિપક્વ થઈ પૂર્ણપણે સર્જન પામ્યા હતા.

**તાકા કહુ મેં બાલ, કાલ મહાકારણ માયા;**
**સપ્ત દ્વિપ નવખંડ, ઈંડ કી માંહી ઉપાયા. ૩**

#### શબ્દાર્થ

**તાકા** = તેની, તે અંગેની **કહુ** = કહુ **મેં** = હું **બાલ** = ઉત્પત્તિ, બાળક **કાલ** = કાળ, વિકરાળ, મહાપ્રલયકાળ સુધી અખંડ રહેનાર પુરુષ, નિરંજન **મહાકારણ** = મહાકારણ દેહ ધરાવતા **માયા** = મહામાયા **સપ્ત દ્વિપ** = સાત દ્વિપો **નવખંડ** = નવખંડો **ઈંડ કી** = ઘાટને **માંહી** = તેમાં **ઉપાયા** = ઉપજાવ્યા, વિકસાવ્યા, વિકાસ પામ્યા, વસાવ્યા.

### અનુવાદ

**તેની ઉત્પત્તિ રુપે નિરંજન અને મહામાયા સહિત સર્વ ઘાટ ઉત્પન્ન થયા. આમ સાત દ્વિપ અને નવ ખંડની ચરના મહિમંડ ઈંડમાં ઉત્પન્ન કરી.**

### ભાવાર્થ

પ્રથમ નિરંજનતત્ત્વના સ્વરૂપે પરમકારણ દેહવાળા કાળ પુરુષનો ઘાટ અને મહાકારણ દેહવાળો મહંમાયાનો ઘાટ વિકાસ પામ્યો. આ પ્રમાણે ઉત્પત્તિનો ક્રમ ચાલુ થયો. જેમાં સ્થૂળદેહ ધરાવતા સ્થાવર-જંગમ સહિતના ચોર્યાસી લાખ પ્રકારના અસંખ્ય ઘાટ ઉત્પન્ન થયા. તે સર્વ ઉત્પન્ન થયેલા ઘાટનો સાત દ્વિપ તથા નવખંડમાં વિકાસ થયો અને વસવાટ કર્યો.

આ પ્રમાણે સમજીએ તો ઘાટની ઉત્પત્તિના કારણરૂપે રહેલી વિકરાળ મહાકારણ દેહ ધરાવતી મહામાયા સાત દ્વિપ અને નવખંડ સહિતના દરેક ઘાટની અંદર સમાયેલી છે.

**૮૪ લાખ પ્રકારની ઘાટની ગણતરી**

જે ઘાટના બંધારણમાં ૬ ભાગ પૃથ્વીતત્ત્વના અને ૪ ભાગ બીજા ચાર તત્ત્વોના છે તેવાઃ

૧૩ લાખ મનુષ્યજાતિ

૭ લાખ પશુજાતિ

૧૦ લાખ કીટાણું જાતિ

જે ઘાટના બંધારણમાં ૬ ભાગ જળતત્ત્વના અને ૪ ભાગ બીજા ચાર તત્ત્વોના છે તેવાઃ

૧૯ લાખ જળમાં જ રહેનારા પ્રાણી

૩ લાખ જળની બહાર નીકળી હવા-ખોરાક લઈને પાછા જળમાં રહેનારા

જે ઘાટના બંધારણમાં ૬ પવન તત્ત્વના અને ૪ ભાગ બીજા ચાર તત્ત્વોના છે તેવાઃ

૯ લાખ પવનમાં ઉડનારી પતંગ જાતિ

જે ઘાટના બંધારણમાં ૬ અગ્નિતત્ત્વના અને ૪ ભાગ બીજા ચાર તત્ત્વોના છે તેવાઃ

૩ લાખ અગ્નિમાં પ્રવેશ કરી શકે તેવા પતંગજાતિ

જે ઘાટના બંધારણમાં ૬ આકાશતત્ત્વના અને ૪ ભાગ બીજા ચાર તત્ત્વોના છે તેવાઃ

૨ લાખ પક્ષી આકાશમાં જ રહે, પરંતુ પૃથ્વી ઉપર આવતા નથી તેવા

જે ઘાટના બંધારણમાં ૮ ભાગ પૃથ્વીતત્ત્વ અને ૨ ભાગ બીજા ચાર તત્ત્વોના છે તેવાઃ

૧૮ લાખ સ્થાવર જાતિના ઘાટ જેમાં

તૃણજાતિ - જેના બીજગમાં વાયુતત્ત્વ અગ્રભાગે

પનડીજાતિ - જેના બીજગમાં જળતત્ત્વ અગ્રભાગે
વેલજાતિ - જેના બીજગમાં આકાશતત્ત્વ અગ્રભાગે
જળજાતિ - જેના બીજગમાં જળતત્ત્વ અગ્રભાગે અને અગ્નિતત્ત્વ અધો ભાગે
વૃક્ષજાતિ - જેના બીજગમાં પૃથ્વીતત્ત્વ અગ્રભાગે

**કુલ ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમના ઘાટ છે.**

**યેસે ઈંડ અનેક, લેખ ગણતાં નવ આવે;**
**અગણિત અનંત, અપાર, કુવેર શૂન્યમાંહી રહાવે. ૪**

### શબ્દાર્થ

**યેસે** = એવા, એ પ્રમાણે **ઈંડ** = ઘાટ, દેહો **અનેક** = અસંખ્ય, ઘણા **લેખ** = લખાણ **ગણતા** = ગણતરી કરતાં **નવ** = નહીં **આવે** = આવે **અગણિત** = ગણતરી કરી શકાય નહીં તેટલા **અનંત** = અંત વગરના **અપાર** = પાર વિનાના, ખૂબ જ **કુવેર** = કુવેરસ્વામી **શૂન્યમાંહી** = શૂન્યમાં, બ્રહ્મ ભૂમિકામાં **રહાવે** = રહેલા છે.

### અનુવાદ

**એવા અસંખ્ય ઘાટ છે કે જેની ગણતરી કરતા ચોક્કસ આંકડો લખી શકાય તેમ નથી. કુવેરસ્વામી કહે છે કે તેવા અગણિત અને અનંત એમ અપાર ઘાટ બ્રહ્મભૂમિકામાં રહેલા છે.**

### ભાવાર્થ

સાત દ્વિપ અને નવખંડની આદ્ય લઈ અંતરિક્ષમાં ચૌદ લોક અને પાતાળના ચૌદ લોકમાં અનેક ઘાટ રહેલા છે કે જેની ગણતરી કરતાં ચોક્કસ આંકડો લખી શકાય તેમ નથી. બાલકુવેરસ્વામી કહે છે કે તેવા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ સહિત સર્વ દેહો અગણિત, અનંત અને વારપાર સિવાયના છે, જે શૂન્ય રુપ બ્રહ્મભૂમિકામાં ઉત્પત્તિ, વિકાસ અને વિનાશના ક્રમને આધીન થઈને રહેલા છે.

# છપ્પા ૫૦

ઈંડ ઈંડ પ્રત્યક્ષ એક એક શક્ત રહાવે;
ગુણ ઘટ થઈ ઘેહે ઘટ, મઠ અનેક ઉપાવે. ૧

### શબ્દાર્થ

**ઈંડ ઈંડ** = ઘાટે ઘાટે, દેહે દેહે **પ્રત્યક્ષ** = હાજર **એક એક** = એક એક **શક્ત** = માયા **રહાવે** = રહેલી છે **ગુણ** = ગુણો પ્રમાણે, લક્ષણો પ્રમાણે **ઘટ** = દેહમાં **થઈ** = થઈને **ઘેહે** = ઘેરાઈને, લપટાઈને, વીંટળાઈને **ઘટ** = દેહને, ઘટને **મઠ** = છેલ્લી ઘડી સુધી રહેવા માટેના ઘાટ, અંતિમકાળ સુધી **અનેક** = અનેક **ઉપાવે** = ઉત્પન્ન કરે.

### અનુવાદ

**દરેક ઘાટમાં એક એક સ્વરૂપ ધારણ કરી પ્રત્યક્ષ રીતે માયા રહેલી છે. દરેક ઘાટના ગુણ પ્રમાણે તે ઘેરાયેલી (લપટાઈ) રહીને દેહના અંતકાળ સુધી દરેક ઘાટમાં રહીને અનેક ઘાટ ઉત્પન્ન કરે છે.**

### ભાવાર્થ

પ્રત્યેક ઘાટમાં પોતાના અલગ અલગ સ્વરૂપો ધારણ કરીને માયા પ્રત્યક્ષ રીતે હાજર રહેલી હોય છે, જ્યાં જેવો ઘાટ હોય ત્યાં તેવા ગુણધર્મ પ્રમાણે તે પોતાનું સ્વરૂપ બદલીને દેહ સાથે ઘેરાઈને (વીંટળાઈને) રહેલી હોય છે. આ રીતે સંસારને વૃદ્ધિ પમાડવા દેહના અંતકાળ સુધી તેમાં રહીને અનેક પ્રકારના નવા ઘાટ ઉત્પન્ન કરી વંશવેલો વધારે છે.

મઠ મઠ પરત્વે દેવ, ભેવ તે ભિન્ન લહાવે;
શિવ આત્મ અનુસાર, પિયુ ઉનમાને ગાવે. ૨

### શબ્દાર્થ

**મઠ મઠ** = ઘાટ ઘાટ, દરેક ઘાટ **પરત્વે** = પ્રત્યે, વિષે **દેવ** = દૈવી શક્તિ ધરાવનાર **ભેવ** = સ્વરૂપ, દેહ **તે** = તે **ભિન્ન** = જુદા, અલગ **લહાવે** = જણાય છે **શિવ** = શિવ **આત્મ** = આત્મા **અનુસાર** = પ્રમાણે,

મુજબ **પિયુ** = પતિ, ધણી, નાથ **ઉનમાને** = અંગત માન્યતા મુજબ **ગાવે** = ગાય છે.

## અનુવાદ

**દરેક ઘાટ પ્રત્યે પછી તે દેવ હોય કે અન્ય દેહ હોય, પરંતુ તેમાં અલગ રીતે રહેલી છે. શિવ અને જીવ અનુસાર પોતાની અંગત માન્યતા મુજબ પતિના ગુણ ગાય છે.**

## ભાવાર્થ

માયા પોતાના સ્વરૂપ બદલીને દરેક ઘાટ પ્રત્યે પછી તે દૈવી ઘાટ હોય કે સામાન્ય જીવોના સ્થૂળ ઘાટ હોય, પરંતુ દરેકમાં અલગ અલગ સ્વરૂપોમાં રહેલી હોય છે. ઐશ્વર્ય ધરાવતા શિવ દશાના ઘાટમાં કે જીવદશા ધરાવતા જીવોના ઘાટમાં તે તે ઘાટ અનુસાર પોતાની માન્યતા મુજબ પરમેશ્વરના ગુણગાન ગાય છે.

**કહી દિન એહી વિધિ, સૃષ્ટ પૃષ્ટ તે રહી ઉપાઈ;**
**શિવ શક્તિનું જ્ઞાન ધ્યાન નિજ રહે હેરાઈ. ૩**

### શબ્દાર્થ

**કહી દિન** = કેટલાયે દિવસ, ઘણો સમય **એહી વિધિ** = આ પ્રમાણે **સૃષ્ટ** = સૃષ્ટિ **પૃષ્ટ** = પછીથી **તે** = તે **રહી** = રહી **ઉપાઈ** = ઉપાવું, આરંભ, ઉપજીને રહી **શિવ** = શિવ **શક્તિનું** = શક્તિનું **જ્ઞાન** = જ્ઞાન **ધ્યાન** = ધ્યાન **નિજ** = પોતે **રહે** = રહે **હેરાઈ** = ધ્યાનથી નીરખવું, ઘેરાઈને.

## અનુવાદ

**સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી કેટલાયે સમયથી આ પ્રમાણે તે (ઊપજીને) રહેલી છે. શિવ-શક્તિના જ્ઞાન અને ધ્યાનમાં પોતે હેરાઈને રહે છે.**

## ભાવાર્થ

સૃષ્ટિ ઉત્પન્ન થયા પછી તેના પસારામાં આદ્યશક્તિએ પોતાની માયા-જાળ પાથરી દીધી છે. કેટલાયે સમયથી આ પ્રમાણે પોતે પોતાના સ્વરૂપો બદલીને સૌ કોઈને શિવ-શક્તિના જ્ઞાન અને ધ્યાનમાં હેરાઈ રાખીને (અટકાવી રાખીને) રહી

છે. જેથી કોઈ માયાના પંજામાંથી નીકળી શકે નહીં અને પ્રકૃત્તિના કાર્યોને ધ્યાનપૂર્વક નિહાળીને તેમાં જ ફસાયેલા રહે.

**રહે હેરાઈ ધ્યાન, જ્ઞાન ગત ઉપજ સબેની;**
**કહે સત્ કુવેર, કહું મેં કથા અબેની. ૪**

### શબ્દાર્થ

**રહે** = રહે **હેરાઈ** = હેરાઈને **ધ્યાન** = ધ્યાન **જ્ઞાન** = જ્ઞાન **ગત** = ગતિ, સમજ **ઉપજ** = પેદાશ **સબેની** = સર્વની, સૌની **કહે સત્ કુવેર** = સત્ કુવેર કહે છે **કહું મેં** = હું કહુ છું **કથા** = વૃત્તાંત, હકીકત **અબેની** = હવેની, હવે પછી તે.

### અનુવાદ

**જ્ઞાન અને ધ્યાનમાં હેરાઈ રહીને સૌની ગતિ ઉત્પત્તિમાં જ અટકી છે. કુવેરસ્વામી કહે છે કે તે અંગેની કથા હવે પછી હું કહુ છું.**

### ભાવાર્થ

જગતમાં બધા જ દેહધારીઓ શિવ અને શક્તિના જ્ઞાન અને ધ્યાનમાં જ ઘેરાયેલા હોવાથી તેમની ગતિ અને મતિ જગતની ઉત્પત્તિમાં જ અટકી ગયેલી છે.બાલકુવેરસ્વામી હવે પછી આપણને તેનું વિગતવાર વૃત્તાંત કહેશે.

# છપ્પા ૫૧

**બ્રહ્મા વિષ્ણુ માહેશ, શેષ અનેક ગયેવું;**
**તાર પીછે તીન લોક, જીવ શિવ જ્ઞાન ભયેવું. ૧**

### શબ્દાર્થ

**બ્રહ્મા** = બ્રહ્મા **વિષ્ણુ** = વિષ્ણુ **મહેશ** = મહેશ **શેષ** = શેષ નારાયણ **અનેક** = ઘણા, અન્ય, ઘણા બધા **ગયેવું** = ગયા, જતા રહ્યાં, ચાલ્યા ગયા **તાર પીછે** = ત્યારે પછી જ **તીન લોક** = ત્રણ લોક **જીવ** = જીવ દશા **શિવ** = શિવ દશા **જ્ઞાન** = જ્ઞાન, સમજ **ભયેવું** = થઈ, થવા પામી, થયું.

### અનુવાદ

**શેષ નારાયણ સહિત અનેક બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ચાલ્યા ગયા ત્યારબાદ ત્રણ લોકમાં જીવ-શિવનું જ્ઞાન પ્રચલિત થયું.**

### ભાવાર્થ

હજાર ફેણધારી શેષ નારાયણ સહિત અનેક વિદ્વાન અને જ્ઞાની મહાપુરુષોએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણેય મહાદેવો ચાલ્યા ગયા બાદ મૃત્યુ લોકમાં બ્રહ્મલોક, વૈકુંઠ અને કૈલાસ લોકની મહત્તા વધી. સમય જતાં સંસારમાં જીવદશા ભોગવતા જીવો અને ઐશ્વર્યવાન શિવગતિના દેવોની ભિન્નતાવાળી સમજ ઊભી થઈ.

**જીવ ધાવે શિવ સોય, શિવગત સાંય સેવાવે;**
**બિન કરીયા બિન કરમ, શરમ બિનું સરલ સહાવે. ૨**

### શબ્દાર્થ

**જીવ** = જીવો **ધાવે** = દોડે **શિવ** = શિવ **સોય** = તે **શિવગત** = શિવગતિ **સાંય** = માલિક, પતિ **સેવાવે** = સેવા પામે **બિન** = વિના, સિવાય **કરીયા** = ક્રિયા **બિન** = વિના **કરમ** = કર્મ **શરમ બિનું** = શ્રમ વગર, પ્રયત્ન સિવાય **સરલ** = સરલ રીતે **સહાવે** = પ્રાપ્ત કરે, શોભાવે, સોહાવવું, સોહે તેમ કરવું, ગમવું.

### અનુવાદ

**જીવો શિવ તરફ દોડે અને શિવ ગતિવાળા માલિક થઈને સેવા પ્રાપ્ત કરે. આમ ક્રિયા-કર્મ સિવાય અને મહેનત (પુરુષાર્થ) વગર સરળતાપૂર્વક એકબીજાને ગમતું કરવા લાગ્યા.**

### ભાવાર્થ

આને કારણે બન્યું એવું કે સંસારમાં જીવો શિવ તરફ દોડતા થયા. વળી પોતાના ઈષ્ટદેવ તરીકે સમજીને ઈચ્છીત ફળ પ્રાપ્ત કરવા સેવાનો ધર્મ બજાવતા રહ્યા. આ રીતે શિવ ગતિવાળાને માલિક તરીકે માનીને જીવો તેમની સેવા-પૂજા કરે છે. તેથી શિવ ગતિવાળાને કોઈ પણ પ્રકારના ક્રિયા-કર્મ કે પરિશ્રમ કર્યા વગર મનગમતો મોભો (અધિકાર) સરળતાપૂર્વક મળી ગયો. આ પ્રમાણે બંને શિવ અને જીવ ગતિવાળાઓને ફાવટ આવી ગઈ.

**એહી વિધ જુગ અનંત, અંત નવ આવે યેતે;**
**બિન કરીયા કિરતાર, કરતકે પાયે કેતે. ૩**

### શબ્દાર્થ

**એહી વિધ** = આ પ્રમાણે, આ રીતે **જુગ** = યુગ **અનંત** = અનેક, અપાર **અંત** = છેડો **નવ આવે** = આવતો નથી **યેતે** = એ રીતે, આવી રીતે **બિન કરીયા** = ક્રિયા સિવાય **કિરતાર** = સર્જનહાર **કરતકે** = ઉત્પત્તિના, સર્જનના **પાયે** = પ્રાપ્ત કરે **કેતે** = કેવી રીતે.

### અનુવાદ

**આ રીતે અનેક યુગો વીતી ગયા, પરંતુ એ રીતે અંત આવે નહીં. ક્રિયા વિના રચનારને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?**

### ભાવાર્થ

સંસાર (જગત)માં જીવ અને શિવની માન્યતાવાળી પરંપરાના પ્રવાહમાં અનેક યુગો વીતી ગયા, પરંતુ જીવ કે શિવ ગતિવાળા પુરુષો પૈકી કોઈનો પણ જન્મ-મરણની ઘટમાળામાંથી અંત આવ્યો નહીં. કારણ કે, રચના રચનારા સર્જનહારને પ્રાપ્ત કરવા

માટે પૂર્ણ વૈરાગ ધારણ કરી ચૈતન ભાવથી ક્રિયા કર્યા સિવાય તેઓ અખંડ મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? પરિણામે જન્મ-મરણનો અંત આવે પણ શી રીતે ?

**કેતે પાયે પાર, ધરી ધરી દેહ નર પ્રાણી;**
**કહે સત્ કુવેર વિના કર્મ નામ પહેંચાણી. ૪**

### શબ્દાર્થ

**કેતે** = કેવી રીતે, શી રીતે **પાયે** = મેળવે, પામે **પાર** = નિવેડો, અંત, મોક્ષ **ધરી ધરી** = ધારણ કરી કરીને **દેહ** = ઘાટ, શરીર **નર પ્રાણી** = માનવજાતિ, મનુષ્યજાતિ **કહે સત્ કુવેર** = કુવેર સ્વામીજી કહે છે **વિના કર્મ** = કર્મ સિવાય **નામ** = નામને **પહેંચાણી** = ઓળખી, પહેંચાની, જાણીને, રહીને.

### અનુવાદ

**કર્મ કર્યા સિવાય (માત્ર) નામને ઓળખીને (રટણ કરીને) માનવો વારંવાર દેહ ધારણ કરતા રહ્યા છે, પરંતુ તેનો અંત (પાર) કેવી રીતે આવે ?**

### ભાવાર્થ

જગતમાં મોક્ષની ઇચ્છાવાળા માનવો ઈશ્વરોની ઐશ્વર્યતાને ઓળખીને (પહેંચાનીને) ફક્ત નામનું રટણ કરે છે. તેઓ અખંડ મોક્ષ પ્રાપ્ત કરવા માટે કરવા યોગ્ય ક્રિયા કરતા ન હોવાથી જન્મ-મરણ રુપ ભવસંકટ સહ્યા કરે છે. આ પ્રમાણે ભવસાગરમાં કર્મ બંધનને આધીન થઈ વારંવાર શરીર ધારણ કરી કરીને ભટકવાનો અંત આવતો જ નથી.

# છપ્પા ૫૨

## ત્યાર પીછે ભવ મ્હાંય, ભયે હે બ્રહ્મા ચતુર મુખ;
## આદ્ય નિરંજન દેવ ભેવ તે, દિયો નિગમ લખ. ૧

### શબ્દાર્થ

**ત્યારપીછે** = ત્યારપછી, ત્યારબાદ **ભવ મ્હાંય** = જગતમાં, ભવમાં **ભયે હે** = થયા છે **બ્રહ્મા** = બ્રહ્માજી **ચતુર મુખ** = ચાર મુખવાળા **આદ્ય નિરંજન** = આદિ નિરંજન પુરુષ **દેવ** = દેવ **ભેવ** = રહસ્ય, મર્મ **તે** = તે **દિયો** = આપ્યો **નિગમ** = વેદનો **લખ** = લક્ષ.

### અનુવાદ

**ત્યારબાદ જગતમાં ચાર મુખવાળા બ્રહ્મા થયા જેમને આદિ નિરંજન દેવે રહસ્યમય વેદના લક્ષનો મર્મ આપ્યો.**

### ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતમાં આદ્ય પુરુષ નિરંજન અને મહંમાયાની જવાબદારી સૃષ્ટિના ક્રમને આગળ ધપાવવાની હતી, પરંતુ તેમાં બ્રહ્માજીનું પાંચમું મુખ અવરોધરૂપ જણાતાં તેનું શંકર દ્વારા છેદન કરવામાં આવ્યું. આ પાંચમા મુખની વાણીનો લોપ થયો બાદ બ્રહ્માજીને નિરંજન પુરુષે ચાર વેદનો [૧]રહસ્યમય લક્ષ આપવા જણાવ્યું. આ પ્રમાણે પાંચમા મુખના છેદન બાદ બ્રહ્માએ ચાર મુખ દ્વારા ૠગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદનું જ્ઞાન આપ્યું.

---

૧. **બ્રહ્માંજી દ્વારા વદિત ચાર વેદ :**

| **દિશામાં** | **મુખવેદનું નામ** | **વાણી** | **મહામંત્ર** |
|---|---|---|---|
| ઉત્તરદિશા | અથર્વવેદ | પરાવાણી | અયંગ, અહો, નિર્મલ |
| દક્ષિણદિશા | યજુર્વેદ | મધ્યમાવાણી | અહં, બ્રહ્મ, અસ્મિ |
| પૂર્વદિશા | ૠગ્વેદ | વૈખરીવાણી | સદ્, ચિદ્, આનંદ |
| પશ્ચિમદિશા | સામવેદ | પશ્યંતિવાણી | તમપદ, તદ્પદ, અસીપદ |

**નિગમ ચાર વિસ્તાર, ચાર તે ખાણ ઉપાઈ;**
**કરમ ધરમ પુન્ય પાપ, ચતુર મુખ દિયે ઉચ્ચારી. ૨**

### શબ્દાર્થ

**નિગમ** = વેદ **ચાર** = ચાર **વિસ્તાર** = ફેલાવો, વિવેચન **ચાર** = ચાર **તે** = તે **ખાણ** = ઉત્પત્તિની રીત **ઉપાઈ** = બનાવી **કરમ** = કર્મ **ધરમ** = ધર્મ **પુન્ય** = પુણ્ય **પાપ** = પાપ **ચતુરમુખ** = ચાર મુખ દ્વારા **દીયે** = આપ્યો **ઉચ્ચારી** = ઉચ્ચાર કરી ને દર્શાવ્યો.

## અનુવાદ

**ચાર વેદનો વિસ્તાર કરીને તેમાં ચાર ખાણને બતાવી અને ચાર મુખ દ્વારા કર્મ, ધર્મ, પાપ અને પુણ્ય અંગે ઉચ્ચાર કર્યો.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર મુખ દ્વારા ચાર વેદનો ઉચ્ચાર કર્યો. તેમાં ચોર્યાસી લાખ પ્રકારના ઘાટની ઉત્પત્તિ અંગેની - ઈંડજ, જરાયુજ, સ્વેદજ અને ઉદ્‌બીજ - ચાર ખાણોનું[૨] વિગતવાર વર્ણન કર્યું. ત્યારપછી માનવ દેહ વડે કરવા યોગ્ય કર્મ-ધર્મ (ફરજ) અને પાપ-પુણ્ય અંગે પણ વિસ્તારપૂર્વક સમજ દર્શાવી.

**પુણ્ય તણે પરતાપ, પાપની હોવે નાસ્તિ;**
**ધર્મે પાવે દ્રવ્ય, ઉત્તમ કર્મ હરિ પદ આસ્તિ. ૩**

### શબ્દાર્થ

**પુણ્ય તણે** = પુણ્યના **પરતાપ** = પ્રતાપે **પાપની** = પાપની **હોવે** = થાય **નાસ્તિ** = નાશ, નષ્ટ

---

૨ **ચાર ખાણની વિગત :**

- જરાયુજ ખાણઃ જેમાં ૨૧ લાખ પ્રકારના શરીર ગર્ભાશયમાંના ગર્ભને વીંટાઈને ઓરનો પડદો ફાડી ઊંધાં માથે બહાર નીકળે છે. (માનવ, પશુ, વિ.)
- સ્વદેજ ખાણઃ જેમાં ૨૧ લાખ પ્રકારના શરીર તાપ, ભેજ અને પરસેવામાંથી ઉત્પન્ન થાય છે. (જંતુ, જૂ, માંકડ, કીડા. વિ.)
- અંડજ ખાણઃ જેમાં ૨૧ લાખ પ્રકારના શરીર ઈંડામાંથી ઉત્પન્ન થાય છે. (પક્ષી, માછલી, સાપ, ગરોળી વિ.)
- ઉદ્‌બીજ ખાણઃ જેમાં ૨૧ લાખ પ્રકારના શરીર બીજકના મધ્યમાંથી તેને યોગ્ય તાપમાન, પાણી અને ખાતર મળતાં ઉત્પન્ન થાય છે. (વૃક્ષ, વેલી, અનાજ, પાંદડી વિ.)

**ધર્મે** = ધર્મ થકી, ફરજથી **પાવે** = પ્રાપ્ત થાય **દ્રવ્ય** = ધન, દોલત, સંપત્તિ **ઉત્તમ** = શ્રેષ્ઠ ઉત્કૃષ્ટ **કર્મ** = કર્મ, કાર્યથી **હરિ પદ** = ઈશ્વરનું પદ, મોટું સ્થાન **આસ્તિ** = શ્રદ્ધા, આસ્થા.

## અનુવાદ

**પુણ્યના પ્રતાપથી પાપ નાશ થાય છે, ધર્મનું પાલન કરવાથી ધન-સંપત્તિ પ્રાપ્ત થાય છે અને ઉત્તમ કર્મ કરવાથી હરિપદમાં આસ્થા (શ્રદ્ધા) બેસે છે.**

## ભાવાર્થ

વેદની માન્યતા મુજબ શુભ કર્મોના ફળ રુપે કરેલાં પુણ્યના પ્રતાપે અશુભ કર્મોથી કરાયેલા પાપનો નાશ થાય છે. ધર્માચરણ, સદાચાર અને ધર્મને લગતા કર્તવ્યો કરવાથી ધન-સંપત્તિ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ઉત્કૃષ્ટ (ઉત્તમ) કર્મ કરવાથી પ્રભુ-પદમાં શ્રદ્ધા પેદા થાય છે.

**હરિ પદ આસ્તિ હોય, એહી વિધિ કર્મ કરીને;**
**કહે કુવેર કર્મ અધિક, ગુંચવણી કરી ફરીને. ૪**

### શબ્દાર્થ

**હરિ પદ** = પ્રભુ પદમાં, શ્રેષ્ઠ પદમાં **આસ્તિ** = શ્રદ્ધા **હોય** = હોય **એહી વિધિ** = આ પ્રમાણે, આ રીતે **કર્મ કરીને** = કર્મો કરીને **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **કર્મ** = કર્મ **અધિક** = વધારે **ગૂંચવણી** = ગૂંચવણી, મૂંઝવણ, આંટીઘૂંટી તકલીફ, મુશ્કેલી **કરી** = કરી **ફરીને** = ફરીથી, ભટકવાને લીધે.

## અનુવાદ

**કર્મો એવી રીતે કરીએ કે જેથી પ્રભુપદમાં શ્રદ્ધા (આસ્થા) જાગે. કુવેર સ્વામીજી કહે છે કે વધારે કર્મો થકી જ ગૂંચવણ (મૂંઝવણ) ઊભી થાય છે.**

## ભાવાર્થ

વેદના મંતવ્ય મુજબ માનવીએ જગતમાં માત્ર વેદોક્ત નિશ્ચિત ઉત્તમ કર્મો કરીને ભક્તિમય ઉત્કૃષ્ટ જીવન જીવવું જોઈએ. આમ કરીને પ્રભુ (મહાન) પદમાં શ્રદ્ધા વધે તેવું આચરણ કરવું જોઈએ. કુવેરસ્વામી કહે છે કે આ પ્રમાણે કરવાથી માનવીને કર્મોના બંધનો જ જન્મ અને મરણના ફેરા ફરવા માટે વધારે ગૂંચવણમાં નાંખે છે.

# છપ્પા ૫૩

**ચાર વેદ પહેચાનકે, વ્યાસે કર્યા પુરાન;**
**તાતે જીવ જાડો ભયો, ત્યૌ મન હવો ફુરાન. ૧**

### શબ્દાર્થ

**ચાર વેદ** = ચાર વેદ (બ્રહ્માજી કથિત ચાર વેદ) **પહેચાનકે** = સમજીને, અભ્યાસ કર્યા બાદ **વ્યાસે** = વ્યાસ મુનિએ **કર્યા** = બનાવ્યા, કર્યા **પુરાન** = પુરાણ - પ્રાચીન દેવકથા અને મનુષ્યકથા દર્શાવતું કલ્પિત પુસ્તક જેની સંખ્યા અઢાર છે **તાતે** = તેને લીધે જ, તેથી **જીવ** = જીવ, આત્મા **જાડો ભયો** = અજ્ઞાનને લીધે જાડી બુદ્ધિવાળો બન્યો, જડતાવાળો થયો **ત્યૌ** = તેથી **મન** = મન અંતઃકરણ **હવો ફુરાન** = સંવેદનશીલ થયો.

### અનુવાદ

**ચાર વેદનો અભ્યાસ કરીને વ્યાસમુનિએ પુરાણની રચના કરી. તેનાથી જીવોની બુદ્ધિ જાડી થઈ અને મન પણ સંવેદનશીલ બન્યું.**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા રચાયેલા ચાર વેદનો બારીકાઈથી અભ્યાસ કરીને વ્યાસમુનિએ અઢાર પુરાણની રચના કરી. તેમણે પોતાના મનની કલ્પના મુજબ દેવો અને માનવોના પરાક્રમોની ગાથા (કહાની) દર્શાવતા ભિન્ન-ભિન્ન પાત્રોને સર્વોપરી બનાવીને અઢાર પુરાણની[1] રચના કરેલી છે. પરિણામે જીવોમાં અનેક પ્રકારની

---

| પુરાણ | શ્લોકની સંખ્યા (હજારમાં) | પુરાણ | શ્લોકની સંખ્યા (હજારમાં) |
|---|---|---|---|
| ૧. બ્રહ્મ પુરાણ | ૧૦ | ૧૦. બ્રહ્મવૈવર્ત પુરાણ | ૧૮ |
| ૨. પદ્મ પુરાણ | ૫૫ | ૧૧. લિંગ પુરાણ | ૧૧ |
| ૩. વિષ્ણુ પુરાણ | ૨૩ | ૧૨. વરાહ પુરાણ | ૨૪ |
| ૪. વાયુ પુરાણ | ૧૪ | ૧૩. સ્કંદ પુરાણ | ૮૧ |
| ૫. ભાગવત પુરાણ | ૧૮ | ૧૪. વામન પુરાણ | ૧૦ |
| ૬. નારદીય પુરાણ | ૨૫ | ૧૫. કૂર્મ પુરાણ | ૧૭ |
| ૭. માર્કંડેય પુરાણ | ૦૯ | ૧૬. મત્સ્ય પુરાણ | ૧૩ |
| ૮. અગ્નિપુરાણ | ૧૬ | ૧૭. ગરૂડ પુરાણ | ૧૮ |
| ૯. ભવિષ્ય પુરાણ | ૧૪.૫ | ૧૮. બ્રહ્માંડ પુરાણ | ૧૨.૨ |

ગૂંચવણો (મૂંઝવણો) ઉત્પન્ન થઈ. આ પ્રમાણે જીવ જાડી બુદ્ધિવાળો બન્યો. એટલે માનવનું મન સંવેદનશીલ બનતાં અનેક પ્રકારના તર્ક-વિતર્કો કરવા લાગ્યો.

**બુદ્ધિ બલસે ગોઠવી, કર્યા શિવના જીવ;**
**સૂક્ષ્મવેદ જાણ્યા વિના, તબ લગી લહ્યા ન પીવ. ૨**

### શબ્દાર્થ

**બુદ્ધિ** = બુદ્ધિ અંતઃકરણ **બલસે** = શક્તિથી બળથી **ગોઠવી** = ગોઠવણી કરીને, કલ્પના કરીને **કર્યા** = કર્યા **શિવના** = શિવદશાવાળાને **જીવ** = જીવદશાવાળા **સૂક્ષ્મવેદ** = પાંચમો શ્વસમવેદ **જાણ્યા વિના** = જાણ્યા સિવાય **તબ લગી** = ત્યાં સુધી **લહ્યા** = જાણ્યા, ઓળખ્યા **ન** = નહીં **પીવ** = પીયુ, પતિ, માલિક, કર્તા, સર્જનહાર, પરમેશ્વર.

### અનુવાદ

**બુદ્ધિની શક્તિથી ગોઠવણી કરીને શિવના જીવ કર્યા, પરંતુ જ્યાં સુધી શ્વસમવેદને સમજ્યા નથી ત્યાં સુધી નિજપતિને ઓળખી શક્યા નહીં.**

### ભાવાર્થ

વ્યાસમુનિએ પોતાની બુદ્ધિ વડે કલ્પનાશક્તિથી પુરાણોની રચના દ્વારા શિવ ગતિવાળા દૈવી મહાપુરુષોને પણ જીવદશાવાળા કર્યા અને સમગ્ર સંસારને ગૂંચવણમાં મૂકી દીધો. બાલકુવેરસ્વામી કહે છે કે જ્યાં સુધી સંસારના માનવો પાંચમી અખંડ મુક્તિ પ્રદાન કરવાવાળા પંચમ શ્વસમ્ વેદમાં દર્શાવેલ હકીકત (જ્ઞાન) ધ્યાનપૂર્વક સમજવા પ્રયત્ન કરે નહીં ત્યાં સુધી વિશ્વના સર્જનહાર કૈવલ કર્તાને કોઈ ઓળખી શકશે નહીં.

**વેદ વિગત જુગતિ કરી, ભયે ભ્રહ્મ ભંભેર;**
**પરિઉત્તર કુજો નહીં, કથ્યો આપ અહંમેર. ૩**

### શબ્દાર્થ

**વેદ** = ચાર વેદ **વિગત** = દર્શાવેલી સમજ, આધાર, માહિતી, જાણ, મુદ્દો **જુગતિ** = યુક્તિ, અનુમાન,

અંદાજ, સંભાવના **કરી** = કરીને **ભયે** = થયા **ભ્રહ્મ** = ભ્રમણા **ભંભેર** = ભંભેરવું, ખોટી ઉશ્કેરણી, ખોટા માર્ગે દોરવું **પરિઉત્તર** = સંતોષપૂર્ણ ઉત્તરને, પુનઃપ્રતિકાર, વળતો ખુલાસાને **કુજો** = સૂજ્યો, સમજણ પડી **નહીં** = નહીં, કોઈએ નહીં, કઇ પણ નહીં **કથ્યો** = કહ્યું **આપ** = પોતાનો **અહંમેર** = મતલબ, મનમાની સમજ.

## અનુવાદ

**વેદને આધારે યુક્તિપૂર્વક રજૂઆત કરીને પોતાની મતલબ દર્શાવતો ઉપદેશ આપ્યો તો ખરો, પરંતુ જગતને અવળેમાર્ગે દોર્યા છે તેવી ભ્રમણા થઈ. તેનો કોઈ ઉત્તર સૂંઝ્યો નહીં.**

## ભાવાર્થ

વેદનો આધાર લઈ વ્યાસમુનિએ યુક્તિપૂર્વક પોતાની રજૂઆત કરીને અઢાર પુરાણની રચના તો કરી, પરંતુ આ પ્રમાણેની રજૂઆતથી જગતના જીવોને ભૂલા પાડીને ખોટા માર્ગે દોર્યા તેવી ભ્રમણા પોતાનામાં જ ઊભી થઈ. આમ પોતાની મહાનતા દર્શાવતા લખાણને લીધે તેનો યોગ્ય ખુલાસો પોતે સંતોષપૂર્વક કરી શક્યા નહીં.

**કથ્યો આપ અહંમેવ, દેવ નવ જાણ્યા કરતા;**
**કહે સત્ કુવેર, વ્યાસને ઉપજી બલતા. ૪**

### શબ્દાર્થ

**કથ્યો** = વિવેચન કર્યું, કથાના રુપમાં વાતની રજૂઆત કરવી **આપ** = પોતાને **અહંમેવ** = મહાનતા દર્શાવીને, મોટાઈ માનીને **દેવ** = દેવ **નવ** = નહીં **જાણ્યા** = જાણ્યા **કરતા** = કર્તા, સર્જનહાર **કહે સત્ કુવેર** = સત્ કુવેર કહે છે **વ્યાસને** = વ્યાસજીને **ઉપજી** = ઉત્પન્ન થઈ, ઊભી થઈ **બલતા** = બળતરા, બળાપો, મનમાં થતી ચિંતાની લાગણી.

## અનુવાદ

**દેવોની મહાનતા પોતાની ઈચ્છા મુજબ દર્શાવી, પરંતુ સર્જનહારને ઓળખ્યા (જાણ્યા) નહીં. કુવેરસ્વામીજી સાચું જ કહે છે કે તેને લીધે વ્યાસજીને (મનમાં) બળતરા ઉત્પન્ન થઈ.**

## ભાવાર્થ

પોતાની કલ્પનાના આધારે વ્યાસજીએ જુદા-જુદા દેવોની મહાનતા દર્શાવતી કલ્પિત વાતો લખી-લખીને અઢાર પુરાણ બનાવ્યા. પરિણામે સર્જનહારની તેમને જાણ્ય ન હોવાને કારણે તેઓ જગતને સત્ય કર્તા પદ બતાવી શક્યા નહીં. બાલકુવેરસ્વામી કહે છે કે અંતે ભ્રમણામાં પડેલા વ્યાસજીના મનમાં બળતરા ઉત્પન્ન થઈ.

## છપ્પા ૫૪

**તબ ઈશ્વરને તાસ, વ્યાસકી પીડા ચીની;**
**કરવાને ઉપદેશ, નારદકુ આજ્ઞા દીની. ૧**

**શબ્દાર્થ**

**તબ** = ત્યારે **ઈશ્વરને** = વિષ્ણુને **તાસ** = ત્રાસ, ભય, બીક **વ્યાસકી** = વ્યાસજીની **પીડા** = દુઃખ, કષ્ટ **ચીની** = જાણી **કરવાને** = કરવા માટે **ઉપદેશ** = બોધ, શીખ, શિખામણ **નારદકુ** = નારદમુનિને **આજ્ઞા** = હુકમ, આદેશ **દીની** = દીધી, દીધો, કર્યો.

**અનુવાદ**

**ત્યારે વિષ્ણુએ વ્યાસજીને ત્રાસ દેનારી પીડા જાણી. એટલે ઉપદેશ (સાચી સમજ) કરવા માટે નારદજીને આજ્ઞા કરી.**

**ભાવાર્થ**

આ પ્રમાણે વ્યાસજીને ઉત્પન્ન થયેલ ત્રાસદાયક દર્દની હકીકત ઈશ્વરરૂપ વિષ્ણુએ જાણી. વ્યાસજીના મનમાં ઉપજેલી બળતરા શાંત કરવા માટે તેમણે નારદમુનિને આજ્ઞા કરી અને આત્મજ્ઞાનનો ઉદય થાય તેવો ઉપદેશ આપવા જણાવ્યું.

**આયે નારદ તહાંય, જ્યાંહી વ્યાસનકે આસન;**
**દીયો આદરમાન જ્ઞાન, જાણી હરિદાસન. ૨**

**શબ્દાર્થ**

**આયે** = આવ્યા **નારદ** = નારદમુનિ **તહાંય** = ત્યાં **જ્યાંહી** = જ્યાં **વ્યાસન કે** = વ્યાસમુનિના **આસન** = બેઠક **દીયો** = આપ્યો **આદરમાન** = આદર સત્કાર **જ્ઞાન** = જ્ઞાની **જાણી** = જાણીને **હરિદાસન** = હરિના સેવક, આત્મજ્ઞાની પુરુષ.

**અનુવાદ**

**નારદમુનિ જ્યાં વ્યાસજીનું આસન હતું ત્યાં આવ્યા, ત્યારે હરિના જ્ઞાની અને**

**સેવક (દાસ) જાણીને તેમનો આદર સત્કાર કર્યો.**

### ભાવાર્થ

વિષ્ણુની આજ્ઞા થવાથી નારદમુનિ મૃત્યુલોકમાં જ્યાં વ્યાસજીની બેઠક હતી ત્યાં ઉપસ્થિત થયા. જ્ઞાની સંતશ્રી નારદજીને નિહાળતાં જ આસન ઉપર બિરાજેલા વ્યાસજીએ વિષ્ણુના આજ્ઞાપાલક, જ્ઞાની અને સેવક જાણીને ખૂબ વિવેક તથા પ્રેમપૂર્વક આદર-સત્કાર કર્યો.

**બોલે નારદ એહ છેહ, કહો ક્યાંહાંસે આયે;**
**પિંડ પડે કહાં જાઓ, અંત મન કાંહાં ઠરાયે. ૩**

### શબ્દાર્થ

**બોલે** = બોલ્યા **નારદ** = નારદમુનિ **એહ** = એવું, એમ **છેહ** = છેવટે, છેલ્લે, અંતે **કહો** = કહો **ક્યાંહાંસે** = ક્યાંથી **આયે** = આવ્યા **પિંડ પડે** = દેહ છૂટતાં, મૃત્યુ થતા **કહાં જાઓ** = ક્યાં જશો, ક્યાં જવાના **અંત** = અંતે, છેવટે **મન** = મન અંતઃકરણને(મનને) **કાંહાં** = ક્યાં **ઠરાયે** = સ્થિર કરશો.

### અનુવાદ

**નારદ એવું બોલ્યા કે છેવટે ક્યાંથી આવ્યા ? અને વળી પિંડ છુટ્યા પછી ક્યાં જશો ? તેમજ અંતે મનને પણ ક્યાં સ્થિર કરશો ? તે કહો.**

### ભાવાર્થ

વ્યાસમુનિના આદર-સત્કારથી નારદજી પ્રસન્ન થયા. તેમણે વિષ્ણુની આજ્ઞા મુજબ વ્યાસજીને શીખ (બોધ) આપવા માટે આત્મબોધ કર્યો અને છેવટે વ્યાસજીને પૂછ્યું કે તેઓ ક્યાંથી આવ્યા ? ત્યારબાદ પૂછ્યું કે મૃત્યુ થયા પછી આ માનવઘાટ છોડીને તેઓ ક્યાં જવાના છે ? વળી અંતે તમો મનને ક્યાં સ્થિર કરશો ?

**ક્યાં ઠરાયે અંત, સંત નારદ એહી બુઝા;**
**કહે સત્ કુવેર, વ્યાસકુ કાંઈ નવ સુઝા. ૪**

### શબ્દાર્થ

**ક્યાં** = ક્યાં **ઠરાયે** = સ્થિર કરશો **અંત** = અંતે, છેલ્લે, છેવટે **સંત** = સંતપુરુષ **નારદ** = નારદમુનિને **એહી** = એ પ્રમાણે **બુઝા** = પૂછ્યું, બોલ્યા **કહે સત્ કુવેર** = કુવેરસ્વામી સત્ય (ખરેખર) કહે છે **વ્યાસકુ** = વ્યાસજીને **કાંઈ** = કાંઈ પણ **નવ સુઝા** = સૂઝ્યુ નહીં, સમજ પડી નહીં.

### અનુવાદ

**અંતે ક્યાં જઈને સ્થિર થશો, એવું જ્યારે નારદમુનિ બોલ્યા ત્યારે કુવેરસ્વામી કહે છે કે વ્યાસજીને કાંઈ પણ સૂઝ (સમજ ) પડી નહીં.**

### ભાવાર્થ

નારદમુનિ સાથેના વાર્તાલાપ દરમિયાન વ્યાસજીને પૂછે છે કે અંતે તેમણે (વ્યાસજીએ) ક્યાં સ્થિર થઈને રહેવાનું છે ? બાલકુવેરસ્વામી આ બાબતની સત્ય હકીકત જણાવતાં કહે છે કે વ્યાસજીને તે વખતે કંઈ પણ સૂઝ (સમજ) ન પડવાથી નારદમુનિને જવાબ આપી શક્યા નહીં.

# છપ્પા ૫૫

**ભયે વ્યાસ દિગમૂઢ, ગુઢ નારદકે બેન;**
**દિયો નહીં ઉત્તર, ઠોર આપનો નહીં ચીન. ૧**

### શબ્દાર્થ

**ભયે** = થયા **વ્યાસ** = વ્યાસ, મુનિ **દિગમૂઢ** = સ્તબ્ધ, છક, શક્તિ **ગૂઢ** = ગહન, ગુહ્ય **નારદકે** = નારદના **બેન** = વચન, વાણી **દિયો** = આપ્યો **નહીં** = નહીં **ઉત્તર** = જવાબ **ઠોર** = ઠેકાણું, સ્થિર થવાનું સ્થળ **આપનો** = પોતાનો, પોતાને **નહીં** = નહીં **ચીન** = જાણ, ખબર.

### અનુવાદ

**નારદજીના ગહન વચનોથી વ્યાસજી સ્તબ્ધ બની ગયા. પોતાના મનને સ્થિર થવાની ખબર ન હોવાથી ઉત્તર આપી શક્યા નહીં.**

### ભાવાર્થ

નારદજીના ગૂઢાર્થભર્યા વચનો સાંભળીને વ્યાસજી આશ્ચર્યચકિત થઈ ગયા. દેહ છોડ્યા પછી અંતે ક્યાં જવાનું છે અને મનને ક્યાં સ્થિર કરવાનું છે ? તે અંગે પોતાને સાચી અને યોગ્ય માહિતી ન હતી, પરિણામે તેઓ નારદજીના એક પણ પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નહીં.

**તબ નારદ નરભેવ, છેવ તે જાણો કરમ;**
**તત્ત્વ જ્ઞાનકો ધ્યાન, તાકો નહીં જાનત મરમ. ૨**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે **નારદ** = નારદજી **નરભેવ** = પૂર્ણ પુરુષોત્તમ પુર્ણ પુરષાતન ધરાવતા **છેવ** = છેડો, છેવટે, ફેંકવું **તે** = તે **જાણો** = જાણો **કરમ** = કર્મ **તત્ત્વ જ્ઞાનકો** = તત્ત્વજ્ઞાનના **ધ્યાન** = ધ્યાન **તાકો** = તેને **નહીં** = નહીં **જાનત** = જાણતા **મરમ** = મર્મ, રહસ્ય, ભેદ.

### અનુવાદ

**ત્યારે પૂર્ણ પુરુષ નારદજીએ તે કર્મની જાણને ત્યજવા અને જેનો મર્મ જાણતા**

**નથી તેવા તત્ત્વજ્ઞાનનું ધ્યાન કરવા કહ્યું.**

### ભાવાર્થ

જ્યારે વ્યાસમુનિ નારદજીના પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નહીં. ત્યારે પૂર્ણ પુરુષ નારદજીએ વ્યાસજીને તેમના હૃદયમાં ઘર કરી ગયેલી કર્મ અંગેની જે સમજ છે તે ત્યજી દેવા જણાવ્યું. જેનો મર્મ વ્યાસજી જાણતા જ નથી તેવા આત્મતત્ત્વના જ્ઞાનને જાણવા તથા તેની ધ્યાનપૂર્વક સમજ પ્રાપ્ત કરવા જણાવીને તે પ્રશ્નોના સંતોષકારક ખુલાસા કરતું આત્મજ્ઞાન દર્શાવ્યું.

**જબ સંતન કીરપાલ, જાલ વ્યાસનકી તોરી;**
**કર્મકાંડકે ખંડભંડ, સબ નાખે ફોરી. ૩**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે **સંતન** = સંતપુરુષ **કીરપાલ** = કૃપાળુ, દયાળુ **જાલ** = જાળ આવરણ **વ્યાસનકી** = વ્યાસજીની **તોરી** = તોડી, દૂર કરી **કર્મકાંડકે** = કર્મકાંડના **ખંડ** = સમૂહ, જથ્થો, ભાગ **ભંડ** = પાત્ર, આભરણ **સબ** = બધા, સર્વ **નાખે** = નાંખ્યા **ફોરી** = ફોડી, ભાગી નાખવું.

### અનુવાદ

**જ્યારે કૃપાળુ એવા સંતપુરુષે વ્યાસજીની જાળ તોડી ત્યારે વ્યાસજીએ કર્મકાંડના તમામ પાત્રો (સાધનો) ભાંગી નાખ્યા.**

### ભાવાર્થ

જ્યારે કૃપાળુ એવા સંત નારદજીએ આત્મતત્ત્વની સમજ આપીને તેનું ધ્યાન ધરવા માટેનું સાચું જ્ઞાન આપ્યું. વ્યાસજીના હૃદયમાં સંગ્રહાયેલી જે કલ્પિત માયાજાળ હતી તે તોડી નાંખી. નારદજીના આત્મજ્ઞાનના ઉપદેશની સત્ય બાબત ન્યાયપૂર્વક સમજાતાં વ્યાસજીએ પોતાનામાં રહેલી કર્મકાંડની સમજ અને તેમની પાસેનો કર્મકાંડનો ખજાનો (પુરાણ) હતો તે ત્યજી દીધો.

**નાખે ફોરી ભંડ કાંડ, જે નિગમતે કીના;**
**કહે સત્ કુવેર, નારદે આત્મલક્ષ દીના. ૪**

### શબ્દાર્થ

**નાખે** = નાખ્યાં **ફોરી** = ફોડી **ભંડ** = પાત્રો, સાધન **કાંડ** = કર્મકાંડ રૂપી **જે** = જે **નિગમતે** = વેદમાંથી **કીના** = કર્યા **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે છે **નારદે** = નારદમુનિએ **આત્મલક્ષ** = આત્માનો લક્ષ **દીના** = આપ્યો, દીધો.

### અનુવાદ

**નિગમમાંથી બનાવેલા કર્મકાંડ રૂપી પાત્રો (વ્યાસજીએ) ફોડી નાંખ્યા ત્યારે નારદજીએ તેમને આત્મલક્ષ આપ્યો.**

### ભાવાર્થ

ચાર વેદનો અભ્યાસ કરીને પોતાની કલ્પના વડે બનાવેલાં કર્મકાંડરૂપી પાત્રો જ્યારે વ્યાસજીએ નષ્ટ કર્યાં ત્યારે તેઓ કર્મકાંડની જાળમાંથી મુક્ત થયા. બાલકુવેરસ્વામી કહે છે કે ત્યારબાદ નારદજીએ વ્યાસજીને શુદ્ધ આત્મલક્ષનું જ્ઞાન આપ્યું.

# છપ્પા ૫૬

## લહ્યો આત્મ અનુસાર, પાર પરકરતી પાયો;
## શુદ્ધ બતાઈ સાન, જ્ઞાન જે ઘર તે આયો. ૧

### શબ્દાર્થ

**લહ્યો** = જાણ્યો **આત્મ** = આત્મા **અનુસાર** = પ્રમાણે, પેઠે, માફક, લક્ષણ **પાર** = પરે, છેટે, ની પેલે ઠેકાણે **પરકરતી** = પ્રકૃત્તિ, માયા **પાયો** = પ્રાપ્ત કર્યું **શુદ્ધ** = નિર્મળ, ચોખ્ખું જેમ છે તેમ **બતાઈ** = બતાવી **સાન** = સમજણ, બુદ્ધિ, અક્કલ **જ્ઞાન** = જ્ઞાન, સમજ **જે ઘર તે** = જે ઘરથી **આયો** = આવ્યો.

### અનુવાદ

**પ્રકૃત્તિથી પાર રહેલા આત્માના લક્ષને ઓળખાવી, જે ઘરથી આવ્યા હતા તેની શુદ્ધ સમજણ આપી.**

### ભાવાર્થ

નારદમુનિએ વ્યાસજીને આત્મલક્ષનું જ્ઞાન આપ્યું. તેમણે વ્યાસજીને પ્રકૃત્તિથી પાર રહેલા આત્મા અને તેનો લક્ષ પણ જણાવ્યો. આમ શુદ્ધ સમજ આપી પોતે જે વિષ્ણુના વૈકુંઠ ધામમાંથી આવ્યા છે તેની પણ સમજ દર્શાવી.

## છૂટ્યો પાશ પુરાણ, ધ્યાન ધરી ચીન્યા આપા;
## સઘળે દરશ્યા શિવ, જીવ જે આગે સંતાપા. ૨

### શબ્દાર્થ

**છૂટ્યો** = છૂટી ગયું **પાશ** = બંધન, ફાંસો **પુરાણ** = પુરાણનો **ધ્યાન** = સમજ, જ્ઞાન **ધરી** = ધારણ કરી **ચીન્યા** = ઓળખ્યા **આપા** = પોતાને, આત્માને **સઘળે** = સર્વત્ર, બધામાં **દરશ્યા** = નિહાળ્યા, જોયા, દર્શન કર્યાં **શિવ** = શિવ **જીવ** = જીવ **જે** = જે **આગે** = અગાઉ, પહેલાં **સંતાપા** = તાપ (દુ:ખ) થી પીડાતા હતા, સંતાપ થયો હતો.

### અનુવાદ

**પુરાણના બંધનથી છૂટતાં જ વ્યાસજીએ જ્ઞાન ગ્રહણ કરીને આત્માને ઓળખ્યો.**

**ત્યાર બાદ પહેલાં જે સંતાપથી પીડાતા જીવો જણાતા હતા તે સર્વત્ર શિવ રુપે દેખાવા લાગ્યા.**

### ભાવાર્થ

નારદજી દ્વારા આત્મલક્ષનાં જ્ઞાનની સમજ ગ્રહણ કરીને વ્યાસજીએ પોતાની જાતને પુરાણની કલ્પિત માયા-જાળના બંધનોથી મુક્ત કરી. આ રીતે કર્મકાંડની સમજ છૂટી ત્યારે જ્ઞાન દ્વારા આત્માની સાચી ઓળખ થઈ. પરિણામે વ્યાસજીના મનમાં (પ્રથમ) સંતાપથી પીડાતા જીવોની જે કલ્પનાઓ હતી તે દૂર થઈ. આ રીતે તેમના જ્ઞાનચક્ષુ ખૂલી જતાં સર્વત્ર શિવ રુપ દેખાવા લાગ્યા.

**જ્ઞાન ગોળી ધોળકે પઈ, વૈદ ભયે હરિ સંત;**
**કર્મ ધર્મ પાડી ચરી, ભોજન દીયો ભાગવંત. ૩**

### શબ્દાર્થ

**જ્ઞાન** = જ્ઞાનની **ગોળી** = ઓષધની ગુટિકા **ધોળકે** = ઓગાળીને **પઈ** = પીવડાવી **વૈદ** = ચિકિત્સક, રોગ જાણીને દવા આપનાર **ભયે** = થયા **હરિ** = વિષ્ણુના **સંત** = સંતપુરુષ (નારદજી) **કર્મ ધર્મ** = કર્મ અને ધર્મની **પાડી** = કરીને, પાડીને, પડાવીને **ચરી** = પરેજી **ભોજન** = તૈયાર કરેલ જમણ **દિયો** = આપ્યો **ભાગવંત** = ભાગવત.

### અનુવાદ

**વિષ્ણુના સંત (નારદજી) વૈદ્ય બન્યા અને જ્ઞાન રુપ ગોળી ઓગાળીને (વ્યાસજીને) પીવડાવી દીધી. જેથી કર્મ અને ધર્મની પરેજી પાળીને (વ્યાસજીને) તૈયાર કરેલ ભાગવતનું ભોજન આપ્યું.**

### ભાવાર્થ

વિષ્ણુ દ્વારા મોકલવામાં આવેલ સંત રુપ ચિકિત્સકે (વૈદ્યે) આત્મજ્ઞાન રુપ ઔષધની ગુટિકા ઓગાળીને પુરાણની કલ્પના કરનાર વ્યાસજીને પીવડાવી દીધી, જેના કારણે કર્મ તથા ધર્મની પરેજી પાળીને તૈયાર કરેલ એકાદશ સ્કંધનું નિરૂપણ કરીને વ્યાસજીએ આત્મજ્ઞાનના ભોજનરુપે જગતને અઢારમા પુરાણ તરીકે ‘‘ભાગવત’’ પીરસ્યું.

## કિયો ભોજન ભાગવંત, અંત તે આણ્યો જોતે;
## કહે સત્ કુવેર ભૂલ્યો, જુગ રહ્યો જે પોથે. ૪

### શબ્દાર્થ

**કિયો** = કર્યો **ભોજન** = તૈયાર જમવાનું **ભાગવંત** = ભાગવત **અંત** = છેડો, પૂર્ણવિરામ **તે** = તે **આણ્યો** = લાવ્યા **જો તે** = જોતામાં, પોતાની જાતનો **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે છે **ભૂલ્યો** = ભૂલો પડ્યો **જુગ** = જગત, સંસાર **રહ્યો** = રહ્યા **જે** = જે **પોથે** =પોથીમાં જ, કલ્પિત પુસ્તકોમાં જ.

### અનુવાદ

**ભાગવત્ રુપ ભોજન તૈયાર કરીને છેવટે પોતાની જાતનો જ અંત આણ્યો. સત્ કુવેરસ્વામી કહે છે કે જગત આ પોથીમાં જ ભૂલું પડી રહ્યું છે.**

### ભાવાર્થ

છેવટે ભાગવતની રચના કરીને વ્યાસમુનિએ પોતાની વાણીનો જાતે જ અંત આણ્યો.કુવેરસ્વામી કહે છે કે પરિણામે આ સમસ્ત જગત વ્યાસજીએ રચેલ કાલ્પનિક અઢાર પુરાણવાળી પોથીમાં જ રચ્યું-પચ્યું રહીને ભૂલું પડ્યું છે.

## છપ્પા ૫૭

### પડીયા જીવ જંજાલ, પાલ તે કરમ ધરમકી;
### દીની વૈંકુઠ આશ, ત્રાસ તે કીની જમકી. ૧

**શબ્દાર્થ**

**પડીયા** = ફસાયા, પડ્યા **જીવ** = જીવો **જંજાલ** = જંજાળ, સાંસારિક માયાજાળ **પાલ** = પાળ, આડ, બંધન **તે** = તે **કરમ ધરમકી** = કર્મ અને ધર્મની **દીની** = આપી, બતાવી **વૈકુંઠ** = વૈકુંઠધામની **આશ** = આશા **ત્રાસ** = જુલમ, પીડા **તે** = તે **કીની** = કરીને **જમકી** = યમરાજાની.

**અનુવાદ**

**(વ્યાસમુનિએ) કર્મ અને ધર્મની આડ ઊભી કરી જેથી જીવો તે જંજાળમાં ફસાયા. વળી યમરાજાનો જુલમ દર્શાવીને વૈકુંઠની આશા આપી.**

**ભાવાર્થ**

વ્યાસજીએ જીવો માટે કર્મો કરવા અને ધર્મમય જિંદગી જીવવા માટે જુદી જુદી પદ્ધતિઓ દર્શાવીને જગતના જીવોને માયાજાળમાં ફસાવ્યા. વળી અમુક (કેટલાક) કર્મો થકી દેહ છોડ્યા બાદ આત્માને યમરાજાના દૂતોનો ત્રાસની ભયાનકતા પણ બતાવી. તે સિવાય ધર્મમય જીવન જીવવાથી વૈકુંઠના સુખનો વૈભવ પણ બતાવ્યો. આ રીતે વ્યાસજીએ જગતના જીવોને કર્મ અને ધર્મની પ્રવૃત્તિ બતાવીને ધર્મમાર્ગે વાળ્યા.

### તાતે સહુ સંસાર, સકલ સબ લાગ્યા કરમે;
### પાપે પાવે નરક, સરગતે પાવે ધરમે. ૨

**શબ્દાર્થ**

**તાતે** = તેથી **સહુ** = બધા, સર્વ **સંસાર** = સંસારના જીવો **સકલ** = સઘળા **સબ** = બધા જ **લાગ્યા** = લાગી ગયા **કરમે** = કર્મકાંડમાં **પાપે** = પાપ થકી **પાવે** = પ્રાપ્ત થાય **નરક** = નર્ક, યાતના ભોગવવાનું સ્થાન **સરગતે** = સ્વર્ગથી ઈન્દ્રપુરી, દેવલોક **પાવે** = પ્રાપ્ત થાય **ધરમ** = ધર્મથી, ધર્મમય જિંદગી જીવવાથી.

### અનુવાદ

**તેથી સમસ્ત સંસારમાં સૌ કર્મકાંડ કરવા લાગ્યા. પાપ કરવાથી નર્ક અને ધર્મ થકી સ્વર્ગ પ્રાપ્ત થાય છે (એમ માનવા લાગ્યા).**

### ભાવાર્થ

તેથી સમસ્ત સંસાર દરેક પ્રકારના - જીજ્ઞાસુ, મુમુક્ષુ, અર્થાર્થી અને વિષયી જીવો કર્મને પ્રાધાન્ય આપીને જિંદગી જીવવા લાગ્યા. અશુભ આચરણ અને અધ:પતન કરનારાં કર્મોના ફળરૂપી થતા પાપ ભોગવવા માટે અઠ્ઠાવીસ પ્રકારના નર્ક કુંડોની યાતના ભોગવવી પડે છે. વળી, શુભાશુભ કર્મો કરવાથી તેના ફળ રુપે દેવલોકની પ્રાપ્તિ થાય છે. આમ કર્મો થકી સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે, તેવી સમજણ મુજબ જીવનમાં બધા જીવો સારું-ખોટું આચરણ કરવા લાગ્યા.

**આત્મ અરક ઉદ્યોત, ઉજેસ ન કીને જાન્યા;**
**મહાનિધિના નાટ ઠાઠ, તે સત્ કરી માન્યા. ૩**

### શબ્દાર્થ

**આત્મ** = આત્મા **અરક** = સૂર્ય **ઉદ્યોત** = પ્રકાશ, ઉદય **ઉજેશ** = તેજસ્વિતા, તેજ **ન** = નહીં **કીને** = કોઈએ **જાન્યા** = જાણ્યો **મહાનિધિના** = મહામાયાના **નાટ** = નાટક, સ્વરૂપોના, પસારાના **ઠાઠ** = ઠઠારો, વૈભવ, ભપકો **તે** = તેણે **સત્** = સાચો **કરી** = કરીને **માન્યા** = માન્યો, માની લીધો.

### અનુવાદ

**સૂર્ય (કિરણ) રુપે આત્માના પ્રકાશને કોઈએ જાણ્યો નહીં, તેથી મહામાયાના પસારાના ભપકાને જ સાચો માન્યો.**

### ભાવાર્થ

શરીરમાં રહેલ આત્મા એ સૂર્યના કિરણરૂપ છે. તેની ચેતનતારૂપી ભાસથી પિંડ ચેતનવંત થાય છે. તેના શાશ્વત પિતા સૂર્યરુપે બ્રહ્મથી તીત રહેલા છે. તે સાચી સમજ કોઈએ જાણી નહીં, પરંતુ જગતના જીવોએ મહામાયાનો જે વૈભવ વ્યાપેલો છે તેને જ સાચો માની લીધો છે.

**મહાનિધિ મહારાજ, કાજ તે ચૌદ ભોવનત્યે;**
**ચૈતનસે ચેતન કુવેર, વન જેસે ઘનત્યે. ૨**

### શબ્દાર્થ

**મહાનિધિ** = મહામાયા **મહારાજ** = સર્વોચ્ચ રુપે મહદ્ **કાજ** = કાર્ય, ઉત્પત્તિ **તે** = તે **ચૌદ ભોવનતત્યે** = ચૌદ ભુવનનું **ચૈતનસે** = ચૈતનથી **ચેતન** = ચેતનતા **કુવેર** = કુવેરસ્વામી **વન** = જંગલ **જેસે** = જેવી રીતે, જેમ **ઘનત્યે** = વરસાદથી.

### અનુવાદ

**જેમ વરસાદથી વનરાજી ઊગી નીકળે છે તેમ બ્રહ્માંડમાં સર્વોપરીતા ધરાવતી મહામાયાની ઉત્પત્તિ તરીકે ચૌદ લોક છે, પરંતુ કુવેરસ્વામી કહે છે કે મહદ્ ચૈતનની ચેતનતા થકી જ સર્વ ઉત્પત્તિ શક્ય બની છે.**

### ભાવાર્થ

જેમ વરસાદનાં પાણીનું સિંચન થવાથી વનમાં વનરાજી (તમામ પ્રકારની વનસ્પતિ) ઊગીને ખીલી ઊઠે છે. તેવી જ રીતે બ્રહ્માંડમાં સર્વ વ્યાપક અને સર્વોપરી મહામાયાના પ્રભાવથી ચૌદલોક સહિતની સર્વ ઉત્પત્તિ ખીલી ઊઠે છે. એવું સર્વ જીવોને જણાય છે, પરંતુ બાલકુવેરસ્વામી કહે છે કે હકીકતમાં તો બ્રહ્મથી પરે રહેલા મહદ્ ચૈતનના ચેતનબળ (ચૈતન્ય) થી જ સમગ્ર રચના ચેતન થઈ છે. આમ, વિશ્વના સમસ્ત ખેલને સર્જનહારે જ ખીલવ્યો છે.

# છપ્પા ૫૮

## જેહેણી થઈ જુગમાંહી, કાંઈ નવ આવે સરતે;
## અંતર કરી આવેશ, ભમાવે તીરથને વરતે. ૧

### શબ્દાર્થ

**જેહેણી** = સૂક્ષ્મ સ્વરૂપે, બારીક **થઈ** = થઈને **જુગમાંહી** = જગતમાં **કાંઈ** = કોઈને **નવ** = ના **આવે** = આવે **સરતે** = સુરતમાં, ધ્યાનમાં **અંતર** = હ્રદયમાં, અંદર મનમાં **કરી** = કરીને **આવેશ** = પ્રવેશીને આવીને **ભમાવે** = ભટકાવે, રખડાવે **તીરથ** = તીર્થ, યાત્રાનું ધામ, પવિત્ર સ્થાન દેવી-દેવતાઓની પુણ્ય ભૂમિ **ને** = અને **વરતે** = વ્રતે, સંકલ્પથી નિયમપૂર્વકનું આચરણ, પુણ્ય પ્રાપ્ત કરવા માટે કરાતું હોય તેવું ધાર્મિક કાર્ય.

### અનુવાદ

**જગતમાં સૂક્ષ્મ સ્વરૂપે રહેલી માયા કોઈની સુરતામાં (નજરમાં) આવે તેમ નથી. તેમ છતાં તે જીવોના અંતરમાં આવીને તેમને તીર્થ તથા વ્રતોમાં ભટકાવે છે.**

### ભાવાર્થ

જગતના દરેક અણુમાં પસારો પામેલી માયાનું અતિ સૂક્ષ્મ સ્વરૂપ હોવાથી કોઈની પણ સુરતામાં આવી શકે તેમ નથી. તેમ છતાં જીવોના અંતરમાં પ્રવેશ કરીને તીર્થસ્થાનોના પ્રવાસ તેમજ ધાર્મિક કર્મોનું આચરણ કરાવીને જીવોને ઠરીને સ્થિર બેસવા ન દેતાં ભટકાવે છે.

## થઈને રુપ સભાવ, જહાં જહાં રહી પરકરતી;
## હલન ચલન પરવેણ, નેનમેં યેહેની વરતી. ૨

### શબ્દાર્થ

**થઈને** = થઈને **રુપ** = સુંદરતા, સ્વરૂપ **સભાવ** = સ્વાભાવિક, પ્રાકૃત્તિક લક્ષણથી **જહાં જહાં** = જ્યાં જ્યાં **રહી** = રહી છે **પરકરતી** = માયા, પ્રકૃત્તિ **હલન-ચલન** = હાલવું-ચાલવું **પર** = પારકા, અન્ય પ્રત્યે **વેણ** = બોલ, વચન **નેનમેં** = આંખોમાં **યેહેની** = એની **વરતી** = વૃત્તિ, વલણ, રુચિ, મરજી, વર્તારો.

## અનુવાદ

**જ્યાં જેનો જેવો સ્વભાવ ત્યાં તે રુપે થઈને માયા રહેલી છે. તેથી હાલવું-ચાલવું અન્ય પ્રત્યે બોલવું અને આંખોમાં પણ તેની જ વૃત્તિ રહેલી છે.**

## ભાવાર્થ

જ્યાં જ્યાં જેનો જેવો સ્વભાવ હોય ત્યાં ત્યાં તેવા સ્વભાવને અનુરૂપ થઈને માયા રહેલી છે. વળી માનવીના હલન-ચલન તથા અન્ય પ્રત્યે બોલાતા વચનો તેમજ આંખો દ્વારા નિરખવાની અને તેની ચેષ્ટાપણાનો (ચેનચાળો) વર્તારો જોવા મળે છે.

**ઉત્તમ મધ્યમમાંહી, તાંહી તે રહી અઘાઈ;**
**મધ્યમમાંહી મલિન, કિન ઉત્તમ સુચીતાઈ. ૩**

### શબ્દાર્થ

**ઉત્તમ** = ઉત્કૃષ્ટ, ચડિયાતું **મધ્યમ** = સાધારણ, વચલી કક્ષાનું **માંહી** = માં **તાંહી** = ત્યાં **તે** = તે **રહી** = રહેલી છે **અઘાઈ** = સંતોષી, તૃપ્ત, ધરાયેલી **મધ્યમમાંહી** = મધ્યમમાં, વચલી કક્ષામાં **મલિન** = નીચ, દુષ્ટ વિચારવાળું, હલકું, અધમી, અપવિત્ર **કિન** = કરે, કરીને **ઉત્તમ** = ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ **સુચીતાઈ** = સૂચવેલું, નિર્દેશેલું, સમજાવેલું, પવિત્ર, શુદ્ધ.

## અનુવાદ

**(તે માયા) ઉત્તમ અને મધ્યમમાં સંતુષ્ટ થઈને રહેલી છે, પરંતુ ઉત્તમમાં તે નિર્દેશ કરેલા (પવિત્ર, શુદ્ધ) કાર્યો કરાવે છે અને મધ્યમમાં તે દુષ્ટ કાર્યો કરાવે છે.**

## ભાવાર્થ

સંસારમાં ઉત્તમ વ્યક્તિત્ત્વ ધરાવતી અને મધ્યમ વ્યક્તિત્ત્વ ધરાવતી એમ બે પ્રકારની વ્યક્તિઓ જોવા મળે છે. આ બંને પ્રકારની વ્યક્તિઓમાં માયા સંતોષના રુપમાં સમાયેલી છે. અર્થાત્ ઉત્તમ વ્યક્તિને ઉત્તમ કાર્યો કરાવીને સંતોષ મનાવે છે, જ્યારે મધ્યમ વ્યક્તિઓને હલકી કોટિના દુષ્ટ (ખરાબ) કર્મો કરાવીને પણ તે (માયા) સંતોષ અનુભવડાવે છે.

**કીન ઉત્તમ સુચીતાઈ, રાઈ કે સરગ પમાડે;**
**કહે કુવેર જ્યૌ બાલ, ઉછાલી માત રમાડે. ૪**

### શબ્દાર્થ

**કિન** = કરીને **ઉત્તમ** = શ્રેષ્ઠ **સુચીતાઈ** = દર્શાવેલા, સૂચવેલા, પવિત્ર શુભ **રાઈ** = રાજા, ઉચ્ચપદ, ઉચ્ચ સ્થાન **કે** = કે, અથવા **સરગ** = સ્વર્ગ, દેવલોક **પમાડે** = પ્રાપ્ત કરાવે **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **જ્યૌ** = જેમ, જેવી રીતે **બાલ** = બાળકને **ઉછાલી** = ઉછાળીને, વહાલ કરીને **માત** = માતા **રમાડે** = રમાડે છે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે જેવી રીતે માતા બાળકને ઉછાળીને રમાડે છે. તેવી જ રીતે માયા સૂચિત કરેલાં ઉત્તમ કર્મો કરાવીને ઉચ્ચ પદવી અથવા સ્વર્ગ પ્રાપ્ત કરાવે છે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે સંસારમાં માતા જેવી રીતે બાળકને વહાલપૂર્વક ઉછાળીને રમાડે છે. જેથી બાળક ખુશ થાય છે અને તે જોઈને માતા પણ આનંદ અનુભવે છે. તેવી જ રીતે સંસારમાં માયા પવિત્ર અને ઉત્તમ કર્મો કરાવીને તે વ્યક્તિને રાજા સમાન ઉચ્ચ પદવી પ્રાપ્ત કરાવે છે.

ધર્મનિષ્ઠ માનવોને સ્વર્ગ મેળવવાના બહાને અથવા ઉચ્ચપદ પ્રાપ્ત કરાવવાને બહાને ધાર્મિક ક્રિયા જેવી કે યોગ-તપ, વ્રતથી માંડીને વિવિધ સાધના કરાવી સ્વર્ગની પ્રાપ્તિ કરાવે છે. આ પ્રમાણે બંને પ્રકારના માનવોને માયા નચાવે છે અને પોતે પ્રસન્નતા અનુભવે છે.

# છપ્પા ૫૯

**હે તનમેં હેતાસ બાસ તે રહી ઘટોઘટ;**
**ધઈ ધઈ ભેટે અંગ, ઉમંગે કરી ચટોચટ. ૧**

### શબ્દાર્થ

**હે તનમેં** = શરીરમાં રહે છે, પિંડમાં રહે છે **હેતાસ** = હેતપૂર્વક, પ્રેમાળ, પ્રીતિ **બાસ** = વાસ, ગંધ, સોડમ **તે** = તે **રહી** = રહેલી છે **ઘટોઘટ** = પ્રત્યેક શરીરમાં **ધઈ ધઈ** = દોડી દોડીને **ભેટે** = ભેટવુ, મેળાપ કરાવે, અલિંગન કરે, સામસામા અડીને મળવું **અંગ** = શરીરનો એક ભાગ, અવયવ, આત્મીય જન **ઉમંગે** = આનંદપૂર્વક, ખુશીથી, ઉત્સાહભેર **કરી** = કરીને **ચટોચટ** = તાબડતોબ, ઝટપટ, સપાટામાં.

### અનુવાદ

**(માયા) પ્રત્યેક શરીરમાં પ્રીતિપૂર્વક તથા ઘાટે ઘાટમાં તે સુગંધની જેમ રહેલી છે. તેથી તે દોડી દોડીને આનંદપૂર્વક પરસ્પર (એકબીજાના) શરીર સાથે એકદમ ભેટે છે.**

### ભાવાર્થ

જેમ ફૂલમાં સુગંધ રહેલી હોય છે, તેમ શરીરમાં પણ ગંધરૂપી માયા પ્રેમપૂર્વક ગુપ્ત રહેલી છે. તેથી જગતમાં સ્વજનો દેખતાં જ દોડીદોડીને ખૂબ જ ઉમંગભેર (આનંદપૂર્વક) એકબીજાનાં શરીરને પરસ્પર ભેટે છે.

**સ્વામી તાંહાં સેવક, પખ તે રાખે સહીને;**
**ઈશ્વર તાંહાં ઈચ્છાય, ચરણ તે પકડે ધઈને. ૨**

### શબ્દાર્થ

**સ્વામી** = માલિક, ઈષ્ટદેવ, પ્રભુ **તાંહાં** = ત્યાં **સેવક** = ઉપાસક, ચાકર, દાસ, શિષ્ય **પખ** = સંબંધ, તરફેણ **તે** = તે **રાખે** = રાખે **સહીને** = સહન કરીને, કસોટી વેઠીને **ઈશ્વર** = ઐશ્વર્યવાન પુરુષ **તાંહાં** = ત્યાં **ઈચ્છાય** = આશા, અપેક્ષા, મહેચ્છા **ચરણ** = પગ **તે** = તેઓ **પકડે** = પકડે **ધઈને** = દોડીને, સામે ચાલીને.

### અનુવાદ

**(માયા) સ્વામી હોય ત્યાં સેવક થઈને કસોટી વેઠી તેની તરફેણ કરે છે, વળી ઈશ્વર (ઐશ્વર્યવાન) પાસે અપેક્ષાપૂર્વક સામે ચાલીને તેના ચરણ પકડે છે.**

### ભાવાર્થ

ધર્મક્ષેત્રે ઈષ્ટદેવ હોય ત્યારે ચાકર (સેવક) કે શિષ્ય ભાવે માયા પહોંચી જાય છે. માલિક દ્વારા કરવામાં આવતી કસોટી સહન કરીને પણ તે સંબંધ જાળવી રાખે છે. વળી ઐશ્વર્યવાન મહાપુરુષો કે દેવી-દેવતાઓ પાસે ભક્તોની અપેક્ષાઓ (ઇચ્છાઓ) સંતોષવાના ઈચ્છારુપે માયા દોડી-દોડીને ઈશ્વરોના ચરણમાં સમર્પિત થતી હોય છે.

**જોગી તાંહ જોગાંણ્ય, આંણ્ય તે મેટે નાંહી;**
**સતી થઈને શીસ, ઈશની રહેવે માંહી. ૩**

#### શબ્દાર્થ

**જોગી** = યોગી **તાંહ** = ત્યાં **જોગાંણ્ય** = યોગિની **આણ્ય** = જુદું, અભિન્ન, ભિન્ન, બીજા કોઈ **તે** = તે **મેટે** = દૂર કરે, નાબૂદ કરે, નિર્મૂળ કરે **નાંહી** = નહીં **સતી** = સતિત્ત્વ ધારણ કરેલી સ્ત્રી **થઈને** = થઈને **શીસ** = મસ્તક, શીશ, ટોચ, સર્વોપરી, માથે, ઉપર **ઈશની** = ઈશ્વરની **રહેવે** = રહે **માંહી** = માં, અંદર.

### અનુવાદ

**જોગીને ત્યાં અભિન્ન એવી જોગણ રુપે (થઈને) અને ઈશ્વરોના માથે તે (માયા) સતી થઈને રહેલી છે.**

### ભાવાર્થ

યોગની સાધના કરનાર યોગીને ત્યાં તે માયા જોગણ બનીને રહેલી છે. તેને યોગી દૂર કરવા ઇચ્છે તો પણ તે યોગીથી દૂર થતી નથી. તે માયાવી સ્ત્રી પ્રચંડ પિશાચણીનું રુપ ધારણ કરીને રહે છે. વળી ઈશ્વરોના માથે રહેલી માયા સતીના સ્વરૂપે હોય છે. જેથી ઈશ્વરો કોઈને ગણકારતા કે બદતા (ગાંઠતા) નથી. (દેવીના પ્રતાપને લીધે ઈશ્વરોના સ્વભાવ પરથી મચકદેવી કે દાદદેવી શબ્દપ્રયોગ થયો છે.)

## રહે ઈશની મહાંય, જહાં જેવી તહાં તેવી;
## કહે સત્ કુવેર, રુપ અનંતે દેવી. ૪

### શબ્દાર્થ

**રહે** = રહે છે **ઈશની** = ઈશ્વરોની **મહાંય** = માં, અંદર **જહાં** = જ્યાં **જેવી** = જેવી **તહાં** = ત્યાં **તેવી** = તેવી રીતે **કહે સત્ કુવેર** = કુવેરસ્વામી સત્ય જ કહે છે **રુપ** = સ્વરૂપ **અનંત** = અનેક, અસંખ્ય, અગણીત **દેવી** = દૈવત્વ ધરાવતી સ્ત્રી, માયા.

### અનુવાદ

**ઈશ્વરોમાં જ્યાં જેવી (જરૂરિયાત હોય) ત્યાં તેવી થઈને રહે છે. કુવેરસ્વામી સત્ય કહે છે કે આ દેવી અનેક સ્વરૂપે રહેલી છે.**

### ભાવાર્થ

યોગી, ભોગી, જોગી, રોગી, શેઠ, દેવ-દાનવો, સિદ્ધો, ભણેલા, ચોર, ડાકુઓ, ગુંડાઓ કે શાહુકારો જેવા વિભિન્ન શક્તિધારકો તેમજ ઐશ્વર્ય પ્રાપ્ત કરેલ મહાપુરુષો વગેરેમાં જ્યાં જે પ્રમાણે જેવી જરૂરિયાત હોય ત્યાં તેવા અનેક સ્વરૂપે માયા રહેલી હોય છે. બાલકુવેરસ્વામી સાચું જ કહે છે કે માયા અગણિત રુપ ધારણ કરીને સમગ્ર વિશ્વમાં વ્યાપેલી છે.

# છપ્પા ૬૦

## શંકર તહાં ઉમયાય, વિરંચી ઘેર સાવંત્રી;
## વિષ્ણુસુ ઘરબાર સતી, તહાં લક્ષ્મી મંત્રી. ૧

### શબ્દાર્થ

**શંકર** = મહાદેવ, શિવજી **તહાં** = ત્યાં **ઉમયાય** = પાર્વતી, ઉમિયા **વિરંચી** = બ્રહ્મા **ઘેર** = ઘરે **સાવંત્રી** = સાવિત્રી **વિષ્ણુસુ** = વિષ્ણુના **ઘરબાર** = સહપરિવાર, કુટુંબ કબીલો **સતી** = સતિ **તહાં** = ત્યાં **લક્ષ્મી** = લક્ષ્મી **મંત્રી** = પ્રધાન, સહાયક, સલાહકાર.

### અનુવાદ

**શંકરને ત્યાં પાર્વતી, બ્રહ્માને ઘરે સાવિત્રી અને વિષ્ણુના સપરિવારના પ્રધાન રુપે (માયા) લક્ષ્મી રહેલી છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના મહાન ગણાતા દેવતાઓઃ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર છે, તેમ છતાં માયા શંકરના ઘરે પાર્વતી સ્વરૂપે અને બ્રહ્માજીના ઘરે સાવિત્રી સ્વરૂપે રહેલી છે. જ્યારે વિષ્ણુના કુટુંબ તરીકે સમગ્ર વિશ્વના જીવો છે તેમ છતાં માયા તેમના સહાયક બનીને લક્ષ્મીના સ્વરૂપે રહેલી છે.

## ગૌલોકમેં જે હોય પતિ, તેહેની થઈ પતની;
## અન્ય દેવ કુણ માત્ર, સાત્ર નહીં આપના વતની. ૨

### શબ્દાર્થ

**ગૌલોકમેં** = ગૌલોકમાં **જે** = જે **હોય** = હોય **પતિ** = પરમેશ્વર, માલિક **તેહેની** = તેની **થઈ** = થઈ **પતની** = પત્ની **અન્ય** = બીજા **દેવ** = દેવોની **કુણ માત્ર** = શી ગણતરી, કોણ ગણે ? **સાત્ર** = શત્રુ, દુશ્મન **નહીં** = નથી **આપના** = પોતાના **વતની** = સાંસારિક, દુન્યવી નિવાસ, નિવાસી.

### અનુવાદ

**ગૌલોકમાં જે પતિ હોય તેની પત્ની થઈને રહેલી છે. તો પછી અન્ય દેવોની તો**

**શી ગણતરી ? વળી ગૌલોકવાસીઓ જોડે પણ દુશ્મન તરીકે નહીં, પરંતુ પોતાના જ કરીને રહેલી છે.**

## ભાવાર્થ

ગૌલોકમાં જે પતિ તરીકે બિરાજમાન છે એવા ગૌલોકનાથની પણ માયા પત્ની બનીને રહેલી છે. વળી ગૌલોકમાં નિવાસ કરનાર સર્વ ગૌલોકવાસી સાથે તે દુશ્મન તરીકે નહીં, પરંતુ પોતાના હિતેચ્છુની જેમ માયા રહેલી છે. તો પછી બીજા સામાન્ય દેવોની તો ગણતરી જ શી રીતે કરી શકાય ? કે તેઓ માયાથી દૂર (અલિપ્ત) રહી શકે ?

**ગગન ઘટા થઈ વીજ, રીઝ પોતાને વરસી;**
**ક્ષિતિ પાવક જલ પવન, શૂન્ય મેં સાંમા દરશી. ૩**

### શબ્દાર્થ

**ગગન ઘટા** = ઘનઘોર વાદળમાં **થઈ** = થઈને **વીજ** = વીજળી **રીઝ** = રીઝીને, ખુશ થઈને **પોતાને** = પોતાને **વરસી** = વરસાદ વરસાવી **ક્ષિતિ** = પૃથ્વી **પાવક** = અગ્નિ **જલ** = જળ **પવન** = પવન **શૂન્યમેં** = આકાશમાં **સાંમા** = પડછાયાની જેમ સમાયેલી **દરશી** = દૃશ્યમાન થાય છે, દેખાય છે.

## અનુવાદ

**ઘનઘોર વાદળોમાં વીજળી થઈ ખુશ થઈને વરસાદ વરસાવે છે. વળી પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશમાં પણ પડછાયાની જેમ સમાયેલી દૃશ્યમાન થાય છે.**

## ભાવાર્થ

આકાશમાં રહેલા ઘનઘોર વાદળમાં વીજળી થઈને તે માયા ત્રાટકે છે, જેના થકી તે વાદળોમાં રહેલા પાણીના જથ્થાને વરસાદ સ્વરૂપે વરસાવે છે. વળી પાંચ મહાતત્ત્વોઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશમાં પણ પડછાયાની જેમ રહેલી છે.

**દરસી સાંમા શૂન્ય, ધૂન્ય થઈ પોતે ગરજી;**
**કહે સત્ કુવેર, શકે કુણ યેહેને બરજી. ૪**

### શબ્દાર્થ

**દરશી** = દેખાય **સાંમા** = પડછાયાની જેમ સમાયેલી **શૂન્ય** = શૂન્ય **ધૂન્ય** = સૂરનો ગુંજારવ, ધ્વનિ **થઈ** = થઈને, કરીને **પોતે** = સ્વયં, પોતે **ગરજી** = ગર્જના કરે છે, ગડગડાટ કરે **કહે સત્ કુવેર** = કુવેરસ્વામી કહે છે **શકે કુણ** = કોણ કરી શકે **એહેને** = એને **બરજી** = ત્યજી દેવું, રોકવું, જીતવુ, પુરુ પાડવું.

### અનુવાદ

**શૂન્યરુપ આકાશમાં પડછાયાની જેમ સમાયેલી માયા ગડગડાટનો અવાજ કરીને ગર્જના કરે છે. કુવેરસ્વામી કહે છે કે ખરેખર તેને કોણ ત્યજી શક્યું છે ?**

### ભાવાર્થ

આકાશમાં પડછાયાની માફક રહેલી માયા ગડગડાટનો અવાજ કરીને પોતે ગર્જના કરે છે. બાલકુવેરસ્વામી સત્ય જ કહે છે કે તે (અનેક રુપ) બહુરૂપી ગુણવાળી તેમજ પ્રચંડ મહાશક્તિ ધરાવતી અનંત દેવીથી વધુ શક્તિશાળી (સમર્થ) પુરુષ અન્ય કોઈ જ નથી કે તેને ત્યજી (જીતી) શકે.

# છપ્પા ૬૧

**એ માયાનો સંગ, ભંગ કુણ કરવા શુરા;**
**દાનવ માનવ નાગ દેવ, સબ કિના ચુરા. ૧**

### શબ્દાર્થ

**એ** = એ, એવી **માયાનો** = માયાનો **સંગ** = સંગાથ, સોબત, સાથ, આસક્તિ, સંયોગ **ભંગ** = ખંડન, અટકાવ, ઉલ્લંઘન **કુણ** = કોણ **કરવા** = કરવા **શુરા** = શૂરવીર, બહાદુર **દાનવ** = અસૂર, દૈત્ય, રાક્ષસ **માનવ** = મનુષ્ય, માનવી **નાગ** = નાગ જાતિ, પાતાળમાં રહેતા સર્વ આકારના અર્ધદેવતા **દેવ** = સુર, દેવતા, ઐશ્વર્ય અને દૈવત્વ ધરાવતા વિભૂતિવાન પુરુષ **સબ** = બધા, સર્વ, તમામ **કિના** = કર્યા **ચૂરા** = ચૂર, ગરકાવ, નિમગ્ન, ચકચૂર, તાબે, વશ.

### અનુવાદ

**એવી માયાના સંગનો ભંગ કરવા માટે કોણ શૂરવીર છે ? દાનવ, માનવ, નાગ, દેવ સર્વને (માયાએ) ચકચૂર કરી દીધા છે.**

### ભાવાર્થ

એવી મહાન શક્તિશાળી માયાના સાથને (સંગ) ઠુકરાવનાર કોઈ પરાક્રમી અને મનથી મક્કમ નિર્ધાર કરીને વૈરાગી મહાપુરુષ કોણ છે? કારણ કે, માયાએ તેના વિકરાળ અને માયાવી પંજામાં દેવ, દાનવ, માનવ, નાગ સહિત તમામને જકડી રાખ્યા છે. તે બધા મોહ-માયામાં એવા તો ચકચૂર થઈ ગયા છે કે તેનાથી છૂટવું અત્યંત મુશ્કેલ છે.

**જોગીને જંગમ ગમ, નહીં યેહેને જીત્યાની;**
**જતિ સતિ સંન્યાસ, નાશ નવ થાય નિદ્યાની. ૨**

### શબ્દાર્થ

**જોગી** = યોગ સાધનાર, ન્યાયી, વૈરાગી **ને** = ને **જંગમ** = સ્થિર ન બેસતા કૂચ કે પ્રયાણ કરતા સાધુ **ગમ** = ગતિ સમજ, શક્તિ **નહીં** = નથી, નહીં **યેહેને** = એને **જીત્યાની** = જીતી શકવાની, જીતવાની **જતિ**

= જિતેન્દ્રિય પુરુષ, યતિ **સતિ** = પતિવ્રતા, ધણીની સાથે બળી મરનાર સ્ત્રી, પતિને પરમેશ્વરમાની પતિ પરાયણ થઈને રહેતી સતવાળી સ્ત્રી **સંન્યાસ** = સંન્યાસી, સંસારથી વિરક્ત ત્યાગી પુરુષ **નાશ** = વિધ્વંસ, સંહાર, ઉચ્છેદ **નવ** = નહીં, ના **થાય** = થાય **નિદ્યાની** = ચોક્કસ, નિશ્ચિત, નિયમિત ધ્યાન ધરનાર ધ્યાની.

## અનુવાદ

**જોગી અને સાધુઓ પાસે એને જીતવાની ગતિ નથી. વળી જતિ, સતી અને સંન્યાસી જેવા પણ તેને નષ્ટ કરી શકે તેમ નથી.**

## ભાવાર્થ

સ્થિર થઈને યોગ સાધનારા યોગી કે ફરતા સાધુ કે મુનિઓ પાસે પણ માયાને જીતવાની ગમ ગતિ નથી. વળી જતિ, સતી અને જેઓ નિયમિત ધ્યાનમગ્ન રહે છે તેવા સંન્યાસીઓ પણ પોતાનામાં રહેલી માયાનો વિધ્વંસ કરી શક્યા નથી.

**અતિ અપરબલ યેહ, છેહ નવ કાઢે કોઈ;**
**ચૌદલોક કરમાંય, ચાવે તે મુખમે બોઈ. ૩**

### શબ્દાર્થ

**અતિ** = અત્યંત, મહાન, ઘણી **અપરબલ** = અપરંપાર બળવાળી **યેહ** = એ, તે **છેહ** = અંત, પાર, છેડો, તાગ **નવ** = નહીં **કાઢે** = લાવે **કોઈ** = કોઈ **ચૌદલોક** = ચૌદ લોક **કરમાંય** = હાથમાં, પંજામાં **ચાવે** = ચાવવું, દાંતથી પીસવું **તે** = તે **મુખમેં** = મોંમા નાખીને, મોંમા લઈને **બોઈ** = ચાવવુ.

## અનુવાદ

**તે અત્યંત બળવાન હોઈ કોઈ તેનો અંત લાવી શકે તેમ નથી, કારણ કે, ચૌદ લોકને હાથ વડે મુખમાં લઈને તે ચાવે છે.**

## ભાવાર્થ

તે સર્વવ્યાપી માયા અપરંપાર શક્તિશાળી છે એટલે કોઈ તેનો અંત લાવી શકે તેમ નથી. આ મહાન શક્તિ ધરાવતી માયા પર કોઈ વિજય પ્રાપ્ત કરી શકતું નથી કે તેને કોઈ નષ્ટ કરી શકે તેમ પણ નથી. તેનું શક્તિબળ એટલું છે કે તે ચૌદ લોકને પોતાના હાથના પંજા વડે પકડીને મુખમાં નાંખીને ચાવે છે.

## ચાવે મુખમાં બોઈ, રોઈ રોઈ સરવે મરીયા;
## કહે સત્ કુવેર, જોરાવર યેસી તરીયા. ૪

### શબ્દાર્થ

**ચાવે** = ચાવીને **મુખમાં** = મોંમા **બોઈ** = મૂકીને, ચાવીને, નાંખીને, લઈને **રોઈ રોઈ** = રડી રડીને, રુદન કરી કરીને **સરવે** = સૌ, બધા **મરીયા** = મરણ પામ્યા **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે છે **જોરાવર** = બળવાન, શક્તિશાળી **યેસી** = એવી **તરીયા** = સ્ત્રી (માયા).

### અનુવાદ

**મુખમાં લઈને ચાવવાથી સૌ રડી રડીને મૃત્યુ પામ્યા છે. સત્ કુવેરસ્વામી કહે છે કે એવી એ શક્તિશાળી સ્ત્રી (માયા) છે.**

### ભાવાર્થ

માયા સૌને પોતાના મુખમાં નાંખીને ચાવે છે. એટલે ચૌદલોકના તમામ રહેવાસીઓ અનેક પ્રકારના કલ્પાંત કરીને અંતે મરણને શરણ થાય છે. બાલકુવેરસ્વામી સાચું જ કહે છે કે સ્ત્રીના સ્વરૂપમાં રહેલી આ માયા ખરેખર ખૂબ જ બળવાન છે.

# છપ્પા ૬૨

**ભઈ નટી નિરવાણ્ય, જાણ્ય તે અતિ અપરબલ;**
**નહીં બાજીગર કોઈ, સામ્રથ જીતે યેહેનું બલ. ૧**

### શબ્દાર્થ

**ભઈ** = થઈ **નટી** = નાચનારી કે વેશ ભજવનારી યા નાટક કરનારી સ્ત્રી, નટડી **નિરવાણ્ય** = જેનું વર્ણન ન કરી શકાય તેવી **જાણ્ય** = જાણવું, ઓળખવું **તે** = તેવી **અતિ** = ઘણું **અપરબલ** = અપાર બળવાળી, અપંરપાર, બળવાન, અપાર શક્તિ ધરાવતી **નહીં** = નથી **બાજીગર** = મદારી, જાદુગર **કોઈ** = કોઈ **સામ્રથ** = સમર્થ **જીતે** = જીતી શકે **યેહનું** = એનું, તેનું **બલ** = બળ, તાકાત, શક્તિ.

### અનુવાદ

**વેશ ભજવીને નાટક કરનારી આ માયા અત્યંત અપરંપાર બળવાન છે કે જે અવર્ણનીય અને ઓળખી ન શકાય તેમ જાણવું. કોઈ સામર્થ્યવાન બાજીગર નથી કે તેની શક્તિને જીતી શકે.**

### ભાવાર્થ

પોતાના વિવિધ સ્વરૂપો બદલીને નાટક કરનારી આ મહામાયા અત્યંત અપરંપાર શક્તિ ધરાવે છે. જેને કોઈ ઓળખી શકતું નથી કે તેના સ્વરૂપ અને શક્તિ અંગે વર્ણન પણ કરી શકાતું નથી. આવી મહાન બળવાન માયાના સામર્થ્યને દુનિયામાં કોઈ એવો સમર્થ બાજીગર નથી કે જે તેના ઉપર વિજય પ્રાપ્ત કરી શકે.

**અજપદ ને કૈલાસ, વાસ પર વૈકુંઠ ગૌલોક;**
**ભલી નચાવે નાચ, તાસનું સમ્રે એકી લોક. ૨**

### શબ્દાર્થ

**અજપદ** = બ્રહ્મસદન **ને** = અને **કૈલાસ** = શિવજીનું ધામ, શિવપુરી **વાસ પર** = ઉપર વસેલા, તેમાં વસવાટ કરેલ **વૈકુંઠ** = વિષ્ણુલોક, વિષ્ણુનું ધામ **ગૌલોક** = ગૌલોક **ભલી** = સરસ રીતે, ભોળી બનીને,

હિતકારક થઈને, સારી રીતે **નચાવે** = નાચ નચાવે **તાસનું** = તેનું **સમ્રે** = સામ્રાજ્ય **એકી** = એકે એક, દરેક **લોક** = ધામમાં.

## અનુવાદ

**અજપદ, કૈલાસ, વૈકુંઠ અને ગૌલોકમાં વસનારની આદ્ય લઈને એક પણ લોક એવું નથી કે (જેમાં) તેનું સામ્રાજ્ય ન હોય. તે દરેકને હિતકારી બનીને (ખૂબ સારી રીતે) નાચ નચાવે છે.**

## ભાવાર્થ

બ્રહ્મસદન, શિવપુરી, વૈકુંઠ અને ગૌલોકમાં રહેનાર તમામની આદ્ય લઈને વૈરાટમાં એવું એક પણ લોક નથી કે જ્યાં માયાનું સામ્રાજ્ય ન હોય. એટલું જ નહીં પણ તે દરેકે દરેક લોકમાં સર્વને પ્રેમપૂર્વક અને ખૂબ જ સારી રીતે હિતેચ્છુ બનીને નાચ નચાવે છે. આ પ્રમાણે પોતાની ઈચ્છા મુજબ અને પોતાની તાકાતના આધારે સૌને પ્રવૃત્તિમય રાખીને પોતાનું ધાર્યું કાર્ય કરાવે છે.

**જ્યૌં બાલીનાં બાલ, આલ તે કરી રમાડે;**
**તેહેનું કરે લગન, જગન તે કરી જમાડે. ૩**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેવી રીતે, જેમ કે **બાલીનાં બાલ** = બાલિકાઓના બાળક રુપ ઢીંગલાં-ઢીંગલી **આલ** = આવરણ, આળપંપાળ, મિથ્યા વહાલ, દેખાડો **તે** = તે મુજબ, તેઓ **કરી** = કરીને **રમાડે** = રમત રમે, રમત રમાડે **તેહેનું** = તેનું **કરે** = કરે **લગન** = લગ્ન **જગન** = માંગલિક પ્રસંગ, અગ્નિકુંડની વૈદિક વિધિ **તે** = તેઓ, તે **કરી** = કરીને **જમાડે** = ખવડાવે, ભોજન કરાવે.

## અનુવાદ

**જેવી રીતે બાલિકાઓ ઢીંગલા - ઢીંગલીને આળપંપાળ કરીને રમાડે, તેના લગ્ન કરે અને માંગલિક પ્રસંગ કરીને જમાડે છે.**

## ભાવાર્થ

જેમ બાલિકાઓ ભેગી મળીને પોતાના ઢીંગલા-ઢીંગલીઓનો મિથ્યા દેખાવ

કરીને રમાડતી હોય છે. વળી તેઓ સંસારના રીત રિવાજ પ્રમાણે માંગલિક પ્રસંગો ઊજવીને લગ્નવિધિ પણ કરે છે. આ ઉપરાંત તેઓ તેમને ભોજન જમાડવાનો પણ દેખાવ કરે છે. તેવી જ રીતે ....

**કરી જમાડે જગન, મગન મન વર્થા ગમત્ય;**
**કહે સત્ કુવેર, જકત માયાની રમત્ય. ૪**

### શબ્દાર્થ

**કરી** = કરીને **જમાડે** = ખવડાવે **જગન** = માંગલિક પ્રસંગ **મગન** = મગ્ન, રાજી, આનંદિત **મન** = મન **વર્થા** = વૃથા, નાહક, નિરર્થક, ફોગટ, ખોટું, અમસ્તું **ગમત્ય** = ગમ્મત, આનંદ પમાડનારી રમત, ચેષ્ટા, તમાસો **કહે સત્ કુવેર** = સત્ કુવેર કહે છે **જકત** = જગત, વિશ્વ **માયાની** = માયાની **રમત્ય** = ખેલ, તમાશો.

### અનુવાદ

**તેવી જ રીતે માંગલિક પ્રસંગ કરીને જમાડે છે અને પોતે મનને આનંદ પમાડવા નિરર્થક ગમ્મત કરે છે. કુવેરસ્વામી કહે છે કે ખરેખર જગત પણ માયાની જ રમત છે.**

### ભાવાર્થ

આ રીતે કુંવારિકાઓ એકત્ર થઈ ઢીંગલા-ઢીંગલીના લગ્નનો માંગલિક પ્રસંગ કરીને જમાડતા હોય તેવો દેખાવ કરે છે. આમ ખોટો ખેલ ખેલીને રમત રમે છે અને તેઓ પોતાના મનમાં આનંદનો અનુભવ કરે છે. તેવી જ રીતે માયા પણ સમગ્ર સંસારને ઢીંગલા-ઢીંગલીની જેમ રમાડે છે અને પોતે તેનો આનંદ માણે છે. બાલકુવેરસ્વામી તદ્દન સત્ય જણાવે છે કે સમસ્ત સંસારૂપી ખેલ પણ માયાની જ રમત છે.

# છપ્પા ૬૩

**માંડ્યો ચોપટ ચોક, શોખ તે પંચતત્ત્વકો;**
**ભિન્ન ભિન્ન આકાશ, વાસ ચોપટકે ખાંકો. ૧**

### શબ્દાર્થ

**માંડ્યો** = માંડવું, ગોઠવવું **ચોપટ ચોક** = શતરંજ બાજી, વચ્ચે ચોક અને ચાર પટાવાળી સોગઠાંથી રમાતી રમતનું કપડું કે પાટિયું **શોખ** = રંગબાજી **તે** = તે **પંચ તત્ત્વ કો** = પાંચ તત્ત્વોની **ભિન્ન ભિન્ન** = જુદા જુદા **આકાશ** = ખાલી શૂન્ય સ્થાન કે જગ્યા **વાસ** = ઠેકાણું, ઘર, મુકામ **ચોપટકે** = ચોપટનાં **ખાંકો** = ખાનાં, પટ.

### અનુવાદ

**(તેમાં) વચ્ચે ચોક અને ચાર પટાવાળી સોગઠાંથી રમાતી શતરંજમાં જુદાં જુદાં સોગઠાં માટે ચોપટના ખાલી જગ્યાવાળાં ખાના હોય છે. તેવી રમતમાં પાંચ તત્ત્વોની બાજીનું મંડાણ હોય છે. (ગોઠવેલું છે)**

### ભાવાર્થ

માયાએ પાંચ મહાતત્ત્વો: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશની ગોઠવણી કરીને ચોપટ બાજી રચેલી છે. જે બાજીમાં વચ્ચે ચોક હોય છે અને સાથિયાના આકારે ચાર પટાવાળી રંગબાજી અને સોગઠાં માટે જુદાં જુદાં ખાલી જગ્યાવાળા ખાનાં હોય છે.

**નાખ્યા હાથ પસાર, પાસા તે દશ અવતારા;**
**કવિ પંડિત સુરદેવ, સકલ સબ સોગટ સારા. ૨**

### શબ્દાર્થ

**નાખ્યા** = નાખ્યાં **હાથ** = હાથ **પસાર** = પ્રસારીને **પાસા** = ચોપાટની રમત રમવામાં વપરાતાં ચોકઠાં પાડેલા લંબચોરસ કટકા **તે** = તે **દશ** = દશ **અવતારા** = વિષ્ણુના અવતારો **કવિ** = કાવ્યની રચના કરનારા **પંડિત** = વિદ્વાન પુરુષો **સુરદેવ** = અંતરિક્ષના ઈન્દ્ર સહિત સર્વ દેવતાઓ **સકલ** = સઘળા, સર્વ **સબ** = સૌ,

બધા **સોગટ** = સોગટા ચોપાટ બાજીનું મહોરું જે શંકુ કે નગારા આકારનું હોય છે **સારા** = સર્વ, તમામ, બધા.

## અનુવાદ

**હાથ પ્રસારીને દશ અવતાર રૂપી પાસા નાંખ્યા છે અને કવિ, પંડિત, ઈન્દ્ર સહિત સર્વ દેવતાઓ રૂપી બધા સોગટાં છે.**

## ભાવાર્થ

પાંચ તત્ત્વોની ગોઠવણી કરીને બનાવેલી ચોપાટ-બાજીમાં માયાએ પોતાનો હાથ પ્રસારીને દશ અવતારો રૂપી પાસાંને બાજી રુપ વિશ્વમાં નાંખ્યા છે. તેમાં કવિઓ, પંડિતો અને ઈન્દ્ર સહિત સર્વ દેવતાઓ રૂપી માયાના સોગઠાં છે.

**જુઓ માયાના ખેલ, બેલ નહીં સંગે સાંમા;**
**હારે જીતે આપ, દાવ તે પોતે રાંમા. ૩**

### શબ્દાર્થ

**જુઓ** = નિહાળો, દેખો **માયાના** = માયાના **ખેલ** = રમત **બેલ** = સાથીદાર, સાથી, જોડીદાર **નહીં** = નથી **સંગે** = સાથે **સાંમા** = શ્યામા, સ્ત્રી **હારે** = હાર પામે **જીતે** = જીતે, વિજય મેળવે **આપ** = પોતે જ **દાવ** = ખેલ, ચાલ, રમવાનો વારો, પાસાં નાંખવાનો વખત **તે** = તે **પોતે** = જાતે જ **રાંમા** = સ્ત્રી, માયા, રમા, સુંદરી.

## અનુવાદ

**માયાનો ખેલ તો જુઓ ! તે માયાની સાથે રમવા માટે કોઈ સાથીદાર જ નથી એટલે હારે કે જીતે તો પણ દાવ તો માયાનો પોતાનો જ છે.**

## ભાવાર્થ

માયાની અદ્‌ભુત રમતનું પરાક્રમ ખરેખર જોવા જેવું છે. તેની આ ચોપાટની રમતમાં બીજો કોઈ સાથીદાર જ નથી.જેથી માયાની આ રમતમાં તે હારે કે જીતે તેમ છતાં રમવાનો દાવ તો તેનો પોતાનો જ હોય છે.

**પોતે રાંમા દાવ, ભાવસુ ખેલે શોખે;**
**કહે સત્ કુવેર, ફેરી ફેરી પાસા નાખે. ૪**

### શબ્દાર્થ

**પોતે** = જાતે, ખુદ, સ્વયં **રાંમા** = માયા, સ્ત્રી **દાવ** = વારો, રમત **ભાવસુ** = ભાવપૂર્વક **ખેલે** = ખેલે છે **શોખે** = આનંદપૂર્વક, રાજીખુશીથી, રંગબાજી **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે છે **ફેરી ફેરી** = વારંવાર, ફરી ફરીથી **પાસા** = પાસા **નાંખે** = નાખે.

### અનુવાદ

**માયા પોતે રાજીખુશીથી અને ભાવપૂર્વક રમત રમે છે. સત્ કુવેરસ્વામી કહે છે કે તે વારંવાર પાસા નાખે છે.**

### ભાવાર્થ

ચોપાટની રમતમાં રમનાર અન્ય કોઈ સંગી કે સાથી ન હોવાથી માયા પોતે જ તે રમત રાજીખુશીથી ભાવપૂર્વક રમે છે. બાલકુવેરસ્વામીજી સત્ય કહે છે આ રીતે માયા સ્વયં વારંવાર પાસા નાંખે છે.

# છપ્પા ૬૪

**દશ અવતારી દેહ, વેશ ધરી જે જે આવે;**
**હરિ ચૈતન વરજીત રીત, કરી સરવ સમાવે. ૧**

### શબ્દાર્થ

**દશ અવતારી** = દશ અવતારો **દેહ** = શરીર **વેશ ધરી** = સ્વરૂપ ધારણ કરી **જે જે** = જે જે **આવે** = આવે છે **હરિ** = વિષ્ણુ **ચૈતન** = ચૈતન - અંશ **વરજીત** = સિવાય, વિના **રીત** = રૂઢિ, ઢબ, પરંપરા, રિવાજ, પદ્ધતિ **કરી** = કરીને **સરવ** = સર્વને **સમાવે** = અંદર ભેળવી દે, સમાવી દે, અનુકૂળ થઈને સ્થાન પામવું.

### અનુવાદ

**દશ અવતારધારી વિષ્ણુ જે જે સ્વરૂપ ધારણ કરીને આવે છે તેમ માયા પણ ચૈતનથી જુદા એવા પોતાના સ્વરૂપો બદલી અવતારોને પરંપરાગત રીતે પોતાના કરીને બધી રીતે ભળી જાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં દશ અવતાર ધારણ કરનાર વિષ્ણુ યુગે યુગે અલગ અલગ સ્વરૂપો ધારણ કરીને આવે છે. તેઓ જરૂરિયાત પ્રમાણે અવતાર ધારણ કરે છે, તે જ પ્રમાણે માયા પણ અવતારોને અનુકૂળ થઈ પોતાના ચૈતન સ્વરૂપથી ભિન્ન નાશવંત સ્વરૂપો બદલતી રહે છે. આ રીતે સાંસારિક રીત-રિવાજને આધીન થઈ અવતારોને પોતાના કરીને માયા પોતાની માયાજાળ પાથરીને ભળેલી રહે છે તેમજ અનુકૂળ બનીને યોગ્ય સ્થાન ગ્રહણ કરે છે.

**કંદલી કંદવત રાંમા, કામ તે કહું સમજાઈ;**
**ગાંજાફલી વિલાય, પેઢ તમનો તમ ભાઈ. ૨**

### શબ્દાર્થ

**કંદલી** = કેળ **કંદવત** = કંદ રુપ, ગાંઠની જેમ **રાંમા** = માયા **કામ** = કાર્ય **તે** = તે **કહું** = કહુ છું **સમજાઈ** = સમજાવીને, સમજ પડે તે રીતે **ગાંજાફલી** = ગાંજાના છોડ ઉપરની ફલી (ફળ)

**વિલાય** = વિલસાય જાય **પેઢ** = મૂળિયાં, જડ **તમનો તમ** = તેમના તેમજ **ભાઈ** = ભાઈ, બંધુ, જણાય.

## અનુવાદ

**કેળના કંદ સ્વરૂપે રહેલી ગાંઠોની જેમ માયા રહે છે. જેનું કાર્ય કહી સમજાવું છું. વળી, ગાંઝાફલી વિલસાઈ જાય, પરંતુ તેનું મૂળ (ગાંઠ) તેમનું તેમ જ રહે છે.**

## ભાવાર્થ

કેળના છોડને (કેળાંની લૂમ) પાક (ફળ) લઈ લીધા પછી કાપી નાંખવામાં આવે છે, પરંતુ તેની ગાંઠમાંથી નવો ફણગો ફૂટે છે અને તેમાંથી બીજી કેળ (છોડ) થાય છે. તે જ પ્રમાણે ગાંજાફલીના થડ તેમના તેમજ રહે છે અને તેમાંથી નવા ફણગા ફૂટે છે. આ દૃષ્ટાંતો મુજબ માયા પણ કેળ અને ગાંજાફળીના થડ (મૂળ) જેવી છે કે તે તેમની તેમ રહીને નવા ફણગાની જેમ જરૂરિયાત મુજબ નવા સ્વરૂપો ધારણ કરતી રહે છે.

**શાખ્યા દશ અવતાર, રાંમા તાકી જડ જેહી;**
**જે જે ઉપજે ઘાટ, નાથ માયા સંગ લેહી. ૩**

### શબ્દાર્થ

**શાખ્યા** = શાખા, ડાળીઓ **દશ અવતાર** = દશ અવતાર **રાંમા** = માયા **તાકી** = તેની **જડ** = ઉત્પત્તિ સ્થાન, મૂળ **જેહી** = જેવી **જે જે** = જેવા જેવા **ઉપજે** = ઉત્પન્ન થાય **ઘાટ** = સ્વરૂપ **નાથ** = સ્વામી, પતિ **માયા સંગ** = માયાને સાથે, માયાનો સાથ **લેહી** = લે છે, રાખે છે.

## અનુવાદ

**દશ અવતારો શાખા રુપે હોઈ માયા તેના ઉત્પત્તિ સ્થાન રુપે રહેલી છે, વળી જે જે સ્વરૂપો ઊપજે તે તે સ્વરૂપો રૂપી નાથ માયાનો સાથ લઈને થયા છે.**

## ભાવાર્થ

કેળની ગાંઠો અને ગાંજાફળીના મૂળ રુપે રહેલી માયા પોતાનો પસારો ફેલાવી દશ અવતાર રુપ શાખાઓને વિકસાવે છે. વળી તે દશ અવતાર જે સ્વરૂપ ધારણ કરે છે તે સ્વરૂપે સ્વામીત્ત્વ ધારણ કરીને માયાનો સાથ લઈને થયા છે. અર્થાત્ માયા

પોતે નવીન રુપ ધારણ કરીને અવતારિક સ્વરૂપો સાથે તેમની અર્ધાંગના બનીને રહે છે, પરંતુ તેમનો સાથ છોડતી નથી.

**લેઈ માયા સંગ નાથ, અઘટ ધરી ઘાટ આયુધ;**
**સંતનકે સુખદાય, કુવેર રીપુશુ કરી જુધ. ૪**

### શબ્દાર્થ

**લેઈ** = લઈને **માયા** = માયાનો **સંગ** = સાથ **નાથ** = પતિરુપે અવતારી પુરુષો **અઘટ ધરી** = આકાર વગરનો સૂક્ષ્મદેહ ધારણ કરીને **ઘાટ** = આકારવાળો સ્થૂળ દેહ **આયુધ** = શસ્ત્રો, હથિયારો, લડાઈની સામગ્રી **સંતનકે** = સંતોને **સુખદાય** = સુખદાયક, સુખ આપી **કુવેર** = કુવેરસ્વામી **રીપુશુ** = દુશ્મનો સાથે, શત્રુઓ સામે **કરી** = કરીને **જુધ** = યુદ્ધ, લડાઈ.

### અનુવાદ

**અવતારાદિક પુરુષો માયાનો સાથ લઈને સૂક્ષ્મદેહ ત્યજીને સ્થૂળ દેહે શસ્ત્ર ધારણ કરે છે. તેઓ સંતોના સુખ માટે શત્રુ સાથે યુદ્ધ કરે છે.**

### ભાવાર્થ

યુગે યુગે પૃથ્વી પર અવતાર ધારણ કરનારા વિષ્ણુના અવતારો પોતાનો સૂક્ષ્મદેહ ત્યજીને સ્થૂળદેહ ધારણ કરે છે. તેઓ માયાનો સાથ લઈને પોતાની ફરજ પૂર્ણ કરવા માટે પ્રજા તથા સંતપુરુષોના સુખ માટે અસુરો રુપે રહેલા દુશ્મનો સાથે યુદ્ધ કરે છે. બાલ કુવેરસ્વામી જણાવે છે કે તે માટે તેમણે જેવા શત્રુઓ તે પ્રમાણે તેવા આયુધ-હથિયાર પણ ધારણ કરે છે. (જેવાં કે મુક્ત, મુક્તામુક્ત, અમુક્ત અને યંત્રમુક્ત વગેરે.)

# છપ્પા ૬૫

## બ્રહ્મા, વિષ્ણુ, માહેશ, શેષની કરતા માયા;
## સપ્ત દ્વીપ નવખંડ, બ્રહ્માંડ એકીસે છાયા. ૧

### શબ્દાર્થ

**બ્રહ્મા** = બ્રહ્મા **વિષ્ણુ** = વિષ્ણુ **માહેશ** = શિવજી, શંકર **શેષની** = શેષ નારાયણની **કરતા** = કરનાર **માયા** = માયા **સપ્ત દ્વિપ** = સાત દ્વિપ **નવખંડ** = નવ ખંડ **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **એકીસે** = એક સરખી, સમાન **છાયા** = પડછાયાની જેમ પથરાયેલી, પ્રસરેલી, અસર, આભાસ સ્વરૂપ.

### અનુવાદ

**બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને શેષને (વશ) કરનાર માયા છે. વળી તે સાત દ્વિપ અને નવ ખંડ સહિત સમગ્ર બ્રહ્માંડમાં એકસરખી પ્રસરેલી છે.**

### ભાવાર્થ

વિશ્વની શરૂઆતમાં મહાદેવો ગણાતા બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને શેષ નારાયણ સહિત સર્વ માયાના જ વંશજો છે. વળી સાત દ્વિપ, નવ ખંડવાળા મહિમંડ ઈંડની આદ્ય લઈ સમસ્ત બ્રહ્માંડમાં તે (માયા) એકસરખી રીતે પ્રસરેલી છે. અર્થાત્ માયાનું સ્વરૂપ સર્વત્ર એકસરખી રીતે પથરાયેલું છે.

## પસર્યા પ્યાલે પાવ, દાવ તે કમલપતિસે;
## તાતે પર પરકાશ, કહુ મેં અગમ ગતિસે. ૨

### શબ્દાર્થ

**પસર્યા** = પ્રસર્યા **પ્યાલે** = ઠગાઈ કરીને, ન્યાલ કરીને **પાવ** = પગ, ચરણ **દાવ** = લાગ, તક, મોકો **તે** = તે **કમલપતિસે** = કમલપતિ સાથે **તા તે** = તેનો, તેથી **પર** = ઉપર, પ્રત્યે **પરકાશ** = પ્રકાશ, ચોખવટ **કહુ મેં** = હું કહુ છું **અગમ** = અલૌકિક **ગતિસે** = જાણ થકી, સમજથી, સમજને કારણે.

### અનુવાદ

**કમલપતિ (બ્રહ્મા) સાથે તેણે ઠગાઈ કરીને પગ પસારો કર્યો છે તે અંગે હું મારી અગમ ગતિથી ખુલાસો કરું છું.**

### ભાવાર્થ

કમળ ઉપર બિરાજમાન બ્રહ્માજી સાથે માયાએ પોતાની ઠગ વિદ્યા દ્વારા પગ પેસારો કર્યો છે. બ્રહ્માજીના પાંચમાં મુખનું છેદન કરાવીને માયાએ પોતાનું કામ પાર પાડ્યું છે. જગતમાં ચાર વેદનું જ્ઞાન ઉચ્ચારાવી સંસારને ભ્રમમાં (ભ્રમણામાં) ભરમાવીને સૃષ્ટિનો ક્રમ આગળ વધાર્યો. આ ખુલાસો બાલકુવેરસ્વામીજી તેમની અગમ ગતિથી જણાવે છે.

## નૈન વદન વિકરાલ, ભાલ તે સકલ ચરાચર;
## દૃષ્ટ પદારથ ઘાટ, માટ તહાં રહી ભરાભર. ૩

### શબ્દાર્થ

**નૈન** = આંખો, નેત્રો **વદન** = મુખ **વિકરાળ** = ભયાનક, બિહામણું **ભાલ** = સંભાળ, ખબર **તે** = તે **સકલ** = સર્વની, તમામની **ચરાચર** = ચર અને અચર, સ્થાવર અને જંગમ **દૃષ્ટ પદારથ** = દેખાતા પદાર્થો **ઘાટ** = દેહ, શરીર **માટ** = માટે, વાસ્તે, સારુ, માયા **તહાં** = ત્યાં **રહી** = રહેલી **ભરાભર** = ભરપૂર, સંપૂર્ણપણે પ્રસરેલી.

### અનુવાદ

**પોતાના વિકરાળ મુખ અને નેત્રો દ્વારા તે ચર અને અચર સર્વની ખબર રાખે છે. તે માટે તે (માયા) દૃષ્ટ પદાર્થો અને ઘાટમાં ભરપૂર રીતે સમાયેલી છે.**

### ભાવાર્થ

માયા તેનું વિકરાળ મુખ અને ડરામણી આંખોથી ભયાનક રુપ ધારણ કરીને સ્થાવર અને જંગમના ચોર્યાસી લાખ ઘાટની સંભાળ રાખે છે. અર્થાત માયા સૌને પોતાના તાબામાં રાખે છે. આ ઉપરાંત તે જ માયા પોતે સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરીને દૃષ્ટ પદાર્થો સહિત તમામ પ્રકારના ઘાટમાં પણ ભરપૂર રીતે સમાયેલી છે.

**રહી સકલ ભરપૂર, દૂર લ્યૌ શક્ત ચૌફેરા;**
**આતમસે અવિકાશ, ઉપાસન હોત કુવેરા. ૪**

### શબ્દાર્થ

**રહી** = રહેલી છે **સકલ** = સર્વત્ર, બધે, સર્વમાં **ભરપૂર** = સંપૂર્ણ, પૂર્ણપણે સમાયેલી **દૂર લ્યૌ** = દૂર દૂર સુધી **શક્ત** = શક્તિ **ચૌફેરા** = ચારે બાજુ, ચોતરફ **આતમસે** = આત્માથી **અવિકાસ** = મહાશૂન્યમાં, જેનો વિકાસ થતો નથી તેવા **ઉપાસન** = આરાધના, સ્મરણ, ચિંતન **હોત** = રાખીને, રહીને **કુવેરા** = કુવેરસ્વામી.

### અનુવાદ

**આ શક્તિ (માયા) ચારે બાજુ દૂર દૂર સુધી સર્વમાં સંપૂર્ણપણે સમાયેલી છે, પરંતુ કુવેરસ્વામી કહે છે કે હું તો આત્માથી અવિકાસનું આરાધન કરું છું.**

### ભાવાર્થ

મહાવિકરાળ અને રૌદ્ર સ્વરૂપ ધરાવતી માયા ચારે બાજુ દૂર દૂર સુધી સમગ્ર બ્રહ્માંડમાં ભરપૂર રીતે છવાયેલી (સમાયેલી) છે, પરંતુ બાલકુવેરસ્વામી તો બ્રહ્માંડથી પરે રહેલા અવિકાસ પદ સાથે ચૈતન અંશ ભાવે સદાને માટે આરાધના કરે છે. અર્થાત્ તેમને માયા સહેજ પણ લોપાયમાન થતી (અસર કરતી) નથી.

# છપ્પા ૬૬

**એ માયા દઈ વાત, ઘાત કરી વહાયો ભવને;**
**આપે થઈને ઈશ, ધીશ પુજાવે સૌને. ૧**

### શબ્દાર્થ

**એ માયા** = એ માયા **દઈ** = કરી **વાત** = વાતો, ગાથા, કહાની **ઘાત** = પ્રપંચ, જાળ, માયાજાળ **કરી** = કરીને **વહાયો** = ચલાવ્યો, વહેવડાવ્યો, છેતર્યો, અવળે માર્ગે દોર્યો **ભવને** = સંસારને, જગતને **આપે** = પોતે, સ્વયં **થઈને ઈશ** = મહાન, ઈષ્ટ **ધીશ** = સર્વ શ્રેષ્ઠ **પુજાવે** = પૂજા કરાવે **સૌને** = સર્વને, બધાને.

### અનુવાદ

**એ માયાએ ગાથા ગવડાવીને પોતાની જાળ ઊભી કરી. તેણે સમગ્ર સંસારને અવળે માર્ગે વાળ્યો અને પોતે ઈષ્ટ થઈને ઈશ તરીકે સૌની પાસે પૂજા કરાવે છે.**

### ભાવાર્થ

માયાએ પોતાના યશોગાન ગવાડાવીને સંસારના પ્રવાહને આગળ ધપાવ્યો એટલે કે, ઐશ્વર્યવાન વ્યક્તિઓ તથા દેવતાઓ દ્વારા અનેક પ્રકારની ગાથા (સ્તુતિ-પ્રાર્થના-ગાથા) ઓ ગવડાવીને જગતને અવળે માર્ગે દોર્યું છે. આ પ્રમાણે સમગ્ર સંસારમાં પોતાની જ પ્રપંચજાળ ફેલાવીને આખા જગતને પોતાને જ ઈષ્ટ તરીકે ગણાવી ઉપાસના અને સેવા-પૂજા કરાવે છે.

**કરે પૂજા જન પાટ, હાટ તે માંડી સરવ;**
**મંદિર મૂરતિ ધરણ, ચરણ મહેલાવે દ્રવ્ય. ૨**

### શબ્દાર્થ

**કરે** = કરે **પૂજા** = પૂજન, આરાધના **જન** = માનવો, લોકો **પાટ** = આસન, સિંહાસન, ગાદી, બેઠક **હાટ** = બજાર, દુકાન, વેપાર **તે** = તે **માંડી** = બનાવીને, રચીને, કરીને **સરવ** = સર્વ, બધા, સૌ **મંદિર** = દેવસ્થાન, દેવાલય **મૂરતિ** = મૂર્તિ, માટી, ધાતુ કે પથ્થરની (આકૃત્તિ) **ધરણ** = ધરાવવું, સમર્પણ કરવું **ચરણ** = ચરણમાં **મહેલાવે** = મૂકાવે, અપાવે **દ્રવ્ય** = ધન કે ભેટ સામગ્રી.

### અનુવાદ

**માયાએ માંડેલા બજારમાં માનવો તેના સ્થાનકે જઈને પૂજાપાઠ કરાવડાવે છે. વળી મંદિરોમાં પધરાવેલી મૂર્તિના ચરણમાં દ્રવ્ય (ભેટ-સામગ્રી કે ભોગ) મુકાવીને ધરાવે છે.**

### ભાવાર્થ

વિશ્વના ધર્મમાર્ગમાં ચાલતા વેપારવૃત્તિવાળા કાર્યોમાં અંજાઈને વિશ્વના માનવો સ્થાપિત દેવ-દેવી કે ધર્માચાર્યો તેમજ ગુરુઓના સ્થાનમાં જઈને તેમનું પૂજન અર્ચન કરે છે. મોટા દેવાલયો બાંધીને તેમાં પધરાવેલી મૂર્તિને વહેલી સવારે મંગળાના ભોગ, બાલભોગ, શૃંગારભોગ, રાજભોગ, ઉથાપનભોગ, સુખડીભોગ, સંધ્યાભોગ અને શયનભોગ એમ આઠ પ્રકારના ભોગ પૈકી કોઈનો કોઈ ભોગ ધરાવે છે. એટલું જ નહીં, પરંતુ મૂર્તિઓનાં ચરણોમાં ભેટ-પૂજા અને અન્ય સામગ્રી પણ મુકાવડાવે છે. આ તમામ પ્રકારનો ખેલ માયા દ્વારા જ રચાયેલો છે.

**જહાં જમ જેવી સમજ, રમુજ તે જાણ્ય શક્ત કો;**
**ઉપજાવે અહંમેવ, ભેવ તે ચતુર મુક્ત કો. ૩**

#### શબ્દાર્થ

**જહાં** = જ્યાં **જમ** = જે પ્રમાણે **જેવી** = જેવી **સમજ** = સમજણ, જ્ઞાન, માન્યતા **રમુજ**=આનંદદાયક, ગમ્મત **તે**=તેવી, ત્યાં **જાણ્ય**=આવડત, હોશિયારી, કલ્પના **શક્ત કો**=શક્તિની, માયાની **ઉપજાવે** = ઊભુ કરે, બનાવે, નિપજાવે **અહંમેવ** = આત્માભિમાન, સ્વાભિમાન, ભાવ **ભેવ** = રહસ્ય, ગુપ્તભાવ **તે** = તેમ **ચતુર મુક્તકો** = ચાર પ્રકારની મુક્તિનો.

### અનુવાદ

**જ્યાં જેવી સમજણ ત્યાં તે મુજબ શક્તિ પોતાની હોશિયારીપૂર્વક (રમત રમીને) માયા આનંદ મેળવે છે, વળી ચાર પ્રકારની મુક્તિના રહસ્યને દર્શાવીને જીવોમાં આત્માભિમાન ઉપજાવે છે.**

### ભાવાર્થ

જગતમાં વિવિધ પ્રકારની ઉપાસનાઓ વિકસેલી છે તેમાં જ્યાં જેવી સમજ

દર્શાવવામાં આવી હોય ત્યાં તે મુજબની હોશિયારીપૂર્વક રમત રમીને માયા જીવોને જકડી રાખે છે. તેવી રમતોમાં તે આનંદ મેળવે છે. આ ઉપરાંત જીવોના મનમાં: સાયુજ્ય, સાલોક્ય, સારુપ્ય અને સાનિધ્ય આ ચાર પ્રકારની મુક્તિ ઠસાવીને અહંમેવ ઉપજાવે છે. આ પ્રમાણે જીવોને પ્રયત્નશીલ રાખીને વિવિધ ક્રિયા-કર્મ (પૂજા-પાઠ) કરાવે છે.

**ચતુર મુક્તકો ભેવ, દેવ થઈ દરશી પોતે;**
**કહે સત્ કુવેર, પાર નહીં યેહને જોતે. ૪**

### શબ્દાર્થ

**ચતુર મુક્તકો** = ચાર પ્રકારની મુક્તિનો **ભેવ** = ભેદ, મર્મ, રહસ્ય, ગુપ્તભાવ **દેવ થઈ** = દેવ સ્વરૂપે થઈને **દરશી** = દશ્યમાન થઈ **પોતે** = ખુદ, સ્વયં **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે છે **પાર નહીં** = અંત નથી, છેડો નથી **એહને** = એનો, એને **જોતે** = જોતાં, નિહાળતાં.

### અનુવાદ

**ચાર પ્રકારના ભેદ (રહસ્ય) બતાવીને પોતે દેવ (ઈષ્ટ) થઈ દશ્યમાન થઈ છે. સત્ કુવેરસ્વામી કહે છે કે તેને (માયાનો) નિહાળતાં કદી પણ અંત આવે તેમ નથી.**

### ભાવાર્થ

દૈવત્ત્વ ધરાવતા સ્વરૂપોમાં દશ્યમાન થઈને માયા જીવોને ચાર પ્રકારની મુક્તિના[1] ભેદ (રહસ્ય)માં જોડી રાખે છે. બાલકુવેરસ્વામી કહે છે કે ખરેખર અનેક સ્વરૂપો ધારણ કરનારી આવી માયાનો કોઈ માનવી પાર પામી શક્યો નથી.

---

૧. **ચાર પ્રકારની મુક્તિ :**
 ૧. સાલોક્ય મુક્તિ : ઈષ્ટદેવના લોકની પ્રાપ્તિ કરી પ્રજા થઈને રહેવું.
 ૨. સામીપ્ય મુક્તિ : ઈષ્ટદેવની સમીપતા પ્રાપ્ત કરી કુટુંબીજનો થઈને રહેવું.
 ૩. સાનિધ્ય/સારૂપ્ય મુક્તિ : ઈષ્ટદેવના રૂપની પ્રાપ્તિ કરવી.
 ૪. સાયુજ્ય મુક્તિ : ઈષ્ટદેવના સ્વરૂપમાં લય પામીને એકરૂપ થઈને રહેવું.

# છપ્પા ૬૭

**શબ્દ વિષે સંસ્કાર, પાર ૐકારની આદ્યે;**
**અવિગત સરખી આપ, વ્યાપ થઈ સંસ્કૃત સાધે. ૧**

### શબ્દાર્થ

**શબ્દ** = વચન, ધ્વનિ, ખોલ **વિષે** = બાબતે, સંદર્ભમાં, સબંધે **સંસ્કાર** = સૂક્ષ્મ વૃત્તિ મનની સ્વભાવગત અસર **પાર** = પરે **ૐકારની** = ૐ કાર વાણીની **આદ્યે** = થી માંડીને, થી લઈને, સુધી **અવિગત** = વિગતમાં ન આવે એવી, ગતિમાં ન આવે **સરખી** = ના જેવી, સમાન **આપ** = પોતે, સ્વયં **વ્યાપ થઈ** = વ્યાપ વિગતમાં આવે તેવી, થઈને, બનીને **સંસ્કૃત** = સંસ્કૃત ભાષા **સાધે** = પોતાને અનુકૂળ કે વશ કરવું, તાબે કરવું.

### અનુવાદ

**ૐકારની આદ્ય લઈને પરાવાણીની પરે (પાર) સંસ્કારના સ્વરૂપે રહેલી માયા પોતે અવિગત જેવી હોવા છતાં સંસ્કૃત ભાષા રુપે વ્યાપ થઈને રહેલી છે.**

### ભાવાર્થ

ૐકારની આદ્ય લઈ બધા પ્રકારની વાણીને વિષે માયા સર્વના મન ઉપર સંસ્કાર બનીને રહેલી છે. આ ઉપરાંત પોતે વિગતમાં ન આવે તેવી (અવિગત) વ્યાપકરુપે હોવા છતાં પણ (વિગત) માપકરુપે થઈ સંસ્કૃત ભાષા સ્વરૂપે દેવવાણી બની સૌને વશ કર્યા છે.

**અકલ કળી નવ જાય, કાય તે સૂક્ષ્મ સ્થૂલ;**
**અરધ ઉરધ ને મધ્ય વિધ્ય, નહીં ડાલ ને મૂલ. ૨**

### શબ્દાર્થ

**અકલ** = અકળ **કળી નવ જાય** = કળી ન શકાય તેવું, અગમ્ય, ગૂઢ, ઇન્દ્રિયગોચર **કાય** = કાયા, સ્વરૂપ **તે** = તે **સૂક્ષ્મ** = અવ્યક્ત, અઘાટ **સ્થૂલ** = ઘાટવાળું, આકારવાળું, વ્યક્ત, નિહાળી શકાય તેવું **અરધ** = નીચે **ઉરધ** = ઊંચે, ઉપર **ને** = અને **મધ્ય** = વચ્ચે **વિધ્ય** = વિદ્યમાન, પ્રત્યક્ષ, હયાત, હાજર **નહીં** = નથી **ડાલ** = ડાળી, શાખા **ને** = અને **મૂલ** = ઉત્પત્તિ સ્થાન, મૂળ, મૂળિયાં.

### અનુવાદ

**અવ્યક્ત અને વ્યક્ત સ્વરૂપે રહેલી માયા કળી ન શકાય તેવી અકળ છે, તેમ છતાં તે મૂળ કે શાખાઓથી રહિત ઉપર, નીચે અને મધ્યમાં હયાત (હાજર) છે.**

### ભાવાર્થ

અવ્યક્ત અને વ્યક્ત એમ બંને સ્વરૂપે રહેલી માયા કોઈના પણ કળ્યામાં ન આવે એવી અકળ છે. આ માયાનું મૂળ કે શાખા (ડાળીઓ) પણ નિશ્ચિત રુપે ફેલાયેલી ન હોવા છતાં ઉપર (ઊંચે), નીચે અને વચ્ચે (મધ્યમાં) વિદ્યમાન થઈને ફૂલી-ફાલી રહેલી છે. અર્થાત્ માયા દેવધામો, પાતાળલોક અને પૃથ્વી ઉપર પ્રત્યક્ષ રીતે વર્તમાન કરીને ફેલાઈ ગયેલી છે.

**જપ તપ સાધન સોય, સકલ ઈન આગલ ચાલા;**
**સ્વપ્ન સષોપતિ જાગ્ર, વ્યાગ્ર થઈ ડસતી બાલા. ૩**

#### શબ્દાર્થ

**જપ** = જપ, રટણ, આવર્તન **તપ** = શરીરને કષ્ટદાયક વિવેકયુક્ત આત્મ સંયમ રાખીને કરેલું વ્રત કે નિયમ **સાધન** = ઈશ્વર પ્રાપ્તિ કે સિદ્ધિ મેળવવા કરાતા ઉપાય કે સાધના **સોય** = તે **સકલ** = બધા, સઘળા, સર્વ **ઈન** = એમાં, આ બધા **આગલ** = આગવા, મોખરે, પહેલેથી જ **ચાલા** = ચાળા, ચિહ્નો, હાવભાવ, નખરાં, ખોટો ડોળ, દેખાવ **સ્વપ્ન** = સ્વપ્નાવસ્થા **સષોપતિ** = સસોપતિ, સુષુપ્તિ અવસ્થા **જાગ્ર** = જાગ્રત અવસ્થા **વ્યાગ્ર થઈ** = વાઘ બનીને **ડસતી** = કરડતી, ડંખ મારતી, હણતી, નાશ કરતી **બાલા** = બાળા, કન્યા, છોકરી, સ્ત્રી.

### અનુવાદ

**જપ, તપ અને સાધન તે બધા માયાના જ આગવા (ખાસ) ચાળા છે. ઉપરાંત જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિમાં તે બાલા (માયા) વાઘણ થઈને ડસે છે અર્થાત્ ઘાયલ કરે છે.**

### ભાવાર્થ

ધર્મકાર્યમાં કરાતા જપ, તપ કે સાધના જેવી સર્વ પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓમાં માયાનો પગ-પેસારો થયેલો છે. પોતાના આગવા (ખાસ) હાવભાવ દ્વારા તે

ભક્ત સમુદાયને જોડી રાખે છે. આ ઉપરાંત જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણે અવસ્થામાં તે બાળા (માયા) વાઘણ બનીને સૌને ઘાયલ કરે છે.

**ડસીયો બાલા સકલ, વિકલ સબ કિયો બેહાલા;**
**કહે કુવેર સરવ કોય, ફેરવે યેહેની માલા. ૪**

### શબ્દાર્થ

**ડસીયો** = કરડીને, ડંખ મારીને **બાલા** = બાળા, કન્યા, છોકરી **સકલ** = બધી રીતે **વિકલ** = વ્યાકુળ, ગભરાયેલું, બાવરું **સબ** = સૌને, સર્વને **કિયો** = કર્યો **બેહાલા** = બેહાલ, બેચેન, દુર્દશા, ભૂંડા હાલ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **સરવ કોય** = સર્વ કોઈ **ફેરવે** = ફેરવે **યેહેની** = એની, તેની **માલા** = માળા.

### અનુવાદ

**બધાને ડસવાથી બાળાએ સૌને બેહાલ કર્યા છે. કુવેરસ્વામી કહે છે કે તેમ છતાં સૌ કોઈ એની જ માળા ફેરવે છે.**

### ભાવાર્થ

બાલિકા રુપે રહેલી માયાએ વાઘણ સ્વરૂપે હિંસક હુમલો કરીને આખા જગતમાં બધાને આકુળ-વ્યાકુળ કરી મુક્યા છે. આ પ્રમાણે સૌની ભૂંડી હાલત કરી દીધી છે. બાલકુવેરસ્વામી કહે છે કે આવી વિકટ પરિસ્થિતિમાં મુકાયેલા હોવા છતાં જગતના જીવો તેની જ માળા ફેરવે છે. એટલે કે, માયાના ભિન્ન સ્વરૂપોને વશ થઈ ઘેલા બનીને તેનું જ રટણ કર્યા કરે છે.

# છપ્પા ૬૮

**જુગતી જોગ અષ્ટાંગ, સ્વાંગ તે ધર્યો શરીરે હે;**
**નવ નિધિ નિરવાણ્ય, તાય પરફુલિત અમીરે હે. ૧**

### શબ્દાર્થ

**જુગતી** = યુક્તિ, કળા, સાધન **જોગ અષ્ટાંગ** = આઠ પ્રકારના યોગ **સ્વાંગ** = બનાવટી, વેશ, રુપ **તે** = તેણે **ધર્યો** = ધારણ કર્યો **શરીરે હે** = શરીરથી, દેહથી **નવ નિધિ** = નવ નિધિ **નિરવાણ્ય** = વાણી પહોંચી શકતી નથી તેવું પદ, બ્રહ્મપદ **તાય** = તેમાં, તેથી **પરફુલિત** = પ્રફુલ્લિત, પ્રસન્ન, આનંદિત **અમીરેહે** = સમૃદ્ધ, આપત્તિવાન, ઉમરાવ, સરદાર, અમલદાર.

### અનુવાદ

**યુક્તિપૂર્વક અષ્ટાંગ યોગનો બનાવટી વેશ શરીરે ધારણ કર્યો છે. તે નિર્વાણ બ્રહ્મમાં નવ નિધિના (સંપત્તિવાન) અમલદાર તરીકે રહીને સૌને તેમાં પ્રસન્ન (ખુશ) રાખે છે.**

### ભાવાર્થ

સંસારમાં યોગની પ્રક્રિયામાં ગણાતા યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ પ્રકારની યોગિક ક્રિયાનો બનાવટી વેશ માયાએ પોતાના શરીર પર ધારણ કર્યો છે. બ્રહ્માંડમાં રહેલી (કચ્છપ, મુકુંદ, નંદ, વર્ચ્ચ, મકર, નીલ, શંખ, પદ્મ અને મહાપદ્મ) નવ પ્રકારની નિધિઓના (સંપત્તિવાન) અમલદાર તરીકે રહીને સાધકોના મનને તેમાં જ પ્રફુલ્લિત રાખે છે.

**તા તનકે કહુ તત્ત્વ, સત્ત્વ કે સકલ કથીને;**
**મન બુધ ચિત્ત અહંકાર, ચાર જે હોય સતીને. ૨**

### શબ્દાર્થ

**તા તનકે** = તેના શરીરના **કહુ** = કહુ છું **તત્ત્વ** = તત્ત્વો **સત્ત્વ** = શક્તિ, તાકાત, વિત્ત **કે** = ના અંગ, વિશે **સકલ** = તમામ, બધા જ **કથીને** = કહીને, વર્ણન કરીને **મન બુધ ચિત્ત અહંકાર** = મન, બુદ્ધિ, ચિત્ત

અને અહંકાર અંતઃકરણો **ચાર** = ચારે **જે** = તે, જે **હોય** = હોય **સતીને** = પતિવ્રતા સ્ત્રીએ ધારણ કરેલા આદ્યશક્તિને.

## અનુવાદ

**તેના શરીરમાં રહેલા સર્વ તત્ત્વો અને તેની શક્તિ અંગે તેમજ સતીને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર એમ ચાર અંતઃકરણ હોય છે તે અંગે કહુ છું.**

## ભાવાર્થ

માયાના શરીરમાં રહેલા સર્વ તત્ત્વો અને તેનો અમલ કેવી રીતે વ્યાપેલો છે તે તેમજ સતી સ્વરૂપે રહેલી માયામાં મન બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણ જે રહેલાં છે તેના અંગે સર્વ સમજનું વિગતવાર વર્ણન બાલકુવેરસ્વામી હવે કરશે.

**તત્ત્વ ખટદશ પંચ, સંચ તા ઉપર દોઈ;**
**તા બીચ રહે અનુરાગ, તત્ત્વ ચોવીસમો જોઈ. ૩**

### શબ્દાર્થ

**તત્ત્વ** = તત્ત્વો **ખટદશ** = (છ અને દશ) સોળ **પંચ** = પાંચ **સંચ** = મેળવણી **તા ઉપર** = તેના ઉપર **દોઈ** = બે **તા બીચ** = તેની વચ્ચે, તેમાં **રહે** = રહેલ છે **અનુરાગ** = પ્રેમ, આસક્તિ, વિષયવાસના, પ્રકૃત્તિ **તત્ત્વ** = તત્ત્વ **ચોવીસમો** = ચોવીસમો **જોઈ** = જુઓ.

## અનુવાદ

**તેવીસ તત્ત્વોના મિશ્રણ વચ્ચે રહેલો અનુરાગ (પ્રેમ-આનંદતત્ત્વ) ચોવીસમું (તત્ત્વ) છે, તે જુઓ.**

## ભાવાર્થ

અવ્યાક્ત તત્ત્વનાં પ્રભાવશાળી મહાકારણ દેહ ધરાવતી નિરંજન થકી જ્યોતથી બનેલી અવ્યાકૃત મહાનિધિ રુપ માયામાં પચ્ચીસ પ્રકૃત્તિ તત્ત્વોનો સમાવેશ થયેલો છે. તે પૈકીના ત્રેવીસ તત્ત્વો આ પ્રમાણે છે ....

૧૦ આકાંક્ષાઓ - જે ઇન્દ્રિયો રુપે

૪ અંતઃકરણ (નચિંત અંતઃકરણ સિવાયનાં)

૪ અવસ્થા (ઉનમૂનિ અવસ્થા સિવાયની)
૩ ગુણ - રજો, સતો અને તમો ગુણ
૧ ધનંજય તત્ત્વ
૧ મહાતત્ત્વ

**કુલ ૨૩**

૧ આનંદ - અનુરાગ - તત્ત્વ ચોવીસમું
૧ પ્રકૃત્તિ મહા તત્ત્વ પચીસમું

**કુલ ૨૫**

**એહી તત્ત્વ ચોવીસ, ઈસ અંતઃકરણ ધારુ;**
**ઉત્પત ને લયે દોય, કુવેર કર્તાક્રત ચારુ. ૪**

**શબ્દાર્થ**

**એહી** = એ **તત્ત્વ** = તત્ત્વ **ચોવીસ** = ચોવીસ **ઈસ** = મુખ્ય, ઈષ્ટ **અંતઃકરણ** = અંતઃકરણ **ધારુ** = ધારણ કરેલાં **ઉત્પત** = ઉત્પત્તિ (સંકલ્પ) **ને** = અને **લયે** = વિનાશ (વિકલ્પ) **દોય** = બંને **કુવેર** = કુવેરસ્વામી **કર્તાક્રત** = કાર્યના કરનાર **ચારુ** = ચારેય.

## અનુવાદ

**આ ચોવીસ તત્ત્વોમાં મુખ્યત્ત્વે ધારણ કરેલાં ચાર અંતઃકરણો છે. કુવેરસ્વામી કહે છે કે આ ચારેય (અંતઃકરણો) માં ઉત્પત્તિ (સંકલ્પ) અને લય (વિકલ્પ) એ બંને કાર્યના કારણ રુપે રહેલાં છે.**

## ભાવાર્થ

માયામાં રહેલાં આ ચોવીસ તત્ત્વો પૈકી બધા તત્ત્વોમાં મુખ્યત્વે ચાર અંતઃકરણ રહેલાં છે. જેના પ્રભાવથી માયા વિશ્વની ઉત્પત્તિ અને લય એમ બંને કાર્યો કરે છે તેથી બાલકુવેરસ્વામી કહે છે કે આ ચારેય અંતઃકરણ બંને (ઉત્પત્તિ અને લય) કાર્યોના કારણરૂપ છે.

# છપ્પા ૬૯

**કહુ ચારુના કામ, ધામ ધરતાનું ધારણ;**
**જેથી જે ઉપકાર, કારનું વરણા વરણ. ૧**

### શબ્દાર્થ

**કહુ** = કહુ છું **ચારુ ના** = ચારેયના **કામ** = કાર્ય **ધામ** = રહેઠાણનું **ધરતાનું** = ધારણ કરવાનું, ધારણ કરેલાનું **ધારણ** = ઘરનું ઠેકાણું **જેથી** = જેથી **જે** = જે **ઉપકાર** = પરોપકાર, પુષ્ટિ, સહાય **કારનું** = કાર્યનું **વરણા વરણ** = પસંદગી, સ્વીકાર

### અનુવાદ

**ચારેય (અંતઃકરણ) નું કામ, ઠેકાણું અને પસંદગીના કાર્યોની પુષ્ટિ અંગે કહુ છું.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી હવે પછી આ ચારેય અંતઃકરણોનું કાર્ય, તેમને ઠરીને રહેવા માટેનું સ્થળ (રહેઠાણ) તથા તે અંતઃકરણ થકી કરવામાં આવતી પસંદગીને પુષ્ટિ કરનારાં ક્યાં ક્યાં અંતઃકરણો છે તેની સઘળી માહિતી જણાવે છે.

**ચિત્તવનથી મન હોય, મનસે મહીમત ફોરે;**
**બુદ્ધિકી સબ ઘટ બનીત, કનીત અહંકારની ઓરે. ૨**

### શબ્દાર્થ

**ચિત્તવનથી** = ચિંતવન (ચિંતન) થી **મન હોય** = મન સ્ફુરાયમાન થાય **મનસે** = મનથી **મહીમત** = મોટી ઈચ્છાઓ, મોટા મત-મતાંતરો **ફોર** = સ્ફુરાયમાન થાય **બુદ્ધિ કો** = બુદ્ધિને, થકી **સબ** = બધા જ **ઘટ બનીત** = ઘાટ ઘડાય **કનીત** = કાર્ય કરવા સારુ **અહંકારની ઓરે** = અહંકાર તરફ પ્રેરે, ઈન્દ્રિયોને કાર્ય કરવા માટે પ્રેરણા કરે.

### અનુવાદ

**ચિંતવનથી મન સ્ફુરાયમાન અને મનથી મોટા સંકલ્પો થાય છે. બુદ્ધિથી તે સર્વ**

**સંકલ્પના ઘાટ ઘડે અને તે કાર્ય કરવા માટે અહંકાર તરફ પ્રેરણા કરે.**

## ભાવાર્થ

સામાન્ય સંજોગોમાં ચાર અંતઃકરણોમાં જે અંતઃકરણ પોતે આગેવાની કરે તેને બીજા ત્રણ (અંતઃકરણો) સાથ આપે છે. આ પ્રમાણે તે ઇન્દ્રિયો દ્વારા કાર્યોનો અમલ કરાવે છે. માયાના સંદર્ભમાં જોઈએ તો ચિત્તના ચિંતવનથી મન અંતઃકરણ સ્ફુરાયમાન થાય છે. મનથી મોટાં-મોટાં કાર્યો કરવાના સંકલ્પો ઊઠે છે. આ સંકલ્પોના ઘાટ બુદ્ધિ અંતઃકરણ દ્વારા ઘડાય છે. ત્યારબાદ યોગ્ય નિર્ણય કરીને અહંકાર અંતઃકરણ એ કાર્યો કરવા માટે ઇન્દ્રિયોને પ્રેરણા કરે છે.

**એ માયાનાં ચીન, ઈનવત્ દીશત નાંહી;**
**પચ્ચીસમી પ્રક્રત વ્રત, તે મહા નિધ માંહી. ૩**

### શબ્દાર્થ

**એ માયાનાં** = આ માયાના **ચીન** = ચિહ્નો, લક્ષણો **ઈન** = ઉપર **વત્** = ની જેમ, ની પેઠ **ઈનવત્** = એમના જેવાં અર્થાત્ અંતઃકરણો જેવાં **દીસત** = દેખાતાં, નજરે પડતાં **નાંહી** = નથી **પચ્ચીસમી** = પચ્ચીસમી **પ્રકૃત** = પ્રકૃત્તિ, તત્ત્વ **વૃત્ત** = વર્તમાન કરે **તે** = તે **મહાનિધ માંહી** = મહામાયામાં.

## અનુવાદ

**માયાના લક્ષણો ઉપરીની માફક દેખાતાં નથી. તે મહાનિધિમાં પચ્ચીસમું પ્રકૃત્તિ તત્ત્વ વર્તમાન કરે છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવેલ ચોવીસ તત્ત્વો મહાનિધિમાં સમાયેલાં છે. તેમ છતાં તેનાં લક્ષણો ઉપરીની માફક ગુપ્ત રીતે સમાઈને કાર્યોનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ પ્રત્યક્ષ રીતે જોઈ શકાય તેમ નથી. વળી પચ્ચીસમું પ્રકૃત્તિ મહાતત્ત્વ પણ મહાનિધિ રુપ અવ્યાક્રત માયામાં વર્તમાન કરતું હોય છે.

**વરતે મહાનિધ માંહી, કાંઈ કારણ કંચિત થઈ;**
**કહે સત્ કુવેર, અધિક તે અધિક જહાંમહી. ૪**

### શબ્દાર્થ

**વરતે** = વર્તન કરે, વર્તમાન કરે **મહાનિધ માંહી** = મહાનિધિમાં, અવ્યાક્ત માયામાં **કાંઈ** = કાંઈ **કારણ** = કાર્યના મૂળ રુપે **કંચિત** = કિંચિત માત્ર, સૂક્ષ્મ, અલ્પ **થઈ** = થઈને **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે **અધિક તે અધિક** = ઉત્તરોત્તર વધારે, મોટી ને મોટી જ **જહાંમહી** = વિશ્વમાં, જગતમાં.

## અનુવાદ

**મહાનિધિમાં કોઈ પણ કાર્યના કિંચિતમાત્ર કારણરુપે થઈને તે વર્તે છે. સત્ કુવેરસ્વામી કહે છે કે દુનિયામાં તે (માયા) વધારે ને વધારે અધઈકતા ધરાવતી છે. (સૌથી મહાન છે.)**

## ભાવાર્થ

અગાઉ દર્શાવેલ પચ્ચીસે પચ્ચીસ તત્ત્વો મહાનિધિ રુપ અવ્યાકૃત માયામાં રહીને તેનાં સર્વ કાર્યોમાં સૂક્ષ્મ રુપે કારણ (નિમિત્ત) થઈને વર્તે છે. બાલકુવેરસ્વામી કહે છે કે ખરેખર આવા લક્ષણો ધરાવતી માયા દુનિયામાં ઉત્તરોતર મહાનતા ધારણ કરીને રહેલી છે.

## છપ્પા ૭૦

**સિરગુણ નિરગુણ દોય, પક્ષ પોતાને સરવા;**
**ગુણ તે કરી વિસ્તાર, ઠાર નિરગુણ તે ઠરવા. ૧**

### શબ્દાર્થ

**સિરગુણ** = સગુણ, આકારવાળા **નિરગુણ** = નિરાકાર, નિર્ગુણ **દોય** = બંને **પક્ષ** = મત, સિદ્ધાંત **પોતાને** = પોતાને **સરવા** = પાર પાડવા, સફળ થવા, સિદ્ધ થવા **ગુણ** = રજો, સતો અને તમોગુણનો **તે** = તે **કરી** = કરીને **વિસ્તાર** = ફેલાવો, વધારો **ઠાર** = ઠેકાણું **નિરગુણ** = નિર્ગુણ **તે** = તે **ઠરવા** = સ્થિર થવા, સ્થાયી થવા.

### અનુવાદ

**સગુણ અને નિર્ગુણ બંને સિદ્ધાંત પોતાને સફળ થવા માટે રચ્યાં છે. તેમાં (ત્રણે) ગુણોનો ફેલાવો કરીને નિર્ગુણ બ્રહ્મને અંતે સ્થિર થઈ ઠરવા માટેનું ઠેકાણું બનાવ્યું.**

### ભાવાર્થ

મહામાયાએ સંસારની વૃદ્ધિ થાય અને તેમાં કોઈ પણ પ્રકારની રુકાવટ ન આવે તેને ધ્યાનમાં રાખીને પોતાની સફળતા માટે જ સગુણ અને નિર્ગુણ એમ બંને સિદ્ધાંતોનું જગતમાં સ્થાપન કરાવ્યું છે. તેમાં ત્રિગુણાત્મક દેવો બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને તથા વિષ્ણુના દશ અવતારોના ઐશ્વર્યતાની જ વાહવાહ કરી જીવોને જોડી રાખ્યા છે. જ્યારે નિર્ગુણ સિદ્ધાંતની સ્થાપના કરાવીને જ્ઞાની સંતપુરુષો અને સિદ્ધ પુરુષોને બ્રહ્મ સર્વોપરી છે તેમ ઠસાવ્યું. આમ દેહના અંતે સ્થિર થવા માટે બ્રહ્મને જ છેવટનું સ્થાન બતાવી તેમાં સ્થિર કરી રાખ્યા છે. પરિણામે બ્રહ્મથી પરે રહેલા પદની કલ્પના કે વિચાર પણ ન કર્યો.

**જ્યોં રબેકરાનો તાર, ઉલટ કરી ઉદ્ર સમાવે;**
**યોં માયા સંસાર, ઉપાઈ માંહી વિલાવે. ૨**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **રબેકરાનો** = કરોળિયાનો **તાર** = તંતુ કે તાંતણો **ઉલટ કરી** = ઊલટો કરીને, પાછો વાળીને **ઉદ્ર સમાવે** = પેટમાં સમાવી લે **યૌ** = તેમ, એવી જ રીતે **માયા** = માયા, મહાનિધિ **સંસાર** = જગતમાં **ઉપાઈ** = ઉત્પન્ન કરીને **માંહી** = અંદર **વિલાવે** = વિલીન કરે, સમાવી દે.

### અનુવાદ

**જેમ કરોળિયો તારને ઊલટાવી પેટમાં સમાવી દે છે, તેમ માયા પણ સંસારને ઉત્પન્ન કરીને પાછો અંદર સમાવી દે છે.**

### ભાવાર્થ

જેવી રીતે કરોળિયો પોતાના મુખની લાળ વડે તંતુઓની ગૂંથણી દ્વારા જાળું બનાવે છે, વળી તે છત ઉપરથી નીચે ઉતરવા લાળના તાંતણાનો ઉપયોગ કરે છે અને પાછો ઉપર જવા માટે પણ તે જ તાર પોતાનામાં સમાવી લઈને તે ઉપર ચઢે છે. તેવી જ રીતે માયા પણ પોતે સમગ્ર સંસારને ઉત્પન્ન કરે છે અને વિનાશ કરીને અંદર સમાવી લે છે.

## મોહોટી કરતા માય, કાય તે ક્યાંહાં લગી ભાખુ;
## સહુમે વસવાવીસ, ઈશ કોઈ મેં નહીં ખાંકુ. ૩

### શબ્દાર્થ

**મોહોટી** = મોટી, મહાન **કરતા** = કર્તા કરનારી **માય** = માયા **કાય તે** = કાયાને, શરીરને, જોવું **ક્યાંહાં લગી** = ક્યાં સુધી **ભાખુ** = કહેવું, નિહાળવું, જોવું **સહુમેં** = દરેકમાં, સૌમાં, સર્વમાં **વસવાવીસ** = સંપૂર્ણ, વીસે વીસ આની, સોએ સો ટકા **ઈશ** = ઈશ્વરો, ઐશ્વર્યવાન, દેવી-દેવતાઓ **કોઈમેં** = કોઈનામાં **નહીં** = નથી **ખાંકું** = ખાલી, બાકી.

### અનુવાદ

**સૌના કર્તા રુપે રહેલી માયાના દેહ માટે ક્યાં સુધી કહેવું ? કારણ કે, ઈશ્વરોની આદ્ય લઈ તે દરેકમાં વીસે વીસ આની (સંપૂર્ણ રીતે) સમાયેલી છે. આમ તેના સિવાય કાંઈ પણ ખાલી નથી.**

### ભાવાર્થ

સર્વના વિકાસ માટે કારણરુપે રહેલી માયા સમગ્ર જગતમાં પથરાયેલી હોઈ તેની વિશેષતા અને મહાનતા વિષે કહેવું મુશ્કેલ છે. એ મહાન માયાના દેહની હાજરી જોતાં તે અણુએ અણુમાં દશ્યમાન થાય છે. મહાન ગણાતા દેવતાઓ અને ઐશ્વર્યવાન મહાપુરુષોથી લઈને સમગ્ર સંસારમાં તે સો એ સો ટકા (સંપૂર્ણ રીતે) સમાયેલી છે. એક પણ અણુ તેના સિવાય ખાલી નથી.

**નહીં ખાકું કોઈ શીશ, ઈશ એસુ સહુના પ્રીત;**
**કહે સત્ કુવેર, આત્મલક્ષ તાતે વરજીત. ૪**

### શબ્દાર્થ

**નહીં** = નથી **ખાંકુ** = ખાલી **કોઈ** = કોઈ **શીશ** = શિષ્ય, શેષ બાકી બચ્યું હોય તેવું **ઈશ** = ઈશ્વર, મહાન **એસુ** = એવી જ, રુપ **સહુના** = સૌની, દરેકની **પ્રીત** = હેત, લગાવ, વહાલ, પ્યાર, અનુરાગ **કહે સત્ કુવેર** = સત્ કુવેરસ્વામી કહે છે **આત્મલક્ષ** = આત્મલક્ષ **તાતે** = તેનાથી **વરજીત** = અલગ, જુદો, ભિન્ન.

### અનુવાદ

**એવો કોઈ પણ શિષ્ય બાકી નથી કે જે ઈશ્વર રુપ માયાનો અનુરાગી ન હોય. અન્ય રીતે સમજીએ તો સૌ કોઈને મહાન માયાની (સૌ કોઈના પ્રત્યે) પ્રીતિ રહેલી છે. તેની પ્રીતથી કોઈ બાકી બચેલું નથી. સત્ કુવેરસ્વામી કહે છે કે આત્મલક્ષ તેનાથી ભિન્ન છે.**

### ભાવાર્થ

મહાન માયાના પ્રેમરૂપી પંજામાં સૌ કોઈ સમાયેલું છે. અર્થાત્ માયાના મોહમાંથી કોઈ પણ બચી શક્યુ નથી. બીજી રીતે સમજીએ તો ઈશ્વર રુપ માયાના પંજામાંથી કોઈ પણ શિષ્ય બાકી બચ્યો નથી કે જેના પ્રત્યે તેને લગાવ (અનુરાગ) ન હોય. એટલા માટે જ બાલકુવેરસ્વામી સાચે જ કહે છે કે આવી માયાના લગાવથી એક માત્ર આત્મતત્ત્વનો લક્ષ જ ન્યારો છે. અર્થાત્ આત્મલક્ષ ઉપર માયાનો અમલ ચાલતો નથી.

# છપ્પા ૭૧

**આત્મ તત્ત્વ અનુપ, અરુપી રુપ ન જાંહી;**
**યેસી શક્ત અનેક, ભેખ ધરે તા પલમાંહી. ૧**

### શબ્દાર્થ

**આત્મ તત્ત્વ** = આત્મતત્ત્વ **અનુપ** = અનુપમ, ઉપમા ન આપી શકાય તેવું **અરુપી** = રુપ રહિત **રુપ** = આકાર **ન** = નહીં **જાંહી** = જેનો, જ્યાં **યેસી** = એવી **શક્ત** = શક્તિ, માયા **અનેક** = ઘણા, એકથી વધારે **ભેખ** = ભેખ ધારણ કરેલ, ખોટો દેખાવ, કૃત્રિમ વેશ **ધરે** = ધારણ કરે **તા** = તેની **પલમાંહી** = પળવારમાં, પલકમાં, સહેજ વખતમાં.

### અનુવાદ

**આત્મતત્ત્વ ઉપમા ન આપી શકાય તેવું છે. જે રુપ વગરનું છે. જ્યારે આવી માયા તો તેની એક પળમાં અનેક વેશ ધારણ કરે.**

### ભાવાર્થ

આત્મતત્ત્વ કે જેનો કોઈ આકાર યા રુપ નથી. એવા આત્મતત્ત્વની સરખામણી અન્ય કોઈ સાથે કરી શકાય તેમ નથી. જ્યારે માયા તો એટલી શક્તિશાળી છે કે તે એની એક પળમાં (પલકમાં) અનેક પ્રકારનાં સ્વરૂપો ધારણ કરી શકે છે.

**ઘટે નહીં અણુ એક, ભેખ જો શક્ત ધરાવે;**
**વધે નહીં વૈરાટ, ઘાટ જો માંહી સમાવે. ૨**

### શબ્દાર્થ

**ઘટે નહીં** = ઓછું ન થાય **અણુ એક** = એક પણ અણુ **ભેખ** = સ્વરૂપ, વેશ **જો** = જો **શક્ત** = શક્તિ, માયા **ધરાવે** = ધારણ કરે **વધે નહીં** = વધારો ન થાય **વૈરાટ** = વૈરાટ **ઘાટ** = વેશ, સ્વરૂપ **જો** = જો **માંહી** = પોતાનામાં **સમાવે** = સમાવી દે, ભેળવી દે.

## અનુવાદ

**માયા (અનેક) સ્વરૂપો ધારણ કરે તેમ છતાં એક અણુ પણ તેમાંથી ઓછું થતું નથી અને વૈરાટ સહિતના સર્વ ઘાટને પોતાનામાં પાછા સમાવી દેતાં તેમાં કોઈ વધારો થતો નથી.**

## ભાવાર્થ

માયાના મૂળભૂત દેહનો મહિમા એવો અપરંપાર છે કે તે પોતાના વિવિધ રૂપ ધારણ કરે છે. તેમ છતાં તેમાંથી એક પણ અણુ ઓછું થતું નથી - (ઘટાડો થતો નથી) તેણે ધારણ કરેલા વૈરાટ સહિતના સર્વ ઘાટ પાછા સમાય જાય ત્યારે પણ તેના મૂળ સ્વરૂપમાં કોઈ વધારો જોવા મળતો નથી.

**સહેજ સમાવે સાંઈ, કાંઈ નહીં આંમના અવિગત;**
**સદા સરવદા અચલ, મચલ મન રહ્યો જથામત. ૩**

### શબ્દાર્થ

**સહેજ** = સહેલાઈથી, સહેજાસહેજ, સ્વાભાવિક **સમાવે** = સમાવેશ કરે **સાંઈ** = કારણરૂપ માયા **કાંઈ નહીં** = કાંઈ પણ નહીં **આંમના** = એમનું, આ તરફનું **અવિગત** = જેની વિગત નથી એવું, સંયુક્ત, જોડાયેલું **સદા સરવદા** = હર હમેશ, સતત, નિરંતર **અચલ** = અચળ, સ્થિર, દૃઢ **મચલ** = હઠીલું, દુરાગ્રહી, જિદ્દી **મન** = મન અંતઃકરણ **રહ્યો** = રહેલો છે **જથામત** = જેમ છે તેમ, જેવું છે તેવું.

## અનુવાદ

**સાંઈરૂપ માયા આ તરફનું જોડાયેલું બધું જ પોતાનામાં સહજ રીતે સમાવે છે. તેમ છતાં સદા સર્વદા માટે તે જેમ છે તેમ સ્થિર અને મન થકી હઠીલી રહેલી છે.**

## ભાવાર્થ

સૌના વિકાસ અને લયના કારણરૂપ રહેલી મહાનિધિ વૈરાટ પક્ષે રહેલી સર્વ ઉત્પત્તિને સહજ સ્વભાવે સમાવી દે છે. તેમ છતાં તે માયાની હમેશાં વધ-ઘટ સિવાયની જે સ્થિતિ છે તે જ સ્થિતિમાં સ્થિર રહે છે. મન અંતઃકરણથી તો તે પોતે જે ધાર્યું હોય તે જ કરીને રહે તેવી જિદ્દી છે.

**રહ્યો જથામત જમ, ક્યમ નહીં કંચીત કાલે;**
**કહ્યા માત્ર કુવેર, બેર બેર તાહી નિહાલે. ૪**

### શબ્દાર્થ

**રહ્યો** = રહેલો છે **જથામત** = જેમનો તેમ **જમ** = જેમ છે તેમ **ક્યમ** =ક્યારેય **નહીં** = નહીં **કંચીત** = સહેજ પણ, કિંચિતમાત્ર **કાલે** = કાળને વશ **કહ્યા** = કહેલા આત્મતત્ત્વ **માત્ર** = ફક્ત, કેવલ **કુવેર** = કુવેરસ્વામી **બેર બેર** = વારંવાર **તાહી** = તેને **નિહાલે** = નિહાળે, નીરખે.

### અનુવાદ

**તેવી જ રીતે આત્મતત્ત્વ જેમ છે તેમ રહેલ છે કે જેને કાળ કિંચિતમાત્ર પણ વશ કરી શકતો નથી. કુવેરસ્વામી તે કહેલા આત્મ તત્ત્વને જ વારંવાર નીરખે છે.**

### ભાવાર્થ

જેવી રીતે માયા હમેશ માટે તેમાં વધારા-ઘટાડા સિવાય સ્થિર (જેમ છે તેમ જ) રહે છે, તેવી જ રીતે આત્મતત્ત્વ પણ જેમ છે તેમ જ રહે છે.તેવા આત્માને કાળ ક્યારેય કિંચિંતમાત્ર વશ કરી શકતો નથી. તેથી જ બાલકુવેરસ્વામી અગાઉ કહ્યા મુજબ માત્ર આત્મ-તત્ત્વના પદને જ સદા સર્વદા નીરખીને રહે છે.

# છપ્પા ૭૨

**માયા ઈશ્વર દોય, કોઈ મત જાણો ભાઈ;**
**યેહેની પ્રક્રત ક્રત, તે કરન ઉપાઈ. ૧**

**શબ્દાર્થ**

**માયા** = મહાનિધિ **ઈશ્વર** = ઐશ્વર્યવાળા દેવતાઓ, નિરંજન **દોય** = બે, બંનેને **કોઈ** = કોઈ **મત** = ના, નહીં **જાણો** = જાણશો, સમજશો, જાણવાની કે સમજવાની **ભાઈ** = આત્મબંધુઓ **યેહેની** = એની, એમની **પ્રક્રત ક્રત** = પ્રાકૃતિક રચના **તે કરન** = તે કરવા માટે **ઉપાઈ** = ઉત્પન્ન કરેલી છે.

**અનુવાદ**

**હે આત્મબંધુઓ ! માયા અને ઈશ્વર એમ બે અલગ છે તેમ સમજશો નહીં. તેમને તો પ્રાકૃત્તિક રચના કરવા માટે જ ઉત્પન્ન કરેલાં છે.**

**ભાવાર્થ**

બાલકુવેરસ્વામી સર્વને આત્મા (અંશ) ની દૃષ્ટિએ હમેશાં નિહાળતા હોય છે. તેથી તેઓ આત્મબંધુના નાતે જણાવે છે કે વિશ્વમાં માયા અને ઈશ્વર એમ બે પદ છે એવું સમજવાની જરૂર નથી. તેમના ઉપર પણ સકર્તા-સર્જનહારનું અવિનાશી પદ છે કે જેમના દ્વારા આ માયા અને ઈશ્વરને પ્રાકૃત્તિક જગતની રચના કરવા માટે ઉત્પન્ન કરવામાં આવ્યા છે.

**ચૈતન કૈવલ અંશ, વંશ હોય વિવિધ વિલાસો;**
**તન તન પરત્વે ભિન્ન, લીન થઈ ચીન પ્રકાશો. ૨**

**શબ્દાર્થ**

**ચૈતન** = ચૈતન **કૈવલ** = મહદ્ સજાણજાણ વળથી રહિત રહેલા કર્તા **અંશ** = સજાણજાણ, ચૈતન સ્વરૂપ **વંશ** = કુળ, જાતિ **હોય** = હોય છે **વિવિધ** = જુદી જુદી રીતે, બહુ વિધ, વિગતવાર **વિલાસો** = તપાસો, ઓળખો **તન તન પરત્વે** = પ્રત્યેક ઘાટ પ્રતિ **ભિન્ન** = અલગ, જુદા **લીન થઈ** = એકાગ્ર થઈને **ચીન** = ચિહ્નો **પ્રકાશો** = ઓળખો, તપાસો, પરીક્ષા કરો.

## અનુવાદ

**ચૈતન અંશ કૈવલ (કર્તા) ના વંશનો છે. તેને વિધ વિધ રીતે ઓળખો. તે દરેક પ્રત્યે લીન (મગ્ન) થયેલો હોવા છતાં ભિન્ન (અલગ) રહેલો છે; તેનાં ચિહ્નો (લક્ષણો) ને તપાસો.**

## ભાવાર્થ

પ્રત્યેક ઘાટને ચેતનતા બક્ષનારો ચૈતન અંશ છે. તે મહદ્ સજાણજાણ સ્વરૂપ સકર્તાપતિ કૈવલ કર્તાની સજાતિનો (અંશ) છે. તે દરેક ઘાટમાં એકમેક થઈને રહેલો હોવા છતાં પંચ ભૌતિક (સ્થૂળ) દેહના લક્ષણોથી ન્યારો રહેલો છે એટલે તેની ચૈતનતાના લક્ષણને નિહાળીને ઓળખવા જાઈએ.

**યૌ અપરંપાર અંશ, હંશ હલમલ ભવભરમેં;**
**જીનતે શોભિત સંચ, રંચ નહીં વંચ વિચરમેં. ૩**

### શબ્દાર્થ

**યૌ** = આ રીતે, એવો **અપરંપાર** = જેનો પાર ન પામી શકાય તેવો, અપાર **અંશ** = અંશ **હંશ** = શુદ્ધ સ્વરૂપવાળો **હલમલ** = આમ તેમ હિલચાલ કરતો **ભવભરમેં** = સમસ્ત સૃષ્ટિમાં, આખા જગતમાં **જીનતે** = જેનાથી **શોભિત** = શોભાયમાન **સંચ** = ઉત્પત્તિ, ઘાટ, સમગ્ર રચના **રંચ** = સહેજપણ, જરાપણ **નહીં** = નથી **વંચ** = વિના, વંચિત **વિચરમેં** = વિચરણ કરતા ઘાટમાં.

## અનુવાદ

**એવા અપાર હંસો, અંશ સ્વરૂપે ભવભરમાં આમ તેમ રમણ કરે છે. જેના થકી જ સર્વ ઉત્પત્તિ શોભાયમાન છે. વળી તે વિચરણ કરતા ઘાટ તેનાથી જરા પણ વંચિત નથી.**

## ભાવાર્થ

એવા શુદ્ધ સ્વરૂપવાળા અસંખ્ય હંસો સમસ્ત સંસારમાં, અંશ રુપે બધા જ પ્રકારના (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ) દેહોમાં આમ તેમ રમણ કરે છે. તે અંશોની ચેતના થકી જ સમગ્ર ઉત્પત્તિ શોભાયમાન થયેલી છે. આખા વિશ્વમાં

વિચરણ કરતા પ્રત્યેક જીવિત ઘાટ અંશની ચેતનતા સિવાયના નથી. એટલે કે, અંશની ચેતના સિવાય રંચમાત્ર પણ હલનચલન કરી શકતા નથી કે જીવિત રહી શકતા નથી.

**એહી વિધિ કરત કલોલ, બોલ વિનું બોલ અચરચર;**
**અણુંની આદ્ય બ્રહ્માંડ, પિંડમેં કુવેર સભરાભર. ૪**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **કરત** = કરે **કલોલ** = આનંદ, મોજ **બોલ વિનું** = મૂંગુ, અબોલ **બોલ** = બોલતા **અચરચર** = સ્થાવર અને જંગમ **અણુંની આદ્ય** = અણુંની આદ્ય લઈ **બ્રહ્માંડ** = બ્રહ્મનો પસારો છે તેવું ઘટક **પિંડમેં** = દેહમાં **કુવેર** = કુવેરસ્વામી **સભરાભર** = ભરપૂર, પૂર્ણ પણે.

### અનુવાદ

**આ પ્રમાણે બોલી ન શકે તેવા અને બોલી શકે એવા તમામ સ્થાવર-જંગમ ઘાટો આનંદ કિલ્લોલ કરે છે. કુવેરસ્વામી કહે છે કે અણુંની આદ્ય લઈ બ્રહ્માંડમાં પૂરેપૂરી રીતે છવાયેલા (ભરાયેલા) છે.**

### ભાવાર્થ

અંશની ચેતનતા થકી જે બોલી શકે અને નથી બોલી શકતા તેવા તમામ સ્થાવર અને જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટો, પોતપોતાના ઘાટમાં રહીને આનંદ કિલ્લોલ કરે છે. બાલકુવેરસ્વામી કહે છે કે અણુંની આદ્ય લઈ પિંડ અને બ્રહ્માંડમાં અંશનું ચૈતન સભરાભર ભરેલું છે. એટલે કે બ્રહ્માંડમાં રહેલા પ્રત્યેક ઘાટના અણુંએ અણુંમાં ચૈતન અંશની ચેતનતા ભરાયેલી છે.

# છપ્પા ૭૩

**પણ નહીં અદ્વૈત એક, વેષધર પ્રત્યે વિલખ વિત્ત;**
**જેહી જીનકે અનુકરમ સહિત, રહે વાસ કરીત જીત. ૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **નહીં** = નથી **અદ્વૈત** = જુદું નહીં તેવું, અજોડ, અદ્વિતીય **એક** = એક **વેષધર** = શરીરધારી, દેહ ધારણ કરેલ **પ્રત્યે** = પ્રતિ, તરફ **વિલખ** = તલસવું, આતુર બનવું, વિયોગથી વ્યાકુળ થવું **વિત્ત** = સાર, સત્ત્વ **જેહી** = જે **જીનકે** = જેના **અનુકરમ** = કર્મ અનુસાર **સહિત** = સાથે, ને લઈને **રહે** = રહે છે **વાસ** = નિવાસ **કરીત** = કરીને **જીત** = જ્યાં, ત્યાં.

### અનુવાદ

**પરંતુ એક અદ્વૈત ન હોવાને કારણે વેષ ધારણ કરવા તરફ આતુર બને છે. જેના જેવાં કર્મ તે કર્મ અનુસાર તે સાથે લઈને જ્યાં ત્યાં નિવાસ કરીને રહે છે.**

### ભાવાર્થ

અંશ પોતે એક અદ્વૈત સ્વરૂપે નથી, તેથી તે દ્વૈત હોવાને કારણે તેને કોઈને કોઈ વેશ ધારણ કરવા આતુરતા હોય છે. પરિણામે પોતે કરેલા સત્કર્મો કે દુષ્કર્મોના આધારે, જ્યાં જેવો દેહ મળ્યો હોય તે દેહમાં નિવાસ કરીને દેહની અવધિ સુધી રહેવું પડે છે.

**સમલ્યો સરલ સમોહ, મોહ ધર પચીત પદારથ;**
**મોઘમ કરીત મનોજ, સોજ સજ અનીત અનારથ. ૨**

### શબ્દાર્થ

**સમલ્યો** = સમલીત થયો, ભળી ગયો, મિશ્ર થયો **સરલ** = સરળતાપૂર્વક, નિખાલસ **સમોહ** = અજ્ઞાન, મોહિત થઈ **મોહ** = પ્રેમ ઘેલા, સંસાર પ્રત્યે અનુરાગવાળા, આસક્ત થવું **ધર** = ધારણ કરી **પચીત** = રચ્યો પચ્યો, ગરકાવ, પરાયણ, એકાકાર, એકમેક **પદારથ** = પદાર્થ, દ્રવ્ય, તત્ત્વ, ચીજ **મોઘમ** = ગુપ્ત, અસ્પષ્ટ, અદબદ **કરીત** = કરીને **મનોજ** = મોજ, આનંદ, વિષયોનો ઉપભોગ

**સોજ** = વર્તણૂક, લાગણી, ચાલ **સજ** = કર્મો કરીને **અનીત** = અનિત્ય , નશ્વર, નાશવંત **અનારથ** = અનર્થ, ખોટા.

## અનુવાદ

**ઘાટમાં સરળતાપૂર્વક સંમોહન પામીને, તેમાં જ આસક્તિ ધારણ કરી પછી પદાર્થોમાં રચ્યોપચ્યો રહીને (અંશ) દેહમય બની ગયો. ત્યારબાદ અદબદ રીતે વિષય ભોગની લાગણીથી અનર્થકારી અને અનિત્ય કર્મો કરવા લાગ્યો.**

## ભાવાર્થ

આ પ્રમાણે ઘાટમાં રમણ કરતો અંશ અજ્ઞાનતાને લીધે ઇન્દ્રિયોના ભોગ-વૈભવમાં આસક્ત બનીને સહેલાઈથી તત્ત્વોની માયાજાળમાં ભળી ગયો. આમ તે દેહમય બનીને જીવવા લાગ્યો. જેથી પોતાના મનમાં ધારણ કરેલી ગુપ્ત વાસનાઓ તૃપ્ત કરવા માટે અનિત્ય અને અનર્થકારી કર્મો કરવા લાગ્યો.

**તબતે આપનું આપ, દાપ નહીં રહ્યું સમલતે;**
**ગુણ ઈન્દ્રિ કે સંઘ, ભુલ્ય ગત ગઈ વિભ્મલતે. ૩**

### શબ્દાર્થ

**તબતે** = તેથી આપનુ **આપ** = પોતાનુ સ્વ ચૈતન સ્વરૂપ **દાપ** = તેજ, પ્રતાપ, દબદબો, સામર્થ્ય, શક્તિ, જોર, બળ **નહીં** = નથી **રહ્યું** = રહેવા પામ્યું **સમલતે** = ભળી જવાથી, સમાવાથી **ગુણ** = ત્રણ ગુણ **ઈન્દ્રિકે** = દશ ઇન્દ્રિયોના **સંઘ** = સાથે, સોબત, સહવાસથી **ભુલ્ય** = ભૂલાઈ ગયું **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **ગઈ** = ગઈ **વિભ્મલતે** = વિહ્વળ, વ્યાકુળ, બાવરું, અશાંત ચિત્તવાળું.

## અનુવાદ

**દેહના સંસર્ગને કારણે પોતાના ચૈતન અંશ સ્વરૂપનું સામર્થ્ય ન રહેતાં દેહમય બની ગયો. વળી ગુણ અને ઇન્દ્રિયોના સંગને લીધે પોતાનું સામર્થ્ય ખર્ચાઈ જતાં (અંશ) વ્યાકુળતા અનુભવે છે.**

## ભાવાર્થ

શુભ-અશુભ કર્મોના ફળ ભોગવવાને કારણે અંશ એક યા બીજા દેહમાં ભ્રમણ

કરતાં-કરતાં પોતના સ્વ-ચૈતન સ્વરૂપની સામર્થ્યતાને ભૂલી જઈને દેહમય બની ગયો. વળી ગુણ અને ઈન્દ્રિયોના સતત સંસર્ગને કારણે ભોગ વિલાસમાં પોતાના આત્મબળના સામર્થ્ય રુપ અક્કલ, આરત અને સુરતારૂપી ખજાનો ખર્ચાઈ જતાં તે વ્યાકુળતા અનુભવે છે. આમ અજ્ઞાન દશામાં જીવ-દશા ભોગવીને ભમ્યા કરે છે.

**વિભલિત ભઈ વિવર્ત, કરતમે નરત હરાયત;**
**વિસરે નિજગમ કુવેર, સિંઘ જ્યૌ અજા સરાયત. ૪**

### શબ્દાર્થ

**વિભલિત** = વ્યાકુળ, વિહ્વળ **ભઈ** = થઈને **વિવર્ત** = પરિભ્રમણ, ચક્રાકાર ફરવું **કરતમે** = રચનામાં, ઉત્પત્તિમાં, કૃતમાં **નરત** = નૂર, તેજ **હરાયત** = હેરાઈ ગઈ, ગુમાવી બેઠો **વિસરે** = ભૂલીને **નિજગમ** = પોતાનું 'સ્વ' નું જ્ઞાન **કુવેર** = કુવેરસ્વામી **સિંઘ** = સિંહ **જ્યૌ** = જેમ **અજા** = બકરી **સરાયત** = સરખાવવા લાગવું, સમાન ગણવું.

### અનુવાદ

**જેમ સિંહ બકરાનાં સંગે પોતાને પણ બકરા સમાન ગણવા લાગ્યો તેમ અંશ પણ વ્યાકુળ બનીને દેહમાં પરિભ્રમણ કરવાથી પોતાનું નૂર (વિત્ત) હરાઈ જવાથી પોતાના (મૂળ) સ્વરૂપને ભૂલી ગયો.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી દૃષ્ટાંત આપીને સમજાવે છે કે જેમ સિંહનું બાળ ઘણા લાંબા સમયથી બકરાંના ટોળામાં રહેવાથી પોતાના મૂળ (સિંહ) સ્વરૂપની સમજ ભૂલી ગયો. તે પોતાને અન્ય બકરાંની જેમ બકરી જ માનવા લાગ્યો. તેમ અંશ પણ એક દેહમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા એમ અનેક દેહમાં ભટકવાને કારણે કરોડો કલ્પોથી દેહના સંસર્ગમાં રહ્યો. પોતે ઈન્દ્રિયોના ભોગ-વૈભવથી વિલાઈ જીવન જીવીને પોતાનું નૂર ખોઈ બેઠો. પરિણામે તે તેનું પોતાનું જે અસલ શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપ હતું તે ભૂલી ગયો અને પોતાને દેહ સ્વરૂપે ઓળખવા લાગ્યો.

# છપ્પા ૭૪

**હવિત તત્ત્વ તદ્રુપ, અંશ અજ આપ ગમાતે;**
**પીછે લહે કુણ તાત, જાત વિનું તંત અજાતે. ૧**

### શબ્દાર્થ

**હવિત** = થયો, બન્યો **તત્ત્વ** = તત્ત્વોમાં **તદ્રુપ** = તદાકાર, એકતાર **અંશ** = અંશ **અજ** = બકરો **આપ** = પોતાનું, ચૈતન સ્વરૂપ **ગમાતે** = ગુમાવીને, ખોઈને **પીછે** = પછીથી **લહે** = જાણે **કુણ** = કોણ **તાત** = સ્વામી, માલિક, પિતા, પરમેશ્વર **જાત** = સજાતિ, વંશાગત **વિનું** = વિના, સિવાય **તંત** = દેહ, શરીર, ઘાટ **અજાતે** = વિજાતિ.

### અનુવાદ

**અંશ બકરી રુપે થવાથી પોતાના સ્વ-સ્વરૂપને ભૂલીને તત્ત્વોમાં તદાકાર બન્યો છે. તેથી સજાતિ સિવાય વિજાતિ દેહ થકી કર્તાને કેવી રીતે જાણી શકાય.?**

### ભાવાર્થ

સૌ પ્રથમ અંશ કૈવલધામમાંથી શુદ્ધ અણિઅગ્ર અંકુરિત હંસ સ્વરૂપે બ્રહ્માંડમાં આવ્યો હતો. તે સમયે સિંહ સમાન હતો, પરંતુ અનેક કલ્પોથી દેહ સાથેના સંસર્ગને લીધે પોતે દેહમય એટલે કે, બકરી સમાન થઈ ગયો અને પોતે પોતાના મૂળ ચૈતન આપનપુ અંશ સ્વરૂપને ભૂલી ગયો. તે પોતે પોતાના ચૈતન અંશ સ્વરૂપને દેહમય ગણવા લાગ્યો. પરિણામે સ્થૂળ દેહ અંશની પોતાની સજાતિનો ન હોવાથી સાચા સજાતિ એવા કર્તા માલિકને ઓળખી ન શક્યો અને પોતાના નિજ ચૈતન સ્વરૂપની જાણ્ય ગુમાવી બેઠો. જેથી તે તત્ત્વાતીત, બ્રહ્માંડથી પરે રહેલા અને પોતાની સજાતિના કૈવલ કર્તાને જાણી શક્યો નહીં.

**જ્યૌ ચક્ષુ સૂરવંશ, અંશ તબ નિરખે સુરનકુ;**
**રસના વરુણ વિભાગ, જાગ તેહી ભખે નૂરનકુ. ૨**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ **ચક્ષુ** = આંખ, નેત્ર **સૂરવંશ** = સૂર્યની સજાતિ **અંશ** = ભાગ **તબ** = તેથી, ત્યારે **નિરખે** = જોઈ શકે **સુરનકુ** = સૂર્યને **રસના** = જીભ, જિહ્વા **વરુણ** = વરુણદેવનો **વિભાગ** = તત્ત્વભાગ **જાગ** = યજ્ઞ, હોમ-હવન કરવા તે, યાગ, જગન **તેહી** = તે **ભખે** = ભક્ષણ કરે **નૂરનકુ** = શક્તિ માટે, તંદુરસ્તી માટે.

### અનુવાદ

**જેમ નેત્ર સૂર્યની સજાતિના હોઈ સૂર્યના તત્ત્વભાગને લીધે તે સૂર્યને જોઈ શકે છે. જિહ્વાએ વરુણદેવનો તત્ત્વભાગ હોવાથી તે જાગ (આગ) ની જેમ ભક્ષણ કરી શક્તિ પ્રદાન કરે છે.**

### ભાવાર્થ

નેત્રસ્થાને સૂર્યની સજાતિનો તત્ત્વભાગ રહેલો છે અને અગ્નિ તત્ત્વની રુપમાત્રા છે જેથી સજાતિ સજાતિને ઓળખે છે એ જ ન્યાયે આંખોથી સૂર્ય અને તેના પ્રકાશ દ્વારા અન્ય ચીજ વસ્તુ જોઈ શકાય છે. તેવી જ રીતે જિહ્વાએ વરુણદેવનો તત્ત્વભાગ રહેલો છે. જેની રસમાત્રા છે તેને કારણે જિહ્વાથી યજ્ઞની આહુતિ સ્વરૂપે વરુણના નૂરરુપ સ્વાદનું ભક્ષણ કરીને શરીરને તંદુરસ્તી પ્રદાન કરનાર ખોરાકના વિવિધ રસના સ્વાદ માણી શકે છે.

**નાશા ઈન્દ્રિ ભોમ, વ્યોમ કારણ કરનનકે;**
**સૂને શબ્દ ગ્રહે ગંધ, છંદ નિગમાદિક બરનનકે. ૩**

### શબ્દાર્થ

**નાશા** = નાસિકા, નાક **ઈન્દ્રિ** = ઈન્દ્રિ **ભોમ** = પૃથ્વી તત્ત્વ **વ્યોમ** = આકાશ **કારણ** = કારણ **કરનનકે** = કાનોને **સુને** = સાંભળે, શ્રવણ કરે **શબ્દ** = શબ્દ, અવાજ **ગ્રહે** = ગ્રહણ કરે **ગંધ** = ગંધ **છંદ** = છંદ, શ્લોક, ઋચા, રચના **નિગમાદિક** = નિગમ આદિના **બરનનકે** = વર્ણનોને, ઉચ્ચારાયેલ વાણીને.

### અનુવાદ

**નાસિકા પૃથ્વી તત્ત્વની ઈન્દ્રિય છે જેથી ગંધ ગ્રહણ કરી શકે છે. કાન આકાશ**

**તત્ત્વના કારણ રુપે છે, જેથી વેદ સહિત સર્વ છંદો શબ્દોનું (ઉચ્ચારણ) સાંભળી શકે છે.**

### ભાવાર્થ

નાસિકા પૃથ્વી તત્ત્વની ઈન્દ્રિય હોવાને કારણે પૃથ્વી તત્ત્વની ગંધમાત્રાની સુગંધ કે દુર્ગંધ પારખી શકે છે. કાન આકાશ તત્ત્વની ઈન્દ્રિય હોવાથી આકાશ તત્ત્વની શબ્દમાત્રા વેદ સહિત તમામ પ્રકારના ધર્મગ્રંથો કે સાહિત્યના ગદ્ય-પદ્ય યા છંદ-દોહરા વગેરે તમામ પ્રકારના શબ્દોનો તેમજ તેના ઉચ્ચારણોને સાંભળી શકે છે.

**મારુત કે ઈત ચરમ ધરમ, જીનું પરસ પરીત ક્રત;**
**જીનકી હુતી સજાત, જાત જીનું કુવેર કરીત વ્રત. ૪**

### શબ્દાર્થ

**મારુતકે** = પવનના **ઈત** = અહીં **ચરમ** = ચામડી, ત્વચા **ધરમ** = ધર્મ, કાર્ય, ફરજ **જીનું** = જેન **પરસ** = સ્પર્શ **પરીત** = પરીક્ષા, પરખ **ક્રત** = કરવાનું **જીનકી** = જેની **હુતી** = હતી **સજાત** = સજાતિ **જાત** = જાત **જીનું** = જેનું **કુવેર** = કુવેરસ્વામી **કરીત** = કરીને, કરે છે **વ્રત** = વર્તમાન, વર્તવું, વર્ણન.

### અનુવાદ

**ચામડીને વિશે રહેલ પવન તત્ત્વ કે જે સ્પર્શ દ્વારા પરીક્ષા (ઓળખ) કરવાનું કાર્ય કરે છે. કુવેરસ્વામી કહે છે કે જે જેની સજાતિનું હોય તે તેની જાતિ પ્રમાણે કાર્ય દ્વારા વર્તમાન કરે છે.**

### ભાવાર્થ

ચામડીને વિશે પવન તત્ત્વનો ભાગ રહેલો છે, વળી તેની સ્પર્શમાત્રા છે. તેથી તે ત્વચા સ્પર્શથી પવન, ઠંડી કે ગરમ વસ્તુઓની પરીક્ષા કરી શકે છે. આમ અહીં બાલકુવેરસ્વામી કહે છે કે જેની જેવી સજાતિ હોય તે તેની જાતિ પ્રમાણે તેને ઓળખીને તે પ્રમાણે વર્તમાન કરે છે.

# છપ્પા ૭૫

**અવનિ તેજ નભ તોય, પંચમું પવન પસારા;**
**તીનું અંશ ઈત તંત, હવિત જેહી જીનું એકતારા. ૧**

### શબ્દાર્થ

**અવનિ** = પૃથ્વી **તેજ** = અગ્નિ **નભ** = આકાશ **તોય** = પાણી **પંચમું** = પાંચમું **પવન** = વાયુ, પવન **પસારા** = પસારો, ફેલાવો **તીનુ** = તેના **અંશ** = ભાગ, તત્ત્વભાગ **ઈત** = અહીં **તંત** = દેહમાં, શરીરમાં **હવિત** = હોય છે **જેહી** = જે **જીનું** = જેનું, જેનો **એકતારા** = એકરસ, અખંડ, એકાકાર.

### અનુવાદ

**પૃથ્વી, જળ, અગ્નિ, આકાશ અને પાંચમું પવનનો પસારો થયો છે. તેનાં તત્ત્વ ભાગ આ શરીરનાં જે તે તત્ત્વ સાથે એકાકાર થઈને રહેલાં છે.**

### ભાવાર્થ

સમગ્ર વિશ્વમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પ્રમાણે પાંચ મહાતત્ત્વોનો પસારો થયેલો છે. તે પાંચ મહાતત્ત્વોના તત્ત્વ ભાગ દરેક પંચ ભૌતિક સ્થૂળ દેહમાં જે તે દેહના તત્ત્વો સાથે એકબીજામાં ઓતપ્રોત (એકાકાર) થઈને રહેલાં છે.

**જીનકે જેહી વૈભાગ, લાગ તાંહાં કરીત નિહોરા;**
**બિન વૈભાગી વસ્ત, દસ્ત નહીં લગે કઠોરા. ૨**

### શબ્દાર્થ

**જીનકે** = જેના **જેહી** = જેવા **વૈભાગ** = વિભાગ, સજાતિ **લાગ** = સંબંધ **તાંહાં** = ત્યાં **કરીત** = કરીને **નિહોરા** = નિહાળી શકાય, દેખાય **બિન** = સિવાય, વિના **વૈભાગી** = સજાતિ વિભાગ **વસ્ત** = વસ્તુ, પદાર્થ, તત્ત્વ **દસ્ત** = અધિકાર, સબંધ, હક્ક, કાબૂ **નહીં** = નથી **લગે** = લાગે, લાગતો **કઠોરા** = અસર ન થાય તેવું સખત, અઘરું, મુશ્કેલ, બોજારૂપ.

### અનુવાદ

**જ્યાં જેની સજાતિ જણાય ત્યાં સંબંધ કરતા દેખાય છે. જ્યારે સજાતિ વિનાની વસ્તુ સાથે સંબંધ રાખવો મુશ્કેલ છે.**

### ભાવાર્થ

વૈરાટના મહદ્‌તત્ત્વોના વિશેષ ભાગ દેહમાં રહેલા વિશેષ ભાગની ઈન્દ્રિયો સાથે સજાતિય સંબંધ ધરાવતા હોવાથી સજાતિ-સજાતિને ઓળખે છે અને તેની સાથે એકતા અનુભવે છે. જ્યારે જે ઈન્દ્રિયોના વિશેષ ભાગ સજાતિ સિવાયની વસ્તુ સાથે સંબંધ ન રાખતાં તે પ્રત્યે અધિકારની અસર જોડવી મુશ્કેલ બને છે. એટલે કે, પોતાની સજાતિના ભાગ સિવાય વિજાતિમાં એકતા થઈ શકતી નથી.

**તો આ જગકે, જંત તંત તન હવે સબેહી;**
**તિનકે લખે જો લેખ, શેષ પદ નહીંન તબેહી. ૩**

#### શબ્દાર્થ

**તો** = તે **આ** = આ **જગકે** = જગતના **જંત** = જીવો, માનવો **તંત** = તત્ત્વ **તન** = શરીર **હવે** = થયા **સબેહી** = બધા, સર્વ **તિનકે** = તેમના માટે **લખે** = લખાણમાં લખાવું **જો** = જો **લેખ** = લખાણ **શેષ** = બાકી **પદ** = પદ **નહીંન** = નથી **તબેહી** = ત્યારે.

### અનુવાદ

**જેથી આ જગતના શરીર ધરાવતા બધા જ જીવો તત્ત્વ રુપ થઈ ગયા છે. તે મુજબ તેના અંગે લખાણ લખેલું છે, પરંતુ તેમાં બાકી રહેલું પદ તેવું નથી.**

### ભાવાર્થ

સજાતિ પોતાની સજાતિને જ ઓળખી શકે છે તેથી જગતના બધા દેહધારીઓ શરીરના તત્ત્વોને આધારે તત્ત્વોવાળા પદને જ ઓળખી શક્યા છે. તેઓ જેને જેને ઓળખી શક્યા તેના વિશે લખાણ લખી શક્યા છે. આ તત્ત્વોને બાદ કરતાં બાકી રહેલું જે તત્ત્વાતીત એવું ચૈતન પદ છે તેને ન જાણતા હોવાથી તેની સજાતિ અંગે કોઈ પણ સમજ પ્રાપ્ત ન કરી શક્યા તેથી તેના વિશે કંઈ લખી પણ ન શક્યા.

## જબતે એહી જન સકલ, અકલ અવિનાશ સબનકે;
## નિગમ નેતિ કહી માટ, કુવેર ઘર આદ્ય તબનકે. ૪

### શબ્દાર્થ

**જબતે** = જેથી, જ્યારથી, એટલા માટે **એહી** = એ, તે **જન** = માનવો **સકલ** = બધા, સર્વ **અકલ** = કળ્યામાં ન આવે એવા અકળ **અવિનાશ** = અવિનાશી **સબનકે** = સૌના, બધાના, તમામના **નિગમ** = ચાર વેદ **નેતિ** = જેનો કોઈ અંત નથી **કહી** = કહીને **માટ** = માટે, તેથી **કુવેર** = કુવેરસ્વામી **ઘર** = ધામ, ઠેકાણું, મૂળ સ્થાન **આદ્ય** = આદિ-અનાદિ, પ્રારંભનું, પ્રથમનું **તબનકે** = ત્યાંથી, તેથી તો.

### અનુવાદ

**એટલા માટે જ બધા માનવો તે અકળ અને અવિનાશીને ન ઓળખી શક્યા. કુવેરસ્વામી કહે છે કે તેથી સૌના આદિ-અનાદિ એવા નિજ ઘર અંગે વેદોએ નેતિનો પોકાર કર્યો છે.**

### ભાવાર્થ

વિશ્વના માનવોએ શરીરમાં રહેલા તત્ત્વોને જ ધ્યાનમાં લઈ તેના સજાતિ મહાતત્ત્વો માટે લખાણ લખ્યું છે. તેઓ પોતાનામાં રહેલા તત્ત્વાતીત અંશના પદને પણ જાણી ન શક્યા. વળી તે પદ જેની સજાતિનું છે તે અકળ અને અવિનાશી એવા સર્વના કારણરુપે રહેલા સકર્તા અંશીને પણ ઓળખી ન શક્યા. બાલકુવેરસ્વામી કહે છે કે એટલા માટે જ સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માજી આદિ એવા નિજ ઘરની તથા અકળ અને અવિનાશીની સમજ પ્રાપ્ત કરી ન શક્યા. પરિણામે પોતે ઉચ્ચારેલા ચાર વેદમાં તત્ત્વોની ઉત્પત્તિનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું, પરંતુ અંતે તત્ત્વાતીત પદની જાણ થઈ નહીં. તે પદ માટે તેમણે ''નેતિ'' શબ્દનો પોકાર કરીને પોતાની અજાણતાનો સ્વીકાર કરેલ છે.

# છપ્પા-૭૬

**તીનકે લક્ષ નિરુપ, કરન નહીં પોંચ અનિતસે;**
**અવનિ અમર એકતાય, થાય ક્યૌ ન્યાય બનીતસે. ૧**

### શબ્દાર્થ

**તીનકે** = તેના **લક્ષ** = સમજ, જ્ઞાન **નિરુપ** = નિરુપણ, વર્ણન, અવલોકન **કરન** = કરવા **નહીં** = નહીં **પોંચ** = તાકાત, આવડત, ચતુરાઈ, સામર્થ્ય **અનિતસે** = નાશવંતથી, જડ તત્ત્વોથી **અવનિ** = પૃથ્વી **અમર** = અવિનાશી **એકતાય** = એકાકાર **થાય** = થાય **ક્યૌ** = કેવી રીતે, કેમ **ન્યાય** = ન્યાયપૂર્વક **બનીત સે** = બની શકે, બને, થાય.

### અનુવાદ

**તેના લક્ષનું નિરૂપણ કરવાનું નાશવંતની આવડત બહારનું હોઈ તે કરી ન શકે. જેમ કે, પૃથ્વીની એકતા અમર સાથે થાય તે ન્યાય કેવી રીતે બની શકે ?**

### ભાવાર્થ

જે પદ તત્ત્વાતીત છે તેના લક્ષનું નિરૂપણ કરવાનું નાશવંત તત્ત્વોના સામર્થ્યની બહારની વાત છે. કારણ કે, સજાતિથી વિજાતિનું વર્ણન અને ઓળખ શક્ય નથી. જેમ કે કોઈ નાશવંત પૃથ્વીની તુલના અવિનાશી એવા મહાશૂન્ય કે અવિનાશી પદ સાથે કરે તો તે વિજાતિની એકતાનો ન્યાય બની શકે નહીં. વળી બીજી રીતે સમજીએ તો નાશવંત પૃથ્વીની એકતા અવિનાશી અને શાશ્વત સાથે શક્ય નથી.

**જબતે અંશ સજાત, તાતકુ ભેદી શકે ભલ;**
**તેહી તનસે તદ્‌રુપ, રુપ હત હવિત એકલમલ. ૨**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, તેટલા માટે , જેના કારણે **અંશ** = અંશ **સજાત** = સજાતિનો **તાતકુ** = પરમપિતાને, માલિકને, ધણીને **ભેદી** = જાણી, ઓળખી **શકે** = શકે **ભલ** = સરળ રીતે, સારી રીતે **તેહી** = તે

**તનસે** = શરીરથી **તદ્‌રુપ** = તદાકાર, ભળી ગયેલ **રુપ** = પોતાના સ્વરૂપને **હત** = હણીને, અજાણ થકી **હવિત** = થયો **એકલમલ** = એકરૂપ.

## અનુવાદ

**જેથી અંશ પિતાની (માલિકની) સજાતિ હોઈ તે જ માલિકને બહુ સારી રીતે ઓળખી શકે છે, પરંતુ તે તો શરીરમાં ભળી ગયેલો હોવાથી પોતાના રૂપથી અજાણ થઈને દેહથી તદાકાર થઈ ગયો છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ નક્કી કહી શકાય કે સજાણજાણ ચૈતન અંશ જ દેહમાં શાશ્વત છે. સમગ્ર બ્રહ્માંડના કારણરૂપ શાશ્વત એવા પિતાને તેનો જ સજાતિ ચૈતન અંશ સારી રીતે ઓળખી શકે, પરંતુ તે ચૈતન અંશની સ્થિતિ તો દેહવત્ થયેલી હોવાથી પોતાના ચૈતન સ્વરૂપને ભૂલી ગયો છે. અર્થાત્ કરોડો કલ્પોના દેહ સાથેના સહવાસથી તથા દેહના નાશવંત તત્ત્વો સાથેના સંસર્ગથી પોતાનું સાચું સ્વરૂપ ભૂલી ગયો છે.

**તબ તેહી તનકે નેંન, નીરખ જેહી લક્ષ નિરુપન;**
**કરહી સજાત સમોહ, મોહ ધર મીલત જીનું તન. ૩**

### શબ્દાર્થ

**તબ** = તેથી **તેહી** = તે (અંશ) **તનકે** = શરીરના **નેંન** = નેત્રોથી ચર્મચક્ષુથી **નીરખ** = નીરખીને **જેહી** = જે **લક્ષ** = જ્ઞાન, સમજ **નિરુપન** = વર્ણવે છે, જુએ છે, દેખે છે **કરહી** = કરીને **સજાત** = સજાતિ **સમોહ** = અજ્ઞાન, ભ્રાંતિ, જડતા **મોહ** = પ્રીતિ, પ્રેમ **ધર** = ધરીન **મીલત** = મળી ગયો **જીનું** = જે, જેનું **તન** = શરીર, દેહ.

## અનુવાદ

**તેથી તે (અંશ) શરીરના ચર્મચક્ષુથી નિહાળીને તેના જ લક્ષનું નિરૂપણ કરે છે, જેથી તે દેહની સજાતિ સાથે સંમોહનથી પ્રેમ (અનુરાગ) ધારણ કરીને તે દેહમાં ભળી ગયો છે.**

### ભાવાર્થ

અગાઉની વાતને વધુ સ્પષ્ટ કરતાં કહી શકાય કે અંશ શરીરના ચર્મચક્ષુથી જ દરેકને નિહાળે છે. વળી તે મુજબ તેની દૃષ્ટિમાં આવે તેવા લક્ષનું નિરૂપણ કરે છે. દેહના તત્ત્વો સાથે તે સંમોહન પામીને પ્રેમપૂર્વક સ્નેહવશ થઈ દેહમાં એકમેક થઈ ગયો છે. આમ દેહને ધ્યાનમાં રાખીને તે નાશવંત સ્થૂળ અને વ્યક્ત ઉત્પત્તિને જુએ છે. પરિણામે અવ્યક્ત એવા સચેતન અંશ સ્વયં શાશ્વત સ્વરૂપના સજાતિય એવા અવિનાશી કર્તા (પદ) અંગે વિચારી શકતો નથી.

## જબતે આપને આપ, સાફકી સુરત છવે સદ;
## હીરે હીર મેલાય પાય, ત્યૌ કુવેર પરમ પદ. ૪

### શબ્દાર્થ

**જબતે** = જ્યારે, જેથી, તેથી **આપને આપ** = પોતાને પોતાના સ્વરૂપથી **સાફકી** = સાફ કરીને, શુદ્ધ કરીને **સુરત** = સ્વરૂપને સુરતાથી **છવે** = જુએ, થાય **સદ** = શાશ્વત, પોતે **હીરે હીર મેલાય** = સજાતિ સજાતિને મળે, હીરરૂપ સત્વથી હીરરૂપ કર્તાને મળે, પોતાના દૈવત (અંશ) થકી મહદ્ દૈવત (અંશી) ને મળે **પાય** = પ્રાપ્ત કરે **ત્યૌ** = ત્યાં **કુવેર** = કુવેરસ્વામી **પરમ પદ** = પરમપદ, કર્તાનું પદ, બ્રહ્માંડથી તીત રહેલું સર્વ શ્રેષ્ઠ પદ, અંતિમ પદ.

### અનુવાદ

**જેથી પોતે પોતાના સ્વરૂપથી શુદ્ધ થઈ સુરતાથી પોતાને નિહાળે ત્યારે જ કુવેરસ્વામી કહે છે કે તે અંશનો અંશી સાથે મેળાપ થાય અને પરમપદ પ્રાપ્ત કરે.**

### ભાવાર્થ

આ સ્થિતિમાં મુકાયેલો અંશ જો પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપે થઈને દિવ્ય ચૈતન દૃષ્ટિથી પોતાના સ્વરૂપને નિહાળે તો તેને તેના સાચા શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ આવે, ત્યારે જ તેને સમજાય કે તે સ્વયં દેહના તત્ત્વો જેવો નથી, પરંતુ દેહના તત્ત્વોથી પર શુદ્ધ ચૈતન સ્વરૂપે છે. બાલકુવેરસ્વામી કહે છે કે પોતાનું સ્વરૂપ સમજાતાં જ તે અંશ જેની સજાતિનો છે તેવા અંશી સાથે મેળાપ કરી અંતે પરમપદને પ્રાપ્ત કરી શકે.

# છપ્પા ૭૭

**એહી પરકારન યાર, પાય નિજ અંશ પતિ તબ;**
**ઈતકે તજીત પદાર, વાર કે અનીત સકલ સબ. ૧**

### શબ્દાર્થ

**એહી પરકારન** = આ પ્રમાણે **યાર** = આત્મબંધુ, વ્હાલભર્યો ઉદ્‌ગાર **પાય** = પ્રાપ્ત કરે **નિજ** = પોતાનું, મૂળ, આદિ **અંશ** = અંશ **પતિ** = માલિક, સ્વામી **તબ** = ત્યારે **ઈતકે** = આ બાજુના, અહીંયાના **તજીત** = ત્યજીને, ત્યાગીને, છોડીને **પદાર** = પદાર્થ **વારકે** = વારી જઈને, સાફ કરીને **અનીત** = નાશવંત **સકલ** = સઘળા, તમામ **સબ** = બધા જ, સર્વ.

### અનુવાદ

**હે વહાલા આત્મબંધુઓ !**

**આ પ્રમાણે આ બાજુના તમામ નાશવંત પદાર્થોને ત્યજી દેવામાં આવે ત્યારે જ અંશ પોતાના પરમપતિને પ્રાપ્ત કરી શકે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ અંશે પોતાની દેહમય વૃત્તિ ત્યજીને શુદ્ધ ચૈતન સ્વરૂપને ઓળખવું પડે ત્યારે જ તે (અંશ) જેની સજાતિનો છે એવા સકર્તા પતિ (અંશી) સર્જનહારને પ્રાપ્ત કરી શકશે. તે માટે માનવે પ્રથમ ઇન્દ્રિયોના તમામ પ્રકારના મોહનો ત્યાગ કરી શુદ્ધ વૈરાગ ધારણ કરવો. ત્યારબાદ યોગ્ય સમજ પ્રાપ્ત કરીને દુનિયાના તમામ નાશવંત પદાર્થોને છોડી દેવા. આ પ્રમાણે બાલકુવેરસ્વામી સૌને ખૂબ જ વહાલ દર્શાવીને આત્મબંધુત્વના નાતે ત્યજવા અંગેના પદાર્થોની સાચી સમજ આપે છે.

**જેહી પદારથ પરમેશ, વેશ વદિતવ અંતઃકરણ;**
**ચતુર મીલી ચિતવન, તંત કે કરીત વિવિધી વ્રણ. ૨**

### શબ્દાર્થ

**જેહી** = જે **પદારથ** = પદાર્થ, દ્રવ્ય **પરમેશ** = પરમેશ્વર **વેશ** = શરીર સ્વરૂપ **વદિતવ** = વર્ણન કરે, બોલે **અંતઃકરણ** = અંતઃકરણ **ચતુરમીલી** = ચારેય મળીને **ચિતવન** = ચિંતવન **તંતકે** = તત્ત્વોના **કરીત** = કરીને **વિવિધી** = વિધ વિધ, જુદા જુદા, અલગ અલગ **વ્રણ** = વર્ણ, જાતિ, વિભાગ.

### અનુવાદ

**જેથી ચાર અંતઃકરણ ભેગા મળીને ચિંતવન દ્વારા દેહધારી પરમેશ્વરનું અને તત્ત્વોના વિભાગ પાડીને વિવિધ રીતે વર્ણન કરેલું છે.**

### ભાવાર્થ

જે નાશવંત પદાર્થોને ત્યજી દેવાની વાત જણાવી છે તેના સંદર્ભમાં પદાર્થો અંગે ખુલાસો કરવામાં આવે છે કે ચાર અંતઃકરણો - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ભેગાં મળીને ચિંતવન દ્વારા પરમેશ્વરનું વર્ણન કરેલું છે તેવા દેહધારી સ્વરૂપવાળા પરમેશ્વરોનું અને દેહનાં જુદા જુદા તત્ત્વોના વિભાગ પાડીને જેનું વર્ણન કરવામાં આવ્યું છે. તે તમામનો ત્યાગ કરવો જોઈએ.

**જબતે આગુ કરન ઈન્દ્રિ, ગુણ તત્ત્વ તનનકે;**
**તબતે લખે સુલેખ, વેષકે ઈષ્ટ જનનકે. ૩**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, એટલે જ, જ્યારે **આગુ** = અગાઉ **કરન** = કર્યા છે, બનાવ્યા છે **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **ગુણ** = ગુણ **તત્ત્વ** = તત્ત્વો **તનનકે** = શરીરના **તબતે** = તેથી, તેટલા માટે જ, ત્યારે **લખે** = લખવામાં આવ્યું **સુલેખ** = સારી રીતનું વર્ણન, શ્રેષ્ઠ વર્ણન **વેષકે** = શરીરનું **ઈષ્ટ** = ઈષ્ટ, દૈવી **જનનકે** = વ્યક્તિઓનું.

### અનુવાદ

**જ્યારે અગાઉથી જ તેમણે ઈન્દ્રિયો, ગુણ અને તત્ત્વોનાં શરીર બનાવ્યા છે ત્યારે તેવા ઈષ્ટો અને વ્યક્તિઓના શરીર માટે સારી રીતે લખાણ લખી શકાયું છે.**

### ભાવાર્થ

ઈષ્ટ ગણાતા દેવી-દેવતાઓ અને અવતાદિક મહાપુરુષોના શરીર ઈન્દ્રિયો,

ત્રણ ગુણ (રજો, સતો અને તમો) અને તત્ત્વોથી બનેલા છે. એટલે ચાર અંતઃકરણો તેમનુ સારી રીતે વર્ણન કરી શકે છે. સર્જનહારે પ્રથમથી જ તેમના શરીર તે રીતે જ બનાવેલાં છે, જેથી તેમના વિશેનું વર્ણન સરળ અને સારી રીતે કરી શકાય.

**તેહી કે તેહી અંતસ, આગુ ભયે નિજ અંશનકે;**
**વિગતવ કરન વિભાગ, કુવેર પદ લગ વેશનકે. ૪**

### શબ્દાર્થ

**તેહી કે તેહી** = તેવા ને તેવા **અંતસ** = અંતઃકરણ **આગુ** = અગાઉ, આગળ **ભયે** = થયાં **નિજ** = મૂળ, આદિ **અંશનકે** = અંશના તત્ત્વભાગ **વિગતવ** = વિગતવાર **કરન** = કરીને **વિભાગ** = કાર્યક્ષેત્ર, પેટા વિભાગ, હિસ્સો, વહેંચણી **કુવેર** = કુવેરસ્વામી **પદ** = પદ **લગ** = સુધી **વેશનકે** = શરીરના, દેહના, ઘાટના.

### અનુવાદ

**આગળ જે મહદ્ તત્ત્વો થયા તેના તત્ત્વભાગ સ્વરૂપે તેનાં તે જ અંતઃકરણ શરીરમાં રહેલાં છે. કુવેરસ્વામી કહે છે કે તે પદ સુધીની બધી જ માહિતી વિગતવાર વિભાગ કરીને જણાવું છું.**

### ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતમાં જે મહાતત્ત્વોની રચના કરવામાં આવી છે. તેનાં તે જ તત્ત્વોના તત્ત્વ ભાગ દેહમાં અલ્પ સ્વરૂપે રહેલા છે. બાલકુવેરસ્વામી તે અલ્પ તત્ત્વોના પદ અને અંતઃકરણ સહિતના કાર્ય એમ બધી જ સમજ વિગતવાર વિભાગ કરીને હવે પછી જણાવે છે.

# છપ્પા ૭૮

**કરનન તીનુ નીરુપ, સ્વરુપાકારનકી કલ;**
**ભાગ ત્યાગ ભલ ભેદ, દેખાવન ઉભયે અમલ મલ. ૧**

### શબ્દાર્થ

**કરનન** = કરવા **તીનું** = તેનું **નીરુપ** = નિરૂપણ, નિર્ણય **સ્વરુપાકારનકી** = તેના સ્વરૂપના કાર્ય અંગેની **કલ** = કળકૂંચી, કરામત **ભાગ ત્યાગ** = જુદા જુદા પેટા વિભાગ અને તેની રચનાની ગર્ભિત માહિતી **ભલભેદ** = સરળ રીતે, મર્મ, રહસ્ય **દેખાવન** = દેખાડવા **ઉભયે** = બંને **અમલ** = મળથી રહિત, અધિકાર, હકુમત, શાસન, સત્તા, નિર્મળતા, શુદ્ધતા **મલ** = વિકાર, અશુદ્ધિ.

### અનુવાદ

**તેના સ્વરૂપ અને કાર્યની કરામતને દર્શાવવા માટે ભાગ-ત્યાગ કરીને સરળ રીતે તેનું રહસ્ય બતાવેલું છે, વળી વિકારવાળા અને વિકાર રહિત એમ બંનેને વિવેચનપૂર્વક નિર્ણય કરીને દર્શાવ્યું છે.**

### ભાવાર્થ

ચાર અંતઃકરણોના સ્વરૂપ અને કાર્યની કરામત દર્શાવવા માટે તેના ભાગ-ત્યાગ કરીને સર્વને સમજ પડે તેમ સરળ રીતે બતાવવામાં આવ્યું છે. અંતઃકરણોના શાસનની વિકારવાળી ઉત્પત્તિ નિહાળી શકાય પરંતુ અવિકારી પદને નિહાળી ન શકાય. તેથી બંનેનો વિવેચનપૂર્વક નિર્ણય કરીને હવે પછી જણાવશે.

**એહી સબ અંતઃકરણ, બરન ઈત કે ક્રત વેતી;**
**અકલ અવ્યે અનુકરમ, રહી વિતકી જીનુ નેતી. ૨**

### શબ્દાર્થ

**એહી** = એ **સબ** = બધા, સર્વ **અંતઃકરણ** = અંતઃકરણ **બરન** = વર્ણન **ઈતકે** = અહીંના **ક્રત** = રચનાના **વેતી** = વેત્તા, જાણીને **અકલ** = અકળ **અવ્યે** = વયથી રહિત **અનુકરમ** = અનુકર્મ, કર્માનુસાર **રહી** = રહેલા **વિતકી** = વિત્તની, સારની **જીનુ** = જેની **નેતિ** = જેનો અંત નથી તે પદ.

### અનુવાદ.

**એ સર્વ અંતઃકરણ અહીંની રચનાને જાણીને અહીંનું જ વર્ણન કરે છે, પરંતુ જે વયથી રહિત, અકળ અને અનુકરમી છે તેના વિત્ત (સાર) અંગે નેતિ પોકારેલી છે.**

### ભાવાર્થ

ચારેય અંતઃકરણ બ્રહ્માંડની અંદર પોષણ પામીને વૃદ્ધિ પામેલી બધી જ રચનાને જાણીને તે ઉત્પત્તિનું જ વર્ણન કરે છે, પરંતુ બ્રહ્માંડથી જે પરે રહેલા, વયથી રહિત, અકળ અને જેના કાર્યની કોઈ નકલ ન કરી શકે તેવા અનુકરમીની જાણ અંગે અંતઃકરણ અસમર્થ હોવાથી તેવા પદ અંગે 'નેતિ' પોકારેલી છે.

**અંતઃકરણ નેતિ કર ઉલટીત, અનિત પસારા;**
**અતિ અથાહ થાહ વિનું જીનકે, દેખીત અપરમપારા. ૩**

#### શબ્દાર્થ

**અંતઃકરણ** = અંતઃકરણ **નેતિ** = જેનો કોઈ અંત નથી **કર** = કરીને, કહીને **ઉલટીત** = ઊલટાનું **અનિત** = અનિત્ય, નાશવંતનો **પસારા** = પસારો કર્યો, ફેલાવો કર્યો **અતિ** = વિશેષ, અત્યંત **અથાહ** = જેનો થાહ ન પામી શકાય તેવું, અનંત **થાહ વિનુ** = અંત વગરનું **જીનકે** = જેમનું **દેખીત** = દેખીને, જોઈને **અપરમપારા** = અપરંપાર, જેનો કોઈ પાર પામી ન શકાય તેવું, અપાર.

### અનુવાદ.

**જે પદ થાહ (અંત) વગરનું અને અત્યંત અપરંપાર છે તેવું જોઈને અંતઃકરણોએ નેતિ પોકારી છે. આમ ઊલટાનું અનિત્યનો પસારો કર્યો છે.**

### ભાવાર્થ

જે પરમપદ મહાન છે, તથા જેનો કોઈ પાર પામી ન શકે તેવું અથાહ અને અપરંપાર છે. તેવા પદનો ચાર અંતઃકરણથી યોગ્ય નિર્ણય કરી ન શકવાને કારણે વેદોએ "નેતિ" પોકારી છે. આ પ્રમાણે યથાયોગ્ય જાણના અભાવે જે અનિત્ય છે તેવા નાશવંત પદોનો જ જગતમાં પસારો કર્યો છે. આ કારણે સત્યને બદલે જગતમાં ઊલટાનું અનિત્ય પદોનો જ પસારો જોવા મળે છે.

## યા વિધિ નિગમ નિરાકૃણ, કરીત થકે થપ જીનકી;
## તે ના શકે નિજ પોંચ, કુવેર અકલીત અતિ તીનકી. ૪

### શબ્દાર્થ

**યા વિધ** = આ પ્રમાણે **નિગમ** = ચાર વેદ **નિરાકૃણ** = નિવેડો, નિરાકરણ, નિર્ણય **કરીત** = કરીને **થકે** = થાક્યા, થાકી ગયા **થપ** = સ્થાપના કરી, સ્થાપ્યું **જીનકી** = જેની **તે** = તેઓ **ના શકે** = શક્યા નહીં **નિજ** = સ્વયં, પોતે **પોંચ** = પહોંચી,તાકાત **કુવેર** = કુવેરસ્વામી કહે છે **અકલિત** = અકળ અકલિત, કળ્યામાં ન આવે તેવી **અતિ** = અતિશય, અત્યંત **તીનકી** = તેમની.

### અનુવાદ

**આ પ્રમાણે વેદો નિરાકરણ કરતાં થાકી જઈ તેની (અનિત્યની) સ્થાપના કરી છે. કુવેરસ્વામી કહે છે કે તે અતિ અકળ હોઈ પોતે ત્યાં સુધી પહોંચી શક્યા નહીં.**

### ભાવાર્થ

આ પ્રમાણે બ્રહ્માજીએ ચાર અંતઃકરણો દ્વારા જે કાંઈ નાશવંત હતું તેને દર્શાવ્યું, પરંતુ પોતે શાશ્વત પદનો નિવેડો કરી શક્યા નહીં. છેવટે થાકીને અનિત્યનું સ્થાપન કર્યું. બાલકુવેરસ્વામી કહે છે કે ચાર અંતઃકરણોની જાણ તત્ત્વાતીત એવા પરમપદ સુધી પહોંચી શકી નહીં. કારણ કે, તે પદ અતિ અકળ હોઈ કળ્યામાં આવી શકે તેવું નથી.

# છપ્પા ૭૯

**અંતઃકરણને વેદ, ભેદ ભવકે અનુકરમીત;**
**મન બુધ ચિત્ત અહંકાર, નિગમ ઉચરે જીનુ મરમીત. ૧**

### શબ્દાર્થ

**અંતઃકરણ** = ચાર અંતઃકરણ **ને** = અને **વેદ** = ચાર વેદ **ભેદ** = મર્મ, રહસ્ય **ભવકે** = જગતના **અનુકરમીત** = ક્રમાનુસાર ઉત્પત્તિનો અનુક્રમ પ્રમાણે **મન બુદ્ધિ ચિત્ત અહંકાર** = મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર (ચાર અંતઃકરણ) **નિગમ** = વેદ **ઉચરે** = ઉચ્ચારણ કર્યું, બોલ્યા **જીનું** = જેનું **મરમીત** = મર્મ કે રહસ્ય સમજવા, જાણ હતી તેનો.

### અનુવાદ

**મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંતઃકરણ અને ચાર વેદે જેનો મર્મ જાણ્યો તેવા આ જગતના અનુક્રમના રહસ્યનું ઉચ્ચારણ કર્યું છે.**

### ભાવાર્થ

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણથી જે જાણી શક્યા, તે અંગેની વિગતવાર માહિતી બ્રહ્માજીએ પોતાના પાંચમા મુખના છેદન બાદ ચાર વેદમાં દર્શાવી છે. જે માહિતી જગત પક્ષની ઉત્પત્તિના અનુક્રમ અંગેની હોઈ તેમાં સર્જનહારની રચના અંગેની માહિતી ખૂબજ ઊંડાણપૂર્વક દર્શાવી છે.

**ચિત્તકે લેઈ ચિત્તવન, મન વિકલપકુ ગ્રહીતવ;**
**બુદ્ધિ ઘડત તેહી ઘાટ, નાટકે ઠાઠ લખીત જબ. ૨**

### શબ્દાર્થ

**ચિત્તકે** = ચિત્ત અંતઃકરણથી **લેઈ** = લઈને **ચિત્તવન** = ચિંત્તવન **મન** = અંતઃકરણ **વિકલપકુ** = વિકલ્પોની **ગ્રહીતવ** = ગ્રહણ કરે **બુદ્ધિ** = બુદ્ધિ અંતઃકરણ **ઘડત** = ઘડે **તેહી** = તે **ઘાટ** = આકાર **નાટકે** = નાટકના **ઠાઠ** = રચના, ભપકો, શોભા, દેખાવ **લખીત** = લખે **જબ** = જ્યારે ત્યારે.

### અનુવાદ

**અને જ્યારે મન અંતઃકરણ વિકલ્પો કરે, ચિત્ત ચિતવન કરે, બુદ્ધિ તેના ઘાટ ઘડે ત્યારે જ વિશ્વ રૂપી ખેલ (નાટક) દેખાય.**

### ભાવાર્થ

ચિત્ત અંતઃકરણના ચિંત્તવનને લઈને મન સંકલ્પ-વિકલ્પોના ઘાટની ગોઠવણ કરે છે. આ ઊભા થયેલા સંકલ્પોના આધારે બુદ્ધિ અંતઃકરણ કલ્પિત ઘાટને ઘડે ત્યારે વિશ્વની ઉત્પત્તિ (રચના) અંગેનાં દૃશ્યો દેખાય છે અને તેનું વર્ણન કરી શકાય છે.

**કરીત તોલ અહંકાર, વજન કો વદીત સમારા;**
**એ ચહુકો ચહુ ભેદ, વેદ લેઈ કરીત ઉચારા. ૩**

#### શબ્દાર્થ

**કરીત તોલ** = તેનો નિર્ણય કરીને, સત્યાસત્યનો નિર્ણય કરીને, યોગ્ય અને અયોગ્યના નિર્ણય દ્વારા **અહંકાર** = અહંકાર અંતઃકરણ **વજનકો** = હલકા ભારેનો **વદીત** = કહેવું, બોલવું **સમારા** = સમજીને, યોગ્ય કરવું, વ્યવસ્થિત કરવું, યોગ્ય ફેરફાર કરવો **એ ચહુકો** = એ ચારેયને **ચહુ ભેદ** = ચાર મર્મ, રહસ્ય **વેદ** = વેદ **લેઈ** = લઈને **કરીત** = કરે છે **ઉચારા** = ઉચ્ચારણ.

### અનુવાદ

**અહંકાર અંતઃકરણ તેના તોલ-વજન કરીને યથાયોગ્ય જણાવે છે. આ ચારેયના ચાર મર્મને લઈને વેદ ઉચ્ચાર કરે છે.**

### ભાવાર્થ

બુદ્ધિ અંતઃકરણ દ્વારા ઘડાયેલા ઘાટને અહંકાર અંતઃકરણ તેની યોગ્ય-અયોગ્યતાનો નિશ્ચય કરીને શું કરવું તે અંગેનો અંતિમ નિર્ણય જણાવે છે. આ ચારેય અંતઃકરણના ચાર પ્રકારના રહસ્યોનો આધાર રાખીને બ્રહ્માજીએ વેદની વાણીનો ઉચ્ચાર કર્યો છે.

**નહીંતર તો નિજ નિગમ, અગમકી લહીત નહીં કીત;**
**કુવેર સષોપતિમાંય, વેદે ક્યોં કથીત નહીં તીત. ૪**

### શબ્દાર્થ

**નહીંતર તો** = એમ ન હોય તો, નહીં તો **નિજ નિગમ** = વેદે પોતે (બ્રહ્માજી દ્વારા વદેલા ચાર વેદએ પોતે) **અગમ કી** = અગમ્યની, અલૌકિક (ગતિ) **લહીત નહીં** = જાણી નહીં **કીત** = કેમ, કેમ કરી શક્યા **કુવેર** = કુવેરસ્વામી **સષોપતિમાંય** = સષોપતિ અવસ્થામાં **વેદ** = વેદએ **ક્યોં** = કેમ, શા માટે **કથીત** = બોલ્યા, બોલેલા **નહીં** = નહીં **તીત** = તે, તે પરેનું.

### અનુવાદ

**એમ ન હોય તો મૂળ વેદ અગમ્ય (બાબત) ને કેમ જાણી શક્યા નહીં? કુવેરસ્વામી કહે છે કે સષોપતિ અવસ્થામાં વેદે તેનો કેમ ઉચ્ચાર કર્યો નહીં? (કહ્યું નથી ?)**

### ભાવાર્થ

ચારેય અંતઃકરણનું આ પ્રમાણેનું રહસ્ય જો ન હોય તો બ્રહ્માજીએ ચાર વેદનો ઉચ્ચાર કર્યો તેમાં અગમ્ય એવા પરમપદ અંગે કેમ ઉચ્ચાર ન કર્યો ? એટલે કે, ચાર અંતઃકરણો દ્વારા જેટલું જાણ્યું તેથી વિશેષ તેઓ કંઈ પણ ઉચ્ચાર કરી શક્યા નથી. બાલકુવેરસ્વામી કહે છે કે જેમ સષોપતિ અવસ્થામાં ચારેય અંતઃકરણ લીન પામી જતાં હોય છે, તેવી સ્થિતિમાં પણ વેદોએ તેવા અલૌકિક પદ માટે કેમ ઉચ્ચાર કર્યો નહીં ? એટલે કે, તેમની જાણ્ય બહારની વાત હોઈ તેઓએ બ્રહ્માંડથી પરે રહેલા પરમપદ માટે વાણી થકી ઉચ્ચાર કર્યો નથી.

# છપ્પા ૮૦

**જાંહાં લગ અંતઃકરણ, પોંચકી પ્રણીત નિગમ ગમ;**
**યાંહાં લ્યૌ ઈન્દ્રિ અનંગ, ભંગ તત હવિત સુગમ ગમ. ૧**

### શબ્દાર્થ

**જાંહાં લગ** = જ્યાં સુધી **અંતઃકરણ** = અંતઃકરણ **પોંચકી** = પહોંચની, ઊંડી સમજની, બુદ્ધિમાની, આવડતની, મગદૂરની **પ્રણીત** = બનાવેલું, રચેલું, નિર્ણય કરેલ **નિગમ** = વેદ **ગમ** = જાણ, સમજ, જ્ઞાન **યાંહાં લ્યૌ** = અહીં સુધી **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **અનંગ** = કામ, વાસના **ભંગ** = ખંડન, વિનાશ **તત** = તેથી **હવિત** = થઈ **સુગમ** = સરળ, સહજ, સારી, સમજ **ગમ** = બુદ્ધિ, સમજ, જાણ્ય.

### અનુવાદ

**જ્યાં સુધી અંતઃકરણોની પહોંચ હતી ત્યાં સુધી વેદમાં જ્ઞાનનું નિર્માણ કરેલું છે (જ્ઞાન કથવામાં આવ્યું છે.) ત્યાં સુધીનું જ્ઞાન કામવાસનાથી ભંગ થયેલી ઈન્દ્રિયો તેને સરળ રીતે સમજી શકે છે.**

### ભાવાર્થ

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણથી જે જાણ્યું તે અંગેની વિગતવાર માહિતી બ્રહ્માજીએ પોતાના પાંચમા મુખના છેદન બાદ ચાર વેદમાં દર્શાવી છે. આ માહિતી જગતની ઉત્પત્તિના અનુક્રમ અંગેની હોઈ તેમાં માત્ર સર્જનહારની રચના અંગેની જ માહિતી ઊંડાણપૂર્વક જણાવી છે.

**એ સબ તત્ત્વ ટટોર, કરન નિગમાદિક સ્વરધર;**
**રચે રસિકતા માંહાંય, આંહાંય કે આંહીત સરભર. ૨**

### શબ્દાર્થ

**એ સબ** = એ બધાં **તત્ત્વ** = તત્ત્વો **ટટોર** = ઢંઢોળીને, જાગ્રત કરીને **કરન** = કરીને **નિગમાદિક** = નિગમ વગેરે, ધર્મગ્રંથો **સ્વરધર** = બોલ્યા છે, સ્વર ધારણ કર્યો છે **રચે** = રચ્યા **રસિકતા** = રસપૂર્ણ, રસયુક્ત **માંહાંય** = તેમાં, અંદર **આંહાંય કે** = અહીંયાની, દુનિયા પક્ષના

**આંહીત** = અહીં જ **સરભર** = ભરપૂર, સંપૂર્ણ, પૂર્ણપણે.

## અનુવાદ

**આ બધા જ તત્ત્વોને જાગ્રત કરનારી નિગમની આદ્ય લઈને તમામ ધર્મગ્રંથોની વાણી છે. તેમાં અહીંની રચનાને અહીંની રીતે સંપૂર્ણ અને રસથી ભરપૂર દર્શાવી છે.**

## ભાવાર્થ

ચાર વેદની આદ્ય લઈને તેના આધારે રચાયેલા અન્ય ધર્મગ્રંથોની વાણી શરીરના બધા નાશવંત તત્ત્વોને જાગ્રત કરનારી છે. કારણ કે, તે બ્રહ્માંડમાં પોષણ પામીને વિકસેલી સર્વ રચના અંગે તથા રસયુક્ત મનના સંકલ્પ વિકલ્પોના આધારે સર્વ કહાનીઓ બનાવેલી હોઈ મનને આનંદ આપનારી છે. આ સર્વ ધર્મગ્રંથોની વાણી અહીંની રીતે વર્ણવેલી છે. તેથી ધર્મગ્રંથોની આવી સાંસારિક વિષયોથી ભરપૂર વાણી અંતઃકરણો સહિત સર્વ જડ તત્ત્વોને જાગ્રત કરીને આનંદ ઉપજાવે તેવી છે.

**વેત ન વંચે વેદ, અનિતકુ ગનિત પરમ તત;**
**તો કુન કહહીત ભેદ, લાય તીત કોહી ઈતમ તત. ૩**

### શબ્દાર્થ

**વેત** = વેત્તા, વિદ્વાન, જ્ઞાનીઓ (જાણ્ય, જાણ) **ન** = નહીં **વંચે** = વાંચે (બોલ્યા, વદ્યા) **વેદ** = વેદ **અનિતકુ** = અનિત્યને, નાશવંતને **ગનિત** = ગણીને, માનીને, ગણતરી કરીને **પરમ તત** = પરમતત્ત્વ **તો કુન** = તો પછી કોણ **કહહીત** = કહેવાવાળા, કહેનારા **ભેદ** = રહસ્ય, મર્મ **લાય** = લાવીને **તીત** = ત્યાંનું, પરનું **કોહી** = કોઈ **ઈતમ** = અહીંના **તત** = તત્ત્વો.

## અનુવાદ

**વેદમાં અનિત્યને જ પરમ તત્ત્વ ગણેલું છે, વેદને જ જાણ નહીં હોય તો પછી તીત રહેલ (પરમ) તત્ત્વના ભેદને અહીં લાવીને કોઈ કેમ કરીને કહી શકે?**

**તબતે સકલ જહાંન, જ્ઞાન બિનું કરતા કારનકે;**
**તો કુન રહે મહાન, કુવેર ઈત ભવ તારનકે. ૪**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તે કારણે **સકલ જહાંન** = સમગ્ર વિશ્વ, આખું જગત **જ્ઞાન બિનું** = જ્ઞાન વગર **કરતા** = કર્તા **કારનકે** = કારણરુપે રહેલા **તો** = તો **કુન** = કોણ **રહે** = રહ્યા **મહાન** = શ્રેષ્ઠ, મોટા **કુવેર** = કુવેરસ્વામી કહે છે **ઈત ભવ** = આ જગત **તારનકે** = તારવાવાળા, તારનાર.

### અનુવાદ

**તેથી જ આખું જગત કારણરુપે રહેલા કર્તાના જ્ઞાન સિવાય અજ્ઞાત (અજાણ) રહેલું છે; બાલકુવેરસ્વામી કહે છે કે તો પછી આ ભવસાગરમાંથી તારનાર (ઉગારનાર) મહાન પુરુષ કોણ રહ્યા છે ?**

### ભાવાર્થ

આવી પરિસ્થિતિ સર્જાતાં સર્વના કારણરુપે રહેલા સકર્તા પતિ સર્જનહારના જ્ઞાન વગર આખું જગત અજાણ્યું રહેલું છે. બાલકુવેરસ્વામી કહે છે કે તો પછી સંસાર સાગરમાંથી જીવોને પાર ઉતારનારા બીજા કોણ સમર્થ મહાન પુરુષ વિશ્વમાં કોણ રહ્યા ?

# છપ્પા ૮૧

**જેતી ભર જુગ જાણ્ય, વાણ્ય નિગમાદિક કેરી;**
**ઓરુ ખટ શાસ્ત્ર પુરાણ, કુરાન કતેબમે ટેરી. ૧**

### શબ્દાર્થ

**જેતી** = જેટલી **ભર જુગ** = જગતભરમાં **જાણ્ય** = સમજ, જ્ઞાન, માહિતી **વાણ્ય** = વાણી **નિગમાદિક કેરી** = વેદ વગેરેની **ઓરુ** = અને **ખટ શાસ્ત્ર** = છ શાસ્ત્ર, છ દર્શન **પુરાણ** = અઢાર પુરાણ **કુરાન** = કુરાને શરીફ **કતેબમે** = કતેબમાં (કિતાબમાં યહુદીઓનો જૂનો કરાર, ખ્રિસ્તીઓનો નવો કરાર અને મુસલમાનોના કુરાનમાં સમાવેશ થાય છે) **ટેરી** = વર્ણવેલી, આલેખાયેલી, તપાસીને તારવી જોઈ.

### અનુવાદ

**વેદની આદ્ય લઈને છ શાસ્ત્ર, પુરાણ, કુરાન અને કતેબમાં જગતભરની જેટલી વાણી છે તે મેં તપાસી (તારવી) છે.**

### ભાવાર્થ

વિશ્વના ધર્મગ્રંથો જેવાં કે ચાર વેદની આદ્ય લઈને છ શાસ્ત્ર, અઢાર પુરાણ, કુરાન અને કતેબની આદ્ય લઈ અન્ય જ્ઞાનયુક્ત રચના સહિત તમામનો સમાવેશ થાય છે. તેવી તમામ જ્ઞાનની સમજ આપતી વાણીનું તાત્પર્ય બાલકુવેરસ્વામીએ સમજી લીધું છે.

**જબ દો દીનકી કહેણ્ય, લહેણ્ય નહીં નિજ કર્તાકી;**
**ઉચરે અનંત અપાર, સાર સ્વારથ વરતાકી. ૨**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે, જેથી **દો** = બે, બંનેની **દીનકી** = સ્તુતીની, મુસલમાની મજહબની અને હિંદુ સંપ્રદાયો તેમજ ધર્મોની **કહેણ્ય** = કહેવું, વાણી **લહેણ્ય** = જાણ્ય, જાણવું **નહીં** = નથી **નિજ કર્તાકી** = સ્વયંપરમપિતાની, સર્જનહારની **ઉચરે** = ઉચ્ચાર કર્યો, બોલે **અનંત** = અંત રહિત **અપાર** = પાર વગરનું **સાર** = સત્ત્વ, તાત્પર્ય **સ્વારથ** = સ્વાર્થ **વરતાકી** = વર્તવાની, આચરણની, રીત ભાતની.

### અનુવાદ

**જેથી બંને ધર્મોની અંદર નિજકર્તાની જાણ્ય કે વાણી નથી. તેઓએ અનંત અને અપાર વાણીનો ઉચ્ચાર કર્યો છે, પરંતુ તેનો સારાંશ જોતાં માત્ર સ્વાર્થ માટેનું જ આચરણ જણાય છે.**

### ભાવાર્થ

વેદ, શાસ્ત્ર અને પુરાણને માનનારા હિંદુઓ તથા કુરાન અને કિતાબને માનનારા મુસલમાનો એ બંનેના ધર્મ પુસ્તકોમાં દર્શાવેલી વાણી નિજકર્તાની જાણ્ય સિવાયની છે. તે બંને ધર્મોમાં અનંત અને અપાર વાણીનો ઉચ્ચાર કરવામાં આવ્યો છે, પરંતુ તેનો મતલબ જોતાં પોતાના સ્વાર્થનું જ વર્તમાન (મહીમા) જણાય છે.

**કોઈ નહીં કલ્યાણ, કરન જીવન કે જાહલ;**
**અરથી સકલ આચારજ, મતે કીતકે કીત વાહલ. ૩**

#### શબ્દાર્થ

**કોઈ** = કોઈએ **નહીં** = નથી **કલ્યાણ** = ભવપાર, નિર્વાણ, મોક્ષ, આત્મકલ્યાણ **કરન** = કરનાર **જીવનકે** = જીવોના **જાહલ** = મૂર્ખ, નાદાન, અજ્ઞાન **અરથી** = ધનલોભી, સ્વાર્થી **સકલ** = બધા, સર્વ **આચારજ** = ધર્માચાર્યો **મતે** = પોતાના અંગત મત મુજબ **કીતકે કીત** = કેટ કેટલાંયે, કોઈનું કોઈ **વાહલ** = સ્નેહ, પ્રેમ.

### અનુવાદ

**જીવોના અજ્ઞાનને દૂર કરીને તેમનું કલ્યાણ કરનાર કોઈ નથી. બધા સ્વાર્થી ધર્માચાર્યોએ કોઈને કોઈ મત દર્શાવી પ્રેમ સંપાદન કર્યો છે.**

### ભાવાર્થ

જગતના જીવોનું અજ્ઞાન દૂર કરી પરમપદના જ્ઞાનને દર્શાવી તેમને અખંડ મોક્ષની પ્રાપ્તિ કરાવનાર કોઈ જ નથી. જગતમાં સ્વાર્થી આચાર્યોએ પોત પોતાને સમજ પડી તે મુજબ અલગ-અલગ (વિભિન્ન) મતો ઊભા કરી જગતને દર્શાવ્યા.

આમ પોતાના સ્વાર્થને ખાતર જગતના જીવો પ્રત્યે વહાલ બતાવ્યું, પરંતુ કોઈનું પણ આત્મકલ્યાણ કર્યું નહીં.

**જાતે સકલ ભવ વિકલ, હવે વિનું વિત વિલમાયે;**
**તબ હોવે ક્યોં સ્વાંત, કુવેર કારન વિનુ પાયે. ૪**

### શબ્દાર્થ

**જાતે** = જેથી **સકલ** = સર્વ, સમગ્ર **ભવ** = જગત **વિકલ** = વ્યાકુળ **હવે** = થયા, થઈને **વિનું વિત્ત** = સાર વગર, સત્ત્વ સિવાય **વિલમાયે** = સમજાવી ફોસલાવીને (ફસાવ્યા) રોકી રાખ્યા છે **તબ** = ત્યારે, તેથી **હોવે ક્યોં** = કેવી રીતે થાય **સ્વાંત** = શાંત, શાંતિ **કુવેર** = કુવેરસ્વામી **કારન** = કારણ **વિનું** = વગર **પાયે** = પ્રાપ્ત કરે.

### અનુવાદ

**જેથી આખું જગત વ્યાકુળ બનીને સાર વગરના મતોમાં વિલમાઈ ગયું છે. કુવેરસ્વામી કહે છે કે તેથી કારણરુપે રહેલા કર્તાને પ્રાપ્ત કર્યા સિવાય કેવી રીતે શાંતિ થઈ શકે ?**

### ભાવાર્થ

જેથી સમગ્ર જગતના લોકો વ્યાકુળ બનીને જન્મ-મરણના ચક્કરમાં ફર્યા કરે છે. તેઓ સાર વગરના પદોમાં ફસાઈને જીવન જીવે છે. બાલકુવેરસ્વામી કહે છે કે જે કારણરૂપ સર્જનહાર છે તેમના પરમપદ સિવાયના અન્ય નાશવંત પદોને પ્રાપ્ત કરીને જીવો જન્મ-મરણનાં દુઃખમાંથી છૂટકારો ન મળતાં કેવી રીતે શાંતિ અનુભવી શકે ?

# છપ્પા - ૮૨

**જ્યોં સસુ વિછરે માત, પાત દુઃખ પરમ વિજોગુ;**
**જદપી તપત તીનું જાત, માતકો મિલે સંજોગુ. ૧**

**શબ્દાર્થ**

**જ્યોં** = જેમ, જેવી રીતે **સસુ** = બાળક **વિછરે** = છૂટું પડે, વિખૂટું પડે **માત** = માતાથી **પાત** = પામે, પડે **દુઃખ** = દુઃખ **પરમ** = વિશેષ, અત્યંત **વિજોગુ** = વિયોગનું, છૂટા પડવાનું **જદપી** = જેથી, જ્યાં સુધી **તપત** = તપે છે, કલ્પાંત કરે છે **તીનું** = તેનું **જાત** = જાતે-પોતે, સ્વયં **માતકો** = માતાને **મિલે** = મળે **સંજોગુ** = સંજોગ, સંયોગ, ભેટો.

**અનુવાદ**

**જેવી રીતે બાળક માતાથી વિખૂટું પડતાં તેને વિયોગનું અત્યંત દુઃખ થાય છે, જ્યાં સુધી માતાને મળવાનો સંજોગ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે કલ્પાંત કરે છે.**

**ભાવાર્થ**

કોઈ કારણવસાત બાળક માતાથી વિખૂટું પડી જાય છે ત્યારે માતાના વિયોગથી તે અત્યંત દુઃખી થાય છે. જ્યાં સુધી બાળકને તેની માતા મળતી નથી ત્યાં સુધી તે પોતે અતિશય કલ્પાંત કર્યા કરે છે. અર્થાત્ ચોધાર આંસુથી રડતું જ રહે છે, પરંતુ શાંત થતું નથી.

**જ્યાંહાં લગી જનની વિછોય, સસુ જ્યૌ ફરતહી ઉતઈત;**
**ત્યૌં ભટકત જુગ જંત, અંત તીરથ વ્રત જીતતીત. ૨**

**શબ્દાર્થ**

**જ્યાંહાં લગી** = જ્યાં સુધી **જનની** = માતા **વિછોય** = વિખૂટી રહે, જુદાઈ રહે, વિયોગ રહે **સસુ** = બાળક **જ્યૌ** = જેમ **ફરતહી** = ફરતો-ભટકતો રહે છે **ઉતઈત** = આમતેમ **ત્યૌ** = તેમ, તેવી રીતે **ભટકત** = ભટકે, ભમતો, ફરતો રહે છે **જુગ** = જગતના **જંત** = જીવો, માનવો **અંત** = છેવટ સુધી, અંત સુધી **તીરથ-વ્રત** = તીર્થો અને વ્રતોમાં **જીતતીત** = જ્યાં ને ત્યાં.

## અનુવાદ

**જ્યાં સુધી માતાનો વિયોગ રહે ત્યાં સુધી બાળક આમ તેમ રખડતું ફરે છે તેમ જગતના જીવો અંત સુધી વ્રતો અને તીર્થોમાં જ્યાં ને ત્યાં ભટકતા ફરે છે.**

## ભાવાર્થ

માતાથી વિખૂટું પડેલું બાળક માતાને જ્યાં સુધી મળે નહીં ત્યાં સુધી તે કલ્પાંત કરતું આમ તેમ રખડતું ફરે છે. તેવી જ રીતે જગતના જીવો પણ સકર્તા સર્જનહારથી કરોડો કલ્પોથી વિખૂટાં પડ્યા છે. તેઓ જ્યાં સુધી સર્જનહારને પાછા જઈને ન મળે ત્યાં સુધી વ્રતો અને તીર્થોમાં જ્યાં ને ત્યાં ભટક્યા કરે છે.

**તબ તે ખાલી ખલક, અલખ અવિનાશ ચીને બીન;**
**તીનકે લખીતવ ન્યાય કહીત, તુમકુ કરીકે ભિન. ૩**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે **ખાલી** = ઠાલું, વ્યર્થ, મિથ્યા, મતલબ વગરનું **ખલક** = વિશ્વ, જગત **અલખ** = નિર્વાણ **અવિનાશ** = શાશ્વતને **ચીને બીન** = ઓળખ્યા વિના, જાણ્યા સિવાય **તીનકે** = તમનો **લખીતવ** = જણાવીને, દર્શાવીને **ન્યાય** = ઈન્સાફ, પ્રમાણપૂર્વકનો નિશ્ચય **કહીત** = કહુ છું **તુમકુ** = તમોને **કરીકે** = કરીને **ભિન** = અલગ કરીને, તફાવત પાડીને.

## અનુવાદ

**તેથી અલખ એવા અવિનાશીને ઓળખ્યા વિના જગત શૂન્ય મૂન્ય રહ્યું છે. તે ન્યાયપૂર્વક તફાવત પાડીને મેં તમોને કહી જણાવ્યું છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ અલખ અને અવિનાશી એવા સર્જનહારને ઓળખ્યા વગર આખું જગત તીર્થો, વ્રતો અને અનેક પ્રકારના મિથ્યા કર્મકાંડમાં વહ્યાં જાય છે. આ પ્રમાણેના સંજોગોમાં જગતને પ્રમાણપૂર્વકનો નિશ્ચય કરીને તથા પરમપદને નાશવંત પદોથી ભિન્ન રીતે તારવી (અલગ કરીને) ન્યાયપૂર્ણ રીતે બાલકુવેર સ્વામીએ આપણને કહી સમજાવ્યું છે.

## અબ તુમ કરો વિચાર, સાર અસારનકે જીનું;
## ઈનમેં નિજ કિરતાર, કુવેર પાયે કહો કોઉ કીનુ. ૪

### શબ્દાર્થ

**અબ** = હવે **તુમ** = તમે **કરો** = કરો **વિચાર** = મનમાં થતું ચિંતન, પરિણામનો ખ્યાલ **સાર અસારનકે** = ખરા-ખોટાનો, શાશ્વત અને નાશવંતનો **જીનું** = જેનો **ઈનમેં** = એમાં **નિજ** = મૂળ, આદિ, સ્વયં, પોતે **કિરતાર** = સર્જનહાર, કર્તા **કુવેર** = કુવેરસ્વામી **પાયે** = પ્રાપ્ત કરે **કહો** = કહો **કોઉ** = કોઈ, કોણ **કીનું** = કોનું, ક્યાં, કોનાથી.

### અનુવાદ

**હવે તમે સાર અને અસાર વિશે વિચાર કરો ! કુવેરસ્વામી કહે છે કે એમાં (તેમાં) નિજ કિરતારને કોણે કોનાથી પ્રાપ્ત કર્યા ? તે કહો.**

### ભાવાર્થ

અહીં બાલકુવેરસ્વામી આપણને ખરા અને ખોટાનો અર્થાત્ શાશ્વત અને નાશવંતનો વિચાર કરવા જણાવે છે. તેઓ પૂછે છે કે આવા સંજોગોમાં બ્રહ્માંડથી ભિન્ન યા પરે રહેલા અલેખ અને અવિનાશી સર્જનહારને કોઈએ કદી પ્રાપ્ત કર્યા છે ?

# છપ્પા ૮૩

**અંધી દુની અચેત, વેત્ત બિનું વિશ્વ સકલ ભર;**
**કોહુ ન ભયે સચેત, હેત આપને કરતા કર. ૧**

**શબ્દાર્થ**

**અંધ** = આંધળી, અજ્ઞાની **દુની** = દુનિયા **અચેત** = જડ, સમજ વગરની ગાફલ **વેત્ત** = જાણ, સમજ, જ્ઞાન **બિનુ** = વગર, સિવાય, વિના **વિશ્વ** = જગત **સકલ** = સઘળું, સમગ્ર આખું **ભર** = સંપૂર્ણ, પૂરેપૂરું **કોહું** = કોઈ પણ **ન ભયે** = થયા નહીં **સચેત** = સાવધાન, જાગ્રત, જ્ઞાની, જાણવાળા **હેત** = લાગણી, સ્નેહ, ભાવ **આપને** = પોતાને **કરતા** = કારણરુપ રહેલા કર્તા **કર** = કરનાર, કરીને.

**અનુવાદ**

**જ્ઞાન વિના સમગ્ર દુનિયા આંધળી અને અચેત છે. કારણ કે, સમસ્ત વિશ્વની આદ્ય લઈ આપણને ઉત્પન્ન કરનાર સર્જનહાર પ્રત્યે ભાવ ધારણ કરીને કોઈ પણ સચેત થયા નથી.**

**ભાવાર્થ**

આપનપુ અને પતિપદની સાચી સમજ સિવાય દુનિયાના દરેક જીવો અજ્ઞાની અને સમજ વગરના જડવત્ છે. જેણે આ સમસ્ત બ્રહ્માંડની આદ્ય લઈને આપણ સૌને બનાવ્યા છે એવા સર્જનહાર પ્રત્યે ભાવ પણ દર્શાવ્યો નથી. આવા સંજોગોને કારણે સમગ્ર વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ પરમપદ અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરીને જાગ્રત થઈ નથી.

**નિજ અનુભવ નહીં હંગ, એહી મેં અંશ કારન કીત;**
**અપની દેખ સજાત, તાતકી કરીત નહીં મિત. ૨**

**શબ્દાર્થ**

**નિજ** = પોતાનો, મૂળ, આદિ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **નહીં** = નહીં **હંગ** = પોતાની જાણ્ય **એહી મે** =એમાં જ **અંશ** = સજાણજાણ ચૈતન અંશ **કારન** = કારણ **કીત** = ક્યાં, કોણ, ક્યારેય

**અપની** = પોતાની **દેખ** = જોઈને **સજાત** = સજાતિ, વંશજ **તાતકી** = પિતાની **કરીત નહીં** = કરી નહીં **મિત** = મિત્રતા, લાગણી, ભાવ, પ્રેમ, સોબત, પ્યાર.

### અનુવાદ

**કારણરુપ અંશ ક્યાં છે અને પોતાની નિજ જાણ્યનો એમનામાં અનુભવ નથી. વળી પોતાના સ્વરૂપને જોઈ તે જેનો સજાતિ છે એવા પિતા પ્રત્યે ભાવ પણ ધારણ કર્યો નહીં.**

### ભાવાર્થ

સમસ્ત વિશ્વમાં કોઈ પણ વ્યક્તિને પોતાની નિજ જાણ્ય અંગે એટલે કે, જડ દેહને ચેતન રાખનાર અને ચેતનના કારણરુપે રહેલ શાશ્વત અંશ ક્યાં છે? તેની ખબર નથી. પોતાના ચૈતન સ્વરૂપને જોઈને તે જેની સજાતિનો છે એવા તત્ત્વાતીત પરમપિતા પ્રત્યે ભાવ ધારણ કર્યો નથી.

## તન તનસે કરે પ્રીત, રીત ઉપલે સરભરકી;
## દેખીત અધિક વિભૂત, તૂતકે જુથ જબરકી. ૩

### શબ્દાર્થ

**તન તનસે** = પ્રત્યેક દેહને, (શરીરથી અન્ય શરીરને) **કરે** = કરે **પ્રીત** = પ્રેમ, ભાવ, લાગણી, સ્નેહ **રીત** = પદ્ધતિ, રીતિ, રિવાજ, પરંપરા **ઉપલે** = ઉપલક, બાહ્યાચાર **સરભરકી** = આદર સત્કાર, સેવા ચાકરી, માવજત **દેખીત** = જોઈને **અધિક** = વિશેષ, મહદ્ **વિભૂત** = ઐશ્વર્ય, વિભૂતિ **તૂતકે** = બનાવટીઓનું, પ્રપંચીઓનું, દગાબાજોનું **જુથ** = ટોળું, સમૂહ **જબરકી** = બળજબરી, વીરતા, પરાક્રમ.

### અનુવાદ

**શરીરથી અન્ય શરીર સાથે ઉપલક રીતે બરાબર પ્રેમ કરે કરે પરંતુ પ્રપંચીઓના પરાક્રમ અને સમુદાય તેમજ વિશેષ ઐશ્વર્યતા જોઈને દેહધારીઓનો આદર-સત્કાર કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં મુમુક્ષુ જનો અન્ય દેહ સાથે ઉપલક રીતે સમઘાત પ્રેમ કરતા હોય છે.

તેમ છતાં તેઓ અવતારાદિક દેવી-દેવતાઓનો પરંપરાગત આદર સત્કાર કરે છે. આ પ્રમાણે તેમનામાં અન્ય પ્રત્યે પ્રેમ-ભાવ હોય છે.

**તીનસે ધરીત મનોજ, સોજ દેખી દલ દરજે;**
**નિશ્ચે કરીને નેટ, કુવેર ઈનુને સબ સરજે. ૪**

### શબ્દાર્થ

**તીનસે** = તેમનામાં **ધરીત** = ધારણ કરીને **મનોજ** = ભાવ, પ્રેમ **સોજ** = સૌજન્ય, સદ્‌વર્તન **દેખી** = જોઈને, નિહાળીને **દલ** = હૃદયમાં **દરજે** = દરજ્જો, સ્થાન **નિશ્ચે** = નિર્ણય, નિશ્ચય **કરીને** = કરીને **નેટ** = નક્કી, ચોક્કસ **કુવેર** = કુવેરસ્વામી **ઈનુને** = એમને જ **સબ** = સર્વ, તમામ, બધું **સરજે** = સર્જન કર્યું, ઉત્પન્ન કર્યું, બનાવ્યું.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે આ બધું એમણે જ સર્જ્યુ છે તેવો ચોક્કસપણે નિર્ણય કરી તેમનામાં ભાવ ધારણ કરીને તેમજ સદ્‌વર્તન જોઈને તેમને હૃદયમાં સ્થાન આપે છે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે દુનિયાના અજ્ઞાની અને સમજણ વિનાના અંધ જીવો માને છે કે દુનિયાની તમામ ઉત્પત્તિ અને સમૃદ્ધિ રચનારા આવા ઐશ્વર્યવાન પુરુષો જ છે. એટલા માટે તેમનામાં શ્રદ્ધા રાખીને તેમજ બાહ્ય પરોપકાર ભર્યા સદ્‌વર્તનો જોઈને અંજાઈ જાય છે. આ પ્રમાણે મંદ મતિવાળા જીવો પોતાના હૃદયમાં ઉત્તમ સ્થાન આપીને તેવા મહાપુરુષોને સમર્પિત થઈને તેમની જ સરાહના કરે છે.

# છપ્પા ૮૪

**પણ જીને રચી યે ખલક, પલકમેં શુદ્ધ સંકલ્પસે;**
**તેહી ન લહે કીરતાર, કીને જીનું ગતિ અલ્પસે. ૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **જીને** = જેમણે **રચી** = બનાવ્યું, રચના કરી **યે** = આ **ખલક** = બ્રહ્માંડની સર્વ રચના **પલકમેં** = પળભરમાં, પલકમાં **શુદ્ધ સંકલ્પસે** = શુદ્ધ સંકલ્પથી **તેહી** = તે **ન** = ના **લહે** = જાણે **કિરતાર** = કર્તા, સર્જનહાર **કીને** = કર્યું **જીનું** = જેની, જેને **ગતિ** = સમજ, જ્ઞાન **અલ્પસે** = અલ્પજ્ઞથી, ઓછી.

### અનુવાદ

**જેમણે શુદ્ધ સંકલ્પથી પલકમાં આ ખલકની રચના કરી છે તેવા રચનારા (સકર્તા) ને અલ્પ ગતિવાળા (જીવો) જાણતા નથી.**

### ભાવાર્થ

પરંતુ જગતના અલ્પ સમજ (ગતિ)વાળા અંધ અને અજ્ઞાની જીવો પરંપરાગત માન્યતાઓમાં વિશ્વાસ રાખે છે. તેઓ જગતના સાચા સર્જનહારને જાણતા (ઓળખવા) નથી કે જેમણે પોતાના શુદ્ધ સંકલ્પ થકી એક પલકમાં સમગ્ર બ્રહ્માંડ સહિત સર્વ વિવિધતાવાળા વિશ્વની રચના કરી છે.

**અલ્પજ્ઞે ઈશ અનિત, ગનિત તીનકુ આપને પત;**
**સંધી શકે નહીં તરણ, તોહોય તીનકે શરનન જત. ૨**

### શબ્દાર્થ

**અલ્પજ્ઞે** = અલ્પ જ્ઞાન થકી, અલ્પ સમજને કારણે **ઈશ** = ઈશ્વરોને, ઐશ્વર્ય ધારણ કરેલ દેવ-દેવીઓને **અનિત** = નાશવંત **ગનિત** = ગણીને, માનીને **તીનકુ** = તેમને **આપને** = પોતાના **પત** = પતિ, ધણી, માલિક **સંધી શકે** = જોડી કે સાંધી શકે **નહીં** = નહીં **તરણ** = તણખલું **તોહોય** = તેમ છતાં, તો પણ **તીનકે** = તેમના **શરનન** = શરણમાં **જત** = જાય છે.

## અનુવાદ

**અલ્પ સમજને કારણે નાશવંત ઈશ્વરોને તેમના પતિ ગણે છે કે જેઓ તણખલાને પણ સાંધી (જોડી) શકતા નથી. તેમ છતાં તેમનાં શરણે જાય છે.**

## ભાવાર્થ

વિશ્વના અલ્પ સમજ ધરાવતા જીવો પોતાની અજ્ઞાનતાને લીધે નાશવંત ઈશ્વરોને જ તેમના ધણી (પિતા કે માલિક) તરીકે માને છે. તેમને ખબર નથી કે તે નાશવંત (તેમણે માનેલા) ઈશ્વરો તૂટેલા તણખલાને પણ સાંધી (જોડી) શકે તેમ નથી. અર્થાત્ તે ઈશ્વરોની કાર્યદક્ષતા તણખલાને સાંધવા જેટલી પણ ન હોવા છતાં (સત્ય જ્ઞાનના અભાવે) અંધ જીવો આવાં ઈશ્વરોનાં શરણમાં જાય છે અને પોતાને મળેલો મહામોંઘો મનુષ્યદેહ એળે ગુમાવે છે.

**નિજકે નહીં કીનું નેન, બેંન પરકે પતીયાયન;**
**કહી જેહી વેદ પુરાન, કુરાનનકી કતીયાયન. ૩**

### શબ્દાર્થ

**નિજકે** = પોતાના **નહીં** = નથી **કીનું** = કોઈને **નેંન** = નેત્ર **બેંન** = વાણી **પરકે** = પારકાની, પરાઈ, પરોક્ષ **પતીયાયન** = વિશ્વાસ રાખે છે, પતિયાર રાખે છે **કહી** = કહેલી **જેહી** = જે **વેદ** = ચાર વેદ **પુરાન** = અઢાર પુરાણ **કુરાનનકી** = કુરાનની **કતીયાયન** = રચનાઓમાં.

## અનુવાદ

**કોઈને પોતાના (જ્ઞાનના) નેત્રો ન હોવાથી તેઓ વેદ, કુરાન અને પુરાણની રચનામાં જે કહેવામાં આવ્યું છે તેવી પરોક્ષ વાણીમાં વિશ્વાસ રાખે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં આવા અલ્પ ગતિના, અજ્ઞાની અને અંધ જીવો અન્યના વચનો ઉપર વિશ્વાસ ધારણ કરે છે. તે પૈકી કોઈને પણ ચૈતન અંશ સંબંધી નિજનું જ્ઞાન (સાચી સમજ) ન હોવાથી તેઓ સર્જનહાર પક્ષે અજ્ઞાત છે. આવી અજ્ઞાત સ્થિતિ ઊભી થવાનું મુખ્ય કારણ કે સમગ્ર જીવો કાં તો બ્રહ્માજી દ્વારા રચાયેલ ચાર વેદ અને

તેના આધારે રચેલા શાસ્ત્ર અને પુરાણમાં અથવા તો કુરાન વગેરે ધર્મગ્રંથોમાં જ રચ્યાપચ્યા રહેલા છે.

## વિધિકે તેહી વચન, તનકે કહીત કલ નચીક;
## તીનકે સુતહી સંબંધ, કુવેર છટકે સનકાદિક. ૪

### શબ્દાર્થ

**વિધિકે** = બ્રહ્માજીના **તેહી** = તે **વચન** = વચનો **તનકે** = શરીરથી, મુખેથી **કહીત** = કહેલાં **કલ** = કુળ, વંશ **ન** = નહીં **ચીક** = અસરકારક, ચિકાસયુક્ત, ચિકાસવાળા **તીનકે** = તેમનાં **સુતહી** = પુત્રો જ **સંબંધ** = નાતો **કુવેર** = કુવેરસ્વામી **છટકે** = છટકી જવું, નાસી જવું, દૂર થવું **સનકાદિક** = બ્રહ્મપુત્રો, સનકાદિકો.

### અનુવાદ

**બ્રહ્માજીના (મુખના) તે વચનો તેમના કુળને જ અસરકર્તા ન હતાં. કુવેરસ્વામી કહે છે કે તેમની સાથે તેમના પુત્રો-સનકાદિકો પિતાનો સંબંધ છોડીને ચાલ્યા ગયા હતા.**

### ભાવાર્થ

બ્રહ્માજીના મુખમાંથી નીકળેલાં તે વચનો તેમના જ કુળના સનકાદિકોને અસર કરી શક્યા ન હતા. બાલકુવેરસ્વામી કહે છે કે બ્રહ્માજી સાથે તેમના પુત્રોએ જ પિતા-પુત્રનો સંબંધ છોડી દઈને પરમપદની શોધ માટે પોતાના દાદા નિરંજનના પગલે તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યા હતા. બીજી રીતે સમજીએ તો બ્રહ્માજીના મુખથી નીકળેલાં વચનો નચિકેતાના કુળમાં કહેલા વચનો જેવા જ હતા. કારણ કે, બ્રહ્મા-પુત્રો પણ પિતા-પુત્રના સંબંધને ત્યજી દઈને ચાલ્યા ગયા હતા.

# છપ્પા ૮૫

**રહે શંભુ ભવ ભ્રાત, તાતકે વચન વિલોકિત;**
**હિરણગ્રભ સંજોગ, ભોગ કે ભયે સલોકિત. ૧**

**શબ્દાર્થ**

**રહે** = રહ્યા **શંભુ** = મહેશ, શંકર, શિવ **ભવ ભ્રાત** = સાંસારિક ભાઈ **તાતકે** = પિતાના **વચન** = વચનો **વિલોકિત** = તપાસવું, જોવું **હિરણગ્રભ** = હિરણ્યગર્ભિત **સંજોગ** = સંયોગ, સમાગમ, મેળાપ **ભોગ કે** = ઈન્દ્રિય સુખ, આનંદ-વિલાસના **ભયે** = થયા **સલોકિત** = લૌકિક, સાંસારિક, દુન્યવી.

**અનુવાદ**

**શંભુ અને સાંસારિક ભાઈઓ પિતાના વચનોનું વિલોકન કરીને હિરણ્યગર્ભિત રીતે સમાગમ કરીને દુન્યવી (સાંસારિક) મોજમાં પડ્યા.**

**ભાવાર્થ**

શિવજી અને તેમનો સાંસારિક ભાઈ (વિષ્ણુ) પણ પોતાના પિતા નિરંજનનાં વચનોનું વિલોકન કરવામાં રહ્યાં. જેથી શિવજીએ પાર્વતી સાથે અને વિષ્ણુએ લક્ષ્મી તથા બ્રહ્માજીએ સાવિત્રી સાથે હિરણ્યગર્ભિત રીતે સંબંધ બાંધ્યો. આ પ્રમાણે દુન્યવી રીતે ભોગ-વિલાસ ભોગવીને ભોગી બન્યા.

**તીનુ ચલી પડનાલ જાલ, જુથ ભોવન ચતુરદશ;**
**કોઉ ન ભયે ભવ ભિન્ન, ચિન નિજ વચન વિધિવશ. ૨**

**શબ્દાર્થ**

**તીનુ** = ત્રણેથી, તે **ચલી** = ચાલી આવી **પડનાલ** = પરંપરા, પ્રણાલિકા **જાલ** = માયાના પાશમાં (માયાજાળ) **જુથ** = સમૂહ, સમુદાય **ભોવન** = ભોવન, લોક **ચતુરદશ** = ચૌદ **કોઉ** = કોઈ પણ **ન** = નહીં, નથી **ભયે** = થયા **ભવ ભિન્ન** = સંસારથી અલગ **ચિન** = ઓળખીને **નિજ** = પોતાના, આદિ, મૂળ **વચન** = વચનો **વિધિ** = બ્રહ્મા **વશ** = પ્રભુત્વ, સ્વાધીનપણું.

### અનુવાદ

**તે (ત્રણેથી) ચાલી આવેલી પરંપરા મુજબ ચૌદ લોકનો સમુદાય માયાના પાશમાં બંધાયેલો છે. તેમાંથી બ્રહ્માજીના મૂળ વચનો સમજીને કોઈ ભવથી ભિન્ન થયા નથી.**

### ભાવાર્થ

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણેય દેવોથી ચાલી આવેલી સાંસારિક પ્રણાલિકા મુજબ વિશ્વના ચૌદલોકનો સમુદાય માયાના પાશમાં (માયાજાળમાં) બંધાયેલો છે. આ પ્રમાણે બ્રહ્માજીના મૂળ ચાર વેદના વદેલા વચનોના પ્રભુત્વપણામાં રહીને તેનાથી ભિન્ન વિચારસરણીને સમજીને સંસારથી કોઈ ભિન્ન રહ્યાં નથી.

**તદપી પરમગુરુ આદ્ય, સનાતન કે જેહી સ્વાધીન;**
**પચે નહીં પરપંચ, રંચ નહીં રચે પરાધિન. ૩**

### શબ્દાર્થ

**તદપી** = તેમ છતાં, તો છતાં પણ, તોય **પરમગુરુ** = પરમગુરુ **આદ્ય** = આદિ પુરાણા **સનાતન** = શાશ્વત, નિત્ય **કે** = ના **જેહી** = જે **સ્વાધિન** = સ્વતંત્ર, સ્વહસ્તક, પોતાના કાબૂ કે વશમાં હોવું **પચે** = ખૂપવું, ઊંડું ઉતરવું, દાખલ થવું **નહીં** = નહીં **પરપંચ** = પ્રપંચ, કાવાદાવા **રંચ** = જરાપણ, સહેજપણ **નહીં** = નહીં **રચે** = રાચવું, આસક્ત થવું **પરાધિન** = પરતંત્ર, પરવશ, બીજાના તાબામાં હોય એવું, બીજાને આધીન.

### અનુવાદ

**તેમ છતાં પરમગુરુ આદ્ય-સનાતનનો લક્ષ આપવામાં સ્વતંત્ર છે. તેઓ માયાવી પ્રપંચમાં રંચ માત્ર ખૂંપ્યા સિવાયના હોઈ પરતંત્ર નથી.**

### ભાવાર્થ

ચૌદલોકની આવી પરિસ્થિતિ છે તેમ છતાં ચાર વેદએ પોકારેલા નેતિ પદથી પર રહેલા આદ્ય સનાતન એવા સર્જનહારના પરમપદનો લક્ષ આપવામાં પરમગુરુ પોતે સ્વતંત્ર છે. સંસારમાં માયાના પ્રપંચમાં ફસાયા સિવાયનો તેમનો પૂર્ણ પુરુષાતનવાળો દિવ્ય દેહ હોઈ તે પરતંત્ર નથી.

**પણ કરતા નિજ પરન, શરન તીન કે ચિત્ત પ્રોઈત;**
**અરસ પરસ એકતાય, કુવેર કંચિત નહીં વિછોઈત. ૪**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **કરતા** = કર્તા **નિજ** = પોતે **પરન** = પડીને, રહીને **શરન** = શરણમાં **તીનકે** = તેમના **ચિત્ત** = ચિત્ત અંતઃકરણમાં **પ્રોઈત** = પરોવાયેલા, પરોવીને રહેલા, જોડીને રહેલા **અરસપરસ** = પરસ્પર, અન્યોઅન્ય **એકતાય** = એકતા, ઐક્ય **કુવેર** = કુવેરસ્વામી **કંચિત** = સહેજ પણ, જરા પણ **નહીં** = નહીં **વિછોઈત** = જુદા પડેલા, વિખૂટા પડેલા.

### અનુવાદ

**પરંતુ નિજકર્તાના શરણમાં ચિત્તને પરોવીને રહેલા છે. કુવેરસ્વામી કહે છે કે તેઓ અરસપરસ એકતા સાધીને રહેલા હોઈ સહેજ પણ છૂટા પડતા નથી.**

### ભાવાર્થ

માયાને પરાધીન કરનાર પરમગુરુ હમેશાં નિજકર્તાના શરણમાં પોતાના ચિત્તને પરોવીને રહેલા છે. બાલકુવેર સ્વામી કહે છે કે તેઓ સર્જનહાર કૈવલ કર્તાના મહદ્હંગ સાથે પોતાના અલ્પહંગ દ્વારા એકતા સાધીને સદા માટે રહેલા હોઈ સહેજ પણ વિખૂટા પડતા નથી.

# છપ્પા ૮૯

**જદપી રહેત ભવ ફરક, ગરક જીવ દેખી ચરાચર;**
**તીનકુ લેઈ છોડાય, દેત પદ પરમ પરાપર. ૧**

### શબ્દાર્થ

**જદપી** = જેથી, તેથી **રહેત** = રહેલા છે **ભવ** = ભવથી **ફરક** = ભિન્ન, તફાવતવાળા **ગરક** = ગરકાવ થયેલા **જીવ** = જીવોને **દેખી** = જોઈને **ચરાચર** = સ્થાવર, જંગમ **તીનકુ** = તેમને, તેઓને **લેઈ** = લઈને, દઈને **છોડાય** = છોડાવી **દેત** = આપે છે, દે છે **પદ પરમ** = પરમપદ **પરાપર** = પરાવાણીથી પરે રહેલું.

### અનુવાદ

**તેથી જ ભવથી ભિન્ન રહીને સ્થાવર-જંગમના જીવોને ગરકાવ થયેલા જોઈને તેમને છોડાવી દઈને પરાવાણીથી પરે રહેલું પરમપદ બક્ષે છે.**

### ભાવાર્થ

તેથી જ પરમગુરુ સંસારથી ભિન્ન થઈને રહેલા છે. સંસારમાં માયાના બંધનોમાં ગરકાવ થઈને જીવોને તેઓ માયાના પાશમાંથી છોડાવે છે એટલું જ નહીં, પરંતુ અંશને પોતાના શુદ્ધ સ્વરૂપે કરીને પરાવાણીથી પર રહેલું પરમપદ પ્રાપ્ત કરાવી આપે છે. અર્થાત્ અંશને સર્વશ્રેષ્ઠ એવા પરમપદમાં પહોંચાડીને સકર્તા સર્જનહાર સાથે મેળાપ કરાવી આપે છે.

**તો ગુરુ પરમ દયાલ, બાલ જ્યૌ માત નિહારન;**
**તીનસે અધિક વિશાલ, કાલકી જાલ નિવારન. ૨**

### શબ્દાર્થ

**તો** = તોપણ, ત્યારે **ગુરુ પરમ** = પરમગુરુ **દયાલ** = દયાળુ **બાલ** = બાળકને **જ્યૌ** = જેમ, જેવી રીતે **માત** = માતા **નિહારન** = નિહાળે છે, ધ્યાન રાખે છે **તીનસે** = તેમનાથી **અધિક** = વિશેષ, વધારે **વિશાલ** = મહાન, દીર્ઘ **કાલકી** = કાળની, જન્મમરણની **જાલ** = જાળ, ફાંસો, સકંચો **નિવારન** = નિવારે છે, દૂર કરે છે, નષ્ટ કરે, મુક્ત કરે છે.

### અનુવાદ

**જેવી રીતે માતા બાળકનું ધ્યાન રાખે છે તેમ પરમગુરુ તો પરમદયાળુ છે. માતા કરતાં પણ વધારે મહાન હોઈ જન્મ-મરણની જાળ (ફંદ) માંથી મુક્ત કરે છે.**

### ભાવાર્થ

પરમગુરુ તો દયાળુ અને કરુણાના સાગર છે. જેમ માતા પોતાના બાળકને કરુણાભરી નજરે નિહાળીને તમામ પ્રકારે તેની સંભાળ રાખે છે, તેવી જ રીતે માતાથી પણ અધિક આત્મબંધુના ભાવે સર્જનહાર દ્વારા પ્રાપ્ત કરેલ સોળ વિભૂતિના પ્રતાપે જગતના જીવોને જન્મ-મરણરૂપી કાળના ખપ્પરમાંથી છોડાવે છે. આ પ્રમાણે તેઓ જગતના જીવોને કાળ અને માયાના ફંદમાંથી મુક્ત કરે છે.

**તબ જીનુકુ કલ્યાણ કરન, એહીકે એહી કાલન;**
**તો તુમ પરમ પુરેશ, પોમી પર લેહુ નિહાલન. ૩**

#### શબ્દાર્થ

**તબ** = તેથી, ત્યારે **જીનકુ** = જેઓને, જેમને **કલ્યાણ** = જન્મ-મરણથી મુક્ત **કરન** = કરવાની **એહીકે એહી** = આના આ જ **કાલન** = સમયે, તતક્ષણ, આ જ જન્મે, અત્યારે જ **તો** = તો **તુમ** = તમે **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પુરેશ** = પુરુષ **પોમી પર** = પૃથ્વી પર **લેહુ** = લ્યો, લેવું **નિહાલન** = નિહાળીને, તપાસીને.

### અનુવાદ

**તેથી જેમને આ જ સમયે (આ જન્મે જ) કલ્યાણ કરવું હોય તો તમે પરમપુરુષને પૃથ્વી પર નિહાળી લ્યો.**

### ભાવાર્થ

તેથી જે જીવોને હાલમાં આ જ જન્મે હમેશને માટે જન્મ-મરણના બંધનમાંથી મુક્ત થવાની ઈચ્છા હોય તો તેવા જીવોએ આ પૃથ્વી ઉપર પરમપુરુષ રુપ પરમગુરુની શોધ કરી લેવી જોઈએ.

**તીનસે કરીત મેલાય, બાપ આયે તુમ શરનન;**
**તન મન સેતી જેત, કુવેર ધન્ય કરીત સમરપન. ૪**

### શબ્દાર્થ

**તીનસે** = તેમની સાથે **કરીત** = કરીને **મેલાય** = મેળાપ **બાપ** = પિતા **આયે** = આવ્યા છીએ **તુમ** = તમારે **શરનન** = શરણમાં **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **સેતી** = થી, વડે, સહિત, સાથે **જેત** = જેટલું શક્ય હોય તેટલું **કુવેર** = કુવેરસ્વામી **ધન્ય** = ધન્યતા **કરીત** = કરીને, અનુભવીને, દાખવીને **સમરપન** = તેમના શરણમાં અર્પણ કરવું.

### અનુવાદ

**તેમની સાથે મેળાપ કરીને કહેવું કે હે પિતાતુલ્ય ! અમો તમારે શરણે આવ્યા છીએ. કુવેરસ્વામી કહે છે કે (તેમના શરણમાં) તન, મન સહિત જે કાંઈ હોય તે સમર્પણ કરીને ધન્યતા અનુભવી જોઈએ.**

### ભાવાર્થ

જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરાવીને અખંડ પંચમી કૈવલ મુક્તિનું દાન દઈ ભવસાગર પાર કરાવે તેવા મહાન પુરુષની શોધ કરવી જોઈએ. પૃથ્વી ઉપર એવા પુરુષ જો મળી જાય તો તેમની સાથે મેળાપ કરીને તેમને આજીજીપૂર્વક કહેવું "હે પરમ પિતા ! અમે તમારા શરણે આવી પડ્યા છીએ." બાલકુવેર સ્વામી કહે છે કે ત્યારબાદ આપણી પાસે તન-મન-ધન સહિત જે કાંઈ હોય તે બધુ જ તેમના શરણમાં સમર્પણ કરીને પોતાની જાતને ધન્યતા અનુભવવી જોઈએ.

# છપ્પા ૮૭

**અનીન થઈ અનુચિત્ત, જીત ઉરમી ખટ રાગીત;**
**હવીતવ પરમ પુનિત, પ્રીત તીનકે પદ પાગીત. ૧**

### શબ્દાર્થ

**અનીન** = દાસત્વભાવે **થઈ** = થઈને **અનુચિત્ત** = ચિત્તનો અનુગ્રહ કરીને, નચિંત **જીત** = જીતીને **ઉરમી** = ઊર્મિ, ઉમળકો **ખટ** = છ પ્રકારનીઃ ભૂખ, તરસ, ઠંડી (ટાઢ) , ગરમી, હરખ અને શોક **રાગીત** = આસક્તિવાળા, અનુરક્ત **હવીતવ** = હોવાથી **પરમ** = શ્રેષ્ઠ, મહાન **પુનિત** = પવિત્ર, પાવનકારી **પ્રીત** = સ્નેહપૂર્વક, પ્રેમપૂર્વક **તીનકે** = તેમના **પદ** = ચરણોમાં **પાગીત** = પાગલ જેવા થઈને, ઘેલાં બનીને, પ્રાપ્ત કરી, પકડીને.

### અનુવાદ

**નચિંત થઈ આસક્તિવાળી છ ઊર્મિઓ ઉપર જીત, મેળવીને દાસાતન ભાવથી ભક્તિ કરવી જોઈએ. તેઓ મહાન હોવાથી તેમનાં ચરણોમાં પાગલ બનીને પ્રેમ ધારણ કરવો.**

### ભાવાર્થ

પરમગુરુનો દિવ્ય દેહ મહાન પાવનકારી છે. તેમનાં કલ્યાણકારી ચરણોમાં પાગલ બનીને પ્રેમ પૂર્વક શરણાંગતિ સ્વીકારવી લેવી જોઈએ. આમ તેમના ચરણરજના અધિકારી બનીને છ પ્રકારની આસક્તિવાળી ઊર્મિઓ ઉપર જીત મેળવીને એકાગ્ર ચિત્તે દાસાતન ભાવથી સેવા-પૂજા કરવી જોઈએ. શિષ્ય માટે ગુરુની સેવા અને તેમનાં ચરણમાં સમર્પિત થઈને ગુરુ ચરણ-રજની ચાહના રાખવાથી ગુરુ પ્રસન્ન થાય છે અને તેમાં જ સેવકનું કલ્યાણ સમાયેલું છે.

**તબ કરહી ગુરુ પરમ, મહેર મહારાજ રાજવર;**
**આપનો કરી કર સહાય, પોંચાવત તાઈ અજર ઘર. ૨**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે જ **કરહી** = કરે છે **ગુરુ પરમ** = પરમગુરુ **મહેર** = કરુણા, કૃપા **મહારાજ રાજવર** = મહારાજાધિરાજ **આપનો** = પોતાનો **કરી** = કરીને (હાથ) **સહાય** = મદદ, સહાયતા (પકડીને, ઝાલીને) **પોંચાવત** = પહોંચાડે છે **તાઈ** = તેઓને, તેને **અજર ઘર** = અજર ઘર, અખંડ ધામ, કૈવલધામ.

### અનુવાદ

**ત્યારે મહારાજાધિરાજ એવા પરમગુરુ કૃપા કરીને (સેવકને) પોતાનો કરી સહાય કરશે અને અખંડ ધામમાં પહોંચાડશે.**

### ભાવાર્થ

શિષ્યની આવી દાસાતનપણાવાળી ભક્તિ, ચરણરજની ચાહના તેમજ સમર્પણની ભાવના જોઈને પરમગુરુ મહારાજાધિરાજ પ્રસન્ન થાય છે. તેઓ અધિકારી શિષ્યને પોતાનો જાણીને હાથ પકડી મહાસાગરમાંથી ઉગારી લેશે. આ પ્રમાણે શિષ્યને પોતાના આત્મબંધુના નાતે જન્મ-મરણના સંકટમાંથી સદાને માટે મુક્ત કરી પંચમી અખંડ કૈવલ મુક્તિ અપાવીને અજર, અમર, અવિનાશી એવા કૈવલધામમાં પહોંચાડશે.

## અજર અમર ઘર માંહાંય, વસે જહાં નિજ કિરતારા;
## જેહી ખુદ ખાવન પરમ, કીન જીનું સકલ પસારા. ૩

### શબ્દાર્થ

**અજર** = અજર **અમર** = અવિનાશી **ઘર** = ધામ **માંહાંય** = માં, અંદર **વસે** =રહે છે, બિરાજમાન **જહાં** = જ્યાં **નિજ** = આદિ, પોતે, મૂળ **કિરતારા** = સર્જનહાર, સકર્તા **જેહી** = જે **ખુદ** = પોતે **ખાવન** = માલિક **પરમ** =મહાન, આદ્ય, સર્વોપરી **કીન** = કર્યું, બનાવ્યું **જીનુ** = જેઓએ **સકલ** = સર્વ, બધુ, સઘળું **પસારા** = પસારો, ખેલ, ઉત્પત્તિ, વિસ્તાર.

### અનુવાદ

**તે અજર અને અમર ધામમાં કે જ્યાં નિજકર્તા વસે છે, તે જ સર્વોપરી અને પોતે માલિક (સૌના ધણી) છે. સઘળો પસારો પામેલી બધી જ રચના તેમણે જ રચેલી છે.**

### ભાવાર્થ

જે અજર, અમર અને અખંડ કૈવલધામમાં નિજ કૈવલકર્તા અટલ આસન પર બિરાજમાન છે. તે પોતે જ આપણા સર્વના માલિક છે. વળી બ્રહ્માંડભરમાં જે વિવિધતાવાળી રચનાની આદ્ય લઈ પાંચ પ્રકારના દેહો અને ત્રણ પ્રકારના અંશ સહિત સર્વ જે જે (પસારો) થયેલો છે, તેના સર્જનહાર (રચનાર) પણ તેઓ પોતે જ છે.

## નેતિ નેતિ પર સદન, કદી ન જહાં કાલ કરપહી;
## સદ છેવટ સરજન, કુવેર શિર સરવ નરપહી. ૪

### શબ્દાર્થ

**નેતિ નેતિ** = જેનો કોઈ અંત નથી તેવું પદ **પર** = ની પરે, થી ભિન્ન **સદન** = ધામ, ઠેકાણું, પદ **કદી ન** = કદી પણ નહીં, ક્યારે પણ નહીં **જહાં** = જ્યાં **કાલ** = કાળ, આદ્ય, અંત કે મધ્ય સમયની ઘટમાળ **કરપહી** = ડરાવે, કોપાયમાન થાય, અંકુશ, ધાક **સદ** = સાચું, શાશ્વત **છેવટ** = અંતિમ, સર્વોપરી **સરજન** = રચના **કુવેર** = કુવેરસ્વામી **શિર** = માથે, સર્વોચ્ચ **સરવ** = તમામ, બધા, સર્વ **નરપહી** = નરપતિઓ, રાજાઓ, ભૂપ.

### અનુવાદ

**જે પદ માટે નેતિ નેતિનો પોકાર કરાયો છે. તેનાથી પરે રહેલું ધામ કે જ્યાં કાળનો ભય (ડર) લાગતો નથી. કુવેરસ્વામી કહે છે કે તે રચનાનું અંતિમ સર્જન હોઈ તમામ રચનાઓના માથે સર્વોપરી (ચક્રવર્તી રાજા સમાન) છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ બ્રહ્મને પરમપદ તરીકે દર્શાવીને અંતે ‘નેતિ નેતિ’ શબ્દનો પોકાર કર્યો છે. તેમણે બ્રહ્મને અથાહ (અંત વગરનું) કહ્યું છે, પરંતુ બ્રહ્મપદથી પણ પરે (ભિન્ન) સકર્તા સર્જનહારનું અજર, અમર, અખંડ અને અવિનાશી એવું “કૈવલધામ” છે. ત્યાં આદ્ય, મધ્ય અને અંત એવા કાળના ક્રમનો અંકુશ (ભય) નથી. બાલકુવેરસ્વામી કહે છે કે એ કૈવલધામ બ્રહ્માંડમાં સર્વ પસારો પામીને પ્રસરેલી રચનાને સમાવાનું અંતિમ યા છેવટનું સ્થાન “કૈવલધામ” છે. એટલા માટે જ તેને પૃથ્વી પરના ચક્રવર્તી રાજાની જેમ બ્રહ્માંડના સર્વ દૈવીધામોની રચના પૈકીના તમામ ધામોમાં ચક્રવર્તીધામ (પદ) કહેવામાં આવ્યું છે.

# છપ્પા ૮૮

## તેહી પતિપદ કૈવલ કુલ, કલ રચન જીનું કર;
## તીનકે અંશ જહાંન, જ્ઞાન બિનું ફરત અચરચર. ૧

### શબ્દાર્થ

**તેહી** = તે **પતિપદ** = માલિકનું પદ **કૈવલ** = કૈવલ કર્તાનું **કુલ** = તમામ, સર્વ **કલ** = કળ, યુક્તિ **રચન** = રચવા **જીનુ** = જેઓનું, નું **કર** = હાથ, હતું, બળ, હક્ક, કરવાની **તીનકે** = તેમના **અંશ** = સજાણજાણ અંશ સ્વરૂપ **જહાંન** = વિશ્વમાં **જ્ઞાન** = સમજ, જાણ **બિનું** = વિના, સિવાય **ફરત** = ફરે છે, ભટકે છે, રખડે છે **અચરચર** = સ્થાવર જંગમમાં.

### અનુવાદ

**તે કૈવલ પતિનું પદ સર્વ રચના કરવાની કળ રુપે છે. તેમના જ અંશો સમગ્ર વિશ્વમાં જ્ઞાન વિના સ્થાવર-જંગમમાં ફર્યા કરે છે.**

### ભાવાર્થ

તે કૈવલ કર્તાનું પરમપદ બ્રહ્માંડની સર્વ રચનાની કરામતના કારણરુપે રહેલું છે. તે કૈવલ કર્તાના વંશના જ સજાણજાણ ચૈતન અંશો સમગ્ર વિશ્વમાં આપનપુ અને પતિપદની જાણ સિવાયના જીવદશા ભોગવે છે, જેને કારણે જ સામાન્ય અંશો સ્થાવર અને જંગમના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટમાં કર્મોને આધીન થઈ ભટક્યા કરે છે.

## અતિ અપરંપર જેહ ગેહ, જીનું કલિત ન કોઉ ઈત.
## પીછે ન પર ઉપરિત તીત, તીનસે પત કોઉ કીત. ૨

### શબ્દાર્થ

**અતિ** = વિશેષ, ઘણું, મહાન **અપરંપર** = અપરંપાર, જેનો કોઈ થાહ ન મેળવી શકાય તેવું **જેહ** = જે **ગેહ** = ગુપ્ત, અજાણ **જીનું** = જેનું **કલિત** = જાણી, ઓળખી **ન** = નહીં **કોઉ** = કોઈ પણ **ઈત** = અહીંયાં, મૃત્યુલોકમાં **પીછે** = પાછળ **ન** = નહીં **પર** = ઉપર **ઉપરિત** = ઉપરી, ઉચ્ચ અધિકારી, સર્વોપરી **તીત** = તેના, તેમના **તીનસે** = તેમનાથી **પત** = પતિ, માલિક **કોઉ** = કોઈ **કીત** = ક્યાંય.

### અનુવાદ

**તે અતિ અપરંપાર છે. જે ગુપ્ત હોઈ મૃત્યુલોકમાં કોઈની પણ જાણ્યમાં નથી. વળી તેની પાછળ કે ઉપર તેનો કોઈ ઉપરી તરીકે ક્યાંય પણ કોઈ માલિક નથી.**

### ભાવાર્થ

સકર્તા પતિનું ધામ અતિ અપરંપાર અને ગુપ્ત રહેલું છે. તેના કારણે વિશ્વમાં તે કોઈની જાણ્યમાં નથી. વળી તે ધામની આગળ-પાછળ કે ઉપર-નીચે તેના ઉપરી અધિકારી તરીકે ક્યાંય કોઈ તેનો માલિક નથી માટે તે સર્વના ઉપર સર્વોચ્ચ અને સર્વાતિત પદ છે.

## સર્વ સિદ્ધાંત સમેટ, નેટનું જેહી નિરાક્રણ;
## તે ન શકે કોઉ મેટ, ઠેઠનું થપિત અચલ અર્ણ. ૩

### શબ્દાર્થ

**સર્વ** = તમામ, બધા જ **સિદ્ધાંત** = મતો **સમેટ** = સહિત એકઠાં કરતાં, હાર્દને તપાસ્યા **નેટનું** = છેવટનું **જેહી** = જે **નિરાક્રણ** = નિરાકરણ, આખરનો ફેંસલો, પરિણામ **તે** = તેને **ન** = નહીં **શકે** = શકે **કોઉ** = કોઈ **મેટ** = મીટાવી, નાબૂદ કરી, રદ કરી, નષ્ટ કરી **ઠેઠનું** = છેવટનું, અંતિમ **થપિત** = સ્થપાયેલું **અચલ** = અચળ, અડગ **અર્ણ** = અવર્ણનીય, અક્ષરાતીત.

### અનુવાદ

**તમામ સિદ્ધાંતોનું હાર્દ તપાસ્યા પછી છેવટનો ફેંસલો (નિર્ણય)એ થાય કે તેને કોઈ રદ કરી શકે નહીં. એવું તે અંતિમ, અચળ અને અવર્ણનીય પદ સ્થાપિત થયેલું છે.**

### ભાવાર્થ

વિશ્વમાં સ્થાપિત થયેલા તમામ મત પંથો દ્વારા નક્કી થયેલા સિદ્ધાંતોના હાર્દને તપાસ્યા પછી છેવટનો નિર્ણય એ થાય છે કે સર્જનહારનું પરમપદ સર્વોપરી છે. એ અંતિમ, અચળ અને અવર્ણનીય (નિર્વાણ) મહાન પદને કોઈ પણ રીતે રદ કરી શકે તેમ નથી.

## જેહી નિશ્ચે નિર્લેપ, ખેપ કરી ખોજીત સદપદ;
## અડંગ ડગે નહીં કાલ, કુવેર જ્યૌ ત્યૌ કદમોકદ. ૪

### શબ્દાર્થ

**જેહી** = જેથી, જે **નિશ્ચે** = નિશ્ચયપૂર્વક **નિર્લેપ** = લોપાયમાન ન થાય તેવું, અનાસક્ત **ખેપ કરી** = કાળજી કરીને, ખંત કરીને **ખોજીત** = શોધી **સદપદ** = શાશ્વત પદ, સત્ય પદ **અડંગ** = અચલિત, ડગાયમાન ન થાય તેવું **ડગે નહીં** = ડગે નહીં **કાલ** = કાળ, સમયનો ગાળો **કુવેર** = કુવેરસ્વામી **જ્યૌ ત્યૌ** = જ્યાં ત્યાં **કદમોકદ** = ડગલે ને પગલે, તેની સાથે બાથ ભીડાવવી, પદવીનું પ્રમાણ, દરજ્જાનું પ્રમાણ.

### અનુવાદ

**નિશ્ચયપૂર્વક અને લોપાયમાન થયા સિવાય કાળજી કરીને આ સત્યપદની શોધ કરેલી છે, કુવેરસ્વામી કહે છે કે કાળથી ડગે નહીં તેવું જે અડગ ધામ જ્યાં છે તે જ પ્રમાણિત થયેલું અને પદવી ધરાવતું પદ છે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે સર્વ સિદ્ધાંતોના હાર્દ રુપે પ્રચલિત થયેલું આ સર્વોચ્ચ પરમપદનો નિર્ણય કોઈ પણ પ્રકારના પક્ષપાત કે કોઈના શેહ શરમમાં લોપાયમાન થયા સિવાય ખૂબ જ કાળજીપૂર્વક કરવામાં આવ્યો છે. ત્યારબાદ આ સત્યપદની સ્થાપનાની શોધ નિશ્ચિત કરેલી છે. આ પદને આદ્ય, મધ્ય અને અંત કાળ ડગાવી શકે તેમ નથી. તેથી તે પદ અખંડ, અજર, અમર અને અવિનાશી છે.

# છપ્પા ૮૯

**તેહી પરમગુરુ લક્ષ લાય, ઈત કહે કરણ જીનું;**
**આગુ કીયે જેહી અનીન, આપ ઉરમી તજકે તીનું. ૧**

### શબ્દાર્થ

**તેહી** = તે, જે **પરમગુરુ** = પરમગુરુ **લક્ષ** = લક્ષ, ધ્યાન ધરવા યોગ્ય લક્ષબિંદુ **લાય** = લાવ્યા છે **ઈત** = અહીંયાં **કહે** = કહે છે **કરણ** = કાનમાં **જીનું** = જેઓને, તેઓને **આગુ** = આગળ **કીયે** = કહ્યા પ્રમાણે **જેહી** = જેઓ **અનીન** = દાસાતનપણાથી **આપ** = પોતાની **ઉરમી** = ઊર્મિઓને **તજકે** = ત્યજીને **તીનું** = તે, તેઓ.

### અનુવાદ

**પરમગુરુ જે લક્ષ લાવ્યા છે તેને આગળ કહ્યા પ્રમાણે જે દાસાતન ભાવે પોતાની ઊર્મિઓને ત્યજીને શરણમાં આવશે તેઓને જ કાનમાં સંભળાવે છે.**

### ભાવાર્થ

તે નિજ ઘરનો લક્ષ લઈને પરમગુરુ બ્રહ્માંડમાં આવ્યા છે. અગાઉના છપ્પા ૮૭ માં દર્શાવ્યા મુજબ જે મુમુક્ષુ પોતાના હૃદયમાં દાસાતનભાવ ધારણ કરીને પોતાનામાં રહેલી આસક્તિ ધરાવતી છ ઊર્મિઓને ત્યજી દઈને તેમના શરણોમાં સમર્પિત થવા માટે આવશે તેવા અધિકારી અંશોને જ તેઓ નિજ લક્ષનો બોધ (શુદ્ધ અમરમંત્રને) કંઠી ઉપદેશ વખતે કાનમાં સંભળાવશે.

**તેહી લક્ષમેં દક્ષ આદ્ય, સ્વાધ્ય કરતા કરુણેશર;**
**તીનસે કરી મેલાપ થાપ, થપિતવ સસ્થિર ઘર. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **લક્ષમેં** = લક્ષમાં **દક્ષ** = પ્રવીણ, ચતુર **આદ્ય** = આદિ, અનાદિ **સ્વાધ્ય** = સ્વતંત્ર, સ્વાધીન **કરતા** = કર્તા **કરુણેશર** = કરુણેશ, કરુણાઓના દેનાર ઈશ **તીનસે** = તેમની સાથે **કરી** = કરીને **મેલાપ** = મેળાપ **થાપ** = સ્થાપીને **થપિતવ** = સ્થાપિત કરેલું **સસ્થિર** = અચળ **ઘર** = ધામ.

## અનુવાદ

**તે લક્ષમાં આદિ-અનાદિ અને સ્વતંત્ર એવા કરુણેશ કર્તાનો મેળાપ કરી આપવાની પ્રવીણતા છે. જેના થકી સ્થાપના દ્વારા સ્થાપિત કરેલું અચળ પદ (ધામ) મળે છે.**

## ભાવાર્થ

પરમગુરુ દ્વારા આપવામાં આવતા નિજલક્ષમાં આદિ-અનાદિ, સ્વાધિન અને કરુણાના ઈશ એવા કૈવલ કર્તાનું મિલન (એકતા) કરાવી આપે તેવી ચતુરાઈ સમાયેલી છે. કારણ કે સર્જનહારે જ આ હક્ક માટે કુલમુખત્યારનામું માત્ર પરમવિશેષ અંશના નાતે તેમને જ સોંપેલ છે. પરમગુરુએ દર્શાવેલ "લક્ષ-ભજન" ના માધ્યમ થકી અંશને અચળ કૈવલધામ (નિજ ઘર) ની પ્રાપ્તિ થાય છે.

**એહી વિધિકે ગુરુ પરમ, દાન નિજ દેહી અભેકર;**
**દેવ સહિત ભવમાંય, તાયકે કહો કુન સરભર. ૩**

### શબ્દાર્થ

**એહી વિધિકે** = આ પ્રમાણે **ગુરુ પરમ** = પરમગુરુ **દાન** = દાન **નિજ** = મૂળ, આદિ, પોતે **દેહી** = દઈને, બક્ષીને, આપીને **અભેકર** = ભયથી રહિત કરે છે **દેવ** = દેવો **સહિત** = સાથે **ભવમાંય** = વિશ્વમાં, જગતમાં **તાયકે** = તેઓની **કહો** = કહો **કુન** = કોણ **સરભર** = બરોબર, સમોવડ, સમાન.

## અનુવાદ

**આ પ્રમાણે પરમગુરુ પોતે (અભય, મોક્ષ) દાન દઈને ભયથી રહિત કરે છે. માટે આ વિશ્વમાં દેવ સહિત તેમની સરખામણી કોણ કરી શકે તેમ છે ? તે કહો.**

## ભાવાર્થ

પરમગુરુ પોતે અધિકારી લાગતા મુમુક્ષુઓને કંઠી ઉપદેશ વખતે કાનમાં "અમર મંત્ર" સંભળાવે છે. જેથી તે અમરમંત્રનું ધ્યાન ધરીને મુમુક્ષુ પરમગુરુની કૃપા પ્રાપ્ત કરી શકે. પરમગુરુ પણ એવા અધિકારી મુમુક્ષુઓને જન્મ-મરણના સંકટમાંથી મુક્ત કરીને અખંડ મુક્તિનું દાન અર્પણ કરે છે. માટે આ વિશ્વમાં માનવોની આદ્ય લઈને

અંતરિક્ષમાં બિરાજમાન દેવી દેવતાઓ સહિત તેમની સરખામણી કરી શકે તેમ કોઈ નથી. જો કોઈ હોય તો પરમગુરુ પ્રશ્ન કરીને તેનો જવાબ આપવા પૂછે છે.

**એહી સમ કે સમ એહ, દેહ ધર નહીં ઈન સકીત;**
**અજ ભવ પુમ પરધાન, આદ્ય નહીં સ્વાધ્ય કુવેર હિત. ૪**

### શબ્દાર્થ

**એહી** = એમના **સમકે** = સમાન, જેવા **સમ** = સરખા **એહ** = તેઓ જ **દેહધર** = દેહ ધારણ કરેલાઓમાં **નહીં** = નથી **ઈન** = એ **સકીત** = શક્તિ, સામર્થ્ય, તાકાત, બળ **અજ** = બ્રહ્મા **ભવ** = શંકર **પુમ** = નરજાતિ, નિરંજન **પરધાન** = આદ્યશક્તિ **આદ્ય** = આદિ, વગેરે **નહીં** = નથી **સ્વાધ્ય** = સ્વાધીન, સ્વતંત્ર **કુવેર** = કુવેરસ્વામી **હિત** = કલ્યાણ કરવાવાળા, મુક્તિ દેનાર, હિતકારી.

### અનુવાદ

**એમના જેવા તો માત્ર તેઓ જ (પોતે) છે. દેહધારીઓમાં તેમના જેવા સામર્થ્યવાળા કોઈ નથી. કુવેરસ્વામી કહે છે કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને નિરંજન સુધીના કોઈ (આત્મ) કલ્યાણ કરવામાં સ્વતંત્ર નથી.**

### ભાવાર્થ

જ્યારે સરખામણી કરવાનો સવાલ આવે ત્યારે કહી શકાય કે પરમગુરુની તુલનામાં તેમના સિવાય સમગ્ર બ્રહ્માંડમાં અન્ય કોઈ જ નથી. અર્થાત્ તેઓ જ એકમાત્ર છે. તેમના જેવું સામર્થ્ય અન્ય કોઈ દેહધારીઓમાં નથી. બાલકુવેરસ્વામી કહે છે કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને નિરંજન સુધીના કોઈ પણ પરમપદનું દાન આપવા માટે સ્વતંત્ર (શક્તિમાન) નથી.

# છપ્પા ૯૦

**તદપી પરમગુરુ જ્ઞાન, અખંડિત હે ચક્રવરતી;**
**ફોડે ચૌદેઈ તબક ઝબક, ઝડ કરીત આકરતી. ૧**

### શબ્દાર્થ

**તદપી** = તેથી જ, તેટલા માટે જ **પરમગુરુ** = પરમગુરુ **જ્ઞાન** = જ્ઞાન **અખંડિત** = ખંડન ન કરી શકાય તેવું, અખંડ **હે** = છે **ચક્રવરતી** = ચક્રવર્તી, ચક્રની જેમ ચોતરફ આણ વર્તાતી હોય તેવું, સર્વમાં જેની સત્તા હોય તેવું, સાર્વભૌમત્વ **ફોડે** = ઉઘાડા પાડવું, તોડી નાંખવું, ભાંગવું **ચૌદેય તબક** = ચૌદ તબકની **ઝબક ઝડ** = તેજ, ઝબકારો, ચમકારો, ભભકો, જાક જમાક **કરીત** = કરીને **આકરતી** = આક્રંતપૂર્વક, અકડાજીપૂર્વક.

### અનુવાદ

**એટલા માટે જ પરમગુરુનું જ્ઞાન અખંડ અને ચક્રવર્તી છે. જે ચૌદ તબકના ઝબકારાને (ભભકાને) અકડાજીપૂર્વક ફોડી નાંખે છે.**

### ભાવાર્થ

એટલા માટે કહી શકાય કે પરમગુરુ દ્વારા સ્થાપિત સકર્તા સિદ્ધાંતને પ્રતિપાદિત કરતું કૈવલજ્ઞાન સમગ્ર બ્રહ્માંડમાં અખંડિત રહેનારું અને સાર્વભૌમત્વ ધરાવતું જ્ઞાન છે, તે ચૌદ તબકની ચમક અને ભભકો ફેલાયેલો છે, તેને ખુલ્લાં પાડીને સાચી સ્થિતિ દર્શાવે છે. આ ઉપરાંત વિશ્વમાં માયાની પકડને તોડી નાંખે છે.

**કહે જે ફોડન તબક, નિમક તીનું કહું સમજાઈત;**
**તીનકે દેવ સબેવ, સેવફલ અફલ દેખાઈત. ૨**

### શબ્દાર્થ

**કહે જે** = જે કહ્યું કે **ફોડન** = ફોડે છે, તોડી નાંખે છે, ખુલ્લા પાડે છે **તબક** = તબક, ધામ **નિમક** = સમજ, ગૂઢ રહસ્ય, ન્યાય **તીનું** = તેનો **કહું** = કહુ છું **સમજાઈત** = સમજાવીને **તીનકે** = તેમના **દેવ** = દેવા **સબેવ** = સર્વ **સેવ** = સેવાનું **ફલ** = ફળ, પરિણામ **અફલ** = નિષ્ફળ, ફોગટ **દેખાઈત** = દેખાડીને, દેખાડીશ.

### અનુવાદ

**તબકને ફોડવાનું જે કહ્યું તેનો ન્યાય કહી સમજાવું છું. તેના સર્વ દેવોની સેવાથી મળતાં ફળ નિષ્ફળ છે તે દેખાડું (બતાવું ) છું.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં જે તોડી નાંખવાની વાત કહી તેનો ખુલાસો અહીં દર્શાવ્યો છે કે અંતરિક્ષના ચૌદ તબકોમાં વસનારા તે તબકના અધિપતિ દેવતાઓની કરવામાં આવતી ભક્તિ, સેવા અને પૂજા વગેરેથી પ્રાપ્ત થતા લાભ કેવી રીતે નિષ્ફળ જાય છે તે બાલકુવેરસ્વામી ન્યાયપૂર્વક સમજ આપે છે.

**જાગ્રત જન નહીં જહાંય, તહાંય કોઉ કાલ ડેહેકાઈત;**
**નિજ કર્તા બીચ આડ્ચ, જાડ્ય જેહી જેહી અંતરાઈત. ૩**

#### શબ્દાર્થ

**જાગૃત** = જ્ઞાની, સજાગ **જન** = માનવ **નહીં** = નથી **જહાંય** = જ્યાં **તહાંય** = ત્યાં **કોઉ** = કોઈ **કાલ** = કાળ **ડેહેકાઈત** = ડહેકાવે છે, ફસાવે છે, ગરકાવ કરે **નિજ કર્તા** = આદિ સર્જનહાર, સકર્તા **બીચ** = વચ્ચે **આડ્ચ** = આડ, અવરોધ **જાડ્ય** = જાળ, ફંદો **જેહી જેહી** = જે જે, તે તે **અંતરાઈત** = આંતરે છે, અવરોધક બને.

### અનુવાદ

**કેટલાયે કાળથી બધા જ્યાં ત્યાં ફસાઈ ગયેલા હોવાથી કોઈ માનવી જાગ્રત રહેવા પામ્યો નથી, કારણ કે, નિજકર્તા સાથે સંબંધ જોડવામાં અવરોધ લાવીને જે તે અંતરાય ઊભા કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં કેટલાયે કલ્પોથી અંશ વિવિધ દેહમાં ભટક્યા કરે છે. તે ચૌદ લોકની સગુણ ઉપાસનાના કાદવમાં ફસાઈ ગયેલો છે. અર્થાત્ ચૌદ લોકના દેવી-દેવતાઓની ઐશ્વર્યમાં અંજાઈને તેમાં જ આસક્ત થઈ ગયા છે. પોતાની જાતને તેઓ તેમાં સમર્પિત કરીને જીવે છે. પરિણામે સત્ય જ્ઞાનથી કોઈ પણ માનવ જાગ્રત થયેલો જણાતો નથી.

નિજકર્તા સાથે સંબંધ બાંધવામાં આવા જે જે ધામો (તબકો) અવરોધ ઊભા કરીને રહેલા હોઈ આડખીલી રુપ બને છે.

**તેહી સબ તોડી ઝડાક, પાક મગ કરિત પરાયન;**
**રખે ન લબદ નમેશ, કુવેર પરપંચ પતાયન. ૪**

**શબ્દાર્થ**

**તેહી** = તે **સબ** = સર્વ **તોડી** = નાશ કરીને,તોડીને, ખંડન કરીને **ઝડાક** = માયાજાળ, ભપકો, ચમકારો **પાક** = પવિત્ર, સજાણ, ઉત્તમ **મગ** = માર્ગ, રસ્તો **કરિત** = કરીને **પરાયન** = સાવધાન **રખે** = રાખીશ **ન** = નહીં **લબદ** = લબ્દ, ફસાયેલા **નમેશ** = જરાપણ, સહેજ પણ **કુવેર** = કુવેરસ્વામી **પરપંચ** = પ્રપંચ, કાવાદાવા **પલાયન** = દૂર કરીને, નાશ કરીને.

## અનુવાદ

**તેની માયાજાળ તોડીને ઉત્તમ માર્ગ દર્શાવી સાવધાન કરીશ. કુવેરસ્વામી કહે છે કે તેમના પ્રપંચ દૂર કરીને સહેજ પણ ફસાયેલા રાખીશ નહીં.**

## ભાવાર્થ

તેવા જે જે આડખીલી રુપ થતા અવરોધોને તોડી નાખીને ન્યાયપૂર્ણ રીતે જ્ઞાન થકી જગતના અંધ અને અજ્ઞાની જીવો દેવી દેવતાઓની ઐશ્વર્ય (સામર્થ્ય) અને જૂઠી માયાજાળમાં ફસાયેલા છે, તેઓની માન્યતાઓ દૂર કરી તેમને ઉત્તમ મોક્ષનો માર્ગ દર્શાવીને બાલકુવેરસ્વામી સાવધાન કરે છે. આ રીતે ચૌદ લોકના પ્રપંચનું પણ ખંડન કરીને જે જીવો માયાના ફંદમાં જ ફસાયેલા છે અને જે મને પોતાના સ્વનું કલ્યાણ કરવાની તમન્ના છે, તેમને જ્ઞાન થકી જાગ્રત કરી દેવી દેવતાઓની માયાજાળમાં ફસાયેલા રાખશે નહીં.

# છપ્પા ૯૧

## એહી સબ વદે વચન, પરમગુરુ જેહી જન વહાલક;
## ખુદ કે લેઈ હુકમ, આયે ગમ જ્ઞાન ગુનાયક. ૧

### શબ્દાર્થ

**એહી** = આ પ્રમાણે **સબ** = સર્વ **વદે** = ઉચ્ચાર કર્યો **વચન** = વચનોનો **પરમગુરુ** = પરમગુરુ **જેહી** = જે **જન** = માનવોના **વહાલક** = વહાલને કારણે **ખુદકે** = ખુદ કર્તાનો **લેઈ હુકમ** = હુકમ આદેશ લઈને **આયે** = આવ્યા **ગમ** = સમજ, માર્ગ **જ્ઞાન** = જ્ઞાન, સમજ, જાણ્ય **ગુનાયક** = ગુણોના નાયક, કરુણાના સાગર.

### અનુવાદ

**માનવો પ્રત્યે વહાલ હોવાને કારણે જ પરમગુરુએ આ પ્રમાણે વચનોનો ઉચ્ચાર કર્યો છે. કર્તાની જાણ્ય અને જ્ઞાન લઈને ગુણોના નાયક (પરમગુરુ) ખુદ કર્તાના હુકમ થકી જ આવ્યા છે.**

### ભાવાર્થ

માનવો પ્રત્યે આત્મબંધુત્વનું વહાલ હોવાને કારણે ઉપર દર્શાવ્યા મુજબના વચનોનો ઉચ્ચાર કર્યો છે. સકલ ગુણોના ભંડાર અને કૈવલવેત્તા પુરુષ એવા દિવ્ય પરમગુરુ ખુદ કર્તાના હુકમને આધીન થઈ પૃથ્વી પર પધાર્યા છે. સર્જનહારનો આદેશ તેમની જાણ્ય તથા સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરીને કૈવલજ્ઞાનને જગતમાં જાહેર કરવાનો છે.

## તેહી લખ દીયે સુનાય, લાય પરવાનગી પતકી;
## જબ જેહી જન જુગ જેત, વેત્ત હોય વચન કિંમતકી. ૨

### શબ્દાર્થ

**તેહી** = તે **લખ** = લક્ષ, જ્ઞાન **દીયે** = આપ્યો, આપ્યું **સુનાય** = સંભળાવ્યો **લાય** = લાવ્યા **પરવાનગી** = મંજૂરી, આજ્ઞા, રજા, હુકમ **પતકી** = માલિકની, પતિની **જબ** = જેથી, તેથી **જેહી જન** = જે

માનવ **જુગ** = જગત **જેત** = જેટલા **વેત્ત** = જાણકાર **હોય** = હોય **વચન** = વચનોની **કિંમત કી** = કિંમતની, મૂલ્યની.

## અનુવાદ

**માલિકના હુકમથી લાવેલા લક્ષને તેઓ જણાવે છે. તેથી જગતમાં જે માનવ જાણકાર હશે તે જ આવા વચનોની કિંમત કરશે.**

## ભાવાર્થ

બ્રહ્માંડના સર્જનહાર પરમપિતાની આજ્ઞાથી દિવ્ય પરમગુરુ વિશ્વમાં આવ્યા છે. તેઓ પોતાને મળેલ કુલમુખત્યારનામાને આધારે જગતના જીવોને અંશ અને અંશીનો લક્ષ દર્શાવે છે અને અંશોને જન્મ-મરણમાંથી સદાને માટે મુક્તિ અપાવે છે, પરંતુ જે માનવ આ સત્ય કૈવલજ્ઞાનને સમજશે તે જ આ જ્ઞાનની સાચી કિંમત કરશે.

**તેહી પરમગુરુ સાથ, પ્રીત જન કરો ખરાખર;**
**તીનું પહોંચાવત પાર, સકરાતા સામ્રથકે ઘર. ૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **પરમગુરુ** = પરમગુરુ **સાથ** = સાથે **પ્રીત** = પ્રીતિ, પ્રેમ, સ્નેહ **જન** = માનવ **કરો** = કરો **ખરાખર** = સાચે સાચો, ખરેખરો **તીનું** = તેઓને **પહોંચાવત** = પહોંચાડશે **પાર** = ભવ પાર **સકરતા** = સકર્તા **સામ્રથકે** = સમર્થના **ઘર** = ધામમાં.

## અનુવાદ

**પરમગુરુ સાથે માનવોએ ખરે ખરો સ્નેહ કરવો જોઈએ, ત્યારે જ તેવા માનવોને ભવપાર કરીને સમર્થ સકર્તાના ધામમાં પહોંચાડશે.**

## ભાવાર્થ

સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ સમર્થ પરમગુરુ સાથે વિશ્વના મુમુક્ષુ માનવોએ ખરે ખરો સ્નેહ ધારણ કરવો જોઈએ. તેમના શરણમાં પ્રેમપૂર્વક રહીને તેમની આજ્ઞાનું સારધાર રીતે પાલન કરવું જોઈએ. એવા મુમુક્ષુઓને બાલકુવેરસ્વામી જન્મ-મરણના ફેરામાંથી મુક્ત કરશે. ત્યારબાદ તે અંશોને સકર્તા સર્જનહાર જ્યાં

સ્વયં બિરાજમાન છે એવા કૈવલધામમાં પહોંચાડશે. જેથી ત્યાં પહોંચ્યા પછી અંશને કદી પણ જન્મ-મરણ ભોગવવા બ્રહ્માંડમાં આવવું પડશે નહીં.

**અહો ધન્ય જીનું ભાગ્ય, આહી તન ભયે પારંગત;**
**ગુરુ પરમ પરતાપ કુવેર, તીનું પાઈ અકલ ગત. ૪**

**શબ્દાર્થ**

**અહો** = અહો ! **ધન્ય** = ધન્ય **જીનું** = જેઓનું **ભાગ્ય** = નસીબ **આહી** = આ રીતે **તન** = શરીરથી **ભયે** = થયા **પારંગત** = ભવપાર, ભવસંકટથી મુક્ત **ગુરુ પરમ** = પરમગુરુના **પરતાપ** = પ્રતાપે **કુવેર** = કુવેરસ્વામી **તીનું** = તેઓ **પાઈ** = પ્રાપ્ત કરે છે **અકલ ગત** = અકળગતિ, અલૌકિક સમજ.

## અનુવાદ

**અહો ! જેના ભાગ્યમાં આ જ દેહે ભવપાર થવાનું હોય તેઓને ધન્યવાદ (આપવા ઘટે) છે. કુવેરસ્વામી કહે છે કે પરમગુરુના પ્રતાપે તેઓ અકળગતિ પ્રાપ્ત કરે છે.**

## ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુનું શરણું સ્વીકારીને તેમની કરુણાના પ્રતાપે આ દેહે ભવપાર થવાના હોય તેવા ભાગ્યશાળી મુમુક્ષુ જનોને ખરેખર ધન્યવાદ (આપવા ઘટે) છે. કારણ કે, આવા મુમુક્ષુજનો માનવ ઘાટના અંતે જન્મ-મરણમાંથી છૂટકારો મેળવીને પંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત કરશે.

# છપ્પા ૯૨

## ગુરુ બિન જંત અનંત, અદલ હોઈ ચલે કલપભર;
## સકત સર્જનહાર તોહોય, નહીં મિલે મનોહર. ૧

### શબ્દાર્થ

**ગુરુ બિન** = ગુરુ કર્યા વિના, ગુરુનું પદ ધારણ કર્યા વિના **જંત** = જીવો **અનંત** = અપાર **અદલ** = નેકીવાળા, પ્રામાણિક **હોઈ** = હોવાથી **ચલે** = ચાલે, ફરે, રહે **કલપભર** = કલ્પો સુધી, કલ્પપર્યંત **સકત સર્જનહાર** = સકર્તાપતિ, સર્જનહાર **તોહોય** = તોય, તોપણ **નહીં** = નહીં **મિલે** = મળે **મનોહર** = મનને હરે તેવા, આનંદદાયક, આનંદના કંદ.

### અનુવાદ

**ગુરુનું બાનુ ધારણ કર્યા સિવાયના અનંત જીવો પ્રામાણિકપણે કલ્પપર્યંત ચાલે તો પણ આનંદના કંદ એવા સકર્તાપતિ સર્જનહાર મળે તેમ નથી.**

### ભાવાર્થ

સમર્થ પરમગુરુનું ગુરુ તરીકેનું બાનુ ધારણ કર્યા ગુરુ કર્યા સિવાયના અનંત જીવો પ્રામાણિકપણે જીવન જીવે અને જગતમાં કલ્પપર્યંત રમણ કર્યા કરે તેમ છતાં આનંદના કંદ એવા સકર્તાપતિ સર્જનહારને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી.

## ભૂક્તમાન જેહી કરમ, કરત કો પાર ન પાઈત;
## અદલ કરે જો જદીપ, કદીપ કા ગુના પુરાઈત. ૨

### શબ્દાર્થ

**ભૂક્તમાન** = ભોગવે **જેહી** = જે **કરમ** = કર્મો **કરત** = કરે **કો** = કોઈ **પાર** = કિનારો, છેવટ, અંત, ભાળ, સમજ, જ્ઞાન **ન** = નહીં **પાઈત** = પ્રાપ્ત કરી શકાય, પ્રાપ્ત કરવું, પામવું **અદલ** = માફ **કરે** = કરે **જો** = જો **જદીપ** = જ્યારે, ત્યારે **કદીપ** = ક્યારેય પણ **કા** = તેના **ગુના** = અપરાધ, ગુના **પુરાઈત** = પુરા થતા નથી, અંત આવતો નથી.

## અનુવાદ

**કરેલાં કર્મો ભોગવતાં કદી પણ અંત આવતો નથી. જો ગુનાઓ માફ કરવામાં ન આવે તો તે કદી પણ પુરા થતા નથી.**

## ભાવાર્થ

માનવ આ જન્મે પાછલા સંચિત કર્મો લઈને જન્મ ધારણ કરે છે. વળી આ જન્મે નવાં-નવાં શુભ-અશુભ કર્મો કરતાં કરતાં કર્મોનાં ફળ પણ ભોગવતો હોય છે. આમ આ પરંપરાનો કદી પણ અંત આવતો જ નથી તેમ છતાં જે પ્રમાણેના જેવા ગુના હોય તે પ્રમાણેના યોગ્ય અધિકારીઓ તે ગુના માફ કરે તો જ તેનો અંત આવે છે. કરેલા ગુનાઓ ભોગવ્યા વગર છુટકારો મળતો નથી.

**તો તીનકો નહીં અંત, સંત કરી જુવો વિચારન;**
**દિયે બિનું જીન દાગ, વેર કહો કુન નિવારન. ૩**

### શબ્દાર્થ

**તો** = તો પછી **તીનકો** = તેનો **નહીં** = નહીં, નથી **અંત** = છેડો **સંત** = સંત દશાના માનવો **કરી જુવો** = કરી જુઓ **વિચારન** = વિચાર **દિયે બિનું** = આપ્યા સિવાય, છોડ્યા સિવાય, તજ્યા સિવાય, માફ કર્યા સિવાય **જીન** = જીવનના **દાગ** = લાંછન, બદનામી, કલંક, નામોશી **વેર** = દુશ્મની **કહો** = કહો **કુન** = કોણ **નિવારન** = દૂર કરે, નિવેડો લાવે, નાબૂદ કરે, નષ્ટ કરે.

## અનુવાદ

**તો પછી તેનો અંત આવતો જ નથી માટે હે સંતો ! વિચાર કરી જુઓ કે જીવનના (જીવોના) દાગ (કલંક) છોડ્યા સિવાય (દુશ્મની, વેરમાંથી) કોણ નિવારણ કરે તે કહો.**

## ભાવાર્થ

કર્મનો અંત કદી પણ આવતો જ નથી. માટે સંત દશાવાળા માનવો વિચાર કરી જુઓ કે જીવનમાં કરેલાં કર્મોના કલંક (દાગ) ને માફ કર્યા સિવાય દુશ્મનીનું વેર વાળવામાં બીજા કર્મો ઊભા થાય છે. આમ કર્મોનો સીલસીલો ચાલુ જ રહે છે.

જો ખૂનનો બદલો ખૂન જ હોય તો તેની પરંપરા મટતી જ નથી, પરંતુ તે ગુના માફ કરી દેવામાં આવે તો તેની પરંપરાનો અંત આવી જાય છે.આમ આવા સંજોગોમાં કર્મોને માફ કરીને કોણ નિવેડો (અંત) લાવી શકે ? તે કહો.

**એક પતિકે અંશ વંશ, જેહી વિશ્વ ચરાચર;**
**અણુની આદ્ય બ્રહ્માંડ, કુવેર અજભવની ધરાધર. ૪**

### શબ્દાર્થ

**એક પતિકે** = એક જ પતિના **અંશ** = અંશો **વંશ** = વંશજ **જેહી** = જે **વિશ્વ** = વિશ્વ, દુનિયા, જગત **ચરાચર** = સ્થાવર અને જંગમ **અણુની આદ્ય** = અણુથી માંડીને, અણુથી લઈને **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **કુવેર** = કુવેરસ્વામી **અજ** = બ્રહ્મા **ભવની** = શંકરની **ધરાધર** = પૃથ્વીને ધારણ કરનાર, શેષજી.

### અનુવાદ

કુવેરસ્વામી કહે છે કે અણુની આદ્ય લઈને બ્રહ્માંડમાં સ્થાવર અને જંગમના ઘાટ તથા બ્રહ્મા, શંકર તેમજ પૃથ્વીને ધારણ કરનાર શેષજી સહિત બધા અંશો એક જ પિતાના વંશજ છે.

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી કહે છે કે પ્રત્યેક દેહોમાં વસેલા ચૈતન અંશો એક જ સર્જનહારના વંશજ છે, વળી અણુની આદ્ય લઈને બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા પૃથ્વીને ધારણ કરનાર શેષજી સહિત સ્થાવર અને જંગમના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટમાં એક જ પિતાના અંશો છે.

# છપ્પા ૯૩

**તીનમેં તીન તબીત, વિશેષ સામાન્ય પરમ પુનિ;**
**જીમે અંશ સામાન્ય, અન્યોઅન્ય હોત તીમે ખુની. ૧**

### શબ્દાર્થ

**તીનમે** = તેમાં **તીન** = ત્રણ **તબીત** = તબક્કા, વિભાગ, પ્રકારના **વિશેષ** = વિશેષ **સામાન્ય** = સામાન્ય **પરમ** = પરમ વિશેષ **પુની** = વળી **જીમે** = જેમાં **અંશ** = અંશ **સામાન્ય** = સામાન્ય **અન્યોઅન્ય** = એકબીજા સાથે, પરસ્પર, અંદરો-અંદર **હોત** = હોય છે **તીમે** = તેમાં **ખુની** = ઘાતકી, ક્રૂર, હિંસક, હત્યારા.

### અનુવાદ

**તેમાં સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારના (અંશો) છે. જેમાં સામાન્ય અંશો તો એકબીજા પ્રત્યે હત્યારા હોય છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં રહેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહોમાં વસેલા અંશો પૈકી વિભૂતિ પ્રમાણે સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ એમ ત્રણ પ્રકારના અંશોનો સમાવેશ થાય છે. તેમાં મુખ્યત્ત્વે સ્થાવર-જંગમના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટમાં સામાન્ય અંશો છે. તે સામાન્ય અંશો પરસ્પર એકબીજાની સાથે વેર-ઝેરના કારણે હત્યારા થઈને રહેતા હોય છે.

**સરખે શિર સમદાય, તાયમે કુન સહે કીનું;**
**તબતે રહે અનાદ્ય, વાદકે વેર વરગ જીનું. ૨**

### શબ્દાર્થ

**સરખે** = સરખા, સમાન **શિર** = મુખ્યત્ત્વે, માથે **સમદાય** = સમુદાય, સમૂહ **તાય મે** = તેમાં **કુન** = કોણ **સહે** = સહન કરે, સહે **કીનુ** = કોને **તબતે** = તેથી જ **રહે** = રહેલા છે **અનાદ્ય** = આદિથી **વાદકે** = વાણીથી, વાદવિવાદથી **વેર** = દુશ્મન **વરગ** = વાળવામાં **જીનું** = જેઓ.

## અનુવાદ

**સરખે સરખો સમુદાય હોવાથી કોણ કોને સહન કરે ? તેથી તેઓ આદિથી જ વાદવિવાદના વેર વાળવામાં રહ્યા છે.**

## ભાવાર્થ

સામાન્ય જીવો પૈકી બધામાં રહેલી વેરવૃત્તિ એક સરખી જ છે. સમગ્ર સમુદાય એ પ્રમાણનો હોવાથી કોણ કોને સહન કરે ? એટલે કે, કોઈ પણ જીવ કોઈના કરેલા દુષ્કર્મોને માફ કરવામાં સમજતા નથી. ઊલટા તેઓ વેરવૃત્તિના કારણે પાછું વેર વાળવામાં જ માનતા હોઈ ફોગટના (નાહક) વાદ-વિવાદમાં રહ્યા કરે છે અને વધુને વધુ દુષ્કર્મો કર્યા જાય છે.

**તે ક્યૌ મીટે કદાચ, તાયકો જંગ ઝડાઝડ;**
**જુગન જુગન કહી કાલ, બીત યૌ જાય લડાલડ. ૩**

### શબ્દાર્થ

**તે** = તે **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **મીટે** = મટે, દૂર થાય **કદાચ** = કદાપિ **તાયકો** = તેઓનો **જંગ** = ઝઘડો, કંકાસ **ઝડાઝડ** = ઝપાઝપી, પુરેપુરું, તદ્દન **જુગન જુગન** = યુગોના યુગો **કહી કાલ** = કેટલોક સમય **બીત** = વીતી ગયા **યૌ** = તેમ છતાં, એમના એમ **જાય** = જાય છે **લડાલડ** = લડી - ઝઘડીને, લડાઈ કરીને.

## અનુવાદ

**તેઓનો ઝઘડો પૂરેપૂરો કદાપિ કેમ કરીને દૂર થાય ? યુગોના યુગો પર્યંત આ રીતે કેટલોય સમય લડા-લડમાં જ વીતી ગયો છે.**

## ભાવાર્થ

સામાન્ય અંશોએ ધારણ કરેલા સ્થૂળ દેહોમાં અંદરોઅંદરનો ઝઘડો કદાપિ પૂરેપૂરો દૂર થાય તેમ નથી. કેટલાય કાળ અને યુગોના યુગો વીતી ગયા, પરંતુ આ રીતે જ લડા-લડમાં જ સમય પસાર થયેલા જણાય છે.

**એહી વિધિકે અનુકરમ, મરમ જીનું જુવો નિહાલીને;**
**તો ક્યૌ હવે નવેડ, કુવેર કોઉ જીવ જંજાલીને. ૪**

### શબ્દાર્થ

**એહી વિધિકે** = આ પ્રમાણે **અનુકરમ** = અનુક્રમે, ક્રમાનુસાર **મરમ** = મર્મ, રહસ્ય **જીનુ** = જેના અંગે **જુવો** = જુઓ **નિહાલીને** = નિહાળીને **તો** = તો **ક્યૌ** = ક્યાં **હવે** = હવે **નવેડ** = નિવેડો, અંત **કુવેર** = કુવેરસ્વામી **કોઉ** = કોઈ **જીવ** = જીવ **જંજાલીને** = જંજાળીને, જંજાળવાળાને.

### અનુવાદ

**એ પ્રમાણે કર્મોના અનુક્રમના મર્મને નિહાળીને જુઓ. કુવેરસ્વામી કહે છે કે જંજાળી જીવોના કર્મોનો હવે કેમ કરીને અંત આવે ?**

### ભાવાર્થ

આ પ્રમાણે જગતના જીવોના કર્મોનો સિલસિલો ચાલુ જ રહે તો પછી તેમના કર્મોના અનુક્રમનો નિવેડો આવવો મુશ્કેલ છે. માટે તેના રહસ્યને નિહાળવું જોઈએ. બાલકુવેરસ્વામી કહે છે કે સંસારરુપ જંજાળની જાળમાં ફસાયેલા જીવોના કર્મોનો નિવેડો હવે કેમ કરીને લાવી શકાશે ?

# છપ્પા ૯૪

**છૂટ શકે નહીં વેર, ઉલટ પુલટાઈતમે કીત;**
**ચાલે સરડ શહેર, ઘેર કે ઘેર રહે ઈત. ૧**

### શબ્દાર્થ

**છૂટ શકે** = છૂટી શકે **નહીં** = નહીં **વેર** = દુશ્મનાવટ, દૂરાગ્રહ, વેરવૃત્તિ **ઉલટ** = ઉલટાવીને **પુલટાઈતમેં** = પલટાવીને **કીત** = કેવી રીતે **ચાલે** = ચાલી રહ્યા છે **સરડ** = કાચિંડા (સરડા) ની, સહેલાઈથી, સરળ, માફક ચાલતા **શહેર** = શહેર **ઘેર કે ઘેર** = ઘેરે ઘેર, ઘરોમાં **રહે** = રહેલાં છે **ઈત** = આ.

### અનુવાદ

**ઊલટા-સૂલટીથી તે વેરવૃત્તિ છૂટી શકે નહીં. તેમ છતાં તે વેરવૃત્તિ (સંસારરૂપ) શહેરમાં તે કાચિંડાની જેમ રંગ બદલીને ઘેર ઘેર ઘેરાઈને રહેલી છે.**

### ભાવાર્થ

કોઈ એકના પ્રહારથી સામેની વ્યક્તિ વિશેષ પ્રહાર કરે. આમ અરસપરસ ઊલટા-સૂલટી વ્યવહારથી વેરવૃત્તિનો કદી પણ અંત આવી શકતો નથી. જેવી રીતે કાચિંડો (એક પ્રકારનો રંગ બદલતો સરડો) જ્યાં જાય ત્યાં તેવી જગ્યાએ (સ્થળે) તેવા જ પ્રકારનો રંગ બદલીને રહે છે કે જેથી તેને કોઈ સહેલાઈથી ઓળખી શકે નહીં અને પોતાનો ખોરાક (શિકાર) તે સરળતાથી પ્રાપ્ત કરી શકે. એવી જ રીતે દુશ્મનાવટવાળી વેરવૃત્તિ પણ સમય, સ્થળ અને સંજોગોને આધીન થઈને વેર લેવામાં ચૂકતી નથી. આ પ્રમાણે સહેલાઈથી આ વેરવૃત્તિ સંસારરૂપી શહેરની અંદર પ્રત્યેક ઘટો (દેહો) રૂપી ઘરમાં ઘેરાઈને રહેલી છે.

**તબીત જંત કોઉ દિન, પાય ક્યૌ નિજ કરતારન;**
**આદ્ય અંત બિનુ તંત, કંથ કરુણા જેહી કારન. ૨**

### શબ્દાર્થ

**તબીત** = તેથી જ, તેટલા માટે **જંત** = જીવ **કોઉ દિન** = કોઈક દિવસે **પાય** = પ્રાપ્ત કરે **ક્યૌ** = કેમ, કેવી રીતે **નિજ** = પોતાના, મૂળ, આદિ **કરતારન** = સર્જનહારન **આદ્ય** = આરંભથી, પ્રારંભથી

**અંત** = છેવટ **બિનુ** = સિવાય, વગર **તંત** = દેહ **કંથ** = માલિક **કરુણા** = કૃપા, કરુણા **જેહી** = જેઓ **કારન** = કારણ.

## અનુવાદ

**તેથી જ આદ્ય, અંત અને સ્વરૂપ (આકાર) સિવાયના માલિક કે જે કરુણેશ હોઈ સર્વના કારણરુપે રહેલા છે. તે નિજકર્તાને જીવો કેવી રીતે પ્રાપ્ત કરી શકશે ?**

## ભાવાર્થ

તે આદ્ય, અંત તેમજ રુપ-અરૂપથી પરે રહેલા માલિક છે કે જે તમામ પ્રકારની કરુણાઓના ઈશ (કરુણેશ) છે. તેમજ બ્રહ્માંડ સહિતની બધી જ ઉત્પત્તિ અને અંશના કારણરુપે રહેલા છે. એવા નિજ કૈવલકર્તાને આવી વૃત્તિ રાખનારા જીવો ક્યારેય પ્રાપ્ત કરી શકવાના નથી.

**અરુપ રુપ થકી ભિન્ન, ચિન જીનું ચકિત અલોકિત;**
**તેહી આપને કિરતાર, પાર નહીં વિનું વિલોકિત. ૩**

### શબ્દાર્થ

**અરુપ** = આકાર રહિત **રુપ** = આકાર **થકી** = થી **ભિન્ન** = જુદા, અલગ, તીત **ચિન** = ચિન્હો **જીનું** = જેઓના **ચકિત** = આશ્ચર્યજનક **અલોકિત** = અવલોકન કરતાં **તેહી** = તેવા **આપને** = આપણા **કિરતાર** = સર્જનહાર **પાર નહીં** = પાર પામી શકાય નહીં **વિનુ** = વગર, સિવાય **વિલોકિત** = વિલોકનથી, વર્ણન થકી.

## અનુવાદ

**વળી જે રુપ અરૂપથી ભિન્ન હોઈ જેમના ચિહ્નોનું અવલોકન કરવાથી આશ્ચર્યચકિત થવાય છે. તેવા આપણા સર્જનહાર, જેમનુ વિલોકન થકી પણ પાર પામી શકાય તેમ નથી.**

## ભાવાર્થ

સકર્તા સર્જનહાર રુપ અરૂપથી ભિન્ન છે. એટલે કે, તેમને રૂપવાળા કે અરૂપ પણ કહી શકાય તેમ નથી. વળી, તેઓ તત્ત્વાતીત છે. જેમના ચિહ્નો અવિલોકન

(વર્ણન) કરતાં પણ આપણે આશ્ચર્યચકિત થવાય તેવાં છે. તેમ છતાં જો અવિલોકન (વર્ણન) કરવા જઈએ તો પણ તેમનો પાર પામી શકાય તેમ નથી. એવા આપણા સૌના સર્જનહાર છે.

**જીવ શકે કીમુ જાય, દાવ કે દાવ વલે વિન;**
**એહી પરકારન જંત તત, બહુ ધરીત કુવેર ભિન્ન. ૪**

### શબ્દાર્થ

**જીવ** = જીવપણું **શકે** = શી રીતે **કીમુ** = કેવી રીતે **જાય** = જાય, દૂર થાય **દાવકે** = વારાનો **દાવ** = વારો, મોકો **વલે** = મળ્યા **વિન** = વિના **એહી પરકારન** = આ પ્રમાણે **જંત** = જીવો **તંત** = દેહ **બહુ** = બહુ, ઘણા **ધરીત** = ધારણ કરી **કુવેર** = કુવેરસ્વામી **ભિન્ન** = જુદા જુદા.

### અનુવાદ

**જીવોને કર્મોની માફીનો મોકો ન મળે તો જીવપણુ કેમ કરીને અને શી રીતે દૂર થાય ? એને લીધે જ કુવેરસ્વામી કહે છે કે જીવો ભિન્ન ભિન્ન પ્રકારના દેહો ધારણ કરે છે.**

### ભાવાર્થ

કરોડ કલ્પોથી દેહમાં ભટકતા સામાન્ય અંશોને મહામોંઘો માનવદેહનો મોકો ન મળે અને વળી તેમાંય જો કોઈ કર્મોને માફ કરનાર સમર્થ ગુરુનું શરણ ન મળે તો જીવોનું જીવપણું કેમ કરીને અને કેવી રીતે દૂર થાય? બાલકુવેરસ્વામી કહે છે કે તેને લીધે જ જીવો ભિન્ન ભિન્ન પ્રકારના (વિવિધ) ઘાટ ધારણ કરીને જન્મ-મરણનું અસાધ્ય દુ:ખ ભોગવ્યા કરે છે.

## છપ્પા - ૯૫

**યૌ જગ જીવ જડાક, તાક તન ધરીત દાવ કજ;**
**હોવે ન અદલ હિસાબ, જબાપ બિનું દીયે ન રજ તજ. ૧**

### શબ્દાર્થ

**યૌ** = આ રીતે **જગ જીવ** = જગતના જીવો **જડાક** = જડ જેવા, અજ્ઞાની **તાક** = લાગ, ધ્યેય, નેમ, તાકવું **તન** = શરીર, દેહ, ઘાટ **ધરીત** = ધારણ કરીને **દાવ** = બદલો **કજ** = કાજે, કારણે **હોવે** = થાય **ન** = નહીં **અદલ** = સંપૂર્ણ, પૂરેપૂરા **હિસાબ** = લેણ-દેણનો સરવાળો **જબાપ** = જવાબ, પ્રતિ ઉત્તર **બિનું** = વિના, સિવાય **દીયે** = આપવા **ન** = નહીં **રજ-તજ** = રજેરજનો, પ્રત્યેક કર્મોનો.

### અનુવાદ

**આ રીતે જગતના અજ્ઞાની જીવો બદલાને કારણે દેહ ધારણ કરીને પોતાનો ધ્યેય પૂરો કરે છે, તેમ છતાં તેમનાં સંપૂર્ણ લેણ-દેણનો હિસાબ પુરો થતો નથી.**

### ભાવાર્થ

આ પ્રમાણે જગતના અજ્ઞાની જીવો કર્મોને ભોગવવાના અને તેના બદલામાં દેહ ધારણ કરવાનો જે નેમ (નિયમ) છે તે પૂરો કરે છે. તેમ છતાં સંચિત કર્મો પૂરેપૂરો એક જ જન્મમાં ભોગવતાં તેનો અંત આવતો નથી. આમ નવાં નવાં કર્મો થતાં રહેતાં હોવાથી તેનો બદલો ભોગવવા છતાં કદી પણ અંત આવતો નથી. અર્થાત્ કર્મોનો હિસાબ કદી પૂરો થતો નથી.

**તેહી અદલકો ફદલ, કરન ગુરુ પરમ વિશેષણ;**
**પીછે મગે નહીં જીવ દાય, ગુરુ દેખી વિશેષણ. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **અદલકો** = બદલાને **ફદલ** = માફ, મુક્ત, નષ્ટ, ફના, નાશ **કરન** = કરવા **ગુરુ પરમ** = પરમગુરુ **વિશેષણ** = વિશેષ (ખાસ પ્રકારના, ઉત્કૃષ્ટ, પરમશ્રેષ્ઠ) **પીછે** = ત્યારબાદ, પછીથી **મગે** = માર્ગે, માગે **નહીં** = નહીં, રસ્તો નહીં **જીવ** = જીવ **દાય** = દયા, કૃપા **ગુરુ** = ગુરુની **દેખી** = દેખીને **વિશેષણ** = મહાન, અધિપતિ.

### અનુવાદ

**તેથી પરમ વિશેષ પરમગુરુ બાકીના ગુનાઓ માફ કરનારા છે, ત્યારબાદ ગુરુના આધિપત્યને (મોભો, અધિકતા) જોઈને તેમની કૃપા પ્રાપ્ત કરી જીવો ખોટે માર્ગે નહીં જાય.**

### ભાવાર્થ

તેથી પરમગુરુ પરમવિશેષ પાટવી અંશ હોવાથી અને સર્જનહારે તેમને સોંપેલા અધિકારના રૂએ જીવોના બાકી રહેલા તમામ ગુના (અપરાધો) માફ કરીને મુક્ત કરી દે છે. ત્યારબાદ અંશોના અધિપતિ એવા દિવ્ય પરમગુરુના દર્શનથી અને તેમની કૃપા પ્રાપ્ત કરીને જીવોને કર્મો ભોગવવાના માર્ગે જવું પડતું નથી. એટલે કે, એક વખત તેમની કૃપાથી કૈવલધામમાં અંશ ગયા પછી તે અંશને બ્રહ્માંડમાં જન્મ-મરણ ભોગવવા કદીપણ આવવું પડતું નથી.

**માટે પરમગુરુ શરણ, જાય તો તુરત નિવારેહુ;**
**કૈવલ પદ પરસાય તાય, કરીતવ ભવ પારેહુ. ૩**

#### શબ્દાર્થ

**માટે** = માટે **પરમગુરુ** = પરમગુરુના **શરણ** = શરણે **જાય તો** = જવાથી, જાય તો **તુરત** = તરત જ **નિવારેહુ** = દૂર કરે, ટાળી દે, નાશ કરે **કૈવલ પદ** = કૈવલકર્તાનું પરમપદ **પરસાય** = સ્પર્શ કરી શકાય, મેળાપ થાય **તાય** = તેઓને **કરીતવ** = કરાવે **ભવ પારેહુ** = ભવસાગર પાર, જન્મ-મરણમાંથી મુક્ત.

### અનુવાદ

**માટે પરમગુરુના શરણમાં જો કોઈ જાય તો તેનું તરત નિવારણ થાય. ઉપરાંત તેઓને કૈવલપદનો સ્પર્શ કરાવીને (મેળાપ કરાવીને) ભવસાગર પાર કરાવશે.**

### ભાવાર્થ

માટે કરુણાઓના સાગર એવા પરમગુરુના શરણમાં જે કોઈ મુમુક્ષુ જાય તો તેઓ તેનાં સંચિત કર્મોના ગુનાઓને માફી બક્ષીને નિષ્કામ બનાવશે. આમ અંશને જન્મ-મરણનું ભોગવવું પડતું મહાન સંકટ દૂર થશે. એ માટે તેઓ (દિવ્ય પરમગુરુ)

અંશોને સકર્તા સર્જનહાર જ્યાં બિરાજમાન છે, તેવા તત્ત્વાતીત અજર, અમર, અખંડ અને અવિનાશી એવા કૈવલધામમાં પહોંચાડશે. પરિણામે પંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત થશે. આ પ્રમાણે અંશ સદાને માટે હંસ સ્વરૂપે કૈવલકર્તાના સાંનિધ્યમાં રહીને પરમ સચ્ચિદાનંદનો આનંદ માણી શકાશે.

**અચલ કરે અનભેવ, દેવુકે દેન મિટાઈત;**
**નિજપદ પાય અખેવ, કુવેર ફેરી આયત નહીં ઈત. ૪**

**શબ્દાર્થ**

**અચલ** = અચળ, ફરી ચલાયમાન ન થવું પડે તે રીતે **કરે** = કરે **અનભેવ** = નિર્ભય, ભય રહિત, કાળ-માયાના ભયથી મુક્ત **દેવુકે** = દેવાના, સંચિત કર્મોના બાકી રહેલા **દેન** = ઋણ, દેવું **મિટાઈત** ઋણ મીટાવે, મટાડે, માફી આપે **નિજપદ પાય** = નિજપદ પ્રાપ્ત કરે **અખેવ** = અખંડ **કુવેર** = કુવેરસ્વામી **ફેરી** = ફરીથી **આયત** = આવે **નહીં** = નહીં **ઈત** = અહીં, મૃત્યુલોકમાં, બ્રહ્માંડમાં.

**અનુવાદ**

**સંચિત કર્મોનું જે દેવું છે તેને માફ કરીને ભય રહિત અને અચળ એવા નિજપતિનું અખંડ સુખ પ્રાપ્ત કરાવે છે. કુવેરસ્વામી કહે છે કે પછી ફરીથી અંશને પાછું બ્રહ્માંડમાં આવવું પડતું નથી.**

**ભાવાર્થ**

સ્થાવર-જંગમ ઘાટમાં રહેલા દરેક અંશોને કરોડો કલ્પોથી દેહમાં ભટકવાનું અને નવા નવા કર્મોનો બદલો ભોગવવા માટે બીજા દેહમાં ભટકવાનું ચાલુ જ રહે છે. જ્યારે દુર્લભ માનવ ઘાટ મળે અને જીવ પરમગુરુના શરણમાં જાય તો તેઓ સંચિત કર્મોનું દેવું માફ કરીને અંશને જન્મ-મરણના ભયમાંથી મુક્ત કરી નિર્ભયતા બક્ષે છે. બાલકુવેર સ્વામી કહે છે કે એવા ભાગ્યવંત અંશને તેઓ અચળ એવા નિજપતિનો મેળાપ કરાવીને પંચમી અખંડ કૈવલમુક્તિ આપે છે. ત્યારબાદ સકર્તા સર્જનહાર સાથે મેળાપ કરાવે છે. પરિણામે આવા અંશોએ દેહ ધારણ કરીને ફરી પાછું બ્રહ્માંડમાં આવવું પડતું નથી.

# છપ્પા ૯૬

**સક્તમણિ વિજ્ઞાન દિપ, જીનું હરદે પ્રકાશિત;**
**અવિરલ અંગ અંધેર, દેખ તીનું જાય પલાઈત. ૧**

**શબ્દાર્થ**

**સક્તમણિ વિજ્ઞાન દીપ** = વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથ **જીનું** = જેના **હરદે** = હૃદયમાં **પ્રકાશિત** = પ્રકાશ થશે, પ્રકાશ કરશે **અવિરલ** = સદાને માટે, નિત્ય **અંગ** = શરીરના **અંધેર** = અજ્ઞાન રુપ અંધકાર **દેખ** = દેખીને **તીનું** = તેના **જાય** = જાય, દૂર થાય **પલાઈત** = પળમાં, પળમાં પલાયન થાય, દૂર થાય.

**અનુવાદ**

**વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથના જ્ઞાનનો જેના હૃદયમાં પ્રકાશ થશે તેનું સદાને માટે અજ્ઞાન રુપ અંધકાર સહેજમાં દૂર થઈ જશે.**

**ભાવાર્થ**

'વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથ' એ અલૌકિક જ્ઞાનનો દિપક સમાન ગ્રંથ છે. જે કોઈ મુમુક્ષુના હૃદયમાં તે ગ્રંથના જ્ઞાનનો પ્રકાશ થાય તો તેવા ભાગ્યવંત માનવીના જીવનમાં સદાને માટે તેમના હૃદયમાં રહેલો અજ્ઞાનરૂપ અંધકાર નષ્ટ થાય છે.

**અનુભવ જીમે અપુર, ચૂર ચૂર કરીત લહે લખ;**
**ગૂઢ ગમગતિ અનંત, ચિત્તવિત્ત ચવે કુવેર મુખ. ૨**

**શબ્દાર્થ**

**અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **જીમે** = જેમાં **અપુર** = પારાવાર, અપાર **ચૂરચૂર** = ચૂરેચૂરા **કરીત** = કરીને **લહે** = ઓળખે, જાણે, સમજે **લખ** = લક્ષ, જ્ઞાન **ગૂઢ** = ગૂઢાર્થ ભરેલી **ગમગતિ** = જ્ઞાનની સમજ **અનંત** = અંત સિવાયની, અંત વગરની **ચિત્તવિત્ત** = ચિત્તવનના વિત્તથી **ચવે** = જાણે, બોલે, મળે **કુવેર** = કુવેરસ્વામીના **મુખ** = મુખથી.

### અનુવાદ

**કુવેરસ્વામી સ્વ-મુખાર્વિંદથી આશીર્વચન આપે છે કે આ લક્ષને ચૂરેચૂરા કરીને જે સમજે તેને અપાર અનુભવ પ્રગટે છે. વળી ચિત્તના ચિંતવનથી (ચિંતનથી) વિત્તરૂપ અપાર ગૂઢાર્થ ભરેલી જ્ઞાનગતિ પ્રાપ્ત થાય છે.**

### ભાવાર્થ

બાલકુવેરસ્વામી પોતાના મુખથી આશીર્વચન આપતાં જણાવે છે કે મુમુક્ષુ માનવોએ આ ગ્રંથમાં દર્શાવેલા ગૂઢાર્થથી ભરપૂર જ્ઞાનને ખૂબ જ બારીકાઈથી સમજવાની જરૂર છે. તેમાં દર્શાવેલ તાત્પર્યને શબ્દાર્થ સહિત સમજીને મુલવણી કરવી જોઈએ. આ પ્રમાણે જેઓ યથાર્થ રીતે સમજશે તો તેવા ભાગ્યવાન માનવના હૃદયમાં જ્ઞાનનો ઉદય અવશ્ય થશે. (આમ અજ્ઞાન રુપ અંધકાર દૂર થતાં જ આત્મ-કલ્યાણનો માર્ગ પ્રકાશિત થશે અને નિજ ઘેર સરળતાથી પહોંચી શકાશે.)

# વિજ્ઞાન સક્તમણિ દીપ ગ્રંથ સંપૂર્ણ

## સત્ કૈવલ સાહેબ

## સત્ કૈવલ પરમાત્મા

# ચોપાઈ અનુસુચી


| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| | ૐ | | |
| ૐ નમો નિરવાણ જાણ તે... | છપ્પા ૧ | ૧ | ૧ |
| | અ | | |
| અચલ કરે અનભેવ... | છપ્પા ૯૫ | ૪ | ૨૯૪ |
| અરુપ રુપ થકી ભિન્ન... | છપ્પા ૯૪ | ૩ | ૨૯૦ |
| અબ બાકી કીનું કોય... | છપ્પા ૩૧ | ૧ | ૯૭ |
| અબ તુમ દીયો જો કોલ... | છપ્પા ૩૦ | ૪ | ૯૫ |
| અબ તુમ કરો વિચાર... | છપ્પા ૮૨ | ૪ | ૨૫૫ |
| અબ જન ડરપે માત... | છપ્પા ૪૩ | ૨ | ૧૩૪ |
| અબ ઉચરત મોઈ વાણ્ય... | છપ્પા ૩૬ | ૧ | ૧૧૨ |
| અવનિ તેજ નભ તોય... | છપ્પા ૭૫ | ૧ | ૨૩૨ |
| અકલ કળી નવ જાય... | છપ્પા ૬૭ | ૨ | ૨૦૮ |
| અનવે કૈવલ અંશ... | છપ્પા ૧૩ | ૪ | ૪૪ |
| અનીન થઈ અનુચિત્ત... | છપ્પા ૮૭ | ૧ | ૨૬૮ |
| અનુભવ જીમે અપુર... | છપ્પા ૯૬ | ૨ | ૨૯૫ |
| અહો ધન્ય તુમ મોય... | છપ્પા ૩૧ | ૨ | ૯૭ |
| અહો ધન્ય જીનું ભાગ્ય... | છપ્પા ૯૧ | ૪ | ૨૮૨ |
| અહોનિશ કરત વિલાસ... | છપ્પા ૧૮ | ૩ | ૫૯ |
| અલ્પજ્ઞે ઈશ અનિત... | છપ્પા ૮૪ | ૨ | ૨૫૯ |
| અવિભુગતા અવિનાશ... | છપ્પા ૪ | ૧ | ૧૨ |
| અવિગત મેરી મુરત... | છપ્પા ૪૩ | ૪ | ૧૩૬ |
| અતિ અપરબલ યેહ... | છપ્પા ૬૧ | ૩ | ૧૯૧ |
| અતિ અપરંપર જેહ ગેહ... | છપ્પા ૮૮ | ૨ | ૨૭૧ |
| અતિ આક્રાંત શકત વિભૂતિનકી... | છપ્પા ૩૯ | ૨ | ૧૨૨ |
| અજપદ ને કૈલાસ... | છપ્પા ૬૨ | ૨ | ૧૯૩ |
| અજર અમર ઘર માંહાંય... | છપ્પા ૮૭ | ૩ | ૨૬૯ |
| | આ | | |
| આપની સરજીત સૃષ્ટ... | છપ્પા ૪૨ | ૧ | ૧૩૧ |
| આત્મ તત્ત્વ અનુપ... | છપ્પા ૭૧ | ૧ | ૨૨૦ |
| આત્મ અરક ઉદ્યોત... | છપ્પા ૫૭ | ૩ | ૧૭૯ |

| | | | |
|---|---|---|---|
| આન્ય સકલ સબ સંત... | છપ્પા ૪૭ | ૧ | ૧૪૬ |
| આસન કિયેહુ બાગ લાગ... | છપ્પા ૨૪ | ૪ | ૭૮ |
| આગે જ્યૌં ગુરુદેવ... | છપ્પા ૪૭ | ૨ | ૧૪૬ |
| આયે નારદ તહાંય... | છપ્પા ૫૪ | ૨ | ૧૬૯ |
| આંન્ય દેવ ઝાડુ કરે... | છપ્પા ૬ | ૩ | ૨૦ |
| આંન્યહી ધરમ અનેક... | છપ્પા ૧૭ | ૨ | ૫૫ |

ઈ

| | | | |
|---|---|---|---|
| ઈંડ ઈંડ પ્રત્યક્ષ | છપ્પા ૫૦ | ૧ | ૧૫૬ |

ઊ

| | | | |
|---|---|---|---|
| ઊઠી તુરત તેહી વાર... | છપ્પા ૨૫ | ૨ | ૭૯ |

ઉ

| | | | |
|---|---|---|---|
| ઉત્તમ મધ્યમમાંહી... | છપ્પા ૫૮ | ૩ | ૧૮૨ |
| ઉપર સર્વસે સોય... | છપ્પા ૪૫ | ૨ | ૧૪૦ |
| ઉપન્યે આપો આપ... | છપ્પા ૧૯ | ૩ | ૬૨ |
| ઉર માયા લપટાય... | છપ્પા ૪૪ | ૩ | ૧૩૮ |
| ઉગે અનુભવ વૃક્ષ... | છપ્પા ૧૮ | ૧ | ૫૮ |

એ

| | | | |
|---|---|---|---|
| એ માયા દઈ વાત... | છપ્પા ૬૬ | ૧ | ૨૦૫ |
| એ માયાનાં ચીન... | છપ્પા ૬૯ | ૩ | ૨૧૫ |
| એ માયાનો સંગ... | છપ્પા ૬૧ | ૧ | ૧૯૦ |
| એ સબ તત્ત્વ ટટોર... | છપ્પા ૮૦ | ૨ | ૨૪૭ |
| એ સંશે સુધ હોય... | છપ્પા ૩ | ૧ | ૮ |
| એ નિશ્ચે નિરધાર | છપ્પા ૧૫ | ૧ | ૪૯ |
| એક પતિકે અંશ વંશ... | છપ્પા ૯૨ | ૪ | ૨૮૫ |
| એક તો મુખ મંજન કરે... | છપ્પા ૬ | ૨ | ૧૯ |
| એક દિન કરનકુ સહેલ... | છપ્પા ૨૫ | ૧ | ૭૯ |
| એકુ ન વસ્ત અજાણ... | છપ્પા ૧૬ | ૨ | ૫૨ |
| એતની કહી ગદ્ કંઠ થઈ... | છપ્પા ૩૩ | ૨ | ૧૦૩ |
| એતના છે ફેરફાર... | છપ્પા ૧૭ | ૩ | ૫૬ |
| એહી પરકારન યાર... | છપ્પા ૭૭ | ૧ | ૨૩૮ |
| એહી તત્ત્વ ચોવીસ... | છપ્પા ૬૮ | ૪ | ૨૧૩ |
| એહી સમ કે સમ એહ... | છપ્પા ૮૯ | ૪ | ૨૭૬ |
| એહી સબ વદે વચન... | છપ્પા ૯૧ | ૧ | ૨૮૦ |
| એહી સબ અંતઃકરણ... | છપ્પા ૭૮ | ૨ | ૨૪૧ |

| | | | |
|---|---|---|---|
| એહી વિધ જુગ અનંત... | છપ્પા ૫૧ | ૩ | ૧૬૦ |
| એહી વિધિ કરી કરાર સાર... | છપ્પા ૩૩ | ૪ | ૧૦૫ |
| એહી વિધિકે ગુરુ પરમ... | છપ્પા ૮૯ | ૩ | ૨૭૫ |
| એહી વિધિકે અનુકરમ... | છપ્પા ૯૩ | ૪ | ૨૮૮ |
| એહી વિધિ કરત કલોલ | છપ્પા ૭૨ | ૪ | ૨૨૫ |

**ઓ**

| | | | |
|---|---|---|---|
| ઓહંગ સોહંગ દોલંગ... | છપ્પા ૧ | ૩ | ૨ |

**અં**

| | | | |
|---|---|---|---|
| અંધી દુની અચેત... | છપ્પા ૮૩ | ૧ | ૨૫૬ |
| અંતઃકરણ નેતિ કર ઉલટીત... | છપ્પા ૭૮ | ૩ | ૨૪૨ |
| અંતઃકરણને વેદ... | છપ્પા ૭૯ | ૧ | ૨૪૪ |
| અંશ વસાવન ઈચ્છ... | છપ્પા ૪૯ | ૨ | ૧૫૨ |

**ક**

| | | | |
|---|---|---|---|
| કરુ વિક્ષાત જગત વિગત્ય... | છપ્પા ૨૧ | ૪ | ૬૮ |
| કરું સ્તુતિ તાય લાય... | છપ્પા ૪૭ | ૩ | ૧૪૭ |
| કરનન તીનુ નીરુપ... | છપ્પા ૭૮ | ૧ | ૨૪૧ |
| કરે પૂજા જન પાટ... | છપ્પા ૬૬ | ૨ | ૨૦૫ |
| કરી કલકાઈન કટક લેઈ... | છપ્પા ૨૭ | ૩ | ૮૬ |
| કરી જમાડે જગન... | છપ્પા ૬૨ | ૪ | ૧૯૫ |
| કરીત કરામલ ખોજ પ્રોજ... | છપ્પા ૪૧ | ૨ | ૧૨૮ |
| કરીત તોલ અહંકાર... | છપ્પા ૭૯ | ૩ | ૨૪૫ |
| કરીત યોગ તજી ભોગ... | છપ્પા ૨૨ | ૪ | ૭૧ |
| કર્તા સંબંધ વિભૂત હુત... | છપ્પા ૩૮ | ૧ | ૧૧૯ |
| કસણી કસે કરાલ... | છપ્પા ૧૩ | ૨ | ૪૨ |
| કહી દિન એહી વિધિ... | છપ્પા ૫૦ | ૩ | ૧૫૭ |
| કહે હુતે કલ્યાણ | છપ્પા ૩૦ | ૧ | ૯૪ |
| કહે જે ફોડન તબક... | છપ્પા ૯૦ | ૨ | ૨૭૭ |
| કહુ ચારુના કામ... | છપ્પા ૬૯ | ૧ | ૨૧૪ |
| કહુ કલા કર નામ... | છપ્પા ૩૫ | ૪ | ૧૧૦ |
| કહું સામ્રથની સહાય... | છપ્પા ૫ | ૧ | ૧૬ |
| ક્યા બરનું મુખ એક... | છપ્પા ૩૨ | ૨ | ૧૦૦ |
| ક્યાં ઠરાયે અંત... | છપ્પા ૫૪ | ૪ | ૧૭૦ |
| કયે મેરે સુત સાટ... | છપ્પા ૨૧ | ૨ | ૬૭ |
| કથ્યો આપ અહંમેવ... | છપ્પા ૫૩ | ૪ | ૧૬૭ |
| કીન ઉત્તમ સુચીતાઈ... | છપ્પા ૫૮ | ૪ | ૧૮૩ |

| | | | |
|---|---|---|---|
| કિયો ભોજન ભાગવંત... | છપ્પા ૫૬ | ૪ | ૧૭૭ |
| કિયે જંગ જુધ જોર સોર... | છપ્પા ૨૭ | ૪ | ૮૭ |
| કેતે પાયે પાર... | છપ્પા ૫૧ | ૪ | ૧૬૧ |
| કૈવલ અંશ સફૂર... | છપ્પા ૧૨ | ૧ | ૩૯ |
| કોઈ નહીં કલ્યાણ... | છપ્પા ૮૦ | ૩ | ૨૫૧ |
| કોટિ કલપ પરજંત... | છપ્પા ૧૯ | ૨ | ૬૧ |
| કંદલી કંદવત રાંમા... | છપ્પા ૬૪ | ૨ | ૧૯૯ |
| **ખ** | | | |
| ખટ શાહાસ્ત્ર લઈ આદ્ય... | છપ્પા ૧૦ | ૨ | ૩૨ |
| ખેલે ખ્યાલે અલખ... | છપ્પા ૧૨ | ૪ | ૪૧ |
| **ગ** | | | |
| ગગન ઘટા થઈ વીજ... | છપ્પા ૬૦ | ૩ | ૧૮૮ |
| ગુરુ બિન જંત અનંત... | છપ્પા ૯૨ | ૧ | ૨૮૩ |
| ગૌલોકમેં જે હોય પતિ... | છપ્પા ૬૦ | ૨ | ૧૮૭ |
| **ઘ** | | | |
| ઘટે નહીં અણુ એક... | છપ્પા ૭૧ | ૨ | ૨૨૦ |
| **ચ** | | | |
| ચતુર મુક્તકો ભેવ... | છપ્પા ૬૬ | ૪ | ૨૦૭ |
| ચાવે મુખમાં બોઈ... | છપ્પા ૬૧ | ૪ | ૧૯૨ |
| ચાર વેદ પહેચાનકે... | છપ્પા ૫૩ | ૧ | ૧૬૫ |
| ચૈતનવૃત્તિ વિરામ પામી... | છપ્પા ૭ | ૪ | ૨૪ |
| ચિત્ત ચંચલ તેહી વખત... | છપ્પા ૨૬ | ૨ | ૮૨ |
| ચિત્તવનથી મન હોય... | છપ્પા ૬૯ | ૨ | ૨૧૪ |
| ચિત્તકે લેઈ ચિત્તવન... | છપ્પા ૭૯ | ૨ | ૨૪૪ |
| ચૈતન કૈવલ અંશ... | છપ્પા ૭૨ | ૨ | ૨૨૩ |
| **છ** | | | |
| છવે નિરાલે સુરત... | છપ્પા ૧૪ | ૪ | ૪૮ |
| છૂટ શકે નહીં વેર... | છપ્પા ૯૪ | ૧ | ૨૮૯ |
| છૂટ્યો પાશ પુરાણ... | છપ્પા ૫૬ | ૨ | ૧૭૫ |
| છૂટે સકલ અંદેશ... | છપ્પા ૪૮ | ૨ | ૧૪૯ |
| છે તહારુ તમ આપ... | છપ્પા ૫ | ૨ | ૧૬ |
| છે એહેવો મહિમાય... | છપ્પા ૧૬ | ૩ | ૫૩ |
| છેહેલી સમજણ એહ વેહ... | છપ્પા ૧૪ | ૧ | ૪૬ |

જ


| | | | |
|---|---|---|---|
| જપ તપ સાધન સોય… | છપ્પા ૬૭ | ૩ | ૨૦૯ |
| જબ લીને શિર કાટ… | છપ્પા ૨૮ | ૧ | ૮૮ |
| જબ દો દીનકી કહેણ્ય… | છપ્પા ૮૦ | ૨ | ૨૫૦ |
| જબ સંતન કીરપાલ… | છપ્પા ૫૫ | ૩ | ૧૭૩ |
| જબ જેહી તેહી પરકાર… | છપ્પા ૩૨ | ૩ | ૧૦૧ |
| જબતે આપને આપ… | છપ્પા ૭૬ | ૪ | ૨૩૭ |
| જબતે આગુ કરન ઇન્દ્રિ… | છપ્પા ૭૭ | ૩ | ૨૩૯ |
| જબતે અંશ સજાત… | છપ્પા ૭૬ | ૨ | ૨૩૫ |
| જબતે એહી જન સકલ… | છપ્પા ૭૫ | ૪ | ૨૩૪ |
| જદપી રહેત ભવ ફરક… | છપ્પા ૮૬ | ૧ | ૨૬૫ |
| જહાં લ્યૌ જીન જીન સાર… | છપ્પા ૪૮ | ૪ | ૧૫૧ |
| જહાં જમ જેવી સમજ… | છપ્પા ૬૬ | ૩ | ૨૦૬ |
| જહાં જમ જેહેવી જૂક્ત… | છપ્પા ૧૨ | ૩ | ૪૦ |
| જાતે સકલ ભવ વિકલ… | છપ્પા ૮૦ | ૪ | ૨૫૨ |
| જાતે સકલ જાહાંન… | છપ્પા ૨૪ | ૧ | ૭૬ |
| જાગ્રત જન નહીં જહાંય… | છપ્પા ૯૦ | ૩ | ૨૭૮ |
| જાંહાં લગ અંતઃકરણ… | છપ્પા ૮૦ | ૧ | ૨૪૭ |
| જોગી તાંહ જોગાંણ્ય… | છપ્પા ૫૯ | ૩ | ૧૮૫ |
| જોગીને જંગમ ગમ… | છપ્પા ૬૧ | ૨ | ૧૯૦ |
| જીવ ધાવે શિવ સોય… | છપ્પા ૫૧ | ૨ | ૧૫૯ |
| જીવ શકે કીમુ જાય… | છપ્પા ૯૪ | ૪ | ૨૯૧ |
| જીનકે જેહી વૈભાગ… | છપ્પા ૭૫ | ૨ | ૨૩૨ |
| જુગ જીવન જે વસ્ત… | છપ્પા ૪૬ | ૧ | ૧૪૩ |
| જુગતી જોગ અષ્ટાંગ… | છપ્પા ૬૮ | ૧ | ૨૧૧ |
| જુઓ માયાના ખેલ… | છપ્પા ૬૩ | ૩ | ૧૯૭ |
| જે વાણી નિરવાણ… | છપ્પા ૧૦ | ૧ | ૩૨ |
| જે અનુકરમે જક્ત વ્યક્ત… | છપ્પા ૩ | ૨ | ૮ |
| જેતી ભર જુગ જાણ્ય… | છપ્પા ૮૧ | ૧ | ૨૫૦ |
| જેહી પદારથ પરમેશ… | છપ્પા ૭૭ | ૨ | ૨૩૮ |
| જેહી તુમસે હમ કીન… | છપ્પા ૨૯ | ૪ | ૯૩ |
| જેહી નિશ્ચે નિર્લેપ… | છપ્પા ૮૮ | ૪ | ૨૭૩ |
| જેહેણી થઈ જુગમાંહી… | છપ્પા ૫૮ | ૧ | ૧૮૧ |
| જયૌ ચક્ષુ સૂરવંશ… | છપ્પા ૭૪ | ૨ | ૨૨૯ |
| જયૌં બાલીનાં બાલ… | છપ્પા ૬૨ | ૩ | ૧૯૪ |
| જયૌ રબેકરાનો તાર… | છપ્પા ૭૦ | ૨ | ૨૧૭ |
| જયૌં સસુ વિછરે માત… | છપ્પા ૮૨ | ૧ | ૨૫૩ |
| જયાંહાં લગી જનની વિછોય… | છપ્પા ૮૨ | ૨ | ૨૫૩ |

**ડ**

| | | | |
|---|---|---|---|
| ડસીયો બાલા સકલ... | છપ્પા ૬૭ | ૪ | ૨૧૦ |

**ન**

| | | | |
|---|---|---|---|
| નર નામે હરદેવ... | છપ્પા ૨૩ | ૧ | ૭૩ |
| નહીં ખાકું કોઈ શીશ... | છપ્પા ૭૦ | ૪ | ૨૧૯ |
| નહીં પરસન પ્રિછંન... | છપ્પા ૨ | ૪ | ૭ |
| નહીં ધે ધરવા ગ્રંથ... | છપ્પા ૧ | ૪ | ૩ |
| નહીંતર તો નિજ નિગમ... | છપ્પા ૭૯ | ૪ | ૨૪૫ |
| નાખે ફોરી ભંડ કાંડ... | છપ્પા ૫૫ | ૪ | ૧૭૪ |
| નાખ્યા હાથ પસાર... | છપ્પા ૬૩ | ૨ | ૧૯૬ |
| નાશા ઈન્દ્રિ ભોમ... | છપ્પા ૭૪ | ૩ | ૨૩૦ |
| નેતિ કહણ કી નેટ... | છપ્પા ૩૬ | ૪ | ૧૧૪ |
| નેતિ નેતિ પર સદન... | છપ્પા ૮૭ | ૪ | ૨૭૦ |
| નિધ ઝલકણ ચિદ્ભાસ... | છપ્પા ૪ | ૩ | ૧૩ |
| નિરંજન ભરહી નિર ધિર... | છપ્પા ૬ | ૪ | ૨૧ |
| નિગમ ચાર વિસ્તાર... | છપ્પા ૫૨ | ૨ | ૧૬૩ |
| નિજાનંદ કૈવલ પદ... | છપ્પા ૭ | ૩ | ૨૩ |
| નિજ આપુ અહંમેવ... | છપ્પા ૧૩ | ૨ | ૪૨ |
| નિજ અનુભવ નહીં હંગ... | છપ્પા ૮૩ | ૨ | ૨૫૬ |
| નિજકે નહીં કીનું નેન... | છપ્પા ૮૪ | ૩ | ૨૬૦ |
| નિજગમ કરી નવેર... | છપ્પા ૪૨ | ૩ | ૧૩૨ |
| નૈન વદન વિકરાલ... | છપ્પા ૬૫ | ૩ | ૨૦૩ |
| ન્યાય મુકર કરલાય... | છપ્પા ૪૨ | ૪ | ૧૩૩ |

**ત**

| | | | |
|---|---|---|---|
| તત્ત્વ ખટદશ પંચ... | છપ્પા ૬૮ | ૩ | ૨૧૨ |
| તબ જ્ઞાનીતા જીવ શિવ... | છપ્પા ૩ | ૩ | ૯ |
| તબ પલટું તન વેશ... | છપ્પા ૪૩ | ૩ | ૧૩૫ |
| તબ બોલી તેહી માત... | છપ્પા ૩૦ | ૨ | ૯૪ |
| તબ ઈશ્વરને તાસ... | છપ્પા ૫૪ | ૧ | ૧૬૯ |
| તબ કરહી ગુરુ પરમ... | છપ્પા ૮૭ | ૨ | ૨૬૮ |
| તબ તે ખાલી ખલક... | છપ્પા ૮૨ | ૩ | ૨૫૪ |
| તબ તેહી તનકે નેંન... | છપ્પા ૭૬ | ૩ | ૨૩૬ |
| તબ નારદ નરભેવ... | છપ્પા ૫૫ | ૨ | ૧૭૨ |
| તબ જીનુકુ કલ્યાણ કરન... | છપ્પા ૮૬ | ૩ | ૨૬૬ |
| તબીત જંત કોઉ દિન... | છપ્પા ૯૪ | ૨ | ૨૮૯ |

| | | | |
|---|---|---|---|
| તબતે સકલ જહાંન... | છપ્પા ૮૦ | ૪ | ૨૪૮ |
| તબતે આપનું આપ... | છપ્પા ૭૩ | ૩ | ૨૨૭ |
| તબત્યે કરી કટાક્ષ... | છપ્પા ૨૫ | ૪ | ૮૦ |
| તબત્યે દિયે હુકમ આવન... | છપ્પા ૨૪ | ૨ | ૭૬ |
| તદપી પરમગુરુ જ્ઞાન... | છપ્પા ૯૦ | ૧ | ૨૭૭ |
| તદપી પરમગુરુ આદ્ય... | છપ્પા ૮૫ | ૩ | ૨૬૩ |
| તદપી ત્હોય ક્યાંહા પાય... | છપ્પા ૩૧ | ૪ | ૯૮ |
| તદીપ આય તન ધાર... | છપ્પા ૪૨ | ૨ | ૧૩૧ |
| તદપિ લિયે તીનુ માગ્ય... | છપ્પા ૨૬ | ૧ | ૮૨ |
| તન તનસે કરે પ્રીત... | છપ્પા ૮૩ | ૩ | ૨૫૭ |
| તહાં તુમહી વિપુ ધાર... | છપ્પા ૨૮ | ૪ | ૯૦ |
| તા પખે વરકણ નાંહી... | છપ્પા ૩ | ૪ | ૧૦ |
| તા તનકે કહુ તત્ત્વ... | છપ્પા ૬૮ | ૨ | ૨૧૧ |
| તા દિનકી કહું સોય... | છપ્પા ૨ | ૧ | ૫ |
| તાકી સબ ઘટ ચલક... | છપ્પા ૫ | ૩ | ૧૭ |
| તાકા કહુ મેં બાલ... | છપ્પા ૪૯ | ૩ | ૧૫૩ |
| તાતે સહુ સંસાર... | છપ્પા ૫૭ | ૨ | ૧૭૮ |
| તીન કુલકી જેહી વૈશ... | છપ્પા ૨૮ | ૩ | ૮૯ |
| તીનમેં તીન તબીત... | છપ્પા ૯૩ | ૧ | ૨૮૬ |
| તીનકો કરે નિવાહ... | છપ્પા ૩૨ | ૪ | ૧૦૨ |
| તીનકે લક્ષ નિરુપ... | છપ્પા ૭૬ | ૧ | ૨૩૫ |
| તીનકે કરન નવેર અંશ... | છપ્પા ૩૭ | ૪ | ૧૧૮ |
| તીનસે ધરીત મનોજ... | છપ્પા ૮૩ | ૪ | ૨૫૮ |
| તીનસે કરીત મેલાય... | છપ્પા ૮૬ | ૪ | ૨૬૭ |
| તીનસે રહુ સફુર નૂર... | છપ્પા ૩૪ | ૪ | ૧૦૮ |
| તીનુ ચલી પડનાલ જાલ... | છપ્પા ૮૫ | ૨ | ૨૬૨ |
| તો દરસે હોય જમ... | છપ્પા ૧૩ | ૩ | ૪૩ |
| તો તીનકો નહીં અંત... | છપ્પા ૯૨ | ૩ | ૨૮૪ |
| તો તુમસે કહું કહાય... | છપ્પા ૩૩ | ૧ | ૧૦૩ |
| તો તુમેરે તરકાન... | છપ્પા ૨૭ | ૨ | ૮૫ |
| તો ગુરુ પરમ દયાલ... | છપ્પા ૮૬ | ૨ | ૨૬૫ |
| તો આ જગકે... | છપ્પા ૭૫ | ૩ | ૨૩૩ |
| તે માટે આગમ... | છપ્પા ૧૧ | ૧ | ૩૬ |
| તે પરખે પડનાલ ભાલ... | છપ્પા ૯ | ૨ | ૨૯ |
| તે કરતા નિજ અકલ... | છપ્પા ૪૬ | ૩ | ૧૪૪ |
| તે તુમ વિપ્રણી સોય... | છપ્પા ૨૯ | ૩ | ૯૨ |
| તે ક્યૌ મીટે કદાચ... | છપ્પા ૯૩ | ૩ | ૨૮૭ |
| તે અંતે મધ્ય આદ્ય... | છપ્પા ૧૨ | ૨ | ૩૯ |

| | | | |
|---|---|---|---|
| તેહી લખ દીયે સુનાય... | છપ્પા ૯૧ | ૨ | ૨૮૦ |
| તેહી લાયેહુ હમ ધરન... | છપ્પા ૪૦ | ૨ | ૧૨૫ |
| તેહી લક્ષમેં દક્ષ આદ્ય... | છપ્પા ૮૯ | ૨ | ૨૭૪ |
| તેહી પરમગુરુ લક્ષ લાય... | છપ્પા ૮૯ | ૧ | ૨૭૪ |
| તેહી પરમગુરુ સાથ... | છપ્પા ૯૧ | ૩ | ૨૮૧ |
| તેહી પતિપદ કૈવલ કુલ... | છપ્પા ૮૮ | ૧ | ૨૭૧ |
| તેહી કે તેહી અંતસ... | છપ્પા ૭૭ | ૪ | ૨૪૦ |
| તેહી સબ તોડી ઝડાક... | છપ્પા ૯૦ | ૪ | ૨૭૯ |
| તેહી વિભૂતિ પરતાપ... | છપ્પા ૩૫ | ૧ | ૧૦૯ |
| તેહી અદલકો ફદલ... | છપ્પા ૯૫ | ૨ | ૨૯૨ |
| તેહી આયે એહી દ્વિપ... | છપ્પા ૨૯ | ૨ | ૯૧ |
| તેહનો નરણ્યે થાય... | છપ્પા ૧૧ | ૩ | ૩૭ |
| તુમ પાલક સુત મોઈ ગોય... | છપ્પા ૩૩ | ૩ | ૧૦૪ |
| તુમ તો પુરુષ પરમ... | છપ્પા ૩૦ | ૩ | ૯૫ |
| તુમ હી પણ તેહી દ્વિપ... | છપ્પા ૨૬ | ૩ | ૮૩ |
| ત્યાર પીછે ભવ મ્હાંય... | છપ્પા ૫૨ | ૧ | ૧૬૨ |
| ત્યાગ ભક્તિ વિજ્ઞાન... | છપ્પા ૧૮ | ૨ | ૫૮ |
| ત્રિતીયે ધિરજ વિભૂત... | છપ્પા ૩૮ | ૨ | ૧૧૯ |
| ત્રિયેદશમી પ્રારબ્ધ વિભૂ... | છપ્પા ૪૦ | ૪ | ૧૨૭ |


**થ**


| | | | |
|---|---|---|---|
| થઈને રુપ સભાવ... | છપ્પા ૫૮ | ૨ | ૧૮૧ |


**દ**


| | | | |
|---|---|---|---|
| દરશ્યો સકલ વિલાસ... | છપ્પા ૮ | ૧ | ૨૫ |
| દરસી સાંમા શૂન્ય... | છપ્પા ૬૦ | ૪ | ૧૮૮ |
| દહતહી ભરમ બચન... | છપ્પા ૧૭ | ૪ | ૫૭ |
| દશ અવતારી દેહ... | છપ્પા ૬૪ | ૧ | ૧૯૯ |
| દ્દષ્ટ ઉરધ ભઈ તરત હી... | છપ્પા ૭ | ૨ | ૨૨ |
| દેખી અનિન અસ્તુત... | છપ્પા ૨૫ | ૩ | ૮૦ |
| દેખત ક્રિયા વિલોચ... | છપ્પા ૨૧ | ૧ | ૬૭ |
| દેખાવન તન દ્વૈત... | છપ્પા ૮ | ૨ | ૨૫ |
| દેવ સકલ સેવા કરે... | છપ્પા ૬ | ૧ | ૧૯ |
| દેહુ અચાનક દરસ... | છપ્પા ૨૯ | ૧ | ૯૧ |
| દ્વીપ પાલકી માંહી... | છપ્પા ૨૨ | ૩ | ૭૧ |
| દ્વીપ પંચ ઓલંગ આયે... | છપ્પા ૨૪ | ૩ | ૭૭ |
| દિન દિન પ્રેમ અધિક... | છપ્પા ૪૪ | ૨ | ૧૩૭ |
| દ્વિતીયે કહુ અનભેવ... | છપ્પા ૩૭ | ૩ | ૧૧૭ |

| | | | |
|---|---|---|---|
| **ધ** | | | |
| ધરે સત્ગુરુ તન સગુણ... | છપ્પા ૪૬ | ૪ | ૧૪૫ |
| **પ** | | | |
| પરમ પુનિત એહી તન... | છપ્પા ૩૨ | ૧ | ૧૦૦ |
| પસર્યા પ્યાલે પાવ... | છપ્પા ૬૫ | ૨ | ૨૦૨ |
| પણ કરતા નિજ પરન... | છપ્પા ૮૫ | ૪ | ૨૬૪ |
| પણ નહીં અદ્વૈત એક... | છપ્પા ૭૩ | ૧ | ૨૨૬ |
| પણ જીને રચી યે ખલક... | છપ્પા ૮૪ | ૧ | ૨૫૯ |
| પણ અંતર અવિકાશ... | છપ્પા ૪૫ | ૧ | ૧૪૦ |
| પડીયા જીવ જંજાલ... | છપ્પા ૫૭ | ૧ | ૧૭૮ |
| પીછે અજ અહંમેવ... | છપ્પા ૩૭ | ૧ | ૧૧૬ |
| પિછે રહુ તે પરખ... | છપ્પા ૧૪ | ૩ | ૪૭ |
| પોતે રાંમા દાવ... | છપ્પા ૬૩ | ૪ | ૧૯૮ |
| પૂરવેશ્વર પરસાય... | છપ્પા ૮ | ૪ | ૨૭ |
| પ્રગટ કહેઉ જહાંન... | છપ્પા ૪૫ | ૪ | ૧૪૨ |
| પ્રગટે આપ ઉદ્યોત... | છપ્પા ૧૧ | ૪ | ૩૮ |
| પ્રથમ કહુ નિજ પરમ... | છપ્પા ૩૬ | ૨ | ૧૧૨ |
| પ્રથમ સિરગુણકી કહુ... | છપ્પા ૪૯ | ૧ | ૧૫૨ |
| પ્રથમ અચાનક સોય... | છપ્પા ૨૦ | ૧ | ૬૪ |
| પંચમી જીતસભા વિભૂતનસે... | છપ્પા ૩૮ | ૪ | ૧૨૧ |
| પંચદશી વિભૂવેત... | છપ્પા ૪૧ | ૧ | ૧૨૮ |
| પુણ્ય તણે પરતાપ... | છપ્પા ૫૨ | ૩ | ૧૬૩ |
| **ફ** | | | |
| ફેર દીયે તીનું માગ... | છપ્પા ૨૭ | ૧ | ૮૫ |
| ફેર દિયો શિર તુરત... | છપ્પા ૨૮ | ૨ | ૮૮ |
| **બ** | | | |
| બરની ગયે સબ બ્રાત... | છપ્પા ૩૬ | ૩ | ૧૧૩ |
| બહોરુ કિયો હમ બેન... | છપ્પા ૨૨ | ૧ | ૭૦ |
| બિંદુ કે નહીં શરીર... | છપ્પા ૧૯ | ૪ | ૬૩ |
| બીજા છે બહુ પક્ષ... | છપ્પા ૧૫ | ૨ | ૪૯ |
| બિન કારણ અનુકરમ... | છપ્પા ૨ | ૩ | ૬ |
| બિન જનની તન પાક... | છપ્પા ૨૩ | ૩ | ૭૪ |
| બોલે નારદ એહ છેહ... | છપ્પા ૫૪ | ૩ | ૧૭૦ |
| બ્રહ્મા વિષ્ણુ માહેશ... | છપ્પા ૫૧ | ૧ | ૧૫૯ |

| | | | |
|---|---|---|---|
| બ્રહ્મા, વિષ્ણુ, માહેશ... | છપ્પા ૬૫ | ૧ | ૨૦૨ |
| બુદ્ધિ બલસે ગોઠવી... | છપ્પા ૫૩ | ૨ | ૧૬૬ |

ભ

| | | | |
|---|---|---|---|
| ભઈ નટી નિરવાણ્ય... | છપ્પા ૬૨ | ૧ | ૧૯૩ |
| ભયે વ્યાસ દિગમૂઢ... | છપ્પા ૫૫ | ૧ | ૧૭૨ |
| ભાવે યુક્ત જુગને મન... | છપ્પા ૧૦ | ૪ | ૩૪ |
| ભલે લેઈ ગયે બાલ... | છપ્પા ૩૧ | ૩ | ૯૮ |
| ભૂક્તમાન જેહી કરમ... | છપ્પા ૯૨ | ૨ | ૨૮૩ |

મ

| | | | |
|---|---|---|---|
| મહા મંગલ ગિરવાણ... | છપ્પા ૯ | ૧ | ૨૮ |
| મહાનિધિ મહારાજ... | છપ્પા ૫૭ | ૨ | ૧૮૦ |
| મઠ મઠ પરત્વે દેવ... | છપ્પા ૫૦ | ૨ | ૧૫૬ |
| મારુત કે ઈત ચરમ ધરમ... | છપ્પા ૭૪ | ૪ | ૨૩૧ |
| માતા કહે અકેલ... | છપ્પા ૩૪ | ૨ | ૧૦૬ |
| માયા ઈશ્વર દોય... | છપ્પા ૭૨ | ૧ | ૨૨૩ |
| માંડ્યો ચોપટ ચોક... | છપ્પા ૬૩ | ૧ | ૧૯૬ |
| મોહોટી કરતા માય... | છપ્પા ૭૦ | ૩ | ૨૧૮ |
| માટે પરમગુરુ શરણ... | છપ્પા ૯૫ | ૩ | ૨૯૩ |
| માટે સતગુરુ સેવ ભેવ... | છપ્પા ૧૬ | ૧ | ૫૨ |

ય

| | | | |
|---|---|---|---|
| યા વિધિ નિગમ નિરાક્રણ... | છપ્પા ૭૮ | ૪ | ૨૪૩ |
| યેસો ભોજન પાયકે... | છપ્પા ૭ | ૧ | ૨૨ |
| યેસે ઈંડ અનેક... | છપ્પા ૪૯ | ૪ | ૧૫૫ |
| યૌ જગ જીવ જડાક... | છપ્પા ૯૫ | ૧ | ૨૯૨ |
| યૌ અપરંપાર અંશ... | છપ્પા ૭૨ | ૩ | ૨૨૪ |

ર

| | | | |
|---|---|---|---|
| રખે રચોરસ દેવ... | છપ્પા ૫ | ૪ | ૧૮ |
| રહ્યો જથામત જમ... | છપ્પા ૭૧ | ૪ | ૨૨૨ |
| રહી સકલ ભરપૂર... | છપ્પા ૬૫ | ૪ | ૨૦૪ |
| રહે ઈશની મહાંય... | છપ્પા ૫૯ | ૪ | ૧૮૬ |
| રહે હેરાઈ ધ્યાન... | છપ્પા ૫૦ | ૪ | ૧૫૮ |
| રહે જેહી અજમાલ અરસ... | છપ્પા ૩૭ | ૨ | ૧૧૬ |
| રહે જુગમેં વરજીત... | છપ્પા ૪૭ | ૪ | ૧૪૮ |
| રહે શંભુ ભવ ભ્રાત... | છપ્પા ૮૫ | ૧ | ૨૬૨ |

**લ**

| | | | |
|---|---|---|---|
| લહ્યો આત્મ અનુસાર... | છપ્પા ૫૬ | ૧ | ૧૭૫ |
| લેઈ માયા સંગ નાથ... | છપ્પા ૬૪ | ૪ | ૨૦૧ |
| લેઈ ગઈ અપને ઘેર... | છપ્પા ૪૪ | ૧ | ૧૩૭ |
| લેઈ ગયે નાહેર બાલ... | છપ્પા ૨૦ | ૪ | ૬૬ |

**વ**

| | | | |
|---|---|---|---|
| વર્ષ પંચ દ્વે સોય... | છપ્પા ૪૫ | ૩ | ૧૪૧ |
| વરતે મહાનિધ માંહી... | છપ્પા ૬૯ | ૪ | ૨૧૬ |
| વરતે સત્‌ગુરુ નાદ... | છપ્પા ૧૬ | ૪ | ૫૪ |
| વેદ વિગત જુગતિ કરી... | છપ્પા ૫૩ | ૩ | ૧૬૬ |
| વેત ન વંચે વેદ... | છપ્પા ૮૦ | ૩ | ૨૪૮ |
| વિચરુ વિશ્વ નચિંત... | છપ્પા ૩૫ | ૨ | ૧૦૯ |
| વિષયેમેં કવિ કાવ્ય... | છપ્પા ૧૦ | ૩ | ૩૩ |
| વિભૂ ચતુરથી સોય... | છપ્પા ૩૮ | ૩ | ૧૨૦ |
| વિભૂ સપ્તમી યોગકલા... | છપ્પા ૩૯ | ૧ | ૧૨૨ |
| વિભૂ સોળસે હે વરત... | છપ્પા ૪૧ | ૪ | ૧૩૦ |
| વિભૂ અષ્ટ ઉભયેવ... | છપ્પા ૪૧ | ૩ | ૧૨૯ |
| વિભલિત ભઈ વિવર્ત... | છપ્પા ૭૩ | ૪ | ૨૨૮ |
| વિધિકે તેહી વચન... | છપ્પા ૮૪ | ૪ | ૨૬૧ |

**સ**

| | | | |
|---|---|---|---|
| સમરગઢ સુર તુલ્ય તુલ્ય... | છપ્પા ૨૬ | ૪ | ૮૪ |
| સમલ્યો સરલ સમોહ... | છપ્પા ૭૩ | ૨ | ૨૨૬ |
| સક્તમણિ વિજ્ઞાન દિપ... | છપ્પા ૯૬ | ૧ | ૨૯૫ |
| સપ્ત ચતુરથી સરલ વિભૂ... | છપ્પા ૪૦ | ૩ | ૧૨૬ |
| સર્વ સિદ્ધાંત સમેટ... | છપ્પા ૮૮ | ૩ | ૨૭૨ |
| સકલ સિદ્ધાંત અંતકે ઉરહીત... | છપ્પા ૩૯ | ૩ | ૧૨૩ |
| સરખે શિર સમદાય... | છપ્પા ૯૩ | ૨ | ૨૮૬ |
| સત્‌ગુરુ ચૈતન મહાદ્‌... | છપ્પા ૧૫ | ૩ | ૫૦ |
| સત્‌ગુરુ પામી જંત... | છપ્પા ૧૫ | ૪ | ૫૧ |
| સહેજ સમાવે સાંઈ... | છપ્પા ૭૧ | ૩ | ૨૨૧ |
| સ્વામી તાંહાં સેવક... | છપ્પા ૫૯ | ૨ | ૧૮૪ |
| સ્વયં ઉચ્ચારે શબ્દ... | છપ્પા ૮ | ૩ | ૨૬ |
| સ્વે ધેધા નહીં દ્વંદ... | છપ્પા ૧ | ૨ | ૧ |
| સો પદ ત્રિભોવન તાજ... | છપ્પા ૪૬ | ૨ | ૧૪૩ |
| સો પુરુષા પરમેશ... | છપ્પા ૯ | ૩ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| સો નિજપતિ પરાયન પરમીત... | છપ્પા ૩૯ | ૪ | ૧૨૪ |
| સોલ કલા સંપૂર... | છપ્પા ૩૫ | ૩ | ૧૧૦ |
| સૂત છોડ્યો જલ દૂર... | છપ્પા ૨૦ | ૩ | ૬૫ |
| સહિત આચાર સમેત... | છપ્પા ૨૩ | ૪ | ૭૫ |
| સુરલભ અનુભવ અરથ... | છપ્પા ૯ | ૪ | ૩૦ |
| સુત સુરંજી સાવ ચહાવ... | છપ્પા ૪૪ | ૪ | ૧૩૯ |
| સુત આપનેકુ લેઈ... | છપ્પા ૨૦ | ૨ | ૬૪ |
| સુની મમ બાલક વચન... | છપ્પા ૪૩ | ૧ | ૧૩૪ |
| સુણતાંમેં હોય સ્વાંત્ય... | છપ્પા ૧૧ | ૨ | ૩૬ |
| સ્ત્રડકે હી પાવત સંત... | છપ્પા ૧૮ | ૪ | ૬૦ |
| સ્ફૂર્યું છે જે સત્વ... | છપ્પા ૧૪ | ૨ | ૪૬ |
| સિરગુણ નિરગુણ દોય... | છપ્પા ૭૦ | ૧ | ૨૧૭ |
| સિર્ગુણ નિર્ગુણ પંથ... | છપ્પા ૪૮ | ૩ | ૧૫૦ |
| શબ્દ નહીં સપ્રશ... | છપ્પા ૨ | ૨ | ૫ |
| શબ્દ વિષે સંસ્કાર... | છપ્પા ૬૭ | ૧ | ૨૦૮ |
| શબ્દાતીત સદાય કાળ... | છપ્પા ૪ | ૨ | ૧૨ |
| શાખ્યા દશ અવતાર... | છપ્પા ૬૪ | ૩ | ૨૦૦ |
| શંકર તહાં ઉમયાય... | છપ્પા ૬૦ | ૧ | ૧૮૭ |
| ષષ્ટ ચતુરથી શકત વિભુ... | છપ્પા ૪૦ | ૧ | ૧૨૫ |


**હ**


| | | | |
|---|---|---|---|
| હમ બોલે ક્યોં બેર... | છપ્પા ૨૧ | ૩ | ૬૮ |
| હમ કીના ધ્રડ રાખ... | છપ્પા ૩૪ | ૧ | ૧૦૬ |
| હમ હુતે તેહી બેર... | છપ્પા ૨૩ | ૨ | ૭૩ |
| હમ કિના તેહી માત... | છપ્પા ૩૪ | ૩ | ૧૦૭ |
| હમભી પણ ગુરુ કિન... | છપ્પા ૧૭ | ૧ | ૫૫ |
| હાવે કહુ ઉત્પન્ન... | છપ્પા ૧૯ | ૧ | ૬૧ |
| હાવે કહું ભલ ભેદ... | છપ્પા ૪૮ | ૧ | ૧૪૯ |
| હોય તન મન ને ચલે મન... | છપ્પા ૪ | ૪ | ૧૪ |
| હવિત તત્ત્વ તદ્‌રુપ... | છપ્પા ૭૪ | ૧ | ૨૨૯ |
| હરિ પદ આસ્તિ હોય... | છપ્પા ૫૨ | ૪ | ૧૬૪ |
| હે માતા જેહી મરમ કહુ... | છપ્પા ૨૨ | ૨ | ૭૦ |
| હે તનમેં હેતાસ | છપ્પા ૫૯ | | ૧૮૪ |


**જ્ઞ**


| | | | |
|---|---|---|---|
| જ્ઞાન ગોળી ધોળકે પઈ... | છપ્પા ૫૬ | ૩ | ૧૭૬ |



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષના (૧૮૨૯-૧૯૩૪) ગાળા દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી જડ શરીરના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કૈવલ જ્ઞાનથી ભરપૂર ૧૫ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, પદ, ગોડી વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કૈવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. મુખ્ય ગુરુગાદી સારસા, તા-જીઃ આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ''પંચમ સ્વસમ વેદ''ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કૈવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

- બીપીન આર. શાહ

ભજનાનંદ પબ્લિકેશન

978-81-921648-3-0